આપણો આર્થિક પ્રશ્ન

[એક સમાલોચના]

છગનલાલ ન. જોષી

જમનાદાસ ભગવાનદાસ સ્મારકમાળાનાં
પુસ્તકો

જાતે મજૂરી કરનારાઓને	૦—૩—૦
ત્યારે કરીશું શું? ભા. ૧-૨	૧—૦—૦
કેળવણીના પાયા	૧—૦—૦
આવું કેમ સૂઝયું?	૦—૯—૦
જીવનશોધન ભા. ૧-૨	૧—૦—૦
ખાદીનું વ્યાપક અર્થશાસ્ત્ર	૦-૧૨—૦
સ્વદેશીસમાજ	૦—૮—૦
ઊધર્વનું જીવન	૦-૧૦—૦
સત્યાગ્રહી ગૅરીસન	૧—૦—૦
સહાયવૃત્તિ	૧—૪—૦
સુખમની	૦-૧૨—૦

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

જમનાદાસ ભગવાનદાસ સ્મારક ગ્રંથ—૧૮

આપણો આર્થિક પ્રશ્ન

[એક સમાલોચના]

લેખક
છગનલાલ નથુભાઈ જોષી

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ

એક રૂપિયો

આવૃત્તિ પહેલી, સન ૧૯૩૮

મારા સ્વર્ગસ્થ વડીલ ભાઈ

મણિલાલભાઈને

સાદર સમર્પણ

આમુખ

ગુજરાત કાઠિયાવાડની પ્રજા સાહસિક ગણાય છે. ગુજરાત કાઠિયાવાડ પરદેશ સારી પેઠે ખેડે છે. ઉદ્યોગ ધંધા ખીલવવા માટે, વેપાર કરવા માટે, સટ્ટાઓ ખેલવા માટે ગુજરાત કાઠિયાવાડ પંકાયેલ છે. તેથી જ ગુજરાતના વાણિયા, ભાટિયા, લુહાણા, પાટીદાર, મેમણ, ખોજા કે વોરા પૂરી ચાર ચોપડી નહિ ભણ્યા હોય છતાં તેઓ હજારોની ઊથલપાથલ કરી શકે છે.

જપાન, યુરોપ, અમેરિકાથી માલ કેવી રીતે મંગાવવો, આફ્રિકા કે અરબસ્તાન માલ કેવી રીતે ચડાવવો, બેંકમાંથી બિલ ઑફ લૅડિંગ કેમ કઢાવવાં, પાઉંડ અને રૂપિયા વચ્ચે કે ફ્રાન્ક, માર્કસ, યેન અને રૂપિયા વચ્ચેના શા ભાવતાલ છે, બેંકના વ્યાજનો દર શો છે, તે કહેવાતા બિનકેળવાયેલા ગુજરાતી વેપારીઓ જાણે છે. ઊઠાં સુધી પૂરું ન જાણનારા કાઠિયાવાડના વાણિયા લાખો રૂપિયાના શેર-બજારમાં ને ચાંદીબજારમાં, રૂબજારમાં ને અળસી

સળસીની બજારમાં સોદા કરી જાણે છે. સટ્ટામાં એ પાંચ હજાર કમાવા કે ગુમાવવા તે તેમને મન રમત વાત હોય છે. પોતાનો રોજનો ધંધો થઈ પડવાથી દેશમાં નવી મિલો કઈ સ્થપાય છે, નવી કંપનીઓ કઈ ખોલાય છે, નવીજૂની મિલો કે કંપનીઓના એજન્ટો અને ડિરેકટરોની શાખ કેવી છે, તે ધંધાના જાણકાર કેવા છે, તે બધું અંગ્રેજી ન જાણનારા ગુજરાતી વેપારીઓ સારી રીતે જાણે છે. દેશપરદેશમાં રૂ, ચાંદી, સોનું, હીરા, મોતી, તેલીબિયાં, પોલાદ, શણ — ટૂંકમાં વેપારી ચીજોના ભાવમાં કેવી તેજીમંદી થઈ રહી છે તે તેઓ આપણા ભણેલા ડૉકટર, વકીલો કે મહેતાજી કરતાં વધારે સારી રીતે જાણતા હોય છે.

ગોદી, બૅંક, બંદર કે ગોડાઉનોમાં, સટ્ટા બજારોમાં તેમને કામધંધાને કારણે રોજ જવાનું હોવાથી આ મથકો ઘર જેટલાં જ તેમને પરિચિત થઈ ગયાં હોય છે. કાપડ, ખાંડ, દીવાસળી, ચાંદી, પોલાદ, કાગળ વગેરે પર સરકારે રક્ષક જકાત કેટલી નાખી છે તે તેમણે માત્ર વાંચ્યું જ નથી હોતું પણ જકાતની વધઘટને કારણે તેમની તિજોરીમાં વધઘટ થયેલી હોય છે.

આગના કે જિંદગીના વીમા કેમ ઉતારવા, તેમાં કઈ વસ્તુની કાળજી રાખવી, વીમાના પ્રિમિયમ ભરતી વખતે પ્રોએટ કેટલું કંપની પાસેથી માગી શકાય, હૂંડીઓ કેમ લખાય, હૂંડી કઈ રીતે શિકારાવી, કઈ બૅંકમાં નાણાં ભરવાથી વધારે વ્યાજ મળે અને નાણાં સહીસલામત રહે, આ સાલ રૂનો પાક કે ઘઉંનો પાક રશિયામાં, ઑસ્ટ્રેલિયામાં કેવો થયો છે, તેની અસર હિંદુસ્તાનના રૂ, ઘઉંના બજાર

પર કેવી થશે એ બધું આ લોકો અનુભવની શાળાઓમાં ભણેલા હોય છે.

આવા અનુભવી વેપારીઓ પાસે અર્થશાસ્ત્રના ગ્રંથોની નવા સિદ્ધાંતોની ચર્ચા કરવા ડિગ્રીધારીઓ બેસે છે ત્યારે ગ્રેજ્યૂએટોને પણ જાણવાનું સારી પેઠે મળે છે.*

પણ તેની સાથે એટલું કબૂલ કરવું જોઈએ કે આ અનુભવી શાળામાં ભણતા જુવાનોને અર્થશાસ્ત્રના કોયડા જાણવામાં રસ પડવા લાગ્યો છે.

આપણા દેશનો ઉદય, રશિયાને પંથે ચાલી સામ્યવાદ કે સમાજવાદ આણી થઈ શકશે કે, જે પંથે ભારતમાતાને ગાંધીજી દોરી રહ્યા છે તે પંથે ચાલવાથી થઈ શકશે, એની વિગતોનો અભ્યાસ કરવાનું મન શિક્ષિત સંસ્કારી યુવકોને થવા લાગ્યું છે.

જેમને હાઈસ્કૂલનું કે કૉલેજનું જ્ઞાન વ્યવસ્થિત રીતે મળ્યું નથી, એવાં ભાઈબહેનોને નજરમાં રાખી "આપણો આર્થિક પ્રશ્ન" આ પુસ્તકમાં ચર્ચવામાં આવેલ છે. તેથી આ ગ્રંથમાં શાસ્ત્રશુદ્ધિ કદાચ નહિ જળવાઈ હોય, પણ વાચકને આપણા દેશની આર્થિક ખેતી, ઉદ્યોગહુન્નર, વેપાર, નાણાંચલણને લગતી સ્થિતિ કેવી છે તેનો સંપૂર્ણ ખ્યાલ આવે, અને આપણા દેશની જે આર્થિક હાલત બીજા પ્રગતિમાન દેશોની સરખામણીમાં

---

* ગુજરાતી ભાષામાં અર્થશાસ્ત્રના વિષયો પર લખનાર શ્રી. ડુંગરસી ધરમસી સંપટ અંગ્રેજી પૂરી પાંચ ચોપડી પણ ભણ્યા નથી.

કેટલી દીનહીન થઈ પડી છે તે જાણી, તેનો ઉકેલ શી રીતે થઈ શકે તે કળી શકે તો આ પુસ્તક લખવાનો શ્રમ લેખે ગણાયો એમ માનીશ.

દેશની આર્થિક ઉન્નતિ કે અવનતિનો આધાર મોટે ભાગે દેશની રાજકીય પરિસ્થિતિ પર અવલંબતો હોવાથી આ પુસ્તકમાં દેશને ગુલામી કેવી કનડગત કરી રહી છે, તેનો પણ નિર્દેશ કરવામાં આવેલ છે.

હિંદુસ્તાનના આર્થિક પ્રશ્નોની સમાલોચનાર્થે આંકડાઓ આધાર કે દલીલો મોટે ભાગે સર એમ. વિશ્વેશ્વરૈયાના 'Planned Economy' નામના પુસ્તકમાંથી મેં ઉતારેલી છે.

સર વિશ્વેશ્વરૈયાએ પોતાના પુસ્તકમાં હિંદમાં ઝડપી ઉદ્યોગીકરણ કરવા માટે — કારખાનાયુગ સરજાવા માટે — વિશેષ પડતો ઝોક મૂક્યો છે. આ ઝોક મારા જેવા, ચરખા અને ગ્રામઉદ્યોગવૃત્તિના ઉપાસકને ગળે ન ઊતરવાને કારણે ગાંધીજી જે રીતે હિંદુસ્તાનને સ્વાશ્રયી અને સ્વાવલંબી, ગામડાંઓમાં પુનરુજ્જીવન આણી, બનાવવા માગે છે તે પ્રમાણે આ પુસ્તકમાં મેં ઇરાદાપૂર્વક ઝોક આપેલ છે. તેથી આ પુસ્તક એક જુદા જ પ્રકારનું બની ગયું છે. તેમ છતાં આ પુસ્તકની સામગ્રી વાંચવા ને વિચારવા લાયક બની હોય તો તેનો ઘણો યશ સર. વિશ્વેશ્વરૈયાને જ ઘટે છે.

આ પુસ્તક લખવાની શરૂઆત ૧૯૩૫માં કરી, અને તે પ્રસિદ્ધ થાય છે ૧૯૩૮માં; એટલે તાજા આંકડાઓ પુસ્તકમાં આપી શકાયા નથી. તેમ છતાં પરિશિષ્ટમાં

૧૯૩૭-૩૮નું ફક્ત વડી સરકારનું બજેટ મૂક્યું છે તે જોવાથી કેટલીક તાજેતરની માહિતી વાચક મેળવી શકશે.

મારું કામ મુખ્યત્વે કરીને, હરિજન સેવાને અંગે, રખડપટ્ટીનું હોવાથી લેખકને છાજે તેટલી ચીવટ રાખી આ પુસ્તક લખી શક્યો નથી. પણ મારી આ ત્રુટિઓ ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપકો શ્રી. મગનભાઈ દેસાઈ, તથા શ્રી. વિઠ્ઠલદાસ કોઠારીએ, મારું મૂળ લખાણ બારીકાઈથી વાંચી યોગ્ય સુધારાવધારા કરી, કાઢી નાખવા પ્રયત્ન કર્યો છે. તે માટે તેમનું ઋણ જાહેર રીતે, સહર્ષ સ્વીકારું છું.

હરિજન સેવકસંઘ
રાજકોટ
તા. ૧૫-૧-'૩૮

છગનલાલ નથુભાઈ જોષી

આવકાર

શ્રી. છગનભાઈ જોશીએ હરિજન સંઘના કામને અંગે કાઠિયાવાડનાં ગામોમાં ફરતાં ફરતાં હિંદના આર્થિક પ્રશ્નો ઉપર ગુજરાતી ભાષામાં નવી ભાત પાડતું આ એક પુસ્તક લખ્યું છે. આર્થિક પ્રશ્નો ઉપર આપણી ભાષામાં નજીવું સાહિત્ય છે. અંગ્રેજી નહિ જાણનારને આજના સળગતા પ્રશ્નોનો ખ્યાલ મેળવવા માટે સાધન જ નથી એમ કહીએ તો ચાલે. આજની દુનિયાના ફેરફારો, આર્થિક પ્રશ્નોની સાથે મોટે ભાગે સંકળાયેલા હોય છે અને સ્વરાજ્યની લડતમાં પણ એવી એવી બાબતોનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવે છે. એ સ્થિતિમાં સ્વભાષામાં આ જાતના સાહિત્યની ખોટ ભારે ગણાય. એ ખોટ પૂરવાના કામમાં આ પુસ્તક સારો ફાળો આપી શકશે.

પુસ્તકનો આધાર સર વિશ્વેશ્વરૈયાના 'Planned Economy for India'ના પુસ્તકમાંથી લેવામાં આવ્યો

છે. પરંતુ જુદા જુદા પ્રશ્નોની રજૂઆત શ્રી. છગનભાઈએ સ્વતંત્ર રીતે કરી છે, અને તે અંગ્રેજીમાં છાપવામાં આવે તો પણ સ્વતંત્ર પુસ્તક તરીકે ચાલી શકે એવું છે. એટલે આ અનુવાદ નથી, પણ પેલા પુસ્તકની માહિતીનો આધાર લઈ સ્વતંત્ર રીતે લખાયેલું પુસ્તક છે.

આ પુસ્તકમાં બે મુખ્ય ભાગ પડે છે.

૧. એક અને મુખ્ય ભાગમાં, હિંદની સંપત્તિ, ખેતી, ઉદ્યોગો, વેપાર, બેંકો, નાણાંચલણ વગેરેનો બીજા દેશોની સરખામણીમાં ચિતાર આપવામાં આવ્યો છે.

૨. એ પછીના ભાગમાં આર્થિક સ્થિતિ સુધારવાના ઉપાય વિચાર્યા છે. પહેલા ભાગનું આર્થિક સ્થિતિનું ચિત્ર થોકબંધ આંકડાઓ અને અવતરણોથી રજૂ કરવામાં આવ્યું છે. પુસ્તકનાં પાનાં ફેરવતાં દરેક પાને અને લગભગ દરેક ફકરામાં વાચકને આંકડાઓ નજરે પડશે. કેટલાકને ઘણા આંકડાઓ જોઈને ગભરામણ થાય છે; પરંતુ આ આંકડા જોઈને કોઈએ ગભરાવાની જરૂર નથી. આંકડા પુસ્તકના વસ્તુમાં એવી રીતે ભેળવી દેવામાં આવ્યા છે કે કંટાળા વગર વાચક વાંચી શકે. છેલ્લાં વીસ વરસની સ્વરાજ્યની ચળવળથી સામાન્ય માણસ આજે એ તો સમજતો થઈ ગયો છે કે હિંદ ગરીબ છે, દુનિયાના બીજા દેશોની સરખામણીમાં ઘણો પછાત છે, અને સ્વરાજ્ય મળે તો જ આ સ્થિતિમાં સુધારો થઈ શકે. આ જે સામાન્ય ખ્યાલ આપણો બંધાયો છે તેને દાખલા, દલીલો અને આંકડાઓથી આ પુસ્તક પુરવાર કરે છે. તેથી, વિદ્યાર્થી તથા આમ-જનતાના સામાન્ય જ્ઞાનની દૃષ્ટિએ,

આ પુસ્તક ઘણું ઉપયોગી થઈ પડશે. કેમકે, સામાન્ય ખ્યાલો જો નક્કર હકીકત ઉપર બંધાયેલા ન હોય તો ઘણી વખત ઓસરી જાય છે અને ભવિષ્યની યોજનાઓ લોકમતના ચોક્કસ પાયા પર થઈ શકતી નથી.

આર્થિક સ્થિતિ સુધારવાના ઉપાયનાં પ્રકરણો ચર્ચાત્મક છે. આર્થિક સુધારણા કયા ધોરણે કરવી એની ચર્ચાનો એમાં ઊડતો ખ્યાલ આપ્યો છે. જેમ આજે હિંદને સ્વરાજ્ય મળવું જોઈએ એમ સૌ કોઈ સ્વીકારે છે, પરંતુ તે સ્વરાજ્ય કેવી રીતે મેળવવું અને કેવી જાતનું, એને વિષે અનેક મતભેદો છે, તેવું જ આ પ્રશ્નને અંગે છે. હિંદની આર્થિક સ્થિતિ અતિશય ખરાબ છે એ નિર્વિવાદ છે. પરંતુ સ્થિતિ સુધારવી શી રીતે? અને એનો આદર્શ શો? જુદા જુદા વર્ગો વચ્ચે કલહ જગાવીને, વેરવૃત્તિ તથા મારફાડ ઉશ્કેરીને ફેરફાર કરવો કે શાંતિને માર્ગે? અને ભવિષ્યની આપણી આર્થિક રચના મૂડીવાદી હશે કે સમાજવાદી? સામ્યવાદી હશે કે કંઈ જુદી જાતની? આ પ્રશ્નો ભારે ચર્ચાત્મક છે. હિંદમાં આજે બન્ને જાતના પવનો છે. શ્રી. છગનભાઈએ યંત્રોદ્યોગવાદનાં અને રશિયાના સામ્યવાદનાં જોખમોનો અંગુલીનિર્દેશ કરી, કઈ દિશામાં આપણો ઉદ્ધાર રહેલો છે તેનું દિશાસૂચન કર્યું છે. આજે એ સંબંધમાં ચર્ચા જ કરીને બેસી રહેવાનું છે. કેમકે, સંપૂર્ણ સ્વરાજ્ય મળ્યા વગર કોઈ આદર્શનો પૂરો ને સ્પષ્ટ ખ્યાલ આવી શકે કે તેનો અમલ થઈ શકે તેમ નથી. એટલે આજની સ્થિતિમાં ગાંધીજીનો કાર્યક્રમ એ જ આપણે માટે વ્યવહારુ આદર્શ છે. એ સિવાયની યોજનાઓ, હાલની સ્થિતિમાં ચર્ચા અને

પુસ્તકોની કક્ષામાંથી બહાર જઈ શકે તેમ નથી. પ્રાંતોમાં પ્રધાનમંડળો રચવાથી પણ તેમાં કાંઈ ખાસ ફેરફાર થઈ શકે તેમ લાગતું નથી. અને જ્યાં સુધી પ્રાંતીય અને મધ્યસ્થ સરકારમાં સાચી સત્તા હાથ ન આવે ત્યાં સુધી એમ જ ચાલશે, એમ માનવું જોઈએ.

આવી ચર્ચાઓ અને આંકડાઓના તુલનાત્મક ઉપયોગ સંબંધમાં વાચકનું થોડું ધ્યાન ખેંચવા જેવું છે. ઘણી વખત બીજા દેશોની સાથે સરખામણી કરીને હિંદની ઊતરતી સ્થિતિ બતાવવામાં આવે છે અને તે સુધારવા માટે બીજા દેશોની યોજનાઓ અહીં બેઠી લાગુ પાડવાનો ઉપાય સૂચવાય છે. તેમાં અહીંની સ્થિતિનો ખ્યાલ રાખવામાં નથી આવતો અને બીજા દેશમાં થયું તે અહીં પણ થાય જ એમ માનવામાં આવે છે. આ બાબત થોડા દાખલા ઉપરથી સહેજે ખ્યાલમાં આવે તેવી છે.

કોઈ ખેડૂતને ખૂબ જમીન હોય, તેના બળદને આખો દહાડો કામ પહોંચતું હોય અને તેનો માલ અમુક મુદતમાં બજારમાં પહોંચાડવાની જરૂર હોય તો એવી સ્થિતિમાં તે મોટર જેવાં વાહનોનો ઉપયોગ કરી ઝડપથી માલ પહોંચાડવાની વ્યવસ્થા કરે તો વાજબી ગણાય. પરંતુ પોતાના બળદ ઘેર કામ વગરના વાગોળતા બેઠા રહે અને પોતે મોટરનો ઉપયોગ કરે તો વાજબી ન ગણાય.

કોઈ કહેશે કે એવી રીતે ખેડૂત ભાગ્યે જ મોટરનો ઉપયોગ કરે, પણ પૈસાની તંગીને લીધે ખેડૂત પોતે કદાચ પોતાનું ગાડું વાપરે તો પણ તેના નવરા બળદને બીજા લોકો કામ નથી આપતા અને તેઓ તો મોટરોને જ ખટાવે

છે. આમ બળદ નવરા બેસી રહે અને તેથી ખેડૂત ઉપર બોજો વધે તેથી રાષ્ટ્રીય અર્થવ્યવસ્થાને તો એટલી હાનિ જ પહોંચે છે.

ઉપરની ટેવને એક બીજો દાખલો વધારે ચોક્કસ રૂપમાં રજૂ કરે છે. ખેડૂતોને નવરાશનો વખત હોય, ઘેર આવીને પાછા ચકલે બેસીને ગપ્પાં જ મારવાનાં હોય તો પણ બહારગામ મોટરમાં બેસીને જાય છે! જેવી રીતે બળદને નકામા બેસાડી રાખે છે અને મોટરનો ઉપયોગ કરે છે, તેવી જ રીતે પગને નકામા બેસાડી રાખે છે અને મોટરમાં પૈસા ખરચે છે. છોકરાંને માટે દૂધઘીના સાંસા હોય, ભણાવવા માટે ચોપડીઓ લાવવાની સગવડ ન હોય, છતાં આવી રીતે મોટરભાડાંમાં સેંકડો રૂપિયા ઘણાં ગામડાં ખરચે છે. આ સ્થિતિમાં કોઈ એમ કહે કે, અમેરિકામાં દર ૫ માણસે ૧ મોટર છે, ઇંગ્લંડમાં દર ૨૦ માણસે ૧ મોટર છે અને હિંદમાં ૧૩૦૦ માણસે એક મોટર છે તો એ ઉપરથી એમ માની લેવાનું નથી કે હિંદમાં મોટરો વધે છે તેથી લાભ જ છે. આજની સ્થિતિમાં ખેડૂત ઉપર બળદના ખર્ચનો બોજો વધારીને જ મોટરો વધી શકે છે એ ખ્યાલમાં રાખવું જોઈએ.

એવી જ રીતે કેટલાક એમ કહે છે કે, અમેરિકામાં ૨,૬૧,૮૧૬ માઈલ રેલવે છે, ત્યારે હિંદમાં ૪૨,૯૫૩ માઈલ છે. અમેરિકામાં દર દસ લાખની વસ્તીએ ૨૧૩૨ માઈલ રેલવે છે, ત્યારે હિંદમાં ફક્ત ૧૨૦ માઈલ રેલવે છે. આ ઉપરથી કોઈ એમ સમજે કે, હિંદમાં રેલવે ફૂદકે ને ભૂસકે વધારી દેવી જોઈએ તો તે ભૂલ છે.

રેલવે પરદેશી સરકારે લશ્કર ફેરવવાની સગવડ માટે અને ગામડાંમાંથી કાચો માલ ઘસડી લઈ જઈને પાકો માલ ઘુસાડવાની અનુકૂળતા કરવા માટે વધારી છે. રેલવેના દર પણ એ જ રીતે ગોઠવેલા છે તે આ પુસ્તકમાં પા. ૯૦ ઉપર આપેલા થોડા દાખલા ઉપરથી જણાશે. વળી હિંદમાં કેટલેક ઠેકાણે જળમાર્ગો પણ ખીલવી શકાય એવા છે. આ સ્થિતિમાં બીજા દેશોને માટે રેલવે વધારવી ભલે ઇષ્ટ હોય પરંતુ હિંદને માટે તે ઇષ્ટ ગણાય કે?

જુદા જુદા દેશોની વસ્તી ગણતરીના આંકડા મૂકવામાં આવે છે તેમાં ૧૦૦૦ પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા કેટલી છે તે આપવામાં આવે છે. ઇંગ્લંડના અને રશિયાના એવા આંકડાની સાથે હિંદના આંકડા સરખાવવા અથવા કોઈ એક કોમના બીજી કોમના સાથે સરખાવવા અને એમ કહેવું કે, અમુક કોમમાં હજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા વત્તી કે ઓછી છે, માટે ત્યાં એક પુરુષે એક સ્ત્રીનું પ્રમાણ નથી આવતું અને તેથી જાતીય અનીતિને સ્થાન છે, તો તે બેહૂદું છે. આંકડા સરખા હોય છતાં છૂટાછેડાનો રિવાજ છે કે નહિ, લગ્ન કઈ ઉંમરે થાય છે, પુનર્લગ્નની છૂટ છે કે નહિ, તેનો લોકો કેટલો લાભ લે છે, સ્ત્રીઓની સમાજમાં શી સ્થિતિ છે, વગેરે બાબતો પણ સાથે વિચારવાની રહે છે જ.

હિંદમાં માથાદીઠ ૪૦૦ રતલ અનાજ ખાવા મળે છે અને અમેરિકામાં માથાદીઠ ૨૪૦૦ રતલ મળે છે, તે ઉપરથી એમ નહિ કહી શકાય કે હિંદી છઠ્ઠા ભાગનો ભૂખ્યો રહે છે અથવા તો તેને છઠ્ઠાભાગનું જ ખાવા મળે

છે. અમેરિકામાં અને ઠંડા મુલકમાં કે પહાડી પ્રદેશોમાં લોકો સવારથી સાંજ સુધીમાં જેટલું આરોગે છે તેટલું આપણે ખાઈએ તો આફરો જ ચડે. તે જ પ્રમાણે આપણી આબોહવામાં આપણે તેમના જેટલાં કપડાં પણ નહિ પહેરી શકીએ. ઘરમાં તેમના જેટલાં સાધનો પણ નહિ જોઈએ.

રાષ્ટ્રીય સંપત્તિની ગણતરી ઉપરથી અમુક દેશ સુખી છે કે દુઃખી એ પણ કહેવું બરાબર નથી. સુખનો આધાર સંપત્તિ ઉપરાંત સામાજિક, માનસિક બીજી ઘણી બાબતો ઉપર રહેલો છે. ઉપરાંત સંપત્તિ કેવી રીતે વહેંચાયેલી છે, કેવી રીતે તેનો ઉપભોગ થાય છે, તેના ઉપર પણ તેનો આધાર છે.

બેંકોનું પણ તેવું જ છે. કેટલાક કહે છે કે અમેરિકામાં ૨૨,૦૭૧, ઇંગ્લંડમાં ૧૨,૫૫૭ અને હિંદમાં ૮૮૨ બેંકો છે. દર દસ લાખની વસ્તીએ અમેરિકામાં ૧૭૯, ઇંગ્લંડમાં ૨૭૩ ત્યારે હિંદમાં ફક્ત ૨ાા બેંકો છે. આ ઉપરથી હિંદમાં બેંકો વધારી દેવાથી લાભ થઈ જશે એમ માની લઈએ તો ભૂલ છે. હિંદની બેંકો ગામડાંમાંથી કે શહેરના મધ્યમ વર્ગ પાસેથી પૈસા ઘસડીને સરકારી લોનોમાં નાખે છે કે શહેરના વેપારીઓને ધીરે છે. ગામડાંના ખેડૂતોને તેનો લાભ મળતો નથી. ગામડાંના શાહુકારની જગ્યા નવા જમાનાની બેંકો લઈ શકતી નથી. એટલે બીજા દેશોમાં બેંકો વધારે છે માટે આપણે પણ બેંકો વધારો એમ કહીએ તો કેવું ગણાય?

આ દાખલાઓ ઉપરથી સમજવાનું એ છે કે દેશની પરિસ્થિતિનો વિચાર કર્યાં વગર કોઈ પણ વિચાર એઠો લાગુ પાડવા જઈએ તો અંધારામાં ભૂસકો મારવા જેવું થાય. સાહિત્યના ક્ષેત્રમાં ઉપમા અથવા તુલનાની જે મર્યાદા છે તેવી જ મર્યાદા આંકડાઓની તુલનાને અંગે જાળવવી જોઈએ. તુલના એ અમુક વલણ બતાવવા પૂરતી જ હોય છે એમ સમજવું જોઈએ અને તે ઉપરથી કોઈ પણ વિચાર બાંધતાં દેશની પરિસ્થિતિનો ચોક્કસ ખ્યાલ નજર આગળ રાખવો જોઈએ. બેંકો, રેલવે અને મોટરો વગેરેને આ જેટલે અંશે લાગુ પડે છે તેટલું જ આર્થિક રચનાનાં આદર્શોને લાગુ પડે છે. ઇંગ્લંડ, અમેરિકા કે રશિયાની વાતોને અંગે આટલું ધ્યાનમાં રાખવામાં આવે તો વિચારકોની દૃષ્ટિમાં ઘણો ફેર પડી જાય અને આદર્શોને નવું સ્વરૂપ મળે.

ઘણી વખત હિંદમાં પરદેશના ઊતરી ગયેલા વિચારોને આદર્શ તરીકે માનવામાં આવે છે. આપણા વેપારની યોજના પશ્ચિમે ફેંકી દીધેલા ખુલ્લા વેપારના સિદ્ધાંત ઉપર ઘડાઈ. આપણી વિદ્યાપીઠો ઇંગ્લંડની જૂની વિદ્યાપીઠોને ધોરણે રચવામાં આવી. આપણી બેંકો ઇંગ્લંડની જૂની પુરાણી બેંક ઑફ ઇંગ્લંડના ધોરણ ઉપર રચાઈ. એ રીતે પશ્ચિમના યંત્રયુગની ઘેલછા કેટલાક હિંદમાં દાખલ કરવા માગે છે. કેટલાક એ જ પ્રમાણે વર્ગવિગ્રહ અને ક્રાન્તિની વાતો કરે છે. એ બધા લોક હિંદની ભૂમિને કયું ખાતર લાગુ પડશે એનો વિચાર કરીને ખેડ કરે તો જ કંઈ સારું પરિણામ આવે. ઇંગ્લંડ અને

બીજા દેશોએ એ પ્રમાણે પોતાનો વિકાસ સાધ્યો છે. કોઈ નવી વસ્તુને જેવી ને તેવી અપનાવી લઈને કોઈ દેશ પોતાની પ્રતિભામાં વધારો કરી શક્યો નથી. નવી વસ્તુને પોતાના વાતાવરણમાં યોગ્ય ફેરફાર અને સુધારાવધારા સાથે ઘટાવી લેવાની અંગ્રેજ પ્રજામાં સારી શક્તિ છે એમ કહેવાય છે. ઇંગ્લંડ કરી શકે તે રશિયા નહિ કરી શકે અને રશિયા કરી શકે તે ઇંગ્લંડ નહિ કરી શકે. દરેક પોતપોતાની રીતે દરેક નવી વસ્તુને પચાવશે. ભૂતકાળમાં આપણે પણ એ રીતે કર્યું છે. બીજા ધર્મોને અને સંસ્કૃતિઓને આપણે આપણી રીતે ઘટાવીને આપણી સંસ્કૃતિમાં ઉતાર્યાં છે. એ પ્રમાણે આજે પણ દરેક બાબતમાં, અને પ્રસ્તુત આર્થિક બાબતમાં પણ વિચાર કરવાની જરૂર છે. આવી દૃષ્ટિ કેળવવામાં અને સામાન્ય વાચક કે વિદ્યાર્થીને માટે જ્ઞાનસોપાન ખુલ્લું મૂકવાના કામમાં આ પુસ્તક મદદરૂપ થાય તો તે ઘણું ઉપયોગી થયું ગણાશે.

ગૂ. વિદ્યાપીઠ, અમદાવાદ — **વિઠ્ઠલદાસ મ. કોઠારી**

તા. ૨૦-૧-'૩૮

અનુક્રમણિકા

આપણો આર્થિક પ્રશ્ન

[એક સમાલોચના]

"આપણી ગરીબાઈ દિવસે દિવસે વધતી જાય છે, એનું કારણ એ છે કે આપણે આપણાં સાત લાખ ગામડાંની દરકાર નથી રાખી. આપણે તેમનો વિચાર કર્યો તો છે જ પણ તે તેમને લૂંટવા પૂરતો જ. આપણે ભારતવર્ષની જાહોજલાલીનાં રસિક વર્ણનો વાંચીએ છીએ; આ દેશમાં એક કાળે ધનધાન્યની છોળ હતી એમ વાંચીએ છીએ; પણ એ ભૂખે મરતાં કરોડોનો દેશ બની ગયો છે. . . .

આનો ઇલાજ એ છે કે આપણે ગરીબ ગ્રામવાસીની સાથે તદ્રૂપ બનવું, એની જમીનમાંથી વધારે અનાજ ઉગાડવામાં એને મદદ કરવી, તે જે પેદા કરે તે વાપરીને સંતોષ માનવો, અને તેને ખોરાક અને રહેણીની વધારે સારી રીતો અનુસરવાને સમજાવવો." — ગાંધીજી

હરિજનબંધુ, તા. ૧૯–૫–૧૯૩૫

પ્રવેશ

આજે હિંદુસ્તાનનો આમવર્ગ સમજી શકે, એવી પ્રત્યક્ષ રીતે સ્વરાજની લડત ચાલતી નથી. છતાં હિંદમાં રહેનાર દરેક સમજુ વર્ગ આજની હિંદની સ્થિતિ અનુભવી અકળાય છે. તે છાપાંઓ વાંચે છે અને બીજા પ્રગતિમાન દેશોની સરખામણીમાં હિંદ દિનપ્રતિદિન આગળ વધવાને બદલે કેમ જાણે પાછો જ પડતો હોય, એમ એને લાગે છે.

કેળવણી

પાંચ દશ વરસ પહેલાં જે રશિયામાં ૧૦ ટકા પણ માણસો ભણેલા નહોતા, ત્યાં આજે ૯૫ ટકા લોકો વાંચતાંલખતાં શીખી ગયા છે. ત્યારે હિંદુસ્તાનમાં છેલ્લા ૧૦૦ વરસમાં અક્ષરજ્ઞાનનો પ્રચાર વધવાને બદલે ઘટયો છે એવું કેટલાક કેળવણીકારોએ સાબિત કરી આપેલ છે. હિંદુસ્તાનમાં કંપનીના રાજની સ્થાપના પછી, જે પાઠશાળાઓ, ગામઠી શાળાઓ, યા ટોલ-શાળાઓ — ગામડે

ગામડે ચાલતી હતી તે, ગામડાંઓ ભાંગતાં — ગામડાંઓ ભૂખભેગાં થતાં — નષ્ટપ્રાય થઈ ગઈ છે.

બેકારી

આજે હિંદુસ્તાનનાં ગામડાં પહેલાંની પેઠે પોંક ખાવા માટે નોતરતાં નથી. ત્યાં દૂધદહીંની છોળો ઊડતી નથી. પણ આજે ત્યાં અફીણ, ભાંગની દુકાન ઘૂસી છે. પરદેશી રમકડાં અને પરદેશી ઑસ્ટ્રેલિયાના ઘઉં, કે જપાની કસ વિનાના ફીકા ચોખા પેઠા છે. લોકોને આખોને આખો ગળી જાય એવો બેકારીનો રોગ ચારે કોર ઘૂરકી રહ્યો છે. આંકડાશાસ્ત્રીઓની ગણતરી મુજબ, હિંદ બાદ કરતાં આખી દુનિયામાં આજે વધારેમાં વધારે ત્રણ કરોડ માણસો કામ વિના બેકાર પડેલા છે. ત્યારે એકલા હિંદુસ્તાનમાં જ તાજી ગણતરી મુજબ, ચાર કરોડ માણસ કામ વિના ટળવળી અધભૂખે મરે છે.

બીજા દેશોના ઉદ્યોગ વધે છે ત્યારે આપણા ઉદ્યોગ-ધંધા ખીલવાને બદલે મરતા જાય છે. પડી ભાંગેલા ગૃહ-ઉદ્યોગો સજીવન થઈ શકતા નથી અને જપાની મિલોની હરીફાઈ આગળ ન ટકવાને કારણે મહા મહેનતે ઊભી થયેલ મુંબઈની કાપડ મિલોનેય દેવાળાં કાઢવાં પડે છે.

ગોરા પ્રત્યે પક્ષપાત

શણની મિલોમાં હિંદીનો પગપેસારો થઈ શકે તેમ નથી. કારણકે શણ, ચા, કૉફી જેવા આપણા ધીકતા ધંધા ગોરાઓએ પોતાના આગવા જ કરી લીધા છે. એટલે ભણવા પાછળ સેંકડો રૂપિયાની ને જીવનનાં મોંઘાં

વરસોની બરબાદી કર્યા બાદ, ભણેલા યુવકોનો ઉદ્યોગ-ધંધામાં ગજ વાગતો નથી.

બાકી, 'હિંદ ગુલામ દેશ હોવાથી, નૌકાસૈન્યની કે સામાન્ય લશ્કરની તાલીમ તો હિંદીને અપાય જ નહિ,' એમ કહેતાં, હિંદી સિપાઈઓને ભોગે ફ્રાન્સ, મૅસેપોટેમિયા અને રૂસની સરહદ પર જીત મેળવનારા અંગ્રેજ સામ્રાજ્યવાદીઓ જરાય શરમાતા નથી. જ્યાં તાલીમ આપવાનાં જ બારણાં બંધ હોય ત્યાં લશ્કરી ખાતાના હોદ્દા મેળવવાનાં સ્વપ્નાં પણ ક્યાંથી સેવાય?

લશ્કરી હોદ્દા ન મળે એમ કદાચ ઘડીભર માનો. પણ રાજવહીવટમાંયે મુદ્દાના મોટા હોદ્દાઓ ગોરી ચામડી માટે જ અનામત રહે એવી રીતે હિંદનું કહેવાતું સ્વરાજતંત્ર ગોઠવાયું છે.

બ્રિટનના વચનભંગ

'બેટા મોટો થા, એટલે તને પરણાવીશ' એમ વરસોથી કહ્યા કરનારા મોટેરાઓ, ગગો ભાયડો થાય, પોતાના પગ પર ઊભી શકે એવો સબળો થાય, છતાં તેને ન પરણાવતાં સાચાંખોટાં આશ્વાસનો આપ્યાં જ કરે, ને ઘરમાં લાડી ન આણી આપે, ને ઊલટું એમ કહે કે, ઘરમાં વહુ આવશે તો તું તેને સંભાળી શકે એવી તારામાં કશી ગતાગમ નથી, હજી પરણવાને તો શું પણ પાટે બેસતા પ્રથમ શીખ; તો એ જુવાનનું માથું કેવું ફરી જાય? એવી આજે સ્વરાજ માટે દાયકાઓ થયાં વચન આપ્યા બાદ, સ્વરાજ આપવાને બદલે ભૂખમરાની ભેટ આપનારા અને

ચાલાકીથી સોનાની જંજીર પહેરાવનાર અંગ્રેજો પ્રત્યે હિંદી જુવાન માનસની લાગણી ઉશ્કેરાયેલ છે.

નિરાશાનાં વાદળ

ટૂંકમાં આજની પરિસ્થિતિ સમજુ માણસને ગૂંગળાવી નાખે છે. શું કરવું જોઈએ તેની સૂઝ પડતી નથી. ૧૯૨૦થી '૩૩ સુધી રાષ્ટ્ર સરકાર સામે એક શ્વાસે ઝઝૂમ્યું. સત્યાગ્રહને પંથે જતાં વરસમાં સ્વરાજ મળશે એમ માન્યું હતું. પણ સત્યાગ્રહનું સાધન પ્રજાને જલદ લાગ્યું; એ મહામોંઘેરો મંત્ર પ્રજા સંપૂર્ણ રીતે પચાવી શકી નહિ. હરિજન સેવા, ખાદી કે ગૃહઉદ્યોગની પ્રવૃત્તિ વિશેષ સાત્ત્વિક ને ધાર્મિક હોઈને રાજસી માનસવાળાને એ વસ્તુઓ બહુ આકર્ષી શકતી નથી તેથી કેટલાક નિરાશ થઈને, અંતર્મુખ બને છે. કોઈ જપતપ મંત્રની સાધના કરવા, શરીરનું દમન કરવા, હિમાલયમાં ફરવા, કે કોઈ સાધુ મહારાજને શરણે જવા લોભાય છે. તો કોઈ, મારું ગમે તે થાય પણ જે અનિષ્ટ ચાલુ રાજતંત્રમાં થઈ રહેલ છે તે રોકવા માટે રાજતંત્રીઓનો તો કોઈ પણ પ્રકારે ખુડદો કાઢવો જ જોઈએ, એ વિચારપ્રવાહે દોરાઈ અવળે પંથે — બામ્બ ને હિંસા માર્ગે — ચડી જાય છે.

સમાજવાદ

વળી કેટલાક બહુ વિચારો કર્યા પછી અને પાશ્ચાત્ય ઇતિહાસ વાંચીને અને આધુનિક જમાનાના હેરત પમાડે તેવા પશ્ચિમના વિપ્લવો અને ક્રાંતિઓ વિષે વાંચીને ખાતરીપૂર્વક માનવા લાગ્યા છે કે, બધાં અનિષ્ટ અને દુઃખનું મૂળ મૂડી, મૂડીદારો, જમીનદારો, દરબારો છે, એ મૂડીવાદનો

નાશ કરો, પુરાણી જમીનદારી અને દરબારશાહી તોડો, કારખાનાદારને તોડી તેની જગાએ મજૂરને બેસાડો. જમીનદારને ભોંય ભેગો કરી, તેનું સ્થાન ભોંય ખેડનાર ખેડૂતને અપાવો, એટલે સર્વ રૂડાં વાનાં થઈ રહેશે.

અંધશ્રદ્ધા

આમાં કઈ વસ્તુ સારી કે સાચી છે તેનો ખરો ખ્યાલ સામાન્ય રીતે આમવર્ગને હોતો નથી. એ તો મહાત્મા કહે છે, સરદારે સમજાવ્યું છે, ગૃહપતિ કે આચાર્ય માને છે, અમારી પાર્ટીનો નેતા લખે છે માટે એ સાચું, એમ માની જીવનનું ગાડું હાંકે છે. પણ હવે આજનો જમાનો બુદ્ધિનો છે. બુદ્ધિની કસોટીએ હિંદુસ્તાનના નાના મોટા બધા પ્રશ્નો અને તેના ઉકેલ ચડાવવા જોઈએ અને પછી બુદ્ધિનો નિર્ણય હૃદય પણ માન્ય રાખે તો તે પ્રમાણે આચરવાનો, અમલ કરવાનો મહાપ્રયત્ન કરવો જોઈએ.

સાચું પગલું

આ સંબંધી સાચો નિર્ણય કરવા માટે ખેતી, ઉદ્યોગ, કેળવણી, વ્યાપાર, નાણાંવહીવટ, ને રાજકારણમાં આપણા હિંદની સ્થિતિ કયા પ્રકારની વર્તે છે તે બધાનો, નક્કર આંકડા ને હકીકતનો આધાર લઈ, પ્રથમ અભ્યાસ કરવો જોઈએ. આપણા દેશનું સ્થાન પ્રગતિમાન દેશોની સરખામણીમાં કેવું છે, બીજા દેશોએ પોતાની પ્રગતિ કેવી રીતે સાધી, એમને પંથે જવામાં આપણી ધારેલી સિદ્ધિ થશે કે એ રવાડે ચડતાં આપણા ભૂકા ઊડી જવાના છે, આ પ્રકારનો વિચાર આગળ પર રાખી, હાલ તો હિંદુસ્તાનની સાચી સ્થિતિ શી છે તે જ પ્રથમ જોઈએ.

દુનિયામાં હિંદનું સ્થાન

"અંગ્રેજોએ અહીં પગલાં કર્યાં તે અગાઉ હિંદ પોતાનાં લાખો ઝૂંપડાંઓમાં કાંતતું તથા વણતું, અને તે દ્વારા ખેતીમાંથી મળતી પોતાની નાનીશી આજીવિકામાં રહેતી ખોટ ભરી કાઢતું. જીવાદોરી સમો આ હિંદનો ગૃહઉદ્યોગ, માની ન શકાય એટલા નિષ્ઠુર અને અમાનુષ ઉપાયો વડે, નષ્ટ કરવામાં આવ્યો, જેનાં બ્યાનો અંગ્રેજ સાક્ષીઓએ કરેલાં છે. હિંદની અધપેટે રહેનારી આમપ્રજા કેવી ધીમે ધીમે મૃતપ્રાય થતી જાય છે એની શહેરોનાં રહેનારાંઓને ભાગ્યે જ ભાળ છે. તેઓને ખબર નથી કે, તેમને ભોગવવા મળતા ક્ષુદ્ર એશઆરામો હિંદને ચૂસનારા પરદેશી મૂડીદારોનાં ઘર ભરવા જે મહેનત કરે છે તેની દલાલી સિવાય બીજું કશું નથી, અને પેલાઓનો બધો નફો તેમજ એમની દલાલી બન્ને હિંદની ગરીબ પ્રજાને નિચોવીને જ નિતારી કાઢેલાં હોય છે. તેમને ગમ નથી કે, બ્રિટિશ હિંદમાં કાયદાથી સ્થપાયેલી સરકાર, ગરીબ આમપ્રજાને આ રીતે ચૂસવાની ખાતર જ ચલાવવામાં આવે છે. આજે હિંદના ગામડાંઓ પોતાનાં બોલતાંચાલતાં હાડપિંજરોથી નરી આંખને પણ જે પુરાવો આપી રહેલ છે તેને ચાહે તેવા વિતંડવાદથી કે આંકડા-અહેવાલોના ચાહે તેવાં માયાવી કોષ્ટકોથી ઉડાવી શકાય તેમ

નથી. મારા મનને તો છાંટાભાર શક નથી કે ઈશ્વર જેવો કોઈ માલિક જો દુનિયાને માથે હોય તો તેના દરબારમાં ઇંગ્લંડને તેમજ હિંદુસ્તાનનાં આ બધાં શહેરોમાં વસનારાઓને બેઉને આ ગુનાને માટે, ઇતિહાસમાં કદાચ જેની જોડ ન મળી શકે એવા આ માનવજાતિ સામેના ગુનાને માટે, જવાબ દેવો પડશે."

('ગામડાંની વહારે' માંથી)— **ગાંધીજી**

"જનસમાજની કેળવણી, ગામડામાં સ્વચ્છતા તથા વૈદકીય મદદ, બંદોબસ્ત, ગરીબને ઘર કરી આપવાં, ખેડૂતને સાહુકારથી બચાવવો, ખેતીની બેંક ઉઘાડવી, ખેતી સુધારવી ને ખીલવવી, હિંદી ઉદ્યોગોને પોષવા, ટ્રામ, વીજળી અને બીજી સાર્વજનિક સેવાઓને અંગ્રેજી ધનપતિઓના હાથમાં જતી રોકવી, લંડનના હિતાર્થે યોજાતા ચલણની હાથચાલાકી અટકાવવી, આ બધી વસ્તુઓ પ્રત્યે બેપરવાઈ એ ગરીબાઈનું કારણ છે.

સાચે જ હિંદુસ્તાનમાંનું અંગ્રેજી રાજ્ય હલકામાં હલકી અને અત્યંત અનીતિમય જાતનું રાજ્ય છે. કેમકે એમાં એક પ્રજા બીજીને લૂંટે છે." — **ડૉ. રૂધરફર્ડ**

જગતના સર્વ દેશોથી,
અમારો દેશ સારો છે

આ કવિતા એકડો બગડો ઘૂંટતાં ઘૂંટતાં શીખીએ છીએ અને દેશ માટે સ્વાભિમાન ઉપજાવીએ છીએ. મોટા થતાં 'વંદેમાતરમ્, સુજલાં સુફલાં' નું રાષ્ટ્રગીત ગાઈ દેશની સ્તુતિ કરીએ છીએ.

પણ સાચી વાત જો કહી શકાતી હોય તો હવે સાફ સાફ પહેલેથી જ, ગળથૂથીમાં જ બાળકોને પાઈ દેવું જોઈએ કે, એક વખત પુરાણપ્રાચીન કાળમાં હિંદ મહાન સમૃદ્ધ દેશ હતો; પણ આજે તો તે ગુલામીમાં સબડતો,

દુકાળ ને રોગચાળાને લીધે સડતો, ભૂખ્યાં માણસોથી ખદબદી ઊઠેલો, સૂકોભટ મુલક થઈ ગયો છે. તેને પુરાણી પ્રતિષ્ઠા આપવી હોય તો આજથી કછોટા બાંધી કમર કસો; નહિતર ઉદ્યોગધંધા અને કળાકૌશલ્યમાં તથા ભણતર ને ગણતરમાં, કૂદકે ને ભૂસકે આગળ વધતા પાશ્ચાત્ય પ્રદેશો ઘડીના છઠ્ઠા ભાગમાં આપણા મુલકને સાવ ધૂળ ફાકતો કરી મૂકશે. ખરું પૂછો તો, હજી સુધી હિંદુસ્તાનના લોકો અધનાગા રહીને, અને અધભૂખમરો સહન કરીને પણ કેમ જીવી શકે છે ને વસ્તી વધારતા જાય છે એ જ કેટલાક વિજ્ઞાનશાસ્ત્રી, સમાજશાસ્ત્રી અને માનસશાસ્ત્રીને મોટો કોયડો થઈ પડ્યો છે!

પણ હવે જરા સૂકા પણ મર્મવેધક આંકડા પર નજર કરીએ.

હિંદની વસ્તી ને વિસ્તાર

આજે આખી દુનિયામાં સૌથી વધારેમાં વધારે મનુષ્ય-સંખ્યા હિંદમાં છે. ચીનના કરતાં પણ હિંદુસ્થાનની વસ્તી આજે વધી ગઈ છે. હિંદુસ્તાન દેશ નહિ પણ ખંડ — ભરતખંડ — કહેવાય છે. યુરોપમાંથી રશિયા બાદ કરો તો યુરોપખંડના જેટલું જ હિંદનું ક્ષેત્રફળ છે અને વસ્તીમાં તો અમેરિકા (યુ. એસ. એ.)ની વસ્તી ૧૨ કરોડ ગણાય છે, ત્યારે હિંદમાં ૩૫ કરોડ માણસો છે.

પૃથ્વીનું ક્ષેત્રફળ	૫૧૦ લાખ ચોરસ માઈલ	
હિંદનું ,,	૧૮ ,, ,,	(૩.૫ ટકા)
દુનિયાની વસ્તી (૧૯૩૧)	૨૦૨,૫૦ ,,	
હિંદની ,,	૩૫,૨૮ ,,	(૧૭ ટકા)

"જેને ઝાઝી લક્ષ્મી, તેને નહિ સંતાન;
ગરીબ ઘેરે ટોળે મળે, જ્યાં ખાવા નહિ ધાન."

આ કથન હિંદુસ્તાન વિષે તો સર્વાંશે સત્ય લાગે છે. જેમ ભૂખમરાનું પ્રમાણ હિંદમાં વધતું જાય છે, તેમ તેમ વસ્તીનું પ્રમાણ પણ એટલું જ વધતું જાય છે. આ છેલ્લાં ૧૦ વરસમાં જ, એટલે કે ૧૯૩૧ના વસ્તીપત્રક વખતે, ગણતરી કરતાં માલૂમ પડયું હતું કે, હિંદની વસ્તી ૩,૪૦ લાખ એટલે ફ્રાન્સ અથવા ઇટલીની કુલ વસ્તી જેટલી વધી ગઈ હતી.

અમેરિકાના યુનાઈટેડ સ્ટેટ્સમાં દર ચોરસ માઈલે ૪૧ માણસો વસે છે. ત્યારે આપણા દેશમાં દર ચોરસ માઈલે સરાસરી ૨૪૮ માણસો રહે છે, અને દિલ્લી જેવા ઘીચ પ્રદેશમાં તો દર ચોરસ માઈલે ૧૧૧૦ માણસો વસે છે.

જન્મમરણનું પ્રમાણ

મનુષ્યબળ જે દેશમાં વધારે હોય એ દેશ સામાન્ય રીતે ગૌરવવંતો ગણાવો જોઈએ. ફ્રાન્સમાં જે માતા વધારે બાળકોને જન્મ આપે તેને રાજ્ય તરફથી ઇનામ આપવામાં આવે છે ત્યારે હિંદમાં વધી પડેલ ભૂખડીબારસ પ્રજાનું શું કરવું એ સવાલ થઈ પડ્યો છે. હિંદની વસ્તી મનુષ્યબળ વધારતી જ નથી, કારણ કે હિંદીનું સરાસરી આયુષ્યમાન ૨૬ વરસનું ગણાય છે, ત્યારે ઇંગ્લંડનું ૫૭, યુનાઈટેડ સ્ટેટ્સ — અમેરિકાનું ૫૬ અને ચાંદીનાં રોગથી પીડાતી કહેવાતી જાપાનીઝ પ્રજાનું આયુષ્યમાન પણ ૪૪ વરસનું ગણાય છે.

હિંદના બાળમરણના આંકડા જોઈને કોઈને પણ અરેરાટી છૂટયા વિના રહે નહિ. મુંબઈ જેવા શહેરમાં હજારે ૭૦૦ બાળક એક વરસની અંદર જ રામશરણ થઈ જાય છે. સમસ્ત હિંદનું બાળમરણનું પ્રમાણ હજારે ૧૮૮ જેટલું આવે છે* બીજા દેશોની તુલનામાં જોઈએ તો, બાળમરણનું પ્રમાણ આપણા દેશમાં ઘણું વધારે છે:

	દર હજારે બાળમરણનું પ્રમાણ
અમેરિકા	૬૫
ગ્રેટબ્રિટન	૬૩
જર્મની	૮૫
ફ્રાન્સ	૭૮
જપાન	૧૨૪
હિંદુસ્તાન	૧૮૮ (૧૯૩૦)

ભૂખમરો

૩૫ કરોડ મોઢાને પેટપૂરતો રોટલો આપવા માટે ૯ કરોડ ટન ખોરાક જોઈએ એમ ડૉકટરોએ ગણતરી કરેલી છે. જ્યારે હિંદમાં સામાન્ય વર્ષમાં માત્ર ૭ કરોડ ટન જ અનાજ થાય છે, એમાંથી ઢોરના ખાણમાં જોઈતા દાણા, બી, બિયારુના દાણા, તથા ઊધઈ કે ઉંદર બગાડી નાખે એ દાણા બાદ કરીએ તો માંડ ૫ કરોડ ટન અનાજ ખાવા માટે રહે છે. એટલે કે માણસ દીઠ ૧૦ શેર અનાજ

---

* "હિંદમાં દર મિનિટે ૨૩ માણસ, દર કલાકે ૧૩૬૩ અને અને દરરોજ ૩૨,૭૧૫ માણસો અવસાન પામે છે."

— પ્રો. ટોરો

મહિને મળે છે. અને આ દશ શેરમાં મોટા રાજા-મહારાજા, દરબાર, જમીનદાર, અને શેઠશાહુકાર, મહંત-મહારાજ, જેઓ ખાધા કરતાં ત્રણગણું બગાડવામાં જ પોતાની શ્રીમંતાઈ સમજે છે તેઓની ગણતરી પણ થઈ જાય છે.

ખેતીમાં આઠ મહિના ઢોરની માફક મજૂરી કરતાં છતાં પેટપૂરતો રોટલો ખેડૂતને મળી શકતો નથી એ દીવા જેવું બધા સમજે છે. પણ કામ વિના માણસ ન જીવી શકતો હોવાથી, 'મૂક કરવત મોચીના મોચી' એ ન્યાયે, બધાય ચક્કર માર્યા પછી, સોળે સરાવ્યા પછી, બધે ઠેકાણે ધરમધક્કા ખાધા પછી, હિંદી નિરાશ થઈને પાછા ધરતીમાતાને શરણે જાય છે અને ખેડ કરી રોટલો કૂટી મારવા પ્રયત્ન કરે છે.

ખેતીની પેદાશ

બ્રિટિશ હિંદુસ્તાનમાં કુલ ૨૭ કરોડ એકર જમીન ખેડવા લાયક છે તેમાંથી માત્ર અર્ધો કરોડ એકર જમીન જ એવી છે કે જેને નહેર, યા કૂવા વાટે પાણી પાઈ બે પાક લઈ શકાય છે. માણસ દીઠ પૂરી એકર જમીન પણ ખેડવા મળી શકતી નથી.

હિંદુસ્તાનની ખેતીપ્રધાન દેશ તરીકે ગણતરી કરાવવામાં આવે છે. ચાર માણસે ત્રણ માણસ હિંદમાં ખેતી પર નભતા હોવા છતાં ખેતીનો એકર દીઠ પાક દુનિયાના સર્વ દેશો કરતાં ઓછો આવે છે.

ખેતીમાંથી કુલ આવક સને ૧૯૨૧–૨૨માં ૨૦૩૨ કરોડ રૂપિયા થઈ હતી એટલે કે માણસ દીઠ ૬૪ રૂા. આવક થઈ હતી.

જ્યારે ખેતીમાંથી માણસદીઠ		રૂા.
	અમેરિકામાં	૧૭૫
	કૅનેડામાં	૨૧૩
	જપાનમાં	૫૭ સરાસરી આવક થાય છે.

હુન્નરઉદ્યોગ

જ્યારે ખેતીમાંથીયે પૂરતી કમાણી હિંદ કરી શકતું નથી ત્યારે હુન્નરઉદ્યોગ, કારખાનાના કામમાં તો પછાત એવા હિંદુસ્તાનની માણસ દીઠ આવક સૌથી છેલ્લે નંબરે આવે એ સહેજે સમજાઈ જાય તેવી વાત છે.

હિંદમાં ઉદ્યોગધંધામાંથી કુલ આવક ૪૦૮ કરોડ રૂ. એટલે કે માણસ દીઠ રૂ. ૧૨, ૧૯૨૧–૨૨ માં થઈ હતી,

	રૂા.
ત્યારે અમેરિકામાં	૭૨૨
કૅનેડામાં	૪૭૦
ગ્રેટબ્રિટનમાં	૪૨૧
જપાનમાં	૧૫૮

માણસ દીઠ આવક થાય છે. ખેતી અને ઉદ્યોગની પેદાશ ભેગી કરીએ તો હિંદની કુલ આવક ૨૫૦૦ કરોડ રૂ. ની ગણાય. એટલે કે, માણસ દીઠ ૭૧ રૂ. આવક વરસની થઈ. અને આ ગણતરી જ્યારે ભાવતાલ બહુ ઊંચા હતા ત્યારની, ૧૯૨૧–૨૨ સાલની છે. તે પછી ઘણા

માલનાં છાબડાં બેસી ગયાં છે અને ૧૯૨૫, પછી તો વેપારીજગતમાં જે મંદીનું વાદળ ફરી વળ્યું છે તે હજુ ઊડયું નથી. એ ગણતરીએ તો આજે હિંદીની આવક પચાસ જ રૂપિયા ગણી શકાય. હિંદના કેદીને જે ખોરાક આપવામાં આવે છે એટલા ખોરાક ને કપડાં માટે મહિનાના ૪ રૂપિયા પૂરા થતા નથી. આ ૪ રૂપિયાની સરાસરી માસિક આવકમાં તો હજારો ને લાખો રૂપિયા — આખાં કોળાં ને કોળાં — ગળી જનારાની ગણતરી પણ આવી જાય છે.

અજ્ઞાનના થર

સ્થૂલ ભૂખ સટાડવા માટે હિંદી પ્રજાને ભારે વલખાં મારવાં પડે છે. હવે તેની માનસિક ભૂખ છિપાવવાનાં સાધન સગવડ કેવાં છે તે પર દૃષ્ટિપાત કરીએ. હિંદુસ્તાનમાં માત્ર લખીવાંચી શકે એવા દર સો માણસે ૮ જ માણસો છે. છતી આંખે તેઓ આંધળા છે અને તે ૮ ટકા ભણેલામાં માત્ર સહી કરી શકે કે વાંચી શકે એવાનીયે ગણતરી કરવામાં આવી છે. એ મોટા થયા પછી, જેમ ઘણા ઉર્દૂ કે બંગાળી ઠીક ઠીક શીખ્યા બાદ, લખવાવાંચવાનો મહાવરો ન રહેવાથી, તે ભાષાઓ ભૂલી જાય છે તેમ, આ અધભણેલા પાછા સૌ કાળા અક્ષરને કૂટી મારતા નહિ હોય તેની કંઈ ખાતરી નથી.

"શાળા છોડ્યા પછી પાંચ વરસમાં ૩૯ ટકા બાળકો લખતાંવચતાં તદ્દન ભૂલી જાય છે."

ખાસ કરીને દક્ષિણ હિંદુસ્તાનનાં ગામડાંઓમાં ભણેલાં બાળકોમાંથી ૮૦ ટકા બાળકો દશ વરસ પછી તદ્દન લખતાં વાંચતાં ભૂલી જાય છે.

ટાઇમ્સ એજ્યુકેશનલ સપ્લીમેન્ટ

ભણેલા માણસો (૧૦ વરસ ઉપરની ઉંમરના)

ગ્રેટબ્રિટનમાં	૯૨ ટકા
ફ્રાન્સમાં	૯૪ ,,
જર્મનીમાં	૯૯ ,,
અમેરિકામાં	૯૫ ,,
જપાનમાં	૯૬ ,,
ઑસ્ટ્રેલિયામાં	૯૮ ,,
રશિયામાં	૯૦ ,,
ત્યારે હિંદમાં	૧૧ ,,

ભણાવવાનીયે સગવડ બ્રિટિશ રાજ્યમાં નથી. હિંદુસ્તાનમાં કુલ સાડા સાત લાખ ગામડાં છે. પણ ગામડા દીઠ એક તો શું પણ ચાર ગામડે એક શાળા પણ નથી. હિંદમાં એકંદર બે લાખને ચાર હજાર જ શાળાઓ છે. આમાં મુંબઈ જેવા શહેરમાં ચાલીસ પચાસ શાળાઓ હોય, ને બાજુના નાના દરિયાઈ ટાપુમાં નિશાળનું નામનિશાન ન હોય એ સમજી લેવાનું.

"બ્રિટિશોના કબજા પહેલાં બંગાળની કેળવણી સંબંધી સરકારી દસ્તાવેજ પરથી મેક્સમૂલર કબૂલ કરે છે કે, બંગાળમાં ૮૦ હજાર દેશી શાળાઓ હતી, એટલે કે, વસ્તીના દરેક ૪૦૦ માણસે એક શાળા હતી."

—કેર હાર્ડી

કેળવણી

બીજા દેશોમાં પ્રાથમિક શાળાઓ ઉપરાંત લોકોને ભણાવવા માટે ઔદ્યોગિક, વેપારધંધાની કે હુન્નરકળાની શાળાઓ હોય છે. મોટી ઉંમરના માણસો ઉદ્યોગધંધા કરતા કરતા ભણી શકે એવી નાની મોટી અનેક સગવડ હોય છે. તેથી અમેરિકા ને કૅનેડા જેવા દેશમાં પુખ્ત ઉંમરના ૪ માણસે ૧ અને રશિયામાં ૬ માણસે ૧ માણસ કોઈ ને કોઈ શાળામાં તાલીમ લેતા હોય છે. ત્યારે આપણે ત્યાં આ પ્રકારના શિક્ષણને નામે સાવ ધબડકો છે.

કેળવણી માટે કંગાળ ખર્ચ

જનસંખ્યાની ગણતરીએ હિંદુસ્તાન કેળવણી પાછળ વરસ દહાડે માણસ દીઠ માત્ર એક રૂપિયો ખરચે છે ત્યારે

જપાન ૧૧, ગ્રેટબ્રિટન ૩૨, કૅનેડા ૪૮,
અમેરિકા ૬૫, રૂ. ખરચે છે. (૧૯૩૦–૩૧)

પણ ગરીબ ગુલામ દેશની આવકના ૫૦ ટકા ખર્ચ લશ્કરને નિભાવવામાં જાય છે, જ્યારે કૅનેડાને લશ્કર ખર્ચ આવકના ૩ ટકા જ થાય છે. આ હાલતમાં હિંદીઓને ભણાવવા માટે રૂપિયા ક્યાંથી નીકળે?

જો સ્વરાજ સરકાર સ્થપાય અને સામ્રાજ્યને ટકાવવામાં મદદરૂપ થતાં ખર્ચ પર કાપ મૂકી રાષ્ટ્રોન્નતિના તેમજ કેળવણી અને ઉદ્યોગના કામમાં, રશિયા કે જપાનની માફક, રૂપિયાની છોળ ઉડાડવામાં આવે, અગર તો ભણેલા

પોતાની ફરજ સમજી દર વરસે અમુક વિદ્યાર્થીને સેવાભાવે ભણાવવાનું વ્રત લે તો આ બની શકે. આ બધી — પણ, પરંતુ અને, જો, ની વાતો શક્ય થાય તો જ રાષ્ટ્રમાં પ્રાણસંચાર થઈ શકે.

વેપારધંધા

જ્યાં લોકો શરીરે, અને મને નબળા હોય ત્યાં વેપાર પણ કેવો ખીલી શકે ?

૧૯૨૯ પછી આખી દુનિયાના વેપારમાં ગજબ — ન સમજી શકાય તેવી મંદી આવી છે. ૧૯૨૯માં સમસ્ત દુનિયાનો કુલ (અયાત નિકાસ) વેપાર ૧૯૦૦૦ કરોડ રૂપિયાનો હતો. તે ૧૯૩૩માં ૭૭૦૦ કરોડનો થઈ ગયો છે. એટલે લગભગ ૬૦ ટકા વેપાર ઘટી ગયો છે. આ મંદીનાં વરસો અસામાન્ય ગણી પહેલાંના વરસોમાં જ્યારે વેપારધંધા ધીકતા ચાલતા હતા તેના આંકડા જોઈએ :

૧૯૨૮–૨૯ હિંદમાં આયાત રૂ. ૨૫૩ કરોડની થઈ હતી ત્યારે તે જ વરસમાં હિંદમાંથી નિકાસ રૂ. ૩૩૦ કરોડની થઈ હતી. અંગ્રેજ લશ્કરી ને મુલકી અમલદારોનાં પેન્શનો, પરદેશી પેઢીઓ જે ઊંડા પગ નાખીને હિંદમાં પેસી ગયેલ છે તે પેઢીઓના અને પરદેશી કંપનીઓના વીમાના નફા, આગબોટ અને વહાણનાં નૂર વગેરેના પૈસા ઉપર બતાવેલ ૭૬ કરોડ રૂપિયાની વધારે નિકાસ થાય છે તેમાંથી ઇંગ્લંડમાં ભરવામાં આવે છે.

હિંદુસ્તાનમાં માણસ દીઠ વેપાર ઉપરના આંકડા મુજબ ૧૭ રૂપિયા આવે છે. ત્યારે ગ્રેટબ્રિટનમાં માણસ દીઠ ૫૯૭ રૂપિયા આવે છે.

અમેરિકા માણસ દીઠ ૨૧૪ રૂપિયા
કૅનેડામાં ,, ,, ૯૨૦ ,,
જપાનમાં ,, ,, ૯૦ ,, વેપાર ચાલે છે.

હિંદુસ્તાનનો જણ દીઠ વેપાર બીજા દેશો કરતાં ઓછો આવે તે પરથી હિંદ પછાત છે એમ પુરવાર ન થઈ શકે કારણ કે હિંદનો વેપાર માણસ દીઠ એક રૂપિયાનોય ન આવે અને છતાં પણ દેશ સ્વયંપૂર્ણ હોય તો, સુખી પણ હોઈ શકે છે. પણ હિંદ સ્વયંપૂર્ણ બન્યું નથી અને વેપારને નામે સરકારની હુંડિયામણની નીતિને લીધે કરોડો રૂપિયાનું સોનું પરદેશ તણાઈ જાય છે એ દુઃખદ બીના છે. પણ તે વિષે આગળ જોઈશું.

આગગાડી

આંતરિક કે આંતરરાષ્ટ્રીય વેપાર ખીલવવા માટે માલ લાવવાલઈજવાનાં સાધનો કેવા વિકસ્યાં છે તે હવે તપાસીએ.

૧૯૩૧-૩૨ — હિંદુસ્તાનમાં કુલ ૪૨,૮૦૦ માઈલ રેલવે છે. આ રેલવે લાઈન ઓછી છે એમ ન કહી શકાય. ઊલટું કેટલીક રેલવે — જેમકે વાયવ્ય સરહદ રેલવે — મુખ્યત્વે લશ્કરની દૃષ્ટિએ જ ચલાવવામાં આવે છે. આ રેલવે ચલાવવામાં ખોટ આવે છે. રેલવેથી લાભો અનેક થાય છે. મોટા દુકાળને પ્રસંગે — છપ્પનિયાની માફક લોકો ભૂખે મરતા નથી, એ સૌ કોઈ કબૂલ કરે છે

પણ રેલવેના ગેરલાભો બધા જાણતા નથી. સદ્‌ગત જી. વી. જોષીએ સાબિત કર્યું છે કે રેલવે લાઈન જ્યાં જ્યાં નવીન નખાઈ છે ત્યાં સડકની આજુબાજુના ખાડા ન પુરાવાથી મેલેરિયાનાં જંતુ ખાબોચિયામાં પેદા થાય છે. રેલવેના નૂરના દર એવી રીતે ગોઠવાયા છે કે વિલાયતનો માલ મુંબઈથી કલકત્તા જાય તેના દર સસ્તા હોય, પણ સુરતનો માલ અંકલેશ્વર જાય તેના ભાવ વધારે હોય છે. રેલવેના નૂરથી જરા પણ પરિચિત હોય છે તે એ જાણે છે.

આપણે ત્યાં રેલવેમાંયે ખોટ જવા લાગી છે કારણકે મોટરબસનો વ્યવહાર વધવાથી તેની હરીફાઈમાં રેલવે કંપનીઓને ટકવું અઘરું થઈ પડ્યું છે.

છતાં સર વિશ્વેશ્વરૈયા જેવા અર્થશાસ્ત્રીઓ બીજા દેશોની સરખામણી કરતાં કહે છે કે, હજી હિંદમાં વધુ રેલવે લાઈનની જરૂર છે.

હિંદમાં દસ લાખ માણસની વસ્તીના પ્રમાણમાં ૧૨૦ માઈલ રેલવે પથરાયેલ છે ત્યારે બીજા પ્રગતિમાન દેશોમાં, એ પ્રમાણ નીચે મુજબ છે:

અમેરિકા	૨,૧૩૨	માઈલ, દસ લાખ માણસે
ગ્રેટબ્રિટન	૪૬૦	,, ,,
કેનેડા	૪,૩૧૮	,, ,,
જપાન	૨૦૬	,, ,,

આગબોટ કંપનીઓ

આંતરરાષ્ટ્રીય વેપાર ખીલવવા માટે રેલવે કરતાંયે આગબોટની વધારે જરૂર હોય છે. હિંદુસ્તાન મોટો દ્વીપકલ્પ

છે. ત્રણે બાજુ હજારો માઈલનો દરિયો ઘૂઘવે છે પણ હિંદના કિનારા પર પણ હિંદીઓની આગબોટોને બદલે પરદેશી આગબોટો ફરે છે. હિંદી આગબોટ કંપનીને મારી નાખવા માટે, પરદેશી આગબોટ કંપનીઓ મુસાફરને મફત બેસાડતા એટલું જ નહિ પણ, મારા વડવા કહેતા કે તેઓને દ્વારકાથી મુંબઈ સુધીની મુસાફરી આગબોટમાં કરવાની કૃપા કરવા માટે વિલાયતી ભાતીગર રૂમાલ અને સવાશેર ખાંડ, કંપનીએ ભેટ ધર્યાં હતાં. આવી હરીફાઈમાં કઈ કંપની ટકી શકે! આજે સિંધિયા કંપની સિવાય એક પણ દેશી કંપનીની મોટી આગબોટો હિંદુસ્તાનના કિનારા પર ચાલતી નથી. આગબોટ કંપનીનો અઢળક નફો પરદેશી કંપનીઓ ખેંચી જાય છે. જપાનમાં આગબોટના ધંધા — વહાણવટાને — ઉત્તેજન આપવા માટે રાજ્ય તરફથી કંપનીઓને મોટી રકમોની મદદ મળે છે; ત્યારે હિંદમાં હિંદી કંપનીઓની સ્ટીમર ફરી શકે એવી સ્થિતિ પણ ઊભી કરવામાં સરકાર સરળતા નથી કરી આપતી. આ સ્થિતિમાં હિંદુસ્તાનના વહાણવટાના વિકાસની સરખામણી બીજા પ્રગતિમાન દેશો સાથે કરવા બેસવાની ધૃષ્ટતા કરી જ કેમ શકાય? કાંઈ ખચ્ચરના વેગની સરખામણી, અરબી ઘોડા સાથે અથવા મોટર સાથે કરી શકાય ખરી!

વેપારવાણિજ્યનાં સાધનોનો વિચાર કરતાં ટપાલ ઑફિસ ને તાર ઑફિસનો વિચાર સહેજે ઉદ્ભવે છે:

પોસ્ટ ઑફિસ

હિંદુસ્તાનમાં સાડાસાત લાખ ગામડાં છે પણ પોસ્ટ ઑફિસ પૂરી ૨૫ હજારેય નથી. હિંદમાં હાલ ફક્ત ૨૩,૯૦૦ પોસ્ટ

ઑફિસ છે.* પોસ્ટ જેવી શહેરી જીવનની અગત્યની જરૂરિયાત પણ હિંદમાં ખીલવવામાં આવી નથી. અને ગરીબ હિંદ ન સાંખી શકે એવા ટપાલના ભાવ રાખેલા હોવાથી, પોસ્ટકાર્ડ અને કવરનો ઉઠાવ વરસો વરસ વધવાને બદલે ઘટે છે. નીચેના આંકડા પરથી એ સમજાશે :

વરસ	વેચાયેલાં કવર	વેચાયેલાં પોસ્ટકાર્ડ
૧૯૩૦,૩૧	૯,૬૦ લાખ	૩૬,૪૦ લાખ
૧૯૩૧,૩૨	૩,૮૦ ,,	૩૫,૧૦ ,,
૧૯૩૨,૩૩	૩,૬૦ ,,	૨૮,૧૦ ,,

હિંદના ખજાનચી પોસ્ટ ખાતાનું વેચાણ ઘટે છે એ જાણે છે છતાં ગરીબ પર પડતા આવા આડકતરા કર કેમ નહિ ઘટાડાતા હોય એ આમપ્રજા આગળ એક કોયડો જ છે.

ભારે કરના બોજા

હિંદુસ્તાનની તિજોરી જો તર હોય તો બધા સુધારણાના ખ્યાલ સૂઝે. પણ તિજોરીનું તળિયું દેખાતું હોય અને કરના અસહ્ય બોજા વધી પડયા હોય ત્યાં ખિલવણી કેમ થઈ શકે ?

---

* ગોધરા તાલુકાનાં પૂર્વ ગાળાનાં ૧૯૭ ગામો કહેવાય છે. તેમાં પોસ્ટ ઑફિસ માત્ર સંતરોડ સ્ટેશન પર છે. ત્યાંથી ૪-૫ ગામોમાં ટપાલ વહેંચાય છે. સંજેલી કરીને એક રજવાડી ગામ છે ત્યાં બીજી પોસ્ટ ઑફિસ છે અને ત્યાંથી બીજાં બે ગામોમાં ટપાલ મળે છે. બાકી આશરે **૧૬૦ ગામોમાં ટપાલની રીતસર ગોઠવણ જ નથી.**

બ્રિટિશ હિંદની, પ્રાંત અને સ્થાનિક સરકારોની આવક સાથે કુલ આવક ૧૯૩૨–૩૩ માં રૂ. ૨૬૮ કરોડ થઈ હતી. એટલે કે માણસ દીઠ ૧૦ રૂપિયાનો બોજો રાજ્ય ચલાવવામાં પડે છે. એટલે કે ૫૦ રૂપિયાની આવકમાંથી ૧૦ રૂપિયા પાંચમો હિસ્સો તો ગરીબ હિંદને રાજતંત્ર નભાવવા માટે આપવો પડે છે.

આ આવકમાંથી હિંદુસ્તાનની આર્થિક સુધારણા બહુ થતી હોય એમ દેખાતું નથી. હિંદી સરકારની ૧૩૦ કરોડની આવકમાંથી (૧૯૩૦–૩૧) લગભગ ૬૦ કરોડ રૂપિયાનું લશ્કરીખર્ચમાં આંધણ થઈ જાય છે. બ્રિટિશ સામ્રાજ્યના કૅનેડા જેવું ધનવાન સંસ્થાન માત્ર ૩ કરોડ જ રૂપિયા લશ્કરી ખર્ચમાં વાપરે છે. જપાન જેવો આબાદ અને પ્રગતિમાન દેશ પણ વર્ષે ૬૩ કરોડ રૂપિયા લશ્કરી ખાતામાં ખર્ચે છે. ગયા મહાયુદ્ધમાં ગ્રેટબ્રિટનની હારોહાર ઊભીને હિંદુસ્તાનના લશ્કરે ભાગ લીધો હતો. ૧૫ લાખ માણસોમાંથી ૧૩ લાખ હિંદી લડવૈયાઓ હિંદની બહાર, પરદેશી સામ્રાજ્યની રક્ષા અર્થે સમરાંગણમાં ઝઝૂમ્યા હતા. આટલું બધું મોટું ખર્ચ હિંદુસ્તાન ગુલામ હોવાથી સામ્રાજ્યની રક્ષા માટે બ્રિટિશ સરકારે હિંદ પર લાદેલ છે.

લશ્કરના બોજા નીચે ચગદાયેલ હિંદ, દેશને સમૃદ્ધ કરવાનાં બીજાં પગલાં લઈ શકતું નથી. અને તેથી બીજા દેશોમાં વીજળી પવન કે વરાળયંત્રોની સહાયથી માણસની કામની શક્તિ પ્રતિવર્ષ વધતી જાય છે ત્યારે હિંદી, ઢોરની માફક, જૂના જમાનાના માણસ પેઠે મજૂરી કરતો રહે

છે, અને તેથી હિંદ કેમ જાણે ભોગની વસ્તુ હોય એમ સૌ દેશની હિંદ પર એકી નજર પડેલી હોય છે.

માણસોની કાર્યશક્તિ

જુદા જુદા દેશના માણસો કેટલું કામ કરી શકે છે તેની ગણતરી થોમસ જે. રીડે નીચે પ્રમાણે કરેલી છે.

ચીન	૧ એકમ	કામ કરે છે
હિંદ	૧ાા	,,
જપાન	૩ાા	,,
જર્મની	૧૨	,,
ગ્રેટબ્રિટન	૧૮	,,
કૅનેડા	૨૦	,,
અમેરિકા	૩૦	,,

આ હાલતમાં ચીન અને હિંદ ગરીબ દેશ રહે અને અમેરિકા પરદેશમાંથી ધન ઉસેડી પોતાના ઘર ભેગું કરે એમાં શી નવાઈ? જેમ માણસ વધારે ઉત્પન્ન કરી શકે તેમ તેની કમાણી પણ વધે એ દેખીતું છે.

હિંદની સરાસરી આવક માણસ દીઠ રૂપિયા ૫૫ આવે છે

ત્યારે ગ્રેટબ્રિટનની	,,	,,	૧,૦૯૨
કૅનેડાની	,,	,,	૧,૨૬૮
અમેરિકાની	,,	,,	૨,૦૫૩ રૂપિયા આવે છે.

હિંદની ગરીબાઈ

જ્યુલિયસ બેર્નસે દાયકા પહેલાં સમસ્ત દુનિયાંની દોલત ૨,૭૭૭ અબજ રૂપિયા આંકી હતી. તેમાંથી હિંદની દોલત ૧૫,૫૦૦ કરોડ જ ગણાયેલ છે. એટલે કે દુનિયાની

લગભગ પાંચમા ભાગની વસ્તી પાસે દુનિયાની દોલતના માત્ર પાંચ જ ટકા છે. જ્યારે અમેરિકામાં દુનિયાની વસ્તીના ૭ ટકા માણસ પાસે દુનિયાનું ૪૦ ટકા ધન હમણાં ઘસડાઈ આવ્યું છે.

આ વિષમ સ્થિતિનો અંત કઈ રીતે આવે? હિંદ અમેરિકાની હરોળમાં કોઈ દિવસ બેસી શકે એવું કરી શકાય ખરું? પણ આની ચર્ચા કર્યા પહેલાં હજી આપણે હિંદુસ્તાનના જુદા જુદા મહત્ત્વના વિષયો ખેતી, ઉદ્યોગધંધા, વાહનવેપાર અને નાણાંપ્રકરણનો અભ્યાસ કરવાનો બાકી રહે છે. તે દરેક વિષયનું નિરીક્ષણ કર્યા બાદ હિંદની આબાદી કેમ થઈ શકે તેનો છેવટે વિચાર કરશું.

હિંદુસ્તાનની ખેડ

ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, અને કનિષ્ટ નોકરી, એવી જૂની કહેવત ચાલી આવે છે, પણ આજે આપણે ત્યાં ખેતીનો ધંધો ઉત્તમ ગણાતો નથી; એટલું જ નહિ પણ ખેતી કરનાર ખેડૂત આજે જગતનો તાત નથી, પણ હિંદમાં તે તો ચીંથરેહાલ રહેતો, અર્ધો ભૂખે મરતો જીવ છે. છતાં અજાયબી પમાડે તેવી વાત તો એ છે કે, બીજા પ્રગતિમાન દેશોમાં ખેતી પર જીવન ગુજારતા માણસો દિનપ્રતિદિન, હુન્નરધંધા, યા ઉદ્યોગવેપારમાં ખેંચાતા જાય છે, ત્યારે હિંદુસ્તાનમાં દાયકે દાયકે ખેતી પર નભનારા માણસોની સંખ્યા વધતી જાય છે.

ખેતી પર બેહદ દબાણ

૧૮૯૧ના વસ્તીપત્રક પ્રમાણે હિંદની કુલ વસ્તીના ૫૯ ટકા વસ્તી ખેતી પર નભતી હતી ત્યારે ૧૯૩૧માં આ આંકડો વધીને ૭૩ ટકા સુધી પહોંચ્યો છે.

આ આંકડાઓ જોઈને કોણ કહી શકે કે છેલ્લા દાયકાઓમાં હિંદમાં ઉદ્યોગધંધા ખૂબ ધમધોકાર ખીલવા લાગ્યા છે?

પડતર જમીન

દુનિયા પરની ધરતીનું ક્ષેત્રફળ કુલ ૫૧૦ લાખ ચોરસ માઈલ છે; તેમાં હિંદનું ક્ષેત્રફળ ૧૮ લાખ ચોરસ માઈલ આવે છે અને બ્રિટિશહિંદનું ક્ષેત્રફળ ૧૧ લાખ ચોરસ માઈલ છે. આ જમીનમાંથી માત્ર ૨૬ કરોડ એકર જમીન પર જ વાવેતર કરવામાં આવે છે અને સરકારના આંકડા-શાસ્ત્રીઓના કહેવા મુજબ હજી બીજી ૧૫ કરોડ એકર જમીન એવી પડી છે કે જે ખેડ કરી શકાય એવી છે છતાં ઉજ્જડ પડી છે. *

જ્યાં જમીન માટે ચારે કોર હિંદમાં તડામાર માગણી થયા કરે છે એમ નરી આંખે અનુભવીએ છીએ ત્યાં આ

* ગરાસિયાઓ પાસે ગામોના ગરાસ હોય છે પણ તે ગરાસ ન સાચવી શકતા હોવાથી, જમીનનું વાવેતર નિયમસર ન થતું હોવાથી અને જમીનમાં વરસો સુધી કશું ખાતર ન પડતું હોવાથી તથા ખેડૂત પર ગરાસિયાઓનો જુલમ હદ કરતાં વધારે હોવાથી અને ખેડનારા ખેડૂતો ગામ છોડીને વારંવાર જતા રહેતા હોવાથી ગામડાંની હજારો એકર જમીન પડતર રહ્યા કરે છે. આ ચોટીલા વિભાગમાં હું ઉનાળામાં ફર્યો ત્યારે મેં જોયું હતું. પાંચસો પાંચસો યા હજાર એકરની રકમોવાળા આખા ગામની જાગીર સો ને દોઢસો રૂપિયામાં વાણિયાને ઘેર ગયેલ છે એ બધું ત્યારે બારીક તપાસ કરતાં જાણ્યું હતું.

લાખો એકર જમીન ઉજ્જડ વેરાન કેમ પડી રહેતી હશે?* પાશ્ચાત્ય અર્થશાસ્ત્રીઓ કહે છે કે હિંદીઓ ટ્રેક્ટર વાપરતા નથી, સંઘશક્તિથી કામ કરી જાણતા નથી. છાણ જેવા કીમતી ખાતરને બાળીને સોનામહોરનો ઉપયોગ રૂપિયાને ઠેકાણે કરી નાખે છે તેથી આવી જમીન નકામી પડતર પડી રહે છે.

ખેતીસુધારણાના ઉપાયો

રાષ્ટ્રનો ઊંડો અભ્યાસ કરનારાઓ કહે છે કે, જમીન પર એવા જુદી જુદી તરેહના મોટા કરો લાદવામાં આવ્યા છે કે જમીનમહેસૂલ ભરતાં જ ખેડૂત ભેત્રડો થઈ જાય છે.+ મહેસૂલના દર ઓછામાં ઓછા ૫૦ ટકા ઘટવા જોઈએ. કરના બોજામાં ખેડૂત ચગદાયેલો છે તેમાંથી તેને બચાવી લેવા માટે, સરકારે ખેડૂતની ઋણમુક્તિની યોજનાનો ભાવનગર રાજ્યની માફક અમલ કરવો જોઈએ. ખેતીમાં ઉત્પન્ન થયેલ માલના ભાવ બજારના પીકભાવ પ્રમાણે જ ખેડૂતને મળી શકે, એવું સરકારી અમલદારો

---

* જામનગર જેવા રાજ્યમાં જમીન પાછી લઈ લેવા માટે ખેડૂતો રાજ્યને વરસોવરસ અરજી કર્યા કરે છે પણ રાજ્ય ઊપજ ખોવા તૈયાર ન હોવાથી જમીન પાછી લઈ લેતું નથી. એવી હકીકત જાતે સાંભળી ત્યારે મને ભારે આશ્ચર્ય સાથે ખેદ થયો હતો.

+ સરકારી મહેસૂલ ખેડૂતને પોતાનું અને પોતાના કુટુંબનું આખું વર્ષ ભરણપોષણ કરી શકે તેટલું અનાજ રહેવા દેતી નથી.

સર વિલિયમ હંટર

અને પ્રજાકીય સભ્યોએ મળીને તંત્ર ગોઠવવું જોઈએ. સારાં બીજ ખેડૂતને પૂરાં પાડવાં જોઈએ. અનાજ વગેરે સડી ન જાય, ઉંદર કે ઊધઈ બગાડી ન નાખે તે માટે જપાનમાં જેવા અનાજ સાચવવાના મોટા ભંડારો બંધાવવામાં આવ્યા છે તેવા અમુક ગામડાંઓની મધ્યમાં બંધાવવા જોઈએ. આજે હુંડિયામણનો કૃત્રિમ રીતે ઊંચો દર સરકારે ઠેરવેલ છે તે ૧૩ રૂપિયાના પાઉંડને બદલે પાછો ૧૫ રૂપિયાનો પાઉંડ કરવો જોઈએ. અમેરિકાના કૃષિ-શાસ્ત્રીઓની માફક સરકારી મૉડલફાર્મ, કે ખેતીવાડી વિભાગે શોધખોળો કરી, એ શોધનો લાભ આમપ્રજાને મળે એવી ગોઠવણ કરવી જોઈએ. પણ આજના સરકારી મૉડલફાર્મ તો માત્ર સફેદ હાથી સમાન હિંદમાં થઈ પડયા છે. આવું આવું ઘણું અર્થશાસ્ત્રીઓ સૂચવે છે. પણ શાસ્ત્રીય દૃષ્ટિએ વાચક આ વસ્તુ સમજતા થાય તે માટે તેની જરા વધારે વિગતમાં ઊતરવાની જરૂર લાગે છે.

પીતની અગવડ

ખેતી ખીલવવા માટે વધારેમાં વધારે જરૂર પાણીની હોય છે. પણ બ્રિટિશ સરકારે જે પ્રમાણમાં રેલવે નાંખવા પાછળ ગાંડા થઈને, દુકાળના પૈસા પણ વેડફી નાખ્યા છે તે પ્રમાણમાં નહેરો બાંધવામાં પૈસા ખરચ્યા જ ન કહેવાય. રેલવેના વહીવટમાં તો પ્રથમ ખોટ આવતી, પણ નહેરખાતું તો પ્રથમથી જ પગભર ચાલ્યું આવે છે.

આપણે આગળ જોઈ ગયા તે મુજબ હિંદમાં હાલ ૨૬ કરોડ એકર જમીન પર ખેતી થાય છે. તેમાંથી પૂરા

પાંચ કરોડ એકર જમીનને વરસાદના પાણી સિવાય બીજું પાણી મળતું નથી. અને આ પાંચ કરોડમાંથી લગભગ અઢી કરોડ એકર જમીનને જ પાણી નહેરો વાટે મળે છે અને બાકીની રા કરોડ જમીન માટે કૂવા યા તળાવ પર ખેડૂતને નભવું પડે છે. સરકારે નહેરોમાં ૧૩૬ કરોડ રૂપિયા રોકયા છે. તેમાંથી સરકારને વરસ દહાડે ૧૨ કરોડ રૂપિયા ઊપજ થાય છે, અને ખોટા મોટા ખર્ચ રાખવાની સરકારની પદ્ધતિ મુજબ ૬ કરોડ રૂપિયા આ નહેરના ખર્ચ ખાતે ઉધારાય છે. અંગ્રેજ ઇજનેરોને મોટા લખલૂટ પગાર ન આપો તો એ કોઈ હિંદમાં સેવા કરવા આવે ખરા !

ટ્રેકટરની નિરુપયોગિતા

હિંદમાં આજે સંચાના યુગમાં પણ ખેતી કરવા ઢોરની જ અનિવાર્ય આવશ્યકતા રહે છે; ટ્રેકટરનો ઉપયોગ ગુજરાતનાં ગામડાંમાં કરવામાં આવ્યો હતો તે ત્યાં સફળ થયો નથી. ઊલટું જમીનનો કેટલોક કસ હરાઈ ગયો એવી ફરિયાદ ખેડૂત કરતા હતા. ટ્રેકટર તો શું પણ સાદાં કિરલોસ્કરનાં હળ રાજકોટના સદ્ગત ઠાકોર લાખાજીરાજે પોતાના રાજ્યમાં ગામડે ગામડે ખેડૂત પાસે ફરજિયાત દાખલ કરાવ્યાં હતાં. તે આજે લોઢાના નકામા કટકા જેવાં ગામને ગોંદરે રઝળતાં રાજકોટ રાજ્યમાં જોવામાં આવે છે. હિંદુસ્તાનની પ્રજા પુરાણપ્રિય હોવાથી જૂનું એટલું સાચું કે સોનું માનીને ચાલે છે એમ નથી, પણ અનુભવના કડવા ઘૂંટડા પીધા પછી જ નવા સુધારા દાખલ કરતાં, છાશ પણ ફૂંકી ફૂંકીને પીવાની તેને ટેવ પડી ગઈ છે.

ઢોરોની અછત

'દેશી બળદ એક મોસમમાં બહુ તો ૫ એકર જમીન ખેડી શકે. બ્રિટીશ હિંદુસ્તાનમાં આશરે ૨૨,૮૦,૦૦,૦૦૦ એકર જમીન ખેડાય છે, અને ખેડને લાયક ઢોર આશરે ૪,૯૦,૦૦,૦૦૦ છે. ભાર ખેંચનારાં વગેરેના ૨૫ ટકા અને વૃદ્ધ, અશક્ત, માંદા વગેરેના ૨૫ ટકા બાદ કરતાં, આશરે ૨૨,૮૦,૦૦,૦૦૦ એકર ખેડવા સારુ, આશરે ૨,૪૦,૦૦,૦૦૦ ઢોર રહ્યાં. એટલે ૧૯ એકરે એક જોડીની સરેરાશ આવી. પણ સામાન્ય રીતે ૧૯ એકર ખેડવા માટે ૪ જોડી જોઈએ. બીજા દેશના પ્રમાણમાં અહીં ઓછો પાક ઊતરે છે તેનું મુખ્ય કારણ આ જ છે. ઘઉંની ખેતીમાં દર એકર દીઠ બ્રિટિશ હિંદુસ્તાનમાં ૧૧.૫ બુશલ ફ્રાન્સમાં ૧૩.૫, ઈટલીમાં ૧૩.૭, સ્પેન તથા યુનાઈટેડ સ્ટેટ્સમાં ૧૪, કૅનેડામાં ૧૭, સ્વીડન તથા નૉર્વેમાં ૨૩, મિસરમાં ૨૯, ગ્રેટબ્રિટનમાં ૨૯.૮, નેધર્લૅંડ્ઝમાં ૩૦, જપાનમાં ૩૨, સ્વિટ્ઝર્લૅંડમાં ૩૨.૫, ને ડેન્માર્કમાં ૩૩ પાક ઊતરે છે.

બ્રિટિશ હિંદુસ્તાનમાં ૧૯૩૦–૩૧ના આંકડા મુજબ ૧૫૨ લાખ નાનાં મોટાં દરેક જાતનાં ઢોર હતાં, એટલે કે, ૧૦૦ માણસે, યા ૧૦૦ એકરે લગભગ ૬૦ ઢોર આવે છે.

પશુપાલન એ હિંદની એક વખતે ભારે મહામૂલી ધાર્મિક વસ્તુ ગણાતી પણ આજે કહેવું જોઈએ કે, આ ધર્મમાંથી આપણે ચ્યુત થયા છીએ. તેનું કારણ સરકારે ગોચર તોડી નાખ્યું તે હોય કે આપણી પશુ પ્રત્યેની બેજવાબદારી હોય તે ચોક્કસ કહી શકાય તેમ નથી. પણ લૉર્ડ અરવીને એક સ્થળે કહ્યું હતું કે હિંદુસ્તાનમાં જે ઢોર

જીવવા લાયક નથી, માત્ર મરવાને વાંકે જીવે છે, એવાં ઢોરને ઉછેરવામાં હિંદ દર સાલ ૬૦ કરોડ રૂપિયા નકામા ખરચી નાખે છે; આ રૂપિયા જો રાષ્ટ્રોન્નતિ એટલે ગ્રામસુધારણા કે ગ્રામનવવિધાનના કામમાં ખરચવામાં આવે તો હિંદનાં ગામોની સૂરત જ જોતજોતાંમાં બદલાઈ જાય.

જ્યાં એકર દીઠ એક માયકાંગલું ઢોર પણ ખેતી માટે મળતું ન હોય, પાણીના સાંસા પડતા હોય, હીમ, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિના કુદરતી કોપ થયા કરતા હોય, ત્યાં પાકમાં પણ શુક્રવાર કયાંથી આવે?

પાકનું ઉત્પન્ન

દર એકરે બીજા દેશોની સરખામણીમાં, ચોખા ને ઘઉંની પેદાશ હિંદમાં નીચે મુજબ થાય છે:

દેશનુંનામ	ચોખા	ઘઉં
ઈટાલી	૪,૬૦૦ રતલ,	૧,૨૦૦
જપાન	૨,૭૦૦ ,,	૧,૫૦૦
અમેરિકા	૨,૧૦૦	૯૭૩
કૅનેડા		૧,૭૦૦
હિંદ	૧,૩૫૭	૬૫૦

ટૂંકામાં હિંદમાં ખેતી પ્રધાન દેશમાં એકરે બીજા પ્રગતિમાન દેશો કરતાં ત્રીજા ભાગ જેટલોયે પાક થતો નથી. ત્યાં હિંદમાં ભૂખમરો ઘૂરકિયાં કરે એમાં કાંઈ નવાઈ કહેવાય ખરી!

અનાજના સાંસા

ઠેઠ ૧૮૯૧માં હિંદી સરકારે જે દુકાળ કમિશન નીમ્યું હતું તેણે બારીક તપાસ કરીને જાહેર કર્યું હતું કે હિંદના

ખોરાક માટે ૪૭૦ લાખ ટન અનાજની ઓછામાં ઓછી જરૂર છે. તે વખત પછી હિંદની વસ્તી ૪ કરોડ વધી છે. ત્યારે હિંદમાં ખાવાના દાણા હિંદને નસીએ ચાલીસ વરસ પહેલાં મળતા હતા તેટલા જ એટલે કે માંડ ૫ કરોડ ટન બચે છે.

આ સંબંધી વધારે બારીક રાષ્ટ્રવ્યાપી તપાસ ફરી કરવાની ખાસ જરૂર છે.

જમીનના ભાગલા

હિંદુસ્તાનમાં, જેટલા દીકરા તેટલા જમીનના ટુકડા, ભાગે પડતા વહેંચી લેવાનો રિવાજ હોવાથી વર્ષપ્રતિવર્ષ જમીનના એટલા બધા નાના નાના ટુકડા પડી ગયા છે કે તેના પર મોટા પાયા પર કદી ખેતી જ થઈ શકે તેવું રહ્યું નથી. તેમજ એ નાનકડા ટુકડા પર કદી પાશ્ચમના મોટા સંચાઓની મદદ લઈ ન શકાય. પણ આ કદાચ ચલાવી લેવાય. પણ એક ખેડૂતની જમીનના ટુકડા જુદાં જુદાં સ્થળોએ પડેલા હોય તો તેના પર ધ્યાન રાખવું તેને ભારે થઈ પડે, ને એકધારું કામ ન થઈ શકે. આ મુસીબત સાચી છે. જોકે નાના ટુકડા દૂર દૂર વહેંચાઈ જાય એમાં એક લાભ અનુભવવામાં આવ્યો છે. હિંદનો પરાપૂર્વથી ઉદ્દેશ સ્વયંપૂર્ણ એકમ બનવાનો હોવાથી થોડીક જમીન કયારાની હોય, થોડીક બાગાયત કે જરાયત હોય, એમ છૂટી છૂટી જમીન પડી હોય, તો ખેડૂ ને પોતના ખપજોગું બધું અનાજ એ જમીનમાંથી મળી શકે અને બીજા પર આધાર ન રાખવા પડે; એ દલીલમાં વજૂદ છે ખરું. પણ અહીં

કહેવું જોઈએ કે સંયુક્ત કુટુંબ માટે પ્રખ્યાત થયેલ હિંદુ કુટુંબમાં આજે એવા ભાઈ ભાઈ વચ્ચે ઝઘડા થવા લાગ્યા છે કે, જમીનના ભાગલા વહેંચી લેવા માટે એક વાડ સહિયારી કરવામાંયે લડી મરે છે, ને એ ભાઈ એક જ ખેતરની બે વાડ પાસે પાસે મહારાષ્ટ્રના ગામડામાં કરે છે એમ સાંભળ્યું છે. પછી પરદેશીઓ કહે કે ખેડૂતોમાં સહકારની ભાવના નષ્ટપ્રાય થઈ ગઈ છે એમાં એનો વાંક કહેવાય ખરો ?

ખેતીના મજૂરો

જ્યાં ભાઈભાઈઓમાં ઝઘડા થતા હોય ત્યાં ખેડૂતોનાં સહકારી મંડળો કે ખેડૂતસંગઠનો તો ક્યાંથી સંભવી શકે ? મિલ મજૂરોના પ્રતિનિધિઓ ધારાસભામાં જાય છે, પણ ખેતી પર કામ કરનારા મજૂરો કે જે કુલ મજૂરવસ્તીના લગભગ ૭૦ ટકા જેટલા છે, તેના સીધા પ્રતિનિધિ કોઈ પણ ધારાસભામાં નથી, આવી ફરિયાદ કલેટન સાહેબે વડી ધારાસભામાં કરી હતી. પણ કદાચ એ સાહેબને ખબર નહિ હોય કે સુરત જિલ્લામાં દૂબળાના પ્રતિનિધિ થવું એ લોઢાના ચણા ચાવવા જેવું અઘરું છે. દૂબળા પરનો પોતાનો માલિકીહક ધણિયામો છોડવા તૈયાર થશે જ નહિ અને એવી જ રીતે જ્યાં જમીનદારો ખેડૂતો — ખેતી પર કામ કરતા મજૂરો — પાસે કામ કરાવવા માટે રીતસર જોડા જ મારતા હોય છે ત્યાં તેની ધા. સાંભળવા જનારને કેટલું શોસવું પડે છે તે સંયુક્ત પ્રાંતની ગઈ નાકર-લડત જેણે જોઈ છે તે જ જાણે છે.

ખેડૂતની બેકારી

ખેડૂતોના પ્રતિનિધિત્વની વાત તો હજી ઘણી લાંબી છે. આજે તો કામ વિના તેમને છ મહિના, તડકામાં હાથ જોડીને બેઠા રહેવું પડે છે અને અધભૂખે મરવું પડે છે.* તેનું નિવારણ કરવા સમજુ માણસે મથવું જોઈએ. જ્યાં પહાણો ઉપાડતા હિંદી કુલી હાથ ચડે છે એ સ્થિતિમાં પરદેશી સંચાઓ આણવાની વાતો કરવી એ હાડચામડીના માનવીની હાંસી કરવા સમાન છે; બળદ માટે નાથ કરવા માટેય સૂતર યા સીંદરી લેવા માટે જ્યાં પાઈ પૈસાના પણ વાંધા છે ત્યાં મોટા સંચા માટે અઢળક ધન કાઢવું કયાંથી?

પરદેશી વસ્તુઓનો મારો

છ માસની ફરજિયાત બેકારી કાઢવા માટે ખેડૂતોને ગૃહઉદ્યોગ પર કોઈ પણ ભોગે ચડાવવા જ જોઈએ. સો વરસ પહેલાં ગામડાંમાં, સુથાર, લુહાર, મોચી, ઘાંચી, વણકર, ભંગી, કુંભાર, દરજી વગેરે વસવાયા તરીકે રહી ગામડાંના જીવનની જરૂરિયાત પૂરી પાડતા, પણ પરદેશી અને તેમાંય ખાસ કરીને જપાનીઝ માલ હિંદમાં ખડકાવવાનો છેલ્લા વીસ વરસથી ધો શરૂ થયો છે ત્યારથી આ ગામડાંઓ ભાંગવા લાગ્યાં છે. જોડાયે પરદેશથી આવવા લાગ્યા છે હમણાં જ 'હરિજન બંધુ'માં વાંચ્યું હતું કે મદ્રાસ ઇલાકામાં ઘોડાગાડીનો અને ઘોડેસવારીનો

---

* ખેતીમાં રોકાયેલ હિંદની અર્ધી વસ્તી અર્ધા વરસ સુધી તો પેટ ભરીને શું ખાવું તે આજે જાણતી નથી.

—સર ચાર્લ્સ ઇલિયટ

ચામડાંનો સામાન બનાવી જે હજારો મોચી આજીવિકાનું સાધન મેળવી શકતા, તે સામાન હવે પરદેશનો આવવાથી હજારો હરિજનો બેકાર થઈ પડ્યા છે.

બબ્બે આને વાર ભાતીગર, રંગબેરંગી જપાનીઝ કાપડ વેચનારા ગામડે ફેરી કરવા લાગ્યા છે ત્યાં વણકરનો ધંધો તૂટ્યા વિના રહે જ કેમ ?

ગૃહઉદ્યોગની આવશ્યકતા

આ રીતે પરદેશી રકાબી પ્યાલા, તાંબા પીતળના ઘડા, લોઢાનો સામાન, કબાટ, ખુરશી, બારી બારણાંનો સામાન, સિમેન્ટની તૈયાર લાદીઓ, રમકડાં વગેરે ગામડાંમાં કૂદકે ને ભૂસકે ઘૂસતાં જ જાય છે. એ પતન રોકવા માટે ગાંધીજી જે ભગીરથ પ્રયત્ન કરે છે તેમાં ખેડૂતો શરીક થાય તો જ તેમનો અને હિંદુસ્તાનનો આજની સ્થિતિમાં ઉદ્ધાર છે; એમ મોટા અનુભવી સરકારી નોકરોને પણ ખાનગીમાં વાત કરતાં સાંભળ્યા છે.

ખેતીની સાથે ઉપધંધાઓ ઘર બેઠાં થઈ શકે એવા હોવા જોઈએ. અને જે માલ તૈયાર થાય તે ગામમાં ને ગામમાં જ પ્રથમ ખપી જવો જોઈએ. માણસની પ્રથમ જીવનની જરૂરિયાતો ત્રણ — ખોરાક, કપડાં, અને રહેવાનું ઘર — ગણાય છે. ખેતીમાંથી અનાજ પોતાજોગું મેળવી લે, અને કપડાંઓ કાંતી પીંજી વણીને બનાવી લે, અને ઘર રચવામાં અને તેને સુશોભિત કરવામાં જે બીજી જરૂરિયાતો જોઈએ તે ઘેર બેઠાં નવરાશના વખતમાં ખેડૂતો કરતા થઈ જાય તો ?

ખેતી સુધારણાના દાખલા

પણ તળપદ ખેતીમાં કંઈ સુધારણા કરીને વધુ ઉત્પન્ન કરી શકાય એવું નથી?

જામનગર જાયન્ટ નામના બાજરાનું ડૂંડું જ નવ ફૂટ થાય છે. આવો બાજરો કાઠિયાવાડમાં વવાય તો બાજરાની જાત સુધરે. અને બાજરાનું ઉત્પન્ન પણ સહજે ત્રણ ચારગણું થઈ શકે. જો આઝિયાવાડામાં એ બાજરો ૬ ફૂટ ઊંચા ડૂંડાવાળો થઈ શક્યો તો બીજે સ્થળે એ જ પ્રકારની માવજત ને કાળજી લેવામાં આવે તો કેમ ન થાય?

પણ આવી ઊંચી જાતનો બાજરો પેદા કરવા માટે ખાતર ક્યાંથી કાઢવું?

છાણનો ઉપયોગ બાળવામાં કરવો એ સમાજનો અને ધરતીમાતાનો ગુનો ગણાવો જોઈએ. પણ જ્યાં જંગલ ખાતાએ જંગલ ખેડૂતો માટે બંધ કર્યાં હોય, લાકડાં મજૂરી કરીને પણ જંગલમાંથી ન લઈ શકાતાં હોય, ત્યાં સરપણ માટે લાકડાં ક્યાંથી કાઢવાં?

શૌચ—સોનેરી ખાતર

છાણાંનો ઉપયોગ અતિ ગરીબ પ્રદેશમાં કદાચ ક્ષંતવ્ય ગણાય. પણ શૌચનું ખાતર જે સોના જેવું ખાતર ગણાય છે તેનો ઉપયોગ, આપણે ખોટી સૂગને કારણે યા તો અસ્પૃશ્યતાના રાક્ષસે આપણને ઘેરી લીધેલ છે તે કારણે, કરી શકતા નથી. એ કુટેવમાંથી આપણે

પહેલી તકે છૂટી જવું જોઈએ. ખેતરોમાં ખાડાજાજરૂ ઊભાં કરવાનું ગામડે ગામડે શરૂ થવું જોઈએ.

હાડકાં ને મુડદાલ માંસ

હાડકાં ને મુડદાલ માંસનો ઉપયોગ ખાતરમાં થવો જોઈએ એમ આપણે કહીએ છીએ. પણ હાડકાંનો ભૂકો કેમ કરવો, હાડકાં દળવાં કેમ, મુડદાલ માંસનું ખાતર કેમ બનાવવું તે આપણામાંના ભણેલા પણ જાણતા નથી. અને જે જાણે છે તેનો અમલ તેઓ કરી શકતા નથી. તો જ્યાં સો માણસે ૯૨ માણસો અભણ છે ત્યાં આવી કીમતી વસ્તુનો ઉપયોગ કાંઈ ન થઈ શકતો હોય તો તેમાં તેમને દોષ કેમ દઈ શકાય ? આજે તો અમારાં ગામમાં આટલા મણ કે ખાંડીનાં હાડકાં ભેગાં કરીને ઢગલા કરી રાખ્યા છે પણ કોઈ ખરીદનાર મળતા નથી તેની જ ફરિયાદ થયા કરે છે.

યુનિવર્સિટીઓનો ફાળો

આ બધું કામ ખેતીવાડીખાતાના શોધખોળ વિભાગે કરવું જોઈએ. અમેરિકામાં ખેતીવાડીના હજારો નિષ્ણાતોને યુનિવર્સિટી રોકે છે. અને જ્યાં એક કણ પેદા થતો હોય ત્યાં બે કણ ઉત્પન્ન કેમ થાય; પાકમાં રોગ થતો કેમ અટકે; હિમથી કેમ બચાવી લેવાય; ઢોરના રોગોનું નિવારણ કેમ થઈ શકે; પાક સાચવી કેમ શકાય; બિયાંમાં ફેરફાર કરી ઉત્તમ પાક કેમ લાવી શકાય; કઈ જમીનમાં કયું અનાજ, ફળ યા ચીજ વધારે થઈ શકશે; બજારુ પાક જમીન પર ઉગાડવા માટે કયા પ્રકારનું ખાતર નાખવું

જોઈએ વગેરે પ્રકારનું શિક્ષણ અમેરિકાની યુનિવર્સિટીઓ તરફથી યા લક્ષાધિપતિ શેઠિયાઓએ રોકેલા નિષ્ણાતો તરફથી પુસ્તકો ને પુસ્તિકાઓ લખાવી જાહેર પ્રજાને આપવામાં આવે છે. આ ઉપરાંત આ નિષ્ણાતો જાતે ખેડૂતો પાસે જઈ તેમને નાની મોટી વિગતો સમજાવે છે ને વાવણીથી માંડીને લણણી સુધી અને માલ વેચાય ત્યાં સુધીમાં જે ખોડખાંપણ ખેડૂતોની રહી જતી હોય તે બધું સવિસ્તર સમજાવે છે. આવી સ્થિતિ આપણા મોડલફાર્મની ક્યારે આવશે?

નોકરશાહીની નાદારી

ખેતીવાડીખાતાના સરકારી અમલદારો કોઈ વખત દિલ ખોલીને વાતો કરે ત્યારે કહે છે કે અમે કોઈ શોધ કરીએ તો એ શોધ ગામડાંમાં પહોંચાડવા જે જાતની સાધન-સામગ્રી જોઈએ એ જ અમને નથી આપવામાં આવતી ત્યાં અમે શું કરીએ? 'અમારા પગારમાં (૯૦૦ રૂ. ના) ૧૦ ટકા કાપ મૂકવામાં આવ્યો હતો. તે કાપ આંદોલન કરવાથી કાઢી નાખવામાં આવ્યો પણ ગામડાંમાં અમારી શોધ પહોંચાડવા ફરતાં સંગ્રહસ્થાનો, ગામડાંમાં પ્રચારકોને ફેરવવાનું કે ગામડાઓમાં પ્રચાર કરવાનાં બીજાં ખર્ચ સરકારે નામંજૂર કર્યાં ત્યાં શું થાય?' ચારે કોર હિંદની રાજદ્વારી ગુલામીની સ્થિતિ આડે આવીને ઊભી રહે છે.

હૂંડિયામણના કૃત્રિમ દર

હિંદમાંથી પરદેશ જે માલ — અનાજ, તેલીબિયાં, કપાસ, શણ, ચા વગેરે ચડે છે તેના ભાવ હૂંડિયામણના દર

ખાસ વધારે કૃત્રિમ રીતે રાખેલ હોવાથી ખેડૂતોને પરદેશની બજારમાં ઓછા ઊપજે છે, જ્યારે ખેડૂતને મોટામાં મોટું ખર્ચ વાવણીમાં ને લણણીમાં મજૂરોને રોજ ચૂકવવામાં જ લગભગ ૮૦ ટકા જેટલું થાય છે તે ઘટયું નથી ને ભાવ ઓછા ઊપજે છે.

પણ આ દુઃખનું નિવારણ તો સ્વરાજ હાંસલ થાય ત્યારે જ થઈ શકે; તે દરમિયાન પ્રજા વધારે જાગૃત થાય તો નીચેનાં કામો તો થઈ શકે અને તેથી ખેતી પર નભનારાંને થોડોઘણો તો લાભ જરૂર થાય.

ખેડૂતોની ઋણમુક્તિ

આજે ખેડૂતોનું કુલ દેવું જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ ૯૦૦ કરોડથી માંડીને ૧,૨૦૦ કરોડ રૂપિયા સુધીનું આંકેલ છે. આપણે એમ માનીને ચાલીએ કે આ દેવું ૧,૦૦૦ કરોડ રૂપિયા કરતાં ઓછું તો નહિ હોય.

સહકારી મંડળીઓની ત્રુટિઓ

ખેડૂતોને દેવામાંથી બચાવવા માટે હિંદમાં સહકારી મંડળીઓ સ્થાપવામાં આવી છે. પણ આ સહકારી મંડળીનો કાબૂ વધારે પડતો સરકારના હાથમાં હોવાથી, અને સરકારી અમલદારો * જ્યાં લાંચિયા, યા ભાવનાહીન

* સહકારી મંડળીઓનો ગેરલાભ મોટા મોટા સરકારના ખેરખાં ગણાતા અમલદારો કેવા ઉઠાવે છે તે નડિયાદ સહકારી મંડળીના પ્રમુખ રાવસાહેબ ત્રિકમલાલ સાંકળચંદને સોસાયટીના પૈસાનો ગેરવહીવટ કરવા માટે એક સાલની સજા ૧૯૩૫ના ઑગસ્ટ માસમાં થઈ છે તે ઉપરથી અને એવા બીજા દાખલાઓ ઉપરથી જણાય છે.

હોય છે ત્યાં ઉત્તમ ઉદ્દેશથી સ્થપાયેલ સોસાયટીનો વહીવટ ગામડાંઓ પર મહાજુલમ સમાન થઈ પડે છે એ મેં ખેડા જિલ્લામાં માતર તાલુકામાં નરી આંખે અનુભવ્યું છે. સોસાયટીનું દેવું વસૂલ કરવા માટે સોસાયટી (ગ્રામીણ ભાષામાં તેને 'સિસોટી' કહેવાય છે.)ના સભ્યોને ત્યાં જપ્તીઓ થાય છે. ભેંસો અને ખેતીના એકમાત્ર સાધન બળદો પણ હરાજ થાય છે. આ પ્રમાણે જ્યારે ખેડૂતોને સોસવું પડે છે ત્યારે તેઓ કહેછે કે, ગમે તેવો જુલ્મી વ્યાજખોર વાણિયો પણ, આ લાગણીશૂન્ય ભાવનાહીન મંડળી કરતાં હજાર દરજ્જે સારો.

સિસોટીનાં નાણાં વચલા દલાલ કારકુનો અગર પટેલો ખાઈ જાય છે ને તેના કેસ થાય છે એ સામાન્ય માણસો છાપાં વાંચવાથી જાણે છે. પણ સિસોટીના સભ્યને એ અનુભવ રોજ થાય છે. જ્યારે જ્યારે સિસોટીમાંથી સભ્યને પૈસા લેવા પડે છે ત્યારે વચલા દેવને હકસીનાં તુલસી કોઈ ને કોઈ રૂપમાં ચડાવવાં પડે છે.

ઉપરાંત સહકારી સોસાયટીની સ્થાપના હિંદમાં ત્રીસ વરસ થયાં થઈ છે પણ ખેડૂતો દેવામાંથી મુક્ત બન્યા નથી એ નિર્વિવાદ વસ્તુ છે.*

*"સહાયકારી મંડળીઓનો જન્મ હિંદમાં ત્રીસ વરસ થયાં થયો છે પણ ખેડૂતોનાં કરજ હજી એમ ને એમ ઊભાં છે. આ સહકારી મંડળીઓમાં માત્ર ૨ ટકા જ ખેડૂતો જોડાઈ શકયા છે, અને તેનો લાભ લઈ શકયા છે, તે જ બતાવે છે કે ખેડૂતોને ઋણમુક્ત

આથી ખેડૂતોને કરજમુક્ત કરવા સરકારે કાંઈક જલદ પગલાં ભરવાં જોઈએ. દેવાદાર સાથે તડજોડ કરી ઓછામાં ઓછું ૫૦ ટકા દેવું ઘટાડવું જોઈએ. પણ આમ કરતાં ખેડૂતોની આંટ ન તૂટે એ ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

અક્ષરજ્ઞાન પ્રચાર

ખેડૂતો અભણ છે. બહુ નહિ તો લખતાંવાંચતાં ને પોતાના ખપ જેગું નામુંઠામું રાખી શકે, અને ખેતીની સુધારણા માટે શું શું કરવું જરૂરનું છે એ સમજી શકે એટલું તો તેમને શિક્ષણ અપાવું જોઈએ.

આધેડ વયના યા જુવાનો ભણી શકે એવી રાત્રિશાળાઓ ગામડે ગામડે સ્થપાવી જોઈએ અગર ચોમાસા પહેલાંના યા કાપણી પછીના મહિનામાં જ્યારે ખેડૂતો લગ્ન મહાલવા યા મહેમાની માણવા ગામડામાં સહેલાણીઓ સામાન્ય રીતે નીકળતા હોય છે તે મહિનામાં 'જ્ઞાનસત્ર' ખોલી અક્ષરજ્ઞાન તથા જીવનમાં ઉપયોગી થઈ પડે તેવું વ્યાવહારિક જ્ઞાન અપાવું જોઈએ.

કરવા માટે આ સહકારી મંડળીઓ તદ્દન નિષ્ફળ નીવડી છે."

— જમનાદાસ મહેતા

"સહકારી મંડળીઓથી લાભ શો થયો તે વિષયમાં હું ઊતરતો નથી. તેનું વ્યાજ, તેમાં થતી દાંડાઈ, તેના હપતા, તેની સખત દેખરેખ અને તેના ગોટાળાથી જે ગામમાં તે થઈ છે ત્યાંના લોકો કંટાળ્યા છે."

— મોહનલાલ પંડ્યા

ખેડૂતના ચોપડા

હિંદના ખેડૂતો, વાણિયાની માફક પોતાના ઘરનો ખેતીનો પાઈ પાઈનો હિસાબ રાખતા થઈ જાય તોયે તેમને પાર વિનાનો લાભ થાય. ખેતીમાં કેટલું ઉત્પન્ન થયું તેની આનાવારી કાઢતી વખતે એક એક ખેતરના હિસાબ સાચી ખોટી અટકળ પરથી, 'સત્તર પંચાં પંચાણું'ને ન્યાયે, સરકારને ચોપડે નોંધાય છે. તેવી આનાવરીની સત્યતા વિષે તકરાર ઊઠે તો ખાતેદાર પોતાનો અરીસા જેવો પારદર્શક હિસાબ બતાવી સરકારના આંકડા ખોટા ઠરાવી શકે છે. પણ આ તો ગૌણ લાભ થયો. પણ ખેતીમાં તેમને કેટલી આવક થાય છે એનો તેને સાચો ખ્યાલ આવી જાય તો આજે જે ફુલણસી થઈને લગ્નમરણનાં ખોટાં ખર્ચ પાક જોઈને કરી નાંખે છે તેમાંથી બચી જાય. અગર તમાકુ ચાનાં પાઈપૈસાનાં વ્યસન પણ વરસ આખરે કેટલા રૂપિયા ઘરમાંથી ઢસડી જાય છે તેનો તેને ખ્યાલ આવવાથી કદાચ વ્યસનમુક્ત થવા તે પ્રેરાય.

આ દૃષ્ટિએ ગૂજરાત વિદ્યાપીઠ તરફથી ખેડૂતના ચોપડા છપાવવામાં આવ્યા હતા. પણ જ્યાં ધોળા પર કાળું જન્મારામાં કદી ન કર્યું હોય તેની પાસે હિસાબ કેમ રખાવાય! એ તો જ્યારે ખરા ગ્રામસેવક ગામડામાં પહોંચે ત્યારે થાય.

બજારુ પાક

ચા, શણ, કૉફી રબર વગેરેની ખેતી અંગ્રેજ જમીનદારના હાથમાં હોવાથી તેના ભાવતાલમાં શિયાળામાં

ને ઉનાળામાં બહુ ફરક થતો નથી. આ ચીજોનો વેપાર બહુ ધીકતો ચાલે છે. આ માલ સામાન્ય રીતે, દર વરસે વીસ કરોડનો ચડે છે પણ તેનો લાભ દેશને જૂજ જ છે.

મોટી પેઢીઓના જુલમ

રૂ, ચોખા, ઘઉં, તેલીબિયાં, વગેરે પરદેશ ચડે છે. પણ તેના ભાવ રોજ ઉછાળા મારતા હોય છે. તેનો સટ્ટો પણ ખૂબ થાય છે. બીચારા અજ્ઞાન ગરીબ માણસો દેશ પરદેશના ભાવતાલથી અજાણ હોવાથી કોઈ રાલ્લી યા ગ્રેશામ યા કોઈ જપાનીઝ ફર્મનો દલાલ ગામડાંમાં ચડી આવે છે તે હજુ કપાસ ખેતરમાં ઊભો હોય છે ત્યાં તેનો ભાવ ઠેરવી બાનાનો રૂપિયો આપી સેંકડો યા હજારો રૂપિયાનો માલ ખરીદવાના કબાલા કરી જાય છે. જો ભાવ ઊતરી જાય છે તો દલાલનો રૂપિયો કે પાંચ રૂપિયા જાય ને ચડી જાય તો ખેડૂતનાં છાબડાં બેસી જાય. આવાં દૃષ્ટાંતો ગયા ઉનાળામાં કાઠિયાવાડનાં ગામડાંમાં, તેમાંય ખાસ કરીને શહેરની પાસે આવેલ ગામડાંમાં, ફરતાં ફરતાં નજરે ચડયાં હતાં. આ લૂંટ રોકવા માટે ખેડૂતોનું હિતવર્ધક મંડળ ગામડે ગામડે યા તાલુકે તાલુકે સ્થાપવું જોઈએ.

મહેસૂલપદ્ધતિ

આજે પૈસાની મુશ્કેલીને લીધે યા માલ વેચાય તે પહેલાં સરકારને જમીનમહેસૂલ ભરવી પડતી હોવાથી, ઓછા ભાવે માલ કાઢી નાખવાની ખેડૂતને ફરજ પડે છે. તેમાંથી બચાવી લેવા ખેડૂત બેંકો સ્થપાવવાની જરૂર છે અને મહેસૂલપદ્ધતિ પણ બદલવાની જરૂર છે.

અનાજ ભંડારો—ગોડાઉનો

ખેડૂતોનો માલ સચવાઈ રહે, માલને ઊધઈ ન લાગે, સડો ન પેસે, ઉંદર માલ ન બગાડે, તેવા કોઠારો સરકારની મદદથી બંધાવા જોઈએ. જો આવા કોઠારો બંધાઈ જાય તો ખેડૂતને પોતાના માલ પર પૈસા પણ બેંકમાંથી સહેલાઈથી મળી શકે, આવા કોઠાર જપાનમાં ૧૯૨૯માં, ૩ કરોડ બુશલ ચોખા રહી શકે એવા પાંચ હજાર કરતાં પણ વધારે સંખ્યામાં બંધાયા હતા.

ખેડૂત સંગઠન

ખેડૂતોની સંઘશક્તિ વધે, અરસપરસ વિશ્વાસની લાગણી વધે, હળીમળીને ભેગા ખેતી કરતા થાય, માલ એક-સામટો ભેગા મળી વેચી શકે, ખાતર ને સફાઈનાં કામ એકત્ર થઈ કરી શકે અને જમીનના જે નાનકડા ટુકડા પડી ગયા છે તે પાછા જેમ બને તેમ સમજીને સંધાતા જાય એવાં કામો જેમ વધશે તેમ ખેડૂતોની સંગઠનશક્તિ વધશે અને તેને પરિણામે ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરશે ને સામાજિક દરજ્જો પણ વધશે.

ભણેલાની ફરજ

ખેડૂતો પ્રત્યે ભણેલાની શી ફરજ છે તે કાઠિયાવાડને લગતા એક બે દાખલાઓ ઉપરથી જણાશે. હિમમાંથી ઘઉંને બચાવી લેવા હોય તો હાલ કાઠિયાવાડમાં કાઠા રાતા ઘઉં વવાય છે તે ન વાવતાં અમુક જાતના ધોળા ઘઉં વાવવા સારા છે, જેનો પાક હિમની શરૂઆત થાય તે પહેલાં ઘરમાં આવી જાય છે. વળી માઠયાને બદલે

વાગડને મળતો કપાસ વવાય તો કાઠિયાવાડની જમીનને તે ભાવે છે તે ભાવ દોઢો ઉત્પન્ન થાય છે. હિમ અમુક પ્રદેશમાં પડવું જોઈએ યા પડશે એવી વાયુશાસ્ત્રીની આગાહી થાય તેની ખબર ગામડાંના ખેડૂતને પહોંચવી જોઈએ કે જેથી જ્યાં સાધન હોય ત્યાં પાકને પાણી પાઈ હિમમાંથી બચાવી લેવાના ઉપાય યોજી શકાય. આ પ્રકારનું જ્ઞાન આજે કેટલાક ખેડૂતોને હોવા છતાં બીજાને ન કહેતાં પોતાની પાસે સંઘરી મૂકવાની, ઘાસની ગંજીના રખેવાળ કૂતરાને મળતી નીતિ સર્વથા ગર્હ્ય છે તે ત્યજાવી જોઈએ.

તાત્કાલિક યોજના

ટૂંકમાં ખેતીસુધારણાના એવા ઉપાય યોજાવા જોઈએ કે આજે ૧૫ કરોડ એકર જમીન જે ખેડી શકાય એવી હોવા છતાં ઉજ્જડ પડેલ છે તેમાંથી ૨૦ ટકા જમીનને ખેતીના કામમાં લઈ શકાય એવો ભગીરથ પ્રયત્ન કરવો જોઈએ. અને નહેરો વાટે પાણી જમીનને પૂરું પાડી શકાય એવી જમીનમાં પણ ૨૦ ટકા વધારો કરવો જાઈએ. જમીન વાવેતરનું ક્ષેત્રફળ વધવા છતાં જમીન પર નભનારી જનસંખ્યા વધવી ન જોઈએ એટલું જ નહિ, પણ અત્યારે જે ખેતી, પૂરતો રોટલો ૭૦ ટકા વસ્તીને નથી આપી શકતી તે, ધરતીમાતા પરથી ૨૦ ટકા વસ્તીનો બોજો ઘટાડી, આ માણસોએ ખેતી સિવાયના બીજા ઉપધંધા, ગૃહઉદ્યોગ યા મોટા હુન્નરઉદ્યોગ ધંધામાં પડી જવું જાઈએ.

ખેતી પર ઝઝૂમી રહેલો ભય

જો હિંદ સવેળા નહિ ચેતે તો જેમ જપાનીઝ પરદેશી કપડાં, અને ખાંડ, ગામડે ગામડે ઘૂસી ગયાં છે, અને ગામડાંમાં થતી ખાદી કે ગોળનો ભાવ કોઈ પૂછતું નથી; તેમ પરદેશના ઘઉં ને ચોખા — ઑસ્ટ્રેલિયાના ઘઉં ને જપાનના ચોખા — આજે તો વખતે વખતે કરાંચીના બજારમાં આવે છે તે કાયમ માટે હિંદની બજાર સર કરશે અને હિંદમાં હિંદનો દાણો ઊગશે તો પણ તે એટલો બધો બીજા દેશની હરીફાઈમાં મોંઘો થવા લાગશે કે, આપણને જ ખેતી કરવી પણ પાલવશે નહિ.

રશિયાની નેમ તો દુનિયાની બજાર સર કરવાની જગજાહેર છે. દુનિયાનો વેપાર સર કરતાં રશિયાની આંખ કદાચ ઓડે જશે. પણ હિંદુસ્તાનની અનાજની બજાર રશિયા સર કરે તો નવાઈ નહિ.

હિંદની હુન્નરકળા તથા ઉદ્યોગધંધા

"સ્વાભાવિક પરિસ્થિતિ વિચારીએ તો હિંદુસ્તાન જેવા સમૃદ્ધ દેશ બહુ થોડા હશે. મેંગેનીઝ, ત્રાંબુ, લોઢું, કોયલા, સોનું, પેટ્રોલયમ, માઠું, સીસું, સુરોખાર ઇત્યાદિ ભૂગર્ભમાં સંતાયેલ ખજાનો પડ્યો છે. જમીનમાં ચા, બુંદદાણા, ગળી પાકે છે. શણનો તો આપણો આખા જગતમાં ઇજારો છે. અને રૂમાં આપણી ત્રીજી ખુરશી છે. જગતના બજારમાં બીજી મહત્વની પેદાશમાં ઘઉં ને તેલી બી છે. ગગનચુંબી પર્વતમાળા કેટલીયે છે. ત્યાં વીજળી ઊપજી શકે. પ્રકૃતિમાતાની આટલી કૃપા છતાં હિંદુસ્તાન અતિ દરિદ્ર હોય તો તેમાં પ્રકૃતિનો તો વાંક નથી જ"

—કુમારપ્પા

મિલો અને બીજા ઉદ્યોગધંધામાં ફક્ત ૨૦ લાખ માણસો રોકાય છે. એમાં મૂડીવાળાના ખીસાં તર થાય છે અને મજૂરો ગંદી ચાલીમાં સડે છે. એને લીધે દર હજાર જન્મે એક વરસ અંદરનાં બાળકોનું મરણ પ્રમાણ ૪૦૦ થી ૫૦૦ જેટલું છે.

બંગાળમાં ચોખાની મિલો થઈ તેમાં કેટલાય મૂડીદાર તર થયા પણ હજારો વિધવાઓનો રોટલો ગયો. —પ્રા. સી. રોય

ખાંડની મિલો સ્થાપન થવાથી યુક્ત પ્રાંતના શેરડીનું વાવેતર કરનારા ખેડૂતો ભૂખભેગા થયા છે, ત્યારે ખાંડના મિલમાલિકોને ઘી-કેળાં થયાં છે. — પ્રભુદાસ ગાંધી

હિંદુસ્તાનના ફળદ્રુપ અને સુખી ગણાવી શકાય એવા સુરત જિલ્લાના બારડોલી તાલુકાની આર્થિક તપાસ કર્યા બાદ, ગૂજરાત વિદ્યાપીઠના અર્થશાસ્ત્રના અધ્યાપકે જાહેર કર્યું હતું કે, કપાસ, જુવાર, ચોખા કે શેરડીની ખેતી કરતાં, જમીનને પડતર રાખી તેમાં ઘાસ કે બાવળ ઊગવા દેવામાં આજની સરકારની મહેસૂલપદ્ધતિ જોતાં, ખેડૂતને આર્થિક લાભ વધારે થવાનો સંભવ છે. આવી સ્થિતિમાં કેટલાક અર્થશાસ્ત્રીઓ સલાહ આપે છે કે, ખેતીમાં લાભ નથી, માટે હુન્નર ઉદ્યોગ ધંધામાં પડવા માટે લોકોને પ્રોત્સાહન આપવું. પણ ખેતીમાંથી નીકળી સંચાકામમાં કે મિલમાં કે બીજા મોટા જંગી કારખાનામાં જવાથી ખેડૂતને કે મજૂરને ખરેખર લાભ થાય છે ખરો?

કાપડમિલો

હિંદુસ્તાનમાં ૧૯મી સદીનાં વચગાળાનાં વરસોથી મોટી કાપડની મિલો ઊભી થઈ છે. પણ તેયે આજે પરદેશી કાપડની હરીફાઈથી ખળભળી ઊઠી છે. મુંબઈમાં કેટલીક ધમધોકાર ચાલતી મિલોને તાળાં દેવાયાં છે. પણ અમદાવાદની મિલોમાં ગાંધીજીના પ્રતાપે દુનિયામાં અજોડ ગણાતું મજૂરમહાજન સ્થપાવાથી મિલમજૂર અને મિલ-માલેક વચ્ચે કાયમી વિખવાદ થાય એવા ઝઘડા,

મુંબઈની માફક થવા પામતા નથી. તેથી જ અમદાવાદની મિલો ટકી શકી છે.

આજે જે કારખાનાંઓ ખોલાયાં છે તે ફતેહમંદ રીતે ચાલી જ શકશે એમ કહી શકાતું નથી.

ઉદ્યોગવિકાસમાં રાજ્યની નડતર

અનુભવી અર્થશાસ્ત્રીઓ સલાહ આપે છે કે માણસની જરૂરિયાતો તો પોતાના દેશમાંથી જ ઊભી કરી લેવી જોઈએ. એ સલાહ સોનામહોર જેવી સાચી છે. પણ એ સલાહનો અમલ જ્યાં રાજા ને પ્રજા એક જ રાષ્ટ્રનાં હોય, અથવા એ બે વચ્ચે વિરોધી સ્વાર્થ ન નડતો હોય, પ્રજાના ભલામાં રાજાનું ભલું સમાયલું છે એ સૂત્રનો અમલ થતો હોય, ત્યાં થઈ શકે. ત્યાં જ રાષ્ટ્રોન્નતિનાં, ઉદ્યોગવિકાસનાં કામ હાથમાં લઈ શકાય. પણ હિંદ તો ગુલામ હોવાથી, હિંદના શહેનશાહ કે બ્રિટિશ પાર્લમેન્ટ તો હિંદમાં એવું એકે પગલું ભરવા ન જ ઇચ્છે કે જેની પ્રત્યક્ષ યા પરોક્ષ અસર પોતાના વતનના અંગ્રેજ બિરાદરોના પેટ પર પાટુ મારવા સમાન થઈ પડે.

ગમે તેટલું હિંદીઓ મથે તોયે હુન્નરઉદ્યોગ ખીલવવામાં બ્રિટિશ સરકાર તેમને ફાવવા દેતી નથી. આ રાજકીય મુશ્કેલી તો હિંદના વિકાસની વચ્ચે મોટા પહાડ સમાન પડેલી છે તે ઉપરાંત સામાજિક અને આર્થિક મુશ્કેલીઓ છે, તથા અનુભવના અભાવને લીધે ઉદ્યોગ-ધંધાનો વિકાસ જેવો જોઈએ તેવો સાધી શકાયો નથી. આપણે આંકડાઓ તપાસીએ તે પહેલાં આપણા મોઢા

સામે કાઠિયાવાડમાં જે થોડાઘણા ઉદ્યોગો ખોલવામાં આવ્યા છે તેની હાલત તપાસીએ.

કાઠિયાવાડનાં કારખાનાંઓ

*૧. મોરબીમાં ત્રણ લાખ રૂપિયા રોકીને મોટી કાપડ મિલ ખોલી હતી પણ તેને રાજનો ટેકો હોવા છતાં ચાલી શકી નહિ.

૨. પોરબંદરમાં મહા સાહસિક શ્રી. નાનજીભાઈએ કાપડમિલ છેલ્લા ૧૨ માસ થયાં ખોલી છે પણ હજુ તે પગભર થયેલ નથી.

૩. દ્વારકામાં લાખો રૂપિયા ખરચી મોટું સિમેન્ટનું કારખાનું દસ વરસ થયાં ખોલાયું છે પણ તે ચલાવનારા એ ત્રણ ધણી અત્યાર સુધીમાં ફરી ગયા છે અને શેરહોલ્ડરોને ભાણાવડનો ચોફાળ ઓઢવો પડયો છે.

૪. ઓખામાં મીઠાનું કારખાનું બહુ મોટા પાયા પર ખોલવામાં આવેલ છે પણ એ મીઠાના ધંધાને તોડી પાડવા માટે અને વિલાયતના મીઠા માટે બંગાળની બજાર આગવી રાખવા સારૂ અંગ્રેજ સરકાર કેટલી ને કેવી યુક્તિપ્રયુક્તિ કરે છે તે આજનો અર્થશાસ્ત્રનો વિદ્યાર્થી જાણે છે. ગાયકવાડ સરકાર તરફથી મીઠાના કારખાનાને પૂરતી લોનની મદદ મળેલી છે. તેથી જ આ કારખાનું ટકી શકયું છે.

૫. થાનનું કુંભારકામ પણ નફો કરી શકતું નથી. હમણાં જ, ચાલુ સાલમાં શેઠની ફેરબદલી કરવી પડી છે.

---

* આ પુસ્તક લખાયા બાદ બે વરસે છપાતું હોવાથી, કારખાનાંઓની સ્થિતિ જે ચાલુ સાલમાં બદલાયેલી છે તેનો ઉલ્લેખ થઈ શકેલ નથી.

૬. વઢવાણમાં સદ્દગત દાદભા બાવાભાઈ ચુનીલાલે સાબુનું કારખાનું કાઢ્યું હતું તે પણ ઝીક ઝીલી ન શકવાથી તૂટી ગયું છે.

આ કારખાનાંઓ બરાબર પગભર થઈ શકતાં નથી તેમાં રાજ્યની પૂરતી મદદનો અભાવ એ જ કારણરૂપ નથી.

અમેરિકામાં કારખાનાનાં દેવાળાં

નવાં કારખાનાં ખોલવાં એ રમતની વાત નથી. હિંદુસ્તાનમાં અનેક પરપોટા કંપનીઓ સ્થપાઈને તૂટે છે; અમેરિકા જેવા ધનવાન, ઉદ્યોગપ્રધાન, કુશળ વિજ્ઞાનશાસ્ત્રીઓ અને અનુભવી મિલમાલેકો યા વેપારીઓના મુલકમાંયે કંપનીઓ સારી પેઠે દેવાળાં કાઢે છે. અમેરિકામાં જે નવાં કારખાનાં દર વરસે ઊભાં થાય છે તેમાંથી ત્યાં પણ ૪૦ ટકા જેટલાં કારખાનાં દેવાળાં કાઢે છે.

ત્યાં હિંદનું તો શું ગજું?

સૂડીનો દુરુપયોગ

હિંદુસ્તાનમાં ઉદ્યોગધંધા ખીલવવા માટે પૂરતી મૂડી નથી એ સાચું છે. પણ તેની સાથે એયે સાચું છે કે, જો હિંદ ધારે તો અમુક કરોડ રૂપિયા જરૂર હુન્નરઉદ્યોગ સ્થાપવામાં રોકી શકે. ૧૯૩૫ના ઑગસ્ટ માસમાં સરકારે ત્રણ ટકાની લોન કાઢી હતી. તેનાં નાણાં ૧૦ મિનિટમાં ભરાઈ ગયાં હતાં, અને રીઝર્વ બેંકમાં શૅરો લેવા માટે કેવી પડાપડી થતી હતી એ તો શૅરો ભરવાને દિવસે ઇમ્પીરિયલ બેંક આગળ જેમણે દૃશ્ય જોયું હશે તેમને ખબર હશે. બેંકનો એક શૅર લેવા માટે વેપારીઓ અને અમલદારો, નાની કમાણી કે મોટી કમાણીવાળા માણસોની સવારના ૧૧થી

સાંજના ૫ સુધી બેંકમાં કતાર જામતી, ને પોતાની અરજી અને શેરના પૈસા ઝટ બેંક લઈ લે એટલે જાણે કે જગ જીત્યા; એવા સંતોષથી તેઓ પરસેવાથી રેબઝેબ થતા બહાર નીકળતા.*

કાઠિયાવાડમાં આજે કોઈ ગૃહઉદ્યોગ કે બીજો ધંધો કરવા માટે, અનુભવી માણસો ભેગા મળીને બહાર પડે તો પૈસા મળી શકે ખરા ! આજ તો ભણેલા અમલદારો પોતાના પૈસા વિધવાની માફક પોસ્ટ ઑફિસના બૉન્ડ કે કેશ સર્ટિફિકેટ લેવામાં, કે સરકારી લોન ખરીદવામાં કે વીમામાં રોકવા તૈયાર થાય છે. પણ કોઈ વેપારને ટેકો આપવા, અરે, પોતાના જ કુટુંબીને ધંધે ચડાવવા એક પાઈની મૂડી રોકવા તૈયાર થતા નથી.

ભણેલાની બેકારી

ભણેલા માણસોમાં વરસોવરસ બેકારી વધતી જાય . ગત રાજાના રૌપ્ય મહોત્સવ વખતે રાજકોટમાં ગરીબ અનાથ ભિખારીને અને દુ:ખી માણસોને જમણ આપવામાં આવ્યું હતું ત્યારે ભૂખે ટળવળતો બે વરસ પહેલાં મેટ્રીક પાસ થયેલ મધ્યમ વર્ગનો એક જુવાન ખાવા આવ્યો હતો. એ જોઈને કેટલાક અમલદારોના હૃદયને પણ આઘાત થયો હતો. મેટ્રીક થયેલા ધંધા વિના રખડતા ફરે છે. યુનિવર્સિટીના પદવીધારીઓનું પણ શું છે? ડૉ. પી. સી. રૉયે હમણાં જ જાહેર ભાષણ કરતાં કહ્યું હતું કે 'કૉલેજના

* સોનાના ભાવ વધતાં હિંદમાંથી છેલ્લાં ૩ વરસમાં ૧૮૭ કરોડ રૂપિયાનું સોનું પરદેશીઓ ખેંચી ગયા છે.

તાલીમ પામેલા વિદ્યાર્થીઓ હિંદમાતા પર બોજા સમાન છે. તેઓ પોતાનાં માતાપિતાનાં લોહી ચૂસનારાં, અને દેશને બેવફા નીવડેલાં પ્રાણીઓ છે.' પ્રો. કે. ટી. શાહની ગણતરી પ્રમાણે ગ્રેજ્યુએટની આવક માસિક ૨૫ રૂપિયા પણ નથી. અમેરિકા જઈને વીજળીનું ઉચ્ચ જ્ઞાન લઈ આવનારા પણ આપણા દેશમાં ફાવી શકતા નથી. ગિરનારમાં પાણીના બળથી વીજળી બનાવી આખા કાઠિયાવાડને વીજળી પૂરી પાડવાની તરંગી વાતો કરનારા વિજ્ઞાનશાસ્ત્રીઓ પડયા છે. પણ તેનું મૂર્ત સ્વરૂપ કશું આવી શકતું નથી.

ભણેલા બેકાર રહે તો નવરા માણસ નખોદ કાઢે એ કહેવત અનુસાર ભણેલા શું નહિ કરતા હોય ?

પણ એ ચર્ચામાં ઉતર્યા સિવાય હિંદુસ્તાનમાં બીજા દેશોની સરખામણીમાં ઉદ્યોગધંધાની શી સ્થિતિ વર્તમાન કાળમાં વર્તી રહેલ છે તેના નક્કર આંકડા આપણે તપાસીએ.

હિંદુસ્તાનનાં કારખાનાં

૨૦ માણસો કે તેથી વધુ માણસો કામ કરતાં હોય એવાં કારખાનાંઓની નોંધ સરકાર તરફથી રાખવામાં આવે છે. હિંદમાં આવાં કારખાનાં (નાનાં મોટાં તમામ) ૧૯૩૦માં માત્ર ૯,૪૨૨ હતાં. એટલે પૂરાં દશ હજાર કારખાનાં પણ હિંદમાં નથી.

કારખાનાંની મૂડી

આ કારખાનાંમાં કેટલી મૂડી રોકાય છે એના આંકડા સરકારી ખાતા તરફથી પ્રસિદ્ધ થતા નથી. પણ અનુભવી

અર્થશાસ્ત્રીઓએ ગણતરી પ્રમાણે આવાં વ્યવસ્થિત અને સંગઠિત થયેલ કારખાનાંઓમાં આશરે ૭૦૦ કરોડ રૂપિયા રોકાયા હોવા જોઈએ. અને આ મૂડીમાંથી ૪૦૦ કરોડ રૂપિયા તો પરદેશી કંપનીઓના છે. કાપડનાં કારખાનાં સિવાય બીજા બધા ધીકતા ધંધાઓ અંગ્રેજ કંપનીઓએ હિંદમાં સર કરેલા છે, એ હવે ભાગ્યે જ કહેવાની જરૂર છે. કાનપુરની ઊનની મિલો કે મદ્રાસ બેંગ્લોરની ઉત્તમ કાપડની મિલો કે કલકત્તાની જૂટ મિલો, અંગ્રેજોની માલિકીની છે. પણ દેશની કે પરદેશની મૂડીની વાત બાજુએ રાખીએ તોપણ આ કારખાનાં અને મૂડીનું પ્રમાણ બીજા દેશોની સરખામણીમાં ઘણું જ ઓછું છે. તે નીચેના આંકડા જોવાથી સમજાય છે:

(આ આંકડા કોઈ એક સાલના નથી પણ ૧૯૨૯ થી ૧૯૩૧ સુધીના છે)

દેશનું નામ,	કારખાનાંની સંખ્યા	રોકાયેલ મૂડી
ગ્રેટબ્રિટન	૧,૦૭ હજાર,	રૂ. ૭,૦૦૦ કરોડ
યુનાઈટેડ સ્ટેટ્સ (અમેરિકા)	૧,૭૪ ,,	૨૩,૦૦૦ ,,
કૅનેડા	૨૪ ,,	૧,૪૦૦ ,,
જપાન	૧૩ ,,	૧,૦૦૦ ,,

(જપાનમાં વિશ્વવ્યાપી યુદ્ધ બાદ કારખાનાંમાં બનતો ૭ ગણો માલ વધી ગયો છે)

પછાત હિંદ

ઉપરના આંકડા બતાવે છે કે હિંદુસ્તાનની વસ્તી અને હિંદુસ્તાનનો વિસ્તાર જોતાં, હિંદનો ઔદ્યોગિક વિકાસ

બીજા પ્રગતિમાન દેશોની સરખામણીમાં નજીવો જ ગણી શકાય.

અને આ સાડાનવ હજાર હિંદનાં કારખાનાંમાં માત્ર ૧૭ લાખ માણસો જ કામ કરે છે; એટલે કે, ૩૫ કરોડની જનસંખ્યાનો અડધો ટકો પણ ન થયો!

આપણા દેશનો ઔદ્યોગિક વિકાસ બીજા પ્રગતિમાન દેશો કરતાં કેટલો બધો અલ્પ છે તેનો ખ્યાલ નીચેના કોષ્ટક પરથી પણ આવી શકશે

માણસ દીઠ આવક

દેશનું નામ	ઉદ્યોગધંધામાંથી	ખેતીમાંથી
હિંદુસ્તાન	૧૨	૫૯
જપાન	૧૫૮	૫૭
સ્વીડન	૩૮૪	૧૨૯
ગ્રેટબ્રિટન	૪૧૨	૬૨
કેનેડા	૪૭૦	૨૧૩
યુનાઇટેડ સ્ટેટ્સ (અમેરિકા)	૭૨૧	૧૭૫

દેશની પ્રગતિ કે સુધારણા, આજકાલ દેશમાં ઉદ્યોગ-હુન્નરનો વિકાસ કેટલો થયો છે, તે પરથી મપાય છે. પણ હિંદમાં ઉદ્યોગ પ્રતિ લોકો ખેંચાતા તો નથી જ; ઊલટું ઉદ્યોગ પર નભનારા માણસોની સંખ્યા ને ટકા ઘટયા છે એ છેલ્લા ત્રણ દાયકાના વસ્તીપત્રકોના આંકડા જોવાથી ખાતરી થાય છે.

	ઉદ્યોગમાં કામ કરનારા	કુલ વસ્તીના ટકા
૧૯૧૧	૧,૭૫ લાખ માણસો	૫.૬
૧૯૨૧	૧,૫૭ ,, ,,	૪.૯
૧૯૩૧	૧,૫૩ ,, ,,	૪.૪

એક વાર અગાઉ કહેવામાં આવ્યું છે કે મોટા ઉદ્યોગ ધંધામાં માત્ર ૧૭ લાખ માણસો કામ કરે છે. ત્યારે આ ઉદ્યોગોમાં રોકાતા ૧,૫૩ લાખ ક્યાંથી આવ્યા એની કોઈને કદાચ શંકા થશે. હિંદમાં મોટાં કારખાનાં કે ફેક્ટરીમાં જ બધા ઉદ્યોગધંધા ચાલતા નથી. સુથાર, લુહાર, મોચી, કુંભાર, દરજી, સોની, વણકર, વગેરે ઉદ્યોગો પર નભનારા કહેવાય. એમને ઘરમાં કામ કરનાર હોવા છતાં ઉદ્યોગ કરનારામાં ગણી આંકડા લેવામાં આવ્યા છે.

પરાવલંબન

ખેતીની સાથે ઘણા ગૃહઉદ્યોગો કરી શકાય અને જીવનની જે મહાજરૂરિયાતવાળી ચીજો છે તે જો હિંદમાં જ બનાવવામાં આવે તો હિંદમાંથી પરદેશ ધન ઘસડાઈ જાય છે તે રોકી શકાય અને બેકારીના પ્રશ્નનો પણ ઉકેલ આણી શકાય. કઈ કઈ કેટકેટલી વસ્તુઓ પરદેશથી આયાત થાય છે, તે એકવાર આપણે જાણી શકીએ તો પછી એ ચીજો હિંદમાં બનાવવાના પ્રયત્ન થઈ શકે. એટલું તો નિર્વિવાદ છે કે જીવનની જરૂરિયાતો માટે પરદેશો પર આધાર રાખવો પડે એ દેશની મહા આપત્તિ ગણાવી જોઈએ. રૂ પરદેશ, લેંકેશાયર અને જપાન ચડાવવું અને ત્યાંથી

તૈયાર થયેલ કાપડ મંગાવીને પહેરવું; ચામડું જર્મની મોકલવું અને જર્મનીથી આવેલા જોડા પહેરવા; હિંદુસ્તાનના કાંઠા પર ઢેફે ઢેફે કુટાય એટલું મીઠું થતું હોય તે રઝળાવવું, અને લંડનથી ટેબલ સૉલ્ટ મંગાવવું, આ બધી નરી મૂર્ખાઈ નથી ? કાચોમાલ હજારો ગાઉ દૂર મોકલવો અને પરદેશથી પાકો માલ મંગાવવો એટલે વહાણના નૂરનાં ખર્ચ ચડે. વીમા ને બેંકનાં ખર્ચ ચડે, એથી માલ સહેજે મોંઘો પડે એ સમજાય તેવી વાત છે; પણ રૂ ઘેર કાંતી પીંજીને ગામડામાં વણી ખાદી તૈયાર કરીએ તો ચાર આને વાર ખાદી મળે છે તો જપાનીઝ કાપડ દોઢને બે આને વાર મળે છે એ કેમ બનતું હશે. ?

જકાત નીતિ

માણસના બે હાથની શક્તિ, વરાળયંત્ર યા વીજળીની શક્તિ પાસે, કોઈ પ્રકારની મદદ વિના પાછળ પડી જાય છે. તેથી હિંદી મજૂર જપાનની વીજળીશક્તિ પાસે હાર ખાઈ જાય છે. એનો ઉપાય શો ? ઉપાય પરદેશી માલ પર સખત જકાત નાંખી પરદેશી માલના ધોધને રોકવો એ છે. પણ એ તો હિંદ સ્વતંત્ર હોય તો થાય. ઢાકાનું મલમલ — મસ્લીન — જ્યારે ગ્રેટબ્રિટનમાં જતું ત્યારે અંગ્રેજ લોકો તેના પર મુગ્ધ થઈ ગયા હતા. એ હિંદી મલમલને રોકવા માટે ઈંગ્લંડમાં સરકારે કાયદો કાઢી એવું જાહેર ફરમાન કાઢ્યું હતું કે હિંદી મલમલ જે કોઈ વાપરશે તેને અમુક માસની જેલની શિક્ષા થશે. જે સ્વતંત્ર દેશ હોય એ પોતાના દેશને રોટલો આપવા જલદ પગલાં ભરી શકે. આપણે

જ્યાં સુધી સ્વરાજ હાંસલ કરી શકયા નથી ત્યાં સુધી આવા મૂલાગ્ર ફેરફાર જકાતનીતિમાં કરી શકીએ તેમ નથી. તેથી હાલ તો આપણે કેટલા પરવશ છીએ, તેનો સાચો ખ્યાલ આવે તે માટે માલના આયાત નિકાસના આંકડાનો પહેલાં અભ્યાસ કરીએ.

આયાતનિકાસ

૧૯૩૧–૩૨માં એક કરોડ રૂપિયા કરતાં વધારે કિંમતના માલની હિંદમાં આયાત થઈ હતી તેમાંથી મુખ્ય ચીજોનાં નામ નીચે મુજબ છે :

માલનું નામ	કિંમત લાખ રૂપિયા
રૂ અને સુતરાઉ કાપડ	૨,૬૧૯
રેલવેને લગતો નાનો મોટો તમામ લોઢાનો સામાન	૧,૪૮૯
સંચાઓ અને સંચાને લગતી બીજી વસ્તુઓ	૧,૨૦૬
ધાતુઓ	૯,૭૮
તેલ	૯,૭૨
ખાંડ	૬,૧૬
વાહન	૪,૪૮
ઈન્સ્ટ્રુમેન્ટસ અને ઍપેરેટસ (શાસ્ત્રીય ઓજારો)	૩,૬૯
ખોરાકી–બિસ્કીટ, જામ, જેલી ચીઝ વગે	૩,૪૧
રેશમ અને રેશમી કાપડ	૨,૬૮
કાગળ	૨,૫૦

	લાખ રૂપિયા
દવા	૧,૯૧
ઊન અને ઊનનાં કપડાં	૧,૬૨
ફળ, શાકભાજી	૧,૩૪
અનાજ, દાળ, લોટ	૧,૧૮
દારૂ	૨,૫૭
રંગ	૨,૨૭
હાર્ડવેર	૨,૨૬
રબર	૨,૨૨
તેજાનો	૨,૦૮
કાચ, કાચનો સામાન	૧,૨૨
એક કરોડથી ઓછી કિંમતના બીજા સામાનની કિંમત	૨૫,૪૧
	૧,૪૨,૭૨

ઉપર બતાવેલ લાખો ને કરોડો રૂપિયાની ચીજોમાંથી ૮૦ ટકા ચીજો તો એવી છે કે જો ખાસ પ્રયત્ન કરવામાં આવે અને તેને સરકાર તરફથી ટેકો મળે તો બીજા દેશોની માફક હિંદ પણ ચીજો પેદા કરી શકે. એક પછી એક આયાતની વસ્તુ લઈને તપાસવાથી આ બાબત સહેજે સમજાય તેવી છે.

દેશની આર્થિક સ્થિતિનો વધારે સાચો ખ્યાલ આવે તે માટે કયો કયો કાચો માલ — જે તૈયાર માલ દેશમાં થઈ શકે છે એવો છે — પરદેશ તણાઈ જાય છે તેની વિગત તપાસીએ.

૧૯૩૧–૩૨ માં એક કરોડ કરતાં વધારે કિંમતની નીચેની વસ્તુઓ પરદેશ ચડી હતી.

વસ્તુનું નામ	કિંમત લાખ રૂપિયા
શણ	૧૧,૧૯
ગુણિયાં, કંતાન વગેરે	૨૧,૯૧
રૂ	૨૩,૭૮
સુતરાઉ કાપડ	૪,૮૨
અનાજ, દાળ, લોટ	૨૦,૩૭
ચા	૧૯,૪૪
તેલીબિયાં	૧૪,૫૯
ધાતુઓ	૫,૪૭
ચામડાં	૫,૩૫
કાચું ચામડું	૩,૬૬
ઊન અને ઊની કાપડ	૩,૩૭
ઘાસલેટ, પૅરેફીન વૅક્સ	૨,૩૨
તેલનો ખોળ	૨,૦૧
	૧,૪૦,૧૩
એક કરોડથી ઓછી કિંમતના નિકાસ થતા માલની કુલ કિંમત	૧૫,૭૬
નિકાસ માલની કિંમત કુલ	૧,૫૫,૮૯

હિંદનો ભરો

નિકાસના આંકડા જોઈ કોઈને પણ લાગ્યા વિના ન રહે કે આ તો ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો આપવા જેવી હિંદની હાલત થઈ પડી છે. પેટપૂરતું અનાજ હિંદમાં થતું નથી અને દરવરસે હિંદમાંથી ૨૦

કરોડની કિંમતનું અનાજ પારકાને ખવડાવવા માટે ઘસડાઈ જાય છે. પંજાબના, ને માલવાના ઘઉં; બિસ્કીટ બનાવવા માટે ઇંગ્લંડ જાય છે અને રસકસ વિનાના સડેલા ઑસ્ટ્રેલિયન ઘઉં હિંદને નસીએ ચોંટે છે.

શણ, ગુણિયાં હિંદમાંથી ૨૦થી ૨૫ કરોડનાં પરદેશ જાય છે. તેમાં હિંદને કમાણી છે એમ કહી શકાય પણ શણના* ધંધામાં હિંદીઓની સ્થિતિ દેવમંદિરના જલગરિયા અને ભીતરિયા જેવી છે. શણનાં ૯૦ ટકા કારખાનાં તો અંગ્રેજો પચાવીને બેસી ગયેલ છે. કાપડનો ધંધો થોડેઘણે અંશે હિંદીઓના હાથમાં છે તો તે ધંધો વિકસવાને બદલે કુંઠિત થઈ ગયો છે. ૧૮૯૮-૯૯ માં ૭,૭૯ લાખનું કાપડ પરદેશ ચડયું હતું ત્યારે ૩૩ વરસ બાદ હિંદમાંથી માત્ર ૪,૮૨ લાખ રૂ.નું જ કાપડ પરદેશ જાય છે. એટલે છેલ્લા ૩૩ વરસમાં જે રડીખડી બજાર હિંદના હાથમાં રહી હતી તે પણ જવા લાગી છે. મોગલ કાળ સુધી હિંદમાં કાપડનો ધંધો કેટલો ધીકતો ચાલતો હતો તેનો ઇતિહાસ અહીં આપવાની જરૂર નથી.

ચાના બગીચા બિહારમાં ગોરાઓના હાથમાં છે. ચા પણ હિંદુસ્તાનનો જ લગભગ ઇજારો હોવાથી ચાના વેપારમાં બીજા કોઈ ઘૂસી શકે તેમ નથી.

હવે દશ કરોડ ઉપરની રકમ તેલીબિયાંની રહે છે. ૧૪ કરોડનાં બિયાં, એટલે મગફળી અળસી વગેરે, પરદેશ ચડે છે

---

* દુનિયામાં ડંડી સિવાય બીજે કોઈ સ્થળે શણ ન થતું હોવાથી શણનો વેપાર હિંદ બિનહરીફ કરી શકે છે.

તેનાં તેલ હિંદમાં સહેજે બની શકે, પણ તેને બદલે દર સાલ હિંદમાં ૧૦ કરોડનાં તેલ આપણે આયાત કરીએ છીએ.

આવી રીતે આયાતનિકાસની દરેક વસ્તુ પર ચર્ચા ન કરતાં એટલું જ કહેવું બસ થશે કે હવે જેમ બીજા પ્રગતિમાન દેશો છેલ્લા વીસ વરસમાં જીવનની જરૂરિયાતની બાબતોમાં સ્વયંપૂર્ણ બન્યા છે તે પ્રમાણે હિંદુસ્તાને પણ પોતાના માણસોને જિવાડવા અધભૂખે મરતા બચાવવા, નાના મોટા ગૃહઉદ્યોગો હુન્નરધંધા ખોલી, જરૂરની વસ્તુ હિંદમાં બનાવી લેવી જોઈએ.

"દુનિયાના બિનખેડાયેલા પ્રદેશોમાં પણ ઔદ્યોગિક યુગ અસાધારણ જોસબંધ ગતિથી ન લાવી શકાય એવું કાંઈ નથી. એટલું જ નહિ પણ આ પછાત ગણાતા દેશો ધારે તો એક દાયકામાં ખેડાયેલ પ્રગતિમાન દેશોમાં ઉત્પત્તિ માટે જે સાધનસામગ્રીઓ વાપરવામાં આવે છે તે પ્રકારનાં કે તેથી પણ ચડિયાતાં સાધનો વસાવી, પ્રગતિમાન દેશોની હારોહાર હરીફાઈમાં ઊભી શકે તેમ છે.

હિંદુસ્તાન દેશ એટલો બધો વિશાળ છે કે હિંદમાં રાજ્ય ધારે તો હિંદમાં જોઈતો માલ બનાવી લેવા માટે સહેજે સગવડ કરી શકે."

— જી. ડી. એચ. કોલ

રેલવે સ્ટોર્સ

સામાન્ય રીતે રેલવે ને લગતો માલ દર વરસે હિંદી સરકારને ૩૦ થી ૪૦ કરોડ રૂપિયાનો પરદેશથી મંગાવવો

પડે છે. ૧૯૨૭–૨૮માં રેલવે સ્ટોર્સ જ ૩૪ કરોડ રૂપિયાનો વિલાયતથી સરકારે મંગાવ્યો હતો.* જો સરકાર એક જ વરસમાં જેટલી રકમનો આ લોઢાનો માલ મંગાવે છે તેટલી રકમ એ ધંધો ખીલવવામાં રોકે તોયે હિંદની આર્થિક પરાધીનતા કેટલેક અંશે હળવી થઈ શકે તેમ છે.

સરકારની ફરજ

રેલવે, નહેરનાં કામ ખીલવવા માટે જેમ સરકારે જ અગ્રગણ્ય ભાગ ભજવી લોન વિલાયતમાં ઊભી કરી હતી તેમ આજે આવાં પ્રથમ જરૂરિયાતની ચીજો પેદા કરવાનાં કારખાનાં ખોલવા સરકારે મદદ કરવી જોઈએ. સરકાર, સ્વતંત્ર રીતે યા લક્ષાધિપતિઓની મદદ લઈ ધારે તો આવાં કારખાનાંઓ માટે જોઈતી મૂડી તો સહેલાઈથી ઊભી કરી શકે. મૂડી ઊભી થઈ જાય તો કુશળ કામ કરનારાઓનો

---

* પરદેશોમાં ફરીને આવનારાઓ જણાવે છે કે રેલવે સ્ટેશન, ને પ્લેટફૉર્મ બનાવવા માટે જે લખલૂટ ખર્ચ હિંદમાં કરવામાં આવે છે તેવું ખર્ચ પરદેશોમાં મોટા રાજધાનીના શહેરોમાયે જોવામાં આવતું નથી. વિયેના સ્ટેશન પર ઊંચા ઓટલાવાળું પ્લેટફૉર્મ જ નથી. અને તારના થાંભલાઓ તો ઘણીખરી જગાએ લાકડાના જોવામાં આવે છે. પણ હિંદમાંથી પૈસા ઘરભેગા કરવાના હોવાથી બધે સ્થળે વિલાયતી લોઢાના તારના થાંભલા જ જોવામાં આવે છે. અને રેલવે લાઈનમાં જે આજ સુધી લાકડાના સ્લીપર સલીપાટ હતા તે પણ કાઢીને ઘણે ઠેકાણે પરદેશી લોઢાના સ્લીપર હમણાં હમણાં નંખાવવા લાગ્યા છે.

અને કાચા માલનો તોટો હિંદમાં નથી જ. આનો પુરાવો ગયા મહાયુદ્ધ વખતે જરૂરની ચીજો દુનિયાને પૂરી પાડીને હિંદે આપ્યો છે. પણ બ્રિટિશ ધંધાહુન્નરને ધક્કો લાગે એવાં પગલાં, બ્રિટિશ સરકાર હિંદમાં ભરે એવી આશા રાખવી આજે તો નકામી છે.

હિંદ જેટલું પોતાના પગ પર નભી, થોડીઘણી મદદ પ્રજાના આંદોલન કે ચળવળને લઈ સરકાર પાસેથી છીનવી લઈને કરી શકે, અથવા તો જેટલું સ્વદેશી હિલચાલ પર આધાર રાખી, શેઠિયાઓ યા સુખી મધ્યમ વર્ગની સહાયથી કરી શકે તેટલું હમણાં તો તેણે કરવું જોઈએ.

જેમ ખાંડનાં કે દીવાસળીનાં કારખાનાં ખીલવવા માટે, સરકારે પરદેશી માલ પર જકાત નાખી, દેશી ઉદ્યોગને રક્ષણ આપવાથી ખાંડ ને દીવાસળીનાં કારખાનાં હિંદમાં ચાલી શક્યાં છે, એવી જ રીતે બીજાં કારખાનાંઓને સરકારે મદદ આપવી જોઈએ. દર સાલ હિંદમાં ચાર પાંચ કરોડની મોટરગાડીઓ પરદેશથી મંગાવવી પડે છે. તેનાં કારખાનાં હિંદમાં સરકારનું જરા રક્ષણ મળે તો ખોલી શકાય તેમ છે. કારણ કે તૈયાર થતા માલ માટે જોઈતું બજાર હિંદમાંથી જ મળી શકે તેમ છે.

પરદેશી મૂડીનાં જોખમો

પણ અહીં એક વસ્તુની નોંધ લેવાની જરૂર છે. હિંદના ઉદ્યોગોને ખીલવવા અને રક્ષણ આપવા પરદેશી માલ પર જકાત નંખાય છે ત્યારે પરદેશી કંપનીઓ જ હિંદમાં નવાં કારખાનાંઓ ખોલવા પોતાની મૂડી લઈને

આવી પહોંચે છે. દીવાસળી બનાવવાની વીમકો કંપની પરદેશી છે. 'સનલાઈટ' ને 'પીઅર્સ' સાબુની વપરાશ સ્વદેશી ચળવળને લીધે; હિંદમાં ઘટી એટલે આ કંપનીઓએ હિંદમાં જ થાણાં જમાવવા સાબુનાં કારખાનાં ખોલ્યાં છે.

આથી જ કેટલાક રાષ્ટ્રવાદી હિંદીઓ એવી પણ હિમાયત કરે છે કે જ્યાં સુધી હિંદે સ્વરાજ હાંસલ કર્યું નથી ત્યાં સુધી, હિંદની ધરતીમાં જે ધાતુઓ પડી છે તેની શોધખોળનું કામ ઉપાડવું ન જોઈએ, કારણ કે જો કાંઈ ખનીજો હાથ લાધશે યા જો કોઈ નવી વસ્તુ હાથમાં આવશે તો તેનો ઘણોખરો લાભ પરદેશીઓ જ ઉઠાવી જવાના છે. એટલું જ નહિ પણ એમ લાભ જમાવી બેઠેલા ગોરાઓ પોતાના ધંધારોજગાર માટે ખાસ રક્ષણનો તુક્કો ઉઠાવી સ્વરાજપ્રાપ્તિમાં આડખીલીરૂપ થઈ પડશે.

એજન્ટ પદ્ધતિ

મોટાં કારખાનાં ખોલવામાં એક બીજું મોટું જોખમ એ સમાયેલું છે કે ગમે તેવી જોઈન્ટ સ્ટૉક કંપની સધ્ધર ગણાતી હોય, લાખો રૂપિયાના શેર બજારમાં વેચાયા હોય, છતાં એ કંપનીના કાર્યમાં કે વ્યવસ્થામાં શેરહોલ્ડરનો કાંઈ ખાસ હિસ્સો હોતો નથી. લગભગ બધી સત્તા કંપનીના એજન્ટ પોતાના હાથમાં રાખે છે. અને ઘણીવાર બને છે તેમ કંપની ખોટમાં કામ કરતી હોય તો પણ ખરીદી ને વેચાણ પર એજન્ટનાં કમિશન ચડ્યા જ કરે છે. આ નીતિ બદલાવવાની જરૂર છે.

હિસાબતપાસની પદ્ધતિ

કંપનીના હિસાબો તપાસાય છે, હિસાબ ઑડિટ થયા છે એટલો સંતોષ શૅરહોલ્ડરોને કરાવાય છે. પણ હિસાબનાં ઑડિટ બે રીતે થવાં જોઈએ. વાઉચર પ્રમાણે અધિકારની રૂએ જમાખર્ચ થયેલ છે એ જ સામાન્ય રીતે તપાસનીશ જુએ પણ બીજું ઑડિટ એવું થવું જોઈએ કે આટલું ખરચ કરવું કારખાનાને પોષાય તેમ છે કે નહિ; કારખાનાને વધારે ફતેહમંદ કરવા માટે કયા વિભાગ નવા ખોલવાની જરૂર છે; કયા વિભાગ નકામા બોજારૂપ છે; કયા ખાતામાં કાપકૂપ કરવા જેવી છે; કયું ખરચ વધારવા જેવું છે વગેરે સુધારા સૂચવતો સત્તાવાર હેવાલ પણ પ્રસિદ્ધ થવો જોઈએ. બીજા પ્રકારના હિસાબ આપણે જોતા જ નથી તેથી ઘણી વાર અનુભવીએ છીએ તેમ કારખાનાનું વ્યવસ્થાતંત્ર બદલાતાં જે કારખાનું પહેલાં ખોટ ખાતું તે નફો કમાતું થઈ જાય છે. રાજકોટની સ્ટેટ મિલમાં ત્રણ વરસ અગાઉ ખોટ જતી; હવે તે વરસે સારો નફો કરે છે.

શોધખોળ વિભાગ

મોટાં કારખાનાંઓ ચાલતાં હોય ત્યાં શોધખોળખાતું અવશ્યમેવ ચાલવું જોઈએ. કહેવાય છે કે ખાંડનાં કારખાનામાં ખાંડનો જે મેલ થાય છે એ મેલનો ઉપયોગ આપણે હિંદમાં કરી શકતા નથી. એ મેલનો ઉપયોગ વરતેજનું રસાયણી કારખાનું કરી શકતું હોવાથી કાચો માલ તેમને લગભગ મફત મળે છે. પાઈનો પણ કોઈ માલ,

વેસ્ટમાંથી કોઈ બનાવી શકે તો લાખોની કમાણી થઈ શકે છે.

ડીટ્ઝનાં અમેરિકન ફાનસો દુનિયામાં ચારેકોર પથરાયેલાં છે, હિંદુસ્તાનના કોઈ પણ મોટા બંદર પર જઈ તેની ગોદીઓમાં ડોકિયું કરો તો તરત જ ડીટ્ઝનાં ફાનસની પેટીઓના ઢગને ઢગ તમારી નજરે ચડશે.

એ ફાનસોના કારખાનાંમાં સેંકડો વિજ્ઞાનશાસ્ત્રીઓ, ને સંચાશાસ્ત્રીઓ ફાનસ વધારે સસ્તું ને વધારે ઉપયોગી કેમ બનાવવું તેની શોધખોળ કરતા જ હોય છે; એક જ ઘરગથ્થુ દાખલો લઈએ. વાટ ચડાવવા માટે જે પહેલાં પીતળની સળી આવતી તેને ફૂદડી બેસાડવામાં આવતી હતી. ફૂદડી ઢીલી થવાથી વાટ ચડાવવાની ચાવી નકામી થઈ જતી હતી. જરાક બુદ્ધિ ચલાવી આ ફૂદડી કાઢીને સળિયો જરાક જાડો કરી ફૂદડી આગળ સળિયાને વાંકો કર્યો એટલે ફૂદડી ઢીલી થવાપણું રહ્યું નહિ. એટલું જ નહિ પણ ફૂદડી ચોડવાની મોટી મહેનત બચી ગઈ, તેથી મજૂરીમાં અપાર ફાયદો થઈ ગયો અને ડીટ્ઝ ફાનસની ઉપયોગિતા પણ વધી ગઈ.

મારા એક મિત્રે વિલાયતની મુસાફરીની વાતો કરતાં કરતાં કહ્યું હતું મારી વૉટરમેન ફાઉન્ટન નપે બગડી ગઈ હતી તે સમી કરવા વૉટરમેનની કંપનીની લંડનની હેડ ઑફિસમાં હું ગયો હતો. મેનેજરે મારી ફાઉન્ટનપેન હાથમાં લીધી, શું બગડ્યું છે એ જોયું અને તરત જ મારી પાસે આવીને દિલગીરી જાહેર કરતાં કહેવા લાગ્યા, કે "આ પેન બગડવાનું કારણ અમારી કંપનીનો જ દોષ છે,

માટે આ નવી પેન લઈ જાઓ. મૂળ પેન મેનેજરના શેરા સાથે કારખાનામાં પહોંચી ગઈ.'

આનું નામ વ્યાપારી પ્રામાણિકતા. આવી પ્રામાણિકતાની આપણામાં ઘણી ખામી છે એમ કહેવું જોઈએ.

આપણી અપ્રામાણિકતા

આપણને તો ૪૨ ઇંચ પનાના કાપડમાં એક દોરો ઓછો નાખી ૪૧॥ ઇંચના પનાવાળા તાકા કરવાનું કે ૨૪ હાથ લાંબા તાકાને બે તસુ ઓછો લાંબો કરવાનું, યા માલના વધારે ભાવ આવે માટે કાપડમાં વધારે કાંજી ચડાવવાનું — આવા ટૂંકી બુદ્ધિના અશાસ્ત્રીય ઉપાય લેવાનું સૂઝે છે. આ ત્રુટીમાંથી હિંદે પહેલી તકે નીકળી જવું જોઈએ.

પરદેશોમાં ગૃહઉદ્યોગો

હિંદુસ્તાનના હાડમાં ગૃહઉદ્યોગ રહેલા છે અને જ્યાં મનુષ્યબળનો તોટો નથી ત્યાં રાક્ષસી કારખાનાં એક સ્થળે ખડકવાને બદલે જર્મની અને જપાનની માફક નાના નાના ગૃહઉદ્યોગો વિકસાવવા પર જ હિંદે ધ્યાન આપવું જોઈએ. ઘણાંઓને નવાઈ લાગશે કે જપાનથી જે રમકડાંથી માંડીને ફોનોગ્રાફ કે પહેરવાનાં કપડાં ને ખાવાના ચોખા સુધી જાતજાતની વસ્તુઓ હિંદમાં આવે છે તેમાંની ઘણીખરી વસ્તુઓ ગૃહઉદ્યોગથી બનેલી હોય છે. આંકડાશાસ્ત્રીઓના જણાવવા મુજબ જપાનમાં ૫૬ હજાર કારખાનાંમાંથી અડધા કરતાં વધારે કારખાનાઓમાં પૂરા દશ માણસોય કામ કરતા નથી. અને હજાર મજૂરો કામ

કરતા હોય તેવાં તો સો કારખાનાંયે ½ ટકો પણ નથી. જર્મનીમાં ઉદ્યોગધંધાના ૯૦ ટકા તો ગૃહઉદ્યોગ તરીકે ચાલે છે. મોટાં કારખાનાં તો પૂરા ૧૦ ટકાયે નથી.

આ બાબતમાં અમેરિકા કે ઇંગ્લંડને ચીલે ન ચડતાં, જર્મની અને જપાનને રસ્તે જવામાં જ હિંદનું શ્રેય સમાયેલું છે.

જેમ જેમ જુદા પ્રાંતોમાં, કે જિલ્લામાં જુદા જુદા ગૃહઉદ્યોગો વધે તેમ તેમ તેને માટે બજાર પણ મેળવવું સરળ થઈ પડે. બાકી પાશ્ચાત્ય દેશો પૂર્વના દેશોનાં બજારો સર કરવા માટે અનેક પ્રકારના કાવાદાવા કરવામાં મણા રાખતા નથી.

પરદેશી કંપનીઓના કાવાદાવા

કાઠિયાવાડમાં બર્મા ઑઈલ કંપનીનું કેરોસીન, પેટ્રોલ વગેરે મોંઘું મળતું હોવાથી એક વેપારીએ પરબારું રશિયાનું કેરોસીન ઉતારવા પ્રયત્ન કર્યો. શરૂઆતમાં તેમને કમાણી થઈ. પણ બર્મા ઑઈલનો ગરાસ કાઠિયાવાડમાંથી જતો હોવાથી તે કંપનીએ એકદમ કાઠિયાવાડ પૂરતા ભાવ ઘટાડી નાંખ્યા અને હરીફાઈમાં ઊભા રહેવા તૈયાર થયેલ ઘાસલેટ, પેટ્રોલના બીજા વેપારીઓને ખોટના ખાડામાં ઊતરવું પડયું. પાશ્ચાત્ય 'ટ્રસ્ટ' ને 'કારટલની' પદ્ધતિ અનુસાર અમુક દેશમાં ઇરાદાપૂર્વક ખોટ ખાઈને પણ ત્યાંની પોતાની બજાર ન તોડવા દેવી એવી યુરોપિયન કંપનીની નેમ હોય છે ને તેથી બીજા દેશોની કમાણી સર કરવા ધારેલ યા સર કરેલ દેશમાં તેઓ નાંખી દેવા તૈયાર થાય છે. ૩ અને ઘઉંનાં બજાર

ઊંચાં રાખવા માટે અમેરિકા લાખો ટન ઘઉં અક્ષરશઃ બાળી નાખે છે તે તો હવે સૌ કોઈ જાણે છે.

રેલવેના પક્ષપાત

મોટા ધંધા ખીલવવા માટે મૂડી, મજૂરી અને વ્યવસ્થાશક્તિની જરૂર હોય છે તે આપણે જોઈ ગયા. પણ માલ તૈયાર થયા બાદ બજારમાં પહોંચાડવા માટે જે રેલવેની સગવડ જોઈએ તે જો અનુકૂળતા પ્રમાણે ને કિફાયત ભાવે ન મળી શકે તો બધી કરી કમાણી ધૂળમાં ભળી જાય છે. આપણે આવતા પ્રકરણમાં જોઈશું કે રેલવેના દર સરકારે એવી રીતે રાખ્યા છે કે પરદેશી માલ બંદરેથી મોટાં શહેરમાં સીધો ચડે તો તેનો ભાવ, હિંદમાં થતો નાના શહેરનો માલ ઘણે નજીક આવેલ બીજે શહેર ચડાવતાં થતા ખર્ચ કરતાંયે ઘણો જ ઓછો હોય છે.

રેલવેના નૂરના ભાવ પરદેશી ચીજોનો ધંધો, હિંદના ધંધાને ભોગે, ખીલવી શકાય એવી રીતે ગોઠવાયા છે. પણ આ ભાવમાં પક્ષપાત કરતાંયે વધારે ભયંકર ફરિયાદ મેં એક મોટા સરકારી અમલદારને મોઢે સાંભળી છે.

મૂળામૂઠામાંથી નહેરો કાઢી શેરડીનું વાવેતર મહારાષ્ટ્રમાં વધારવા માટે છેલ્લાં વીસ વરસ પ્રયત્ન થયો. એમાં કંઈક અંશે ફાવ્યા પણ ખરા. શેરડીનો ગોળ તૈયાર થયો. પણ ગોળ ગુજરાતમાં યા ઉત્તર હિંદુસ્તાનમાં ચડાવવા માટે રેલવેના ડબા જોઈએ, તે ખરા ભાવને ટાણે ન મળતા હોવાથી મહારાષ્ટ્રના ગોળનો લગભગ આખો વેપાર કથળી ગયો છે.

રાજ્યનું તંત્ર ચારે કોર એવી મજબૂત રીતે ઘડાયેલું છે કે એમાંથી કોઈ વેપારી કે માલ પેદા કરનાર એક યા બીજી રીતે સકંજામાં આવ્યા વિના રહે જ નહિ.

ટ્રેડ કમિશનરો

મોટા વેપારમાં ઊતરવા ઇચ્છનાર દેશે દુનિયાના બધા પ્રગતિમાન દેશો સાથે ખાસ નિકટનો સંબંધ રાખવો જોઈએ. અમેરિકાના સરકારી ખબર ખાતાના વડાના કહેવા મુજબ "એવું ભાગ્યે જ અઠવાડિયું જતું હશે કે જપાનથી એકાદ વ્યાપાર યા હુન્નર ખાતાનો કોઈને કોઈ માણસ અહીંની હુન્નરકળા શીખવા, કસબ જાણવા આવ્યા વિના રહેતો હોય."

બધા પ્રગતિમાન દેશોના વ્યાપારી એલચીઓ જુદાં જુદાં રાજ્યોમાં પોતાનો માલ ખપાવવા થાણાં નાંખીને રહેલા હોય છે. હિંદુસ્તાનમાં બૈરાંઓ કપડાં કેવાં પહેરે છે; પુરુષો ધોતિયાં, પાઘડી કેવા પ્રકારનાં પહેરે છે; તેમાં કેવી છાપ હોય તો તે ગાંડા, ગામડિયા હિંદીઓને આકર્ષી શકશે એનો અભ્યાસ કરવા પરદેશીઓ આવે છે અને પોતાના મુલકમાં જઈ હિંદીઓને છક કરી નાખે તેવી સસ્તી પણ મોહક વસ્તુઓ મોકલે છે.

એવાં ટ્રેડ કમિશનરો, આપણે જ્યાં સુધી ગુલામી દશામાં છીએ ત્યાં સુધી, સ્વતંત્ર દેશોમાં મોકલી શકીએ તેમ નથી. અને કદાચ ગુલામ દેશના માણસો અંગ્રેજ સરકારના મોકલવાથી જાય તો તેની કિંમત સ્વતંત્ર દેશોમાં અંકાય પણ કેટલી ?

ગમે તે બાજુથી વિચાર કરો હિંદને ગામડામાં કે પછી શહેરમાં નાના ગૃહઉદ્યોગો કાઢે જ છૂટકો છે.

મોટાં કારખાનાં એક શહેરમાં ખડકાવાથી કેવાં ભયંકર ધોલકાં ઊભાં કરવાં પડે છે અને એ ધોલકાંમાં માણસના જીવ કેમ પિસાય છે ને આત્માની હાનિ ડગલે ને પગલે કેમ થાય છે એ સામાન્ય રીતે સર્વ કોઈને વિદિત હોવાથી તેનું વર્ણન કરવું પ્રસ્તુત લાગતું નથી.

વેપારી ઉદ્યોગમંડળો

તાત્કાલિક તો હિંદુસ્તાનના તાલુકે તાલુકે એક ઔદ્યોગિક ઉન્નતિ સાધનારું આર્થિક પ્રશ્નના નિવેડા આણનારું મંડળ સ્થપાવું જોઈએ.

આ મંડળે પહેલી તકે તો પોતાના તાલુકામાં કયા કયા ઉદ્યોગો ચાલે છે, તેનો બારીક અભ્યાસ કરવો જોઈએ. અને એ ઉદ્યોગો વધારે ખીલવવા માટે, જે જે સાધન સગવડની જરૂર હોય તે શોધી આપવા મહેનત કરવી જોઈએ.

ઘણીવાર નવા યા જૂના ઉદ્યોગ મૂડીને અભાવે યા માલની ખપત ન થવાને કારણે તૂટી પડતા જોવામાં આવે છે; એટલે જે ઉદ્યોગ સરસ રીતે ખીલી શકે એમ હોય તો તેને મૂડી અપાવવી જ જોઈએ.

લોકલબોર્ડ અને મ્યુનિસિપાલિટીમાં કંઈક કંઈક સત્તા પ્રજાને મળેલી છે, અને હમણાં તો મહાસભા તરફથી અખિલ ભારત ગ્રામઉદ્યોગ સંઘની સ્થાપના સાથે જ સરકારે ગામડાંને ખીલવવા માટે, ગામડાંના નવવિધાન માટે

એક કરોડ રૂપિયા ખરચવા કાઢ્યા છે તો આ કામમાં રાજ્ય કે મ્યુનિસિપાલિટીની પણ જોઈતી લોન ઉઘરાવવામાં મદદ લઈ શકાય.

વ્યાપારીજ્ઞાનની ચોરી

સામાન્ય રીતે બધે ઠેકાણે અને ખાસ કરીને હિંદમાં કેટલીક ટ્રેડની સીક્રેટ, વેપારની છૂપી બાબતો કે ઉપયોગી શોધો, બાજુનો માણસ જાણતો હોવા છતાં, બીજો લાભ ઉઠાવી જશે અને પોતે રહી જશે એ ડરે કહેતો નથી. આ જ્ઞાનની ચોરી રોકાવી જોઈએ. અને ઉદ્યોગધંધાને વધારે પગભર કરવા કે ધીકતો બનાવવા માટે, જે જે ઉદ્યોગવિકાસ કે કારખાનાંમાં ભૂલ થતી હોય, જે જે સુધારાને સ્થાન હોય તે વિના સંકોચે ઘણી જ ખુશીથી ઉત્સાહપૂર્વક બતાવવું જોઈએ.

સંરક્ષક જકાતવેરા

છેલ્લાં વીસ વરસમાં અમેરિકા, રશિયા, જપાન, કૅનેડા અને ગ્રેટબ્રિટન ઉદ્યોગધંધામાં સરકારની સક્રિય મદદથી કેટલાં વધી શક્યાં છે તેના આંકડા તપાસીએ.

ગયા મહાયુદ્ધના સમય સુધી ગ્રેટબ્રિટન ખુલ્લા વેપાર (ફ્રી ટ્રેડ)માં માનતું હતું. એટલે કે આયાત થતા માલ પર પોતાના દેશના માલને રક્ષણ આપવા જકાત નાખતું નહોતું. પણ મહાયુદ્ધ પછી અંગ્રેજોની આંખ ઊઘડી ગઈ. તેમની ખાતરી થઈ ગઈ કે ૧૯મી સદીમાં યંત્રોદ્યોગવાદનો ઇજારો એકલો ઇંગ્લંડનો થઈ પડયો હતો તે હવે સારાયે યુરોપ અમેરિકાખંડ ને જપાન સુધી પહોંચેલ છે. પરદેશી માલની ચૂડમાંથી ગ્રેટબ્રિટનને બચાવવું હોય

તો, પરદેશી માલની આયાત થતી અટકે એવી સખત મોટી જકાત નાખવી જ પડશે એમ તેમને લાગ્યું. આ નીતિનો અમલ બ્રિટનમાં છેલ્લાં વીસ વરસથી શરૂ થઈ ગયો છે; એટલું જ નહિ પણ રાષ્ટ્રના ઘડતરમાં અત્યંત ઉપયોગી થઈ પડે તેવી કનાર્ડ સ્ટીમર કંપની, બ્રિટિશ રંગ કંપની અને સ્વદેશી ખાંડની કંપનીઓ ચલાવવા માટે બ્રિટિશ પ્રજાના જાહેર પૈસા રોકવાની શરૂઆત થઈ ગઈ છે. ૧૯૨૭માં બ્રિટનના મહાન અર્થશાસ્ત્રીએ જાહેર નિવેદનમાં પ્રસિદ્ધ કર્યું હતું કે, મોટા જબરદસ્ત પાયા પર ચાલતા ઉદ્યોગધંધામાં બ્રિટિશ સરકારની સીધી કે આડકતરી રીતે ૬૬ ટકા મૂડી રોકાતી હશે અને એટલે અંશે એ હુન્નરઉદ્યોગો, મિલો, કારખાનાં બ્રિટિશ સરકારની હકુમત તળે ચાલે જ છે એમ કહી શકાય.

રાજ્યાશ્રય

ઇંગ્લંડ જેવા પ્રગતિમાન દેશમાં રખેને રૈયત પોતાના દેશમાં થતા માલને ઉત્તેજન આપવાનું ભૂલી જાય તે માટે વરસો થયાં દર વરસે સરકારના સીધા આશ્રય ને દેખરેખ તળે બ્રિટિશ ઉદ્યોગોનો જંગી મેળો, લંડન અને બર્મિંગહામમાં ભરાય છે.*

---

* જ્યારે જન્માષ્ટમીના મેળા ઘણાં રાજ્યોમાં ભરાય છે ત્યાં રાજાઓ પોતાની પ્રજા પાસે જુગાર રમાડી, તેના ઇજારા આપી ખોટી રીતે તિજોરી ભરે છે.

સ્વદેશી ને સ્વરાજના જમાનાનાં પાંચેક વરસ સ્વદેશી પ્રદર્શનો અને સ્વદેશી બજારો ભરાતાં હતાં પણ એયે છેલ્લાં બે વરસથી નરમ પડી ગયાં હોય એમ દેખાય છે.

એમ્પાયર મારકેટીંગ બોર્ડ (સામ્રાજ્યમાં બજાર ઊભી કરનારાં મંડળ)ને હમણાં સુધી વાર્ષિક ગ્રાન્ટ—મદદ—બ્રિટિશ સરકાર તરફથી મળ્યા કરતી હતી. ૧૯૩૨–૩૩માં જ ત્રણ લાખ પાઉન્ડ, ઉપરના બોર્ડને આપવામાં આવ્યા હતા. મહાયુદ્ધને કારણે જે ધંધાઓ પડી ભાગ્યા હતા તેને સજીવન કરવા જ ટ્રેડ ફેસિલિટીઝ એક્ટ,— વેપારની સગવડ કરનારો કાયદો,— એક્ષ્પોર્ટ ક્રેડિટ ઇન્સ્યોરન્સ સ્કીમ,— નિકાસ થતા માલ પર નાણાં ધીરવાની વીમાની યોજના — પસાર કરવામાં આવી હતી.

૧૯૩૪ની ત્રીજી જુલાઈને રોજ હાઉસ ઑફ કૉમન્સમાં મિ. વૉલ્ટર રન્સીમેને જાહેર કર્યું હતું કે, પરદેશી સ્ટીમર કંપનીઓએ, તેમને પોતપોતાની સરકાર તરફથી બાઉન્ટી મળતી હોવાથી, બ્રિટિશ સ્ટીમર કંપનીઓને વેપારમાં હંફાવી નાખેલ છે; એ વસ્તુ ટાળવા માટે બ્રિટિશ વહાણવટાને, બ્રિટિશ સ્ટીમર કંપનીઓને ટકાવવા માટે બાર માસ સુધી ૨૦ લાખ પાઉન્ડ સુધી મદદ કરવામાં આવશે.

આવી રીતે હિંદમાં એકે ઉદ્યોગધંધો ટકાવવા માટે સરકાર તરફથી — ટાટા આયર્ન વર્કસને બાદ કરીએ તો બીજી એકે કંપનીને — મદદ મળી હોય એમ જાણવામાં આવ્યું નથી. પણ એ ચર્ચા હાલ મોકૂફ રાખી બીજા દેશોમાં ઉદ્યોગધંધા ખીલવવા સરકાર કેવા પ્રકારની મદદ કરે છે તે જરા જોઈ લઈએ.

અમેરિકાનો દાખલો

અમેરિકાના યુનાઈટેડ સ્ટેટ્સમાં ઉદ્યોગધંધા ખીલવવા માટે, રાજ્ય તરફથી શોધખોળ ખાતું મોટા પાયા પર

નિભાવવામાં આવે છે. અને આ શોધખોળ વિભાગ તરફથી પ્રત્યક્ષ રીતે હુન્નરઉદ્યોગને પારાવાર લાભ થાય છે એ આપણે અગાઉ જોઈ ગયા છીએ. આ ઉપરાંત ઈ. સ. ૧૯૦૦ બાદ યુનાઈટેડ સ્ટેટ્સે જોયું કે દેશમાં પરદેશથી ઠલવાતી થોકબંધ ચીજો બંધ કરવા માટે તેની પર સખત કર નાખવા જ પડશે. ૧૯૦૦ની સાલ સુધી અમેરિકામાં ખેતીમાંથી જેટલી કિંમતનો માલ થતો હતો તેટલો જ માલ કારખાનાંઓમાં પણ થતો. આજે ખેતી કરતાં કારખાનાંના માલની કિંમત ૩ ગણી વધી ગઈ છે.

આયાત થતા માલ પર જકાત નાખવાથી દેશી માલને રક્ષણ મળ્યું છે. તે ઉપરાંત હમણાં જ યુનાઈટેડ સ્ટેટ્સની રાજસભાએ જે ઔદ્યોગિક કંપનીઓ કે રેલવેને બજારમાં સહેલાઈથી નાણાં ન મળી શકે તેને ૨૦૦ કરોડ ડૉલર ધીરવાનું નક્કી કર્યું છે. જ્યાં અબજો રૂપિયાની મદદ મોંમાગી મળ્યા કરતી હોય ત્યાં ધંધા પણ એવા જ ધીકતા ચાલતા હશે ને!

કૅનેડા

અનાજની માણસને જેટલી જરૂર છે તેટલી જ રાષ્ટ્રને જિવાડવા માટે લોઢું ને પોલાદની જરૂર આજે સ્વીકારવામાં આવે છે. અને તેથી લોઢા ને પોલાદનો ધંધો ખીલવવા માટે દરેક રાષ્ટ્ર લોહીનું પાણી કરે છે. કૅનેડાએ રક્ષણ-જકાત ઉપરાંત લોઢા ને પોલાદના ધંધાને પગભર કરવા માટે ૨૮ વરસ સુધી મોટી રકમની મદદ આપ્યા કરી હતી. અને તેને પરિણામે દુનિયામાં આજે માણસ દીઠ વધારેમાં વધારે કિંમતનો માલ કૅનેડામાંથી પરદેશ ચડે છે.

રશિયા

રશિયાની ઔદ્યોગિક પ્રગતિનાં વર્ણન સાંભળતાં આપણે સ્તબ્ધ બની જઈએ છીએ. ૧૯૨૧થી '૩૦ સુધીના એક જ દાયકામાં ઔદ્યોગિક માલની ઉત્પત્તિ ત્યાં ૧૨ગણી વધી ગઈ છે. લીગ ઑફ નેશન્સ—પ્રજાસંઘે ૧૯૩૧–૩૨માં પોતાની પત્રિકામાં પ્રસિદ્ધ કર્યું છે "આ જમાનામાં રશિયાએ મોટામાં મોટાં હેરત પમાડે એવાં પરાક્રમો કર્યાં છે. જે રશિયા દાયકા પહેલાં તદ્દન પછાત ગણાતું હતું તે આજે સંચાંકામમાં, દુનિયામાં મોખરે આવીને ઊભું છે." રશિયાએ આજે ધાતુઓ, ટ્રેક્ટર્સ અને મોટરનો યુગ પોતાના દેશમાં પ્રગટાવવાની કમર કસી છે.

જપાન

અને ૧૮૭૦ સુધી જપાન પણ હિંદુસ્તાનની માફક ઔદ્યોગિક વિકાસમાં ઘણું જ પછાત હતું. પણ વીસમી સદીની શરૂઆતથી જપાને ઔદ્યોગિક વિકાસ કરવા માટે સાધના શરૂ કરી. સરકારે પોતે જ નવા નવા ઉદ્યોગો શરૂ કર્યા. અને જ્યારે એ ધંધાઓ ધીકતા ચાલતા થઈ જાય ત્યારે એ બધાં કારખાનાંઓ પ્રજાને વેચી નાખવાની નીતિ રાજ્યે સ્વીકારેલ છે. ૧૯૧૪માં ૨૦૬ કરોડનો માલ કારખાનાંમાં તૈયાર થતો હતો તે ૧૯૨૫માં ૯૩૭ કરોડનો થવા લાગ્યો હતો. ત્યાં ખાનગી સાહસોને ઉદાર હાથે ટકાવવા બક્ષિસો, ભેટ, મદદ વગેરે રાજ્ય તરફથી આપવામાં આવે છે.

હિંદની હાલત

ત્યારે આજે હિંદુસ્તાનની હાલત કેવી દીનહીન બની ગઈ છે. તેનું વર્ણન કરવાની જરૂર છે ખરી? જે ગૃહઉદ્યોગો ને નાના મોટા ધંધાઓ કંપની સરકારના કાળ પહેલાં હિંદમાં ધીકતા ચાલતા તે આજે મૃતપ્રાય થઈ ગયા છે. કારણ કે બીજા દેશોની માફક હિંદમાં ઔદ્યોગિક પ્રગતિ સાધવા માટે રાજ તરફથી મદદ મળતી નથી એટલું જ નહિ પણ હિંદમાં પરદેશીઓનું રાજ હોવાથી, પરદેશનો માલ ખપાવવા માટે જ હિંદના ધંધા પર તરાપ મારનારા કાયદા ઘડાય છે.

વડી ધારાસભાના માજી નાણાંશાસ્ત્રી સર બેસીલ બ્લેકેટે લંડનમાં ભાષણ કરતાં હમણાં જ કહ્યું હતું, "જે કેટલાક ઉદ્યોગો અને હુન્નરકળા માટે હિંદ જગમશહૂર હતું, અને જે હિંદી કળાકારીગરીનો માલ પરદેશ ચડતો હતો; તેને પાશ્ચાત્ય દેશોની હરીફાઈને લીધે અને ખાસ કરીને ઇંગ્લંડમાંથી સંચાનો જથાબંધ માલ હિંદમાં ઠાલવવામાં આવે છે તેથી ભારે ધક્કો લાગ્યો છે. આજે હિંદની તે પરાપૂર્વની જાહોજલાલી અલોપ થઈ ગઈ છે. હિંદી સરકાર માત્ર સુલેહ અને શાંતિ જાળવીને પોતાને કૃતકૃત્ય માને છે. આર્થિક વિકાસ માટે જે કરો નાખવા જોઈએ તે સંબંધી હિંદી સરકાર મૅન્ચેસ્ટર સ્કૂલથી પ્રેરાઈ તદ્દન તટસ્થ રહેલ છે. સરકારની આ જાહેર નીતિ હોવાથી હિંદના હુન્નરઉદ્યોગ વધી શક્યા નથી. અને કરોડો લોકોને કામને અભાવે બેકાર રહેવું પડે છે."

પંજાબ ચેમ્બર ઑફ કોમર્સના ગોરા પ્રમુખે પણ પોતાના હૃદયની વ્યથા પ્રગટ કરતાં, છેલ્લી વાર્ષિક સભાની બેઠક સમયે કહ્યું હતું :

"ઔદ્યોગિક સુધારણા ઘણા મોટા પાયા પર થઈ શકે એવી હિંદમાં પારાવાર સાધનસામગ્રી પડેલી છે. અને જો નજીકના ભવિષ્યમાં, ઔદ્યોગિક ખિલવણીનું કામ દેશમાં અપૂર્વ રીતે જોસબંધ ઉપાડવામાં નહિ આવે તો આજે જે અધભૂખ્યા લોકો, આપણને ત્રાસ છૂટે તેમ, મરતા જોઈએ છીએ તેના કરતાં પણ ભવિષ્યમાં હિંદને માટે વધારે બૂરા દિવસ આવવાના છે."

સ્વદેશી ધર્મ

ઈશ્વર આ આગાહી સાચી ન પાડે. હિંદીઓ સવેળા ચેતે અને સ્વદેશી ધર્મને જીવ જાય પણ છોડે નહિ તો બધાં સારાં વાનાં થઈ રહેવાના છે.

પ્રવૃત્તિનો જોસ રાષ્ટ્રવ્યાપી કરવો હોય તો એ પ્રવૃત્તિને અનુકૂળ આવે એવી રાષ્ટ્રમાં હવા ફેલાવવાની જરૂર હોય છે. જો આપણે દેશમાં ઉદ્યોગ વધારવા કમર કસવી હશે તો ગળથૂથીમાં એ વસ્તુ બાળકને પાવી પડશે. પૈસાના ૬ ફુક્કા રબરના મળતા હોય તોયે આપણે માટે હરામ છે. એ ફુક્કા વાટે કરોડો રૂપિયા હિંદમાંથી તણાઈ જાય છે એ બાળકને શીખવવું પડશે. દેશને શસ્ત્રહીન બનાવી દીધેલ હોવાથી કોઈ ઇચ્છે તોપણ બંદૂકનાં નિશાન ખેલી શકાય તેમ હિંદ માટે રહ્યું નથી. તેથી આપણા જુવાનો કે બાળકો લાખો રૂપિયા, ફટાકડા ફોડી, પાણી કરી નાખે છે

એમાંથી બચ્ચાંઓને ઉગારી લેવાં જોઈશે. જેમ યુરોપમાં બાળકોને એન્જિન, રેલગાડી, કે વિમાનનાં રમકડાં આપી મહત્ત્વાકાંક્ષી બનાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે તે પ્રમાણે આપણા દેશમાં જે ધનનો હ્રાસ થઈ જતો હોય તે હ્રાસ રોકવો જોઈશે અને જે ઉદ્યોગ ખીલવવા ઇચ્છતા હોઈએ, તે ધંધા પર નાનાં બાળકોને ચડાવવાં જોઈશે. શૌચસફાઈની સૂગ બાળકમાંથી જાય, પોતાનાં કપડાં જોગ સૂતર દરેક બાળક કરી શકે એ માટે તકલીનું જ્ઞાન પ્રથમથી જ આપવું જોઈશે. ઘંટી, હળ, ઘાણી, તકલી, રેંટિયા અને ચૂલાનાં જે રમકડાંનો પહેલાં પ્રચાર થતો હતો તે વસ્તુને ઉત્તેજન આપવાની જરૂર છે. તે તો ગ્રામ્ય વસ્તુ છે એમ ધારી ધુતકારી કાઢવું ન જોઈએ.

વેપારરોજગારના વ્યવહારો

"જમીનમાર્ગે ઇલાકાનો વહેવાર સહેલો થાય તે માટે કંઈ જ કરવામાં આવ્યું નથી. ઊલટું મોગલોના સમયમાં હતા તેના કરતાં પણ રસ્તાઓ ખરાબ સ્થિતિમાં આવી ગયા છે. આખા દેશમાં ભાંગી ગયેલા રસ્તાઓ અને પુલોનાં ખંડેરો અહીં તહીં પથરાયેલાં માલૂમ પડે છે. આટલા લાંબા સમયથી આપણે દેશના રાજા થઈ બેઠા છીએ તોપણ કલકત્તાની જ આસપાસ ૩૦ માઈલ સુધીના રસ્તાઓ પણ ચોમાસામાં ગાડા માટે નકામા થઈ જાય છે."

—વૂડ

"રેલવેથી સરકારને એટલી સરળતા થઈ પડી છે કે વરસ સારું પાકે કે નરસું પણ ખેડૂતોને તો હંમેશનો દુકાળ જ હોય છે. અત્યંત ફળદ્રુપ પ્રદેશ — જેવા કે યુક્તપ્રાંતો, બિહાર, ઓરિસ્સા — જ્યાંના ધાન્ય ઉપર પરદેશની મોટી પ્રજાઓ જીવે છે ત્યાંના ખેડૂતો તો ભૂખે જ મરતા જોવામાં આવે છે. . . . કાઠિયાવાડની અંદર બરડામાં ઘી ઉત્તમ થાય છે પણ કાઠિયાવાડનાં બીજા બધાં શહેરો કરતાં પોરબંદરમાં ઘીના ભાવ મોંઘા હોય છે." —**પ્રભુદાસ ગાંધી**

"હિંદને જળવાહનની જરૂર છે. આગગાડી તદ્દન નિષ્ફળ ગઈ છે. જેટલે ભાડે એણે ભાર ખેંચવો જોઈએ એટલે ભાડે એ નથી ખેંચતી. વરાળથી ચાલતા વહાણજોગી નહેર બનાવતાં આગગાડીથી આઠમાભાગનુંયે ખર્ચ ન થાત." —સર હેન્રી કૉટન

વાહનનાં સાધનો

માણસના શરીરને નીરોગી અને તંદુરસ્ત રાખવા માટે શરીરમાં લોહી નિયમબદ્ધ રીતે ફરવું જોઈએ. આ રુધિરાભિસરણમાં-ધોરી નસો અને શિરા જે કામ કરે છે તે જ કામ કારખાના શરીરને પગભર બનાવવા માટે, તેના માલનો વ્યવસ્થિત રીતે ઉઠાવ કરાવવામાં યા માલ બજારમાં પહોંચાડવામાં વાહનનાં સાધનો કરે છે.

એથી હિંદુસ્તાનના વેપારરોજગારની ચર્ચા કરતાં પહેલાં હિંદુસ્તાનમાં કેવા ને કેટલા પ્રમાણમાં રસ્તાઓ છે, વાહનનાં સાધનો ગાડાં, મોટર, રેલવે, આગબોટ કેટલા પ્રમાણમાં ઉપયોગમાં આવે છે, અને હમણાં તાર, ટેલિફોન, રેડિયો તથા વિમાનનો કેવો ઉપયોગ હિંદમાં થઈ રહ્યો છે, તેની ટૂંકમાં નોંધ અત્રે લેવામાં આવે તો અપ્રસ્તુત નહિ ગણાય.

વીસમી સદીની અજાયબીઓ

પ્રખ્યાત સમાજશાસ્ત્રી ને ઇતિહાસકાર એચ. જી. વેલ્સે એક સ્થળે કહ્યું છે કે દુનિયાનો વિકાસ જેટલો ઓગણીસમી અને વીસમી સદીમાં થયો છે તેટલો પૂર્વે કદી થયેલ નથી. તેથી ૨૦મી સદીની દુનિયા અને ૧૮મી સદીની દુનિયામાં જમીનઅસમાનનો ફરક પડી ગયો છે.

આજે મુંબઈમાં દીવાનખાનામાં બેઠા બેઠા લંડન સાથે વાત કરી શકાય છે. આઠ દહાડામાં કે ચાર દહાડામાં વિમાનમાં બેસી હિંદથી વિલાયત પહોંચી જવાય છે.

૧૮મી સદીમાં વિલાયતથી હિંદ આવતાં મુસાફરોને વરસો લાગતાં; અને એક ઓરડીમાં બેઠા બેઠા પાસેની જ ઓરડીની વાત સાંભળવા માટે કાન કેળવવામાં જમાનો જતો. અવાજ સાંભળી નિશાન આબાદ તાકવું એ તો મહાન શક્તિ ગણાતી. આજે રેડિયોની શોધ પછી દુનિયાના કોઈ પણ ભાગમાં થતાં વ્યાખ્યાનો, સંગીતના જલસા, તે જ ક્ષણે રાજકોટ, ભાવનગરમાં પથારીમાં પડ્યા પડ્યા સાંભળી શકાય છે. આવી વાતો કોઈ ૧૯મી સદીમાં કરત તો તે ટાઢા પહોરના ગપાટા લાગત.

અરે, આજ પણ પછાત દેશોમાં તે દુનિયાની મહાન અજાયબી જેવી ગણાય છે. પણ હવે આ અજાયબીની વાતો ન કરતાં સંચાયુગના પ્રભાવે હિંદમાં બળદગાડી ને ઘોડાગાડી, ઊંટ કે હાથીની પોઠને બદલે રેલવેગાડી, ટ્રામગાડી, મોટર ને મોટરખટારા ને વિમાન કેટલા પ્રમાણમાં આવ્યાં છે; કે મછવા કે વહાણ ને બદલે કેટલી આગબોટો હિંદના કિનારા પર દોડે છે તે જોઈએ.

રેલવેના પ્રમાણમાં ઓછા રસ્તા

૧૮ લાખ ચોરસ માઈલના ક્ષેત્રફળવાળા ભરતખંડમાં બીજા પ્રગતિમાન દેશોની સરખામણીમાં સારા સડકવાળા પૂરા રસ્તાયે નથી.

૩૫ કરોડની વસ્તી અને ૧૮ લાખ ચોરસ માઈલના ક્ષેત્રફળની સગવડ માટે ઓછામાં ઓછા ૩૦ લાખ માઈલના રસ્તા હોવા જોઈએ એમ સરકાર તરફથી નિમાયેલ રસ્તાની સમિતિએ જાહેર કર્યું છે.

હિંદુસ્તાનમાં ૪૨ હજાર માઈલમાં રેલવે પથરાયેલી છે ત્યારે પાકા સડકવાળા રસ્તા માત્ર ૬૦ હજાર માઈલના છે. રેલવે વધે તેમાં અંગ્રેજ કંપનીઓનો માલ ખપે. અંગ્રેજોને મોટા હોદ્દાની નોકરીઓ મળે. પણ રસ્તા સુધરે તેમાં સીધો લાભ કાંઈ અંગ્રેજોને થવાનો છે? રસ્તા સીધા સપાટ થાય તો હિંદના ગરીબ ગાડાવાળાને સુખ થાય, બળદનો ત્રાસ ઘટે. પણ આ રાજમાં ગરીબની ધા ક્યાં સંભળાય જ છે? વળી હમણાં હમણાં મોટરોનો વ્યવહાર વધ્યો છે તેથી રાજા મહારાજાઓ મોટરમાં સફરે નીકળે. રાજકુટુંબોને મોટરમાં આંચકો ન લાગે તે માટે રાજવી રસ્તાઓ જુદા, રાજબીજ જ વાપરી શકે એવા કરવામાં આવે છે.

આવા રસ્તાઓ કાઠિયાવાડમાં રાજ્યની સરહદ બદલાય ને ઠેરઠેર જોવામાં આવે છે. પ્રજા જે રસ્તા વાપરતી હોય એ રસ્તા પર રાજા, મહારાજા કે મોટા અમલદારોને ફરવાનું જ ન બનતું હોય તો તે સુધારવા માટે રાજાને કદી પ્રેરણા થાય પણ ખરી?

ગામડાંના રસ્તા

"હવે ગામડાંના રસ્તા તરફ નજર કરીએ. ગામડાંના રસ્તા જોઈએ તો તે વાંકા અને જાણે ધૂળના ઢગલા હમણાં જ સપાટ કરી નાંખ્યા ન હોય એવા જોવામાં

આવે છે. તેની ઉપર ચાલતાં મનુષ્યને તેમજ ગાડાં ખેંચતાં ઢોરને ભારે કષ્ટ પડે છે, અને પરિણામે આપણાં ગાડાં પણ એવાં ભારેને ભારે પૈડાંવાળાં કરવામાં આવે છે કે બળદને બમણો બોજો નકામો ઊંચકવો પડે છે. ધૂળના થર જામેલા રસ્તા કાપવાનું કષ્ટ અને ભારે ગાડાંનું વજન ખેંચવાનો ખર્ચ. જો રસ્તા પાકા હોય તો બળદ બમણો માલ ઊંચકે, ગાડાં સસ્તાં થાય ને ગ્રામવાસીઓના આરોગ્યમાં વૃદ્ધિ થાય. આજે તો 'છાશમાં માખણ જાય ને નાર ફૂવડ કહેવાય' એવો ધંધો ચાલે છે. ચોમાસામાં આવા રસ્તામાં એટલો કાદવ થાય છે કે તેમાંથી ગાડું હાંકવું મુશ્કેલ થાય ને માણસને તરવું પડે અથવા કેડ લગી ભીના થઈને જવું પડે અનેક પ્રકારના રોગો ફેલાય એ લહાણીમાં મળ્યા ગણાય."

('ગામડાને વહારે'માંથી —ગાંધીજી)

આજે વીસમી સદીમાં, ચોમાસામાં ચાર માસ મુસાફરી માટે લાયક રસ્તાઓ હિંદમાં નથી એમ પ્રગતિમાન રાજતંત્રનો દાવો કરનારા અંગ્રેજોનેય કબૂલ કરવું પડે છે.

મોગલ બાદશાહના જમાનામાં શેરશાહ અને અકબર બાદશાહ જે વૃક્ષની ઘટાવાળા ધોરી માર્ગો બનાવી ગયા છે તે જ રસ્તાઓમાં સુધારાવધારા કરી બ્રિટિશ રાજ પોતાનું ગાડું ગબડાવે છે.

ગાડાંના તથા ઘોડાગાડીના કે પગે ચાલનારાના રસ્તા એક હોય છે. પણ રેલના રસ્તા તો જુદા જ હોવાથી રેલના રસ્તા પર લખલૂટ ખર્ચ થાય. દાયકામાં બેવાર

સલેપાટ બદલાય. પણ ગામડાંના રસ્તા સુધારવા માટે, રાજ પાસે પૈસા કે બીજી સામગ્રીની સગવડ નથી. હમણાં ૧૯૩૫ના ઉનાળામાં દુકાળપીડિત પ્રદેશમાં, કાઠિયાવાડમાં ચોટીલાના પ્રદેશમાં અને ચલાલા તથા લાખાપાદર વિભાગમાં ફર્યો હતો ત્યારે ગામડે ગામડે એક જ બૂમ ખેડૂતો કરતા કે, અમારા બળદ આ ઢોળાવ ચડી શકતા નથી. નદીવાળા ભાગમાંથી ગાડાં બળદ ખેંચી શકતા નથી. આ રસ્તાઓ સમા થાય તો ભૂખે મરતાને રોજી મળે. અને હાડકાં બહાર નીકળી આવેલા બળદોને ત્રાસ પણ ઓછો થાય !

આવી મુશ્કેલીનું નિવારણ તો જ્યારે ગ્રામપંચાયત પોતાની ફરજ સમજે. ત્યારે અગર ગામડાનાં માણસો પાવડા, કોદાળા લઈ, હાથમાં હાથ મિલાવી કામ કરતા થશે ત્યારે જ થઈ શકશે.

રસ્તાસમારની વેઠ

ગામડાંના રસ્તા પર હમણાં હમણાં જ્યાં જ્યાં ગામડાંનું ધન ઢસડી જવા માટે મોટરનો પગપેસારો થયો છે ત્યાં ત્યાં મોટર હાંકવાનું લાઈસન્સ મેળવનારા રસ્તા સમા કરાવે છે. પણ એ રસ્તાઓનો ઉપયોગ ગાડાવાળા બહુ કરી શકતા નથી. વરસને વચલે દહાડે સાહેબ મોટરમાં ઊડતી મુલાકાતે ગામડે ફરવા નીકળે છે ત્યારે ક્યાંક ક્યાંક એક દહાડો મોટર ચાલી શકે એવો રસ્તો બનાવવા ફૂડીબંધ માણસોને રોકી વેઠે કામ લેવામાં આવે છે. અને ક્યાંક આવા રસ્તાસમારકામના પૈસા સરકારી અમલદારોના પેટમાં સીધા ચાલ્યા પણ જાય છે.

ગામડાં અને મોટરરસ્તા

૧૯૨૨ થી ૨૬ સુધીના ૪ વરસમાં પ્રાન્તિક સરકાર અને તાલુકા તથા જિલ્લા બોર્ડોએ મળી બ્રિટિશ હિંદમાં રસ્તાઓ બનાવવા ને સમરાવવા માત્ર ૨૦ કરોડ રૂપિયા ખર્ચ કર્યું હતું ત્યારે યુનાઈટેડ સ્ટેટ્સ, અમેરિકામાં ૧૯૨૭–૨૮, એક જ વરસમાં ૧૬૦ કરોડ રૂપિયા ખર્ચ થયું હતું. ખેડૂત પાસેથી વધુમાં વધુ કર લેવાય છે પણ તેને બદલે ગામડાંના ખેડૂતને સીધો કે આડકતરો લાભ જૂજજાજ જ મળે છે તે ઉપરની વસ્તુ સાબિત કરી આપે છે.

હિંદુસ્તાનમાં ગામડામાં જવા માટે કાચા રસ્તા બે લાખ માઈલ જેટલા છે. પણ એ રસ્તા સુધારાતા નથી. જ્યારે રેલવેની હારોહાર કે તેની આજુબાજુમાં ફંટાતા પાકા એવા ૧૩ હજાર માઈલ જેટલા લાંબા રસ્તાઓ છે. આ રસ્તાઓ પર મોટરો રેલવે કરતાં પણ ઓછાં ભાડાં લઈને ધમધોકાર ચાલે છે. અને રસાકસી ભરેલી હરીફાઈને કારણે રેલવેને ખોટ આવે છે, તે બાબત મહારાષ્ટ્રમાં કે સંયુક્ત પ્રાંતમાં મુસાફરી કરનાર દરેક જાણે છે. ગુજરાતમાં પણ ઘણે ઠેકાણે એમ બને છે. આવા રસ્તા સમા કરવામાં ખરચ કરી મોટરના ધંધાને ઉત્તેજન આપી સરકાર પોતાની જ રેલવેની કમાણી પર સીધો ઘા કરે છે. છતાંય સરકાર પોતાની અવળી નીતિ સુધારતી નથી. હિંદી સરકાર રોડ કમિટી યા મોટું કમિશન નીમશે તે વરસ બે વરસ મહેનત કરી હજારો રૂપિયા હિંદના હજમ કર્યા બાદ ઇલાજો સૂચવશે ત્યારે સરકારની આંખ ઊઘડશે.

મોટર અને રેલ્વેગાડીની હરીફાઈ

હિંદુસ્તાનમાં ૧૯૨૮ની સાલમાં એકંદર બે લાખ મોટર ચાલતી હતી. મોટરનો વ્યવહાર જોતજોતામાં વધી ગયો છે. એકલી ૧૯૩૦ની સાલમાં જ ૩૨,૭૮૦ મોટર લગભગ ૭॥ કરોડની કિંમતની આવી હતી. આ મોટરગાડીઓ પરની આયાત જકાતમાંથી તથા રસ્તા પરના સ્થાનિક કે પ્રાંતીય ટોલમાંથી સરકારને ૧૯૩૨માં ૧૩ કરોડ રૂપિયાની આવક થઈ હતી જ્યારે સરકાર રસ્તાના ખર્ચમાં આપણે અગાઉ જોયું તે મુજબ ભાગ્યે જ પાંચ કરોડ અને હમણાં છેલ્લાં બે વરસથી ૭ કરોડ ખરચે છે.

મોટરનો ગામડાંમાં પ્રવેશ થવાથી, હિંદનાં ગામડાંને તો પારાવાર નુકસાન થયું છે. પણ એ વિચાર હમણાં બાજુએ રાખીએ. પણ સરકારે રેલવેમાં ૮૦૦ કરોડ રૂપિયા નાખીને ૪૨,૦૦૦ માઈલની રેલવે નાખી છે. તે મહામહેનતે પગભર થતી આવી હતી તેમાં હવે ફરી ખોટ આવવા લાગી છે. ૧૯૨૫ પછી રેલવેનો નાણાવહીવટ વડી ધારાસભા પાસેથી છીનવી રેલવે બૉર્ડને સોંપવામાં આવ્યો ત્યારે ૬ કરોડ રૂપિયા રેલવેના નફાના હિંદી સરકારની તિજોરીમાં ભરાતા. તે રૂપિયા પણ મોટરનો વ્યવહાર વધવાથી બંધ થયા છે અને રેલવેના વ્યવહારમાં ખોટ જવા લાગી છે.

હિંદુસ્તાનમાં જે રેલવેઓ નાખવામાં આવી છે તે એકસરખા માપની નથી. બ્રોડગેજ, મીટરગેજ, નેરોગેજ એ નાની મોટી લાઈનો હોવાથી એક રેલમાંથી બીજી રેલમાં સામાન બદલાવતાં સારી પેઠે ખર્ચ થાય છે. પણ ખર્ચની

વાત કરતાં જે ભયંકર અન્યાય હિંદી ઉદ્યોગોને, પરદેશી માલને ઉત્તેજન આપવા માટે થયેલ છે તે ભારે છે. એના બે ત્રણ દાખલા જ નમૂના તરીકે અત્રે જોઈએ.

માલનું ભાડું ઠરાવવામાં જે મોટો ભેદભાવ રાખવામાં આવે છે તેના થોડાક નમૂના.

ભેદભાવના નમૂના

૧. પરદેશી દીવાસળી મુંબઈથી દિલ્લી લઈ જાઓ તોયે એ જ ભાડું, અને દેશી દીવાસળી અમદાવાદથી દિલ્લી ૩૧૦ માઈલ — ઓછા માઈલ લઈ જાઓ તોયે એ જ ભાડું.

૨. મુંબઈથી કાનપુર ૮૪૦ માઈલ પરદેશી ખાંડ લઈ જવાના મણના રૂ. ૦–૧૩–૬ પાઈ અને કાનપુરથી અકોલા (૬૪૯ માઈલ) દેશી ખાંડ લઈ જવાના રૂ. ૧–૨–૪ પાઈ.

૩. મુંબઈથી બારસી પરદેશી ખાંડ લઈ જવી હોય તો મણના ૬ આના અને બારસીથી ગરીબના બરનો ગોળ મુંબઈ લાવવો હોય તો મણના ૯॥। આના એટલે ૫૦ ટકા વધારે.

"કાચાં ચામડાં દિલ્લી તથા કાનપુરથી કલકત્તા લઈ જવાં હોય તો રેલવે અનુક્રમે મણ દીઠ સાડા સાત અને સવા પાંચ આના લે છે. પણ દિલ્લીથી કાનપુર આણવાં હોય તો અંતર માત્ર ૨૭૧ માઈલનું હોવા છતાં મણે પાંચ આના આઠ પાઈ લે છે. દિલ્લી કે કાનપુરથી કલકત્તા સુધી સો માઈલે નવ પાઈ, પણ દિલ્લીથી કાનપુરની છત્રીસ માઈલે નવ પાઈ થઈ. કાનપુરથી કલકત્તા ૬૩૩ માઈલ, એનું ભાડું સવા પાંચ આના અને દિલ્લીથી કાનપુર ૨૭૧ માઈલ એના પાંચ આના ને આઠ પાઈ! ચામડાં આપણા

દેશમાં જ કમાવાય અને આપણા ભૂખે મરતા લોકોને રોજી મળે એ વસ્તુને અશક્ય કરી મૂકવા માટે કાનપુરથી કલકત્તા કમાવેલ ચામડું લઈ જવું હોય તો રેલવે મણે એક રૂપિયો લે છે, એટલે કાચું ચામડું કાનપુરથી કલકત્તા લઈ જવું હોય તો સવા પાંચ આના બેસે ને કમાવેલ ચામડું એટલે જ અંતરે લઈ જવું હોય તો એક રૂપિયો બેસે.

આવી રેલવે વધારવાથી હિંદને શો લાભ થવાનો હતો ?

અમેરિકામાં પાંચ માણસે એક મોટર આવે છે ત્યારે હિંદમાં હજી ૧૩૦૦ માણસે એક મોટરનું પ્રમાણ આવે છે. માટે હજુ મોટરનો વધુ પ્રચાર કરવા માટે હિંદમાં વિશાળ ક્ષેત્ર છે એમ ગોરાઓ યા પશ્ચિમની રીતે વિચાર કરનારાઓ કહે છે. પણ જ્યાં મોટરનો નાનકડો સ્ક્રૂ તૂટે યા મોટરનું ભૂંગળું બગડે ત્યાં પરદેશ પર નજર નાખવી પડે એવી સ્થિતિમાં મોટર યા રેલવે વધારવાની વાત કરવી તે હિંદને વધારે પાયમાલ કરવાની અને વધારે ને વધારે ગુલામ બનાવવાની જ વાત છે.

પણ હવે આપણે રેલ મોટર સિવાયનાં વ્યવહારનાં બીજાં સાધનોનો વિચાર કરીએ.

નહેરોની શક્યતા

હિંદુસ્તાન સ્વરાજ ભોગવતું હોત તો હિંદમાં હજારો માઈલની રેલવે પાથરવામાં આવી છે તે ન પાથરતાં હિંદમાં માણસોની મુસાફરી યા માલની આવજા માટે, વહાણ યા આગબોટનો જ વધારે ઉપયોગ થતો હોત.

એકીનવર્થ નામના ઇજનેરે રેલવે કમિશન સમક્ષ જુબાની આપતાં જાહેર રીતે કહ્યું હતું કે જેટલું ખર્ચ રેલવેમાં બ્રિટિશ સરકારે હિંદમાં કરેલ છે એથી અડધા ખર્ચે હિંદમાં બ્રહ્મપુત્રા ને સિંધુ જેવા મહા નદો, અને ગંગા, જમના, નર્મદા, તાપી, કાવેરી, ગોદાવરી, માહાતુંગભદ્રા જેવી લાંબી નદીઓમાંથી એવી રીતે નહેરો કાઢી શકાય કે ગુજરાતમાંથી રવાના થયેલ યાત્રી મહારાષ્ટ, આંધ્ર, ઓરિસા બંગાળ બિહાર, યુક્ત પ્રાંત, પંજાબ વગેરેમાં થઈ પાંચ આબ–નાં પાણીથી સિંધમાં પ્રવેશ કરી શકે. પણ સરકારને તો મેંચેસ્ટર ને લેંકેશાયરના લોખંડના વેપારને, ધપાવવા માટે આ વહાણનો વેપાર ખેડવા દેવો પાલવે તેમ જ નહોતું. પણ એ પુરાણાં રોદણાં હમણાં ન રડીએ.

હિંદી સ્ટીમર કંપનીઓને અન્યાય

હિંદુસ્તાનનો બે હજાર માઈલનો દરિયાકાંઠો છે. બાપના મુલકમાં તો બાપના દીકરાનું જ તંત્ર ચાલવું જોઈએ એ ન્યાયે, દરિયાઈ સત્તા ભોગવતા દુનિયાના ૩૨ રાષ્ટ્રોમાંથી ૨૭ રાષ્ટ્રોએ પરદેશી આગબોટ કંપનીને પોતાના કિનારા ઉપર વહાણો ફેરવીને વેપાર કરવાની સખત મનાઈ કરી છે. અને જે પાંચ રાષ્ટ્રોએ પરદેશીઓને પોતાના કાંઠા પર આવવા દેવાની છૂટ જાહેર કરેલ છે એ છૂટ માત્ર કહેવાની ઉપલકિયા જ છે. કારણકે આ પાંચ રાષ્ટ્રો પરદેશી કંપનીઓ સાથે ટક્કર મારી શકે એવું સામર્થ્ય ધરાવે છે. હિંદુસ્તાનના કિનારા પર હિંદી કંપનીઓ જ ચાલવી જોઈએ એવી ઝુંબેશ ઉઠાવવામાં

પ્રજાએ મણા રાખી નથી. પણ અંગ્રેજો આવી છૂટ હિંદીઓને આપે તો તેમનો લગભગ ૬૦ કરોડનો વહાણવટાનો વેપાર તૂટી જાય. એથી એ સર્વ ઝુંબેશનું કાંઈ પરિણામ આવ્યું નહિ એટલું જ નહિ, પણ હવે પછીયે કિનારાના વહાણવટાને અંગેના હાજીના બિલ જેવાં બિલ પણ વડીધારાસભામાં આવવા દેવાં કે નહિ તે નવા સુધારા મુજબ વાઈસરૉયની મુનસફી પર છોડયું છે. કહેવાતા જવાબદાર તંત્ર હેઠળ પણ હિંદી વહાણવટાના વિકાસની વાત હિંદ હાથમાં નહિ ધરી શકે.

હિંદી વહાણવટાનો નાશ

હિંદુસ્તાનનો દરિયો ખેડવા માટે અત્યાર સુધીમાં ૩૨ નાની મોટી હિંદી કંપનીઓ સ્થપાઈ હતી પણ એમાંથી ૨૩ કંપનીઓએ રાજ્યની મદદને અભાવે યા પરદેશી આગબોટ કંપનીની જીવલેણ હરીફાઈને કારણે દેવાળાં કાઢ્યાં છે અને બાકી બચેલી નવ કંપનીઓમાં એક જ સિંધિયા કંપની ઠીક ઠીક મોટી ગણાવી શકાય એવી ટકી રહી છે. સિંધિયા સ્ટીમર કંપની પાસે કુલ ૪૭ હજાર ટનની ૧૦ આગબોટો છે. આ કંપની પણ બહુ જ કરકસરથી, ડહાપણ ભરેલી વ્યવસ્થા કરીને દરિયા કિનારા પર પોતાની આગબોટ ચલાવી માંડમાંડ જેમતેમ પોતાનો વ્યવહાર ચલાવ્યે જાય છે.

હિંદુસ્તાનના કિનારા પર વધારેમાં વધારે આગબોટો બ્રિટિશ ઇંડિયા સ્ટીમ નેવીગેશન કંપનીની ચાલે છે. આ કંપની પાસે ૧૨૮ આગબોટ ૭૫૭ હજાર ટનની છે.

એટલે કે સિંધિયા કંપની કરતાં ૧૩ ગણી મોટી તે કંપની છે.

દરેક સ્વતંત્ર રાષ્ટ્ર પોતાનું વહાણવટું ખીલવવા આ જમાનામાં મહાપ્રયત્ન કરે છે. વેપારી વહાણો ને આગબોટો જેમ દેશમાં વધારે, તેમ લડાઈના વખતમાં અણીને ટાંકણે રાષ્ટ્રને ભારે ઉપયોગી થઈ પડે છે. આ દૃષ્ટિબિંદુ રાખી સ્વતંત્ર દેશો પોતપોતાની હદમાં વહાણવટાના વેપારને ખીલવવા આગબોટ કંપનીઓને રીતસર મોટી આર્થિક સહાય કરે છે. જપાન જપાનીઝ સ્ટીમર કંપનીઓને હમણાં દર વરસે ૭૫ લાખ રૂપિયાની મદદ આપે છે. અને તેથી જ જોતજોતામાં જે જપાનમાં ચીન જપાનની લડાઈ પહેલાં, એટલે ૧૮૯૪માં, પરદેશ સાથેના વેપારમાંથી ૮ ટકા જેટલો જ માલ જપાનીઝ આગબોટ કંપનીને મળતો તે ૧૯૨૮માં પરદેશ સાથેના વેપારના આયાત નિકાસ થતા માલના લગભગ ૭૫ ટકા જપાનીઝ આગબોટ કંપનીઓમાં જ આવજા કરે છે.

જ્યારે હિંદુસ્તાનમાં હિંદી આગબોટ કંપનીને આર્થિક સહાય તો સરકાર તરફથી મળતી નથી એટલું જ નહિ પણ ટપાલ લાવવા લઈ જવાનું કામ પણ દેશી સ્ટીમર કંપનીઓને સોંપવામાં આવતું નથી. ટપાલ-મેલની કમાણી હિંદી કંપનીઓને મળી હોત તોયે જે ૨૩ આગબોટ કંપનીને દેવાળાં કાઢવાં પડ્યાં હતાં તે કદાચ ટકી જાત. બંગાળના ઉપસાગરમાં મેલ લઈ જવાનું કામ હમણાં જ પહેલીવાર એક દેશી આગબોટ કંપનીને મળ્યું છે તે અપવાદ ગણી શકાય.

"આપણા કિનારાનો તમામ માલ લગભગ ૬ લાખ ટન જેટલો થવા જાય છે. આટલા માટે જો સરેરાશ ૬ હજાર ટનનાં ૧૦૦ વહાણો હોય તો બસ થાય. અને આ વહાણોની કિંમત આજના ભાવ મુજબ ૭ કરોડથી વધારે પડે તેમ નથી. વરસમાં અત્યારના નૂરના નીચા ભાવ છે છતાં ૭ કરોડ રૂપિયા નૂરના જ પરદેશો તાણી જાય છે. વહાણમાં રોકાયેલ મૂડી પાંચ વરસમાં પાછી નીકળી આવી શકે તેમ છે."

— પ્રો. શાહ

જે દેશમાં ખડીફોજ, લડવા માટે હમેશાં રણશીંગડું સેનાપતિ ફૂંકે, અને તૈયાર ન હોય તે દેશ કોઈ પણ ક્ષણે પોતાની સ્વતંત્રતા ખોઈ બેસવાનો ભય વહોરે છે તેમ જ જે દેશમાં લડાઈ જાગે, અને તે સમયે લડાઈમાં ટકવા માટે પોતાના દેશનો વ્યવહાર ટકાવી શકે એટલાં વહાણો કે આગબોટો નહિ હોય તે દેશ વહેલો મોડો મહાત થવાનો જ છે. આ સૂત્ર બધાં રાષ્ટ્રો સમજવા લાગ્યાં છે તેથી પ્રજાસંઘ સ્થપાયા બાદ પણ રાષ્ટ્રોએ મનવારો કે 'ડ્રેડનોટ' બાંધવાનું છોડી દીધેલ નથી. જર્મનીને વર્સેલ્સના કોલકરાર મુજબ ૬ લાખ ટનની આગબોટો રાખવાની છૂટ આપવામાં આવી હતી પણ પાંચ જ વરસમાં જર્મન સરકાર અને પ્રજાએ મળીને જોતજોતામાં ૩૦ લાખ ટનની આગબોટોનો કાફલો બનાવી કાઢેલ છે.

દરિયાઈ લશ્કરી તાલીમ

હિંદુસ્તાનમાં જેમ સરકારે લશ્કરી તાલીમથી વંચિત રાખી હિંદનો મહાદ્રોહ કરેલ છે, તેવું જ મહાપાતક હિંદનો

વહાણવટાનો વેપાર તોડી સાહસિક જુસ્સા પર ટાઢું પાણી રેડીને સરકારે કરેલ છે.

જ્યારે પાશ્ચાત્ય દેશો પછાત સ્થિતિમાં હતા ત્યારે હિંદના ખલાસીઓ અરે ગુજરાત કાઠિયાવાડના ખારવા મોટાં મોટાં વહાણો લઈ આફ્રિકા ને યુરોપખંડ ખેડી દુનિયાનો વેપાર ડહોળી આવતા હતા, એ જ હિંદમાં આજે સ્ટીમર કંપનીના ઇજનેર કે કપ્તાન થવા માટે તાલીમ મળી શકે એવો પ્રબંધ નથી. ડફ્રીન નામની નાનકડી આગબોટમાં ત્રીજી પંક્તિના 'માલમ'નો હોદ્દો મળી શકે એવી તાલીમ મળે છે. પણ તે ૩૫ કરોડના મુલકમાં દરિયામાં બિંદુ સમાન જ ગણી શકાય.

૧૮૦૨ સુધી, નેપોલિયનના જમાના સુધી, હિંદમાં વહાણો થતાં.

વાસ્કોડી ગામાને આફ્રિકાથી હિંદનો રસ્તો બતાવનાર હિંદી ખલાસી હતો.

પૂર્વ આફ્રિકામાં વસાહત પ્રથમ હિંદમાં વહાણવટું કરનારાએ જ કરેલ છે એ જગપ્રસિદ્ધ વસ્તુ તો સૌ કોઈ જાણે છે.

એ હિંદુસ્તાનની કે જેની ત્રણે બાજુ મહાસાગરો ઘૂઘવે છે જ્યાં ફૂડીબંધ કરાંચી, ઓખા, બેડી, નવલખી, જાફરાબાદ જેવાં બંદરો હજુ ખૂલી શકે છે, ત્યાં વહાણો પરદેશી, અને કરોડોની કમાણી પરદેશીઓ જ કરે એ કેવી દુર્દશા !

હિંદુસ્તાનના દરિયામાં ચાલતી દરેક આગબોટ કંપની સાથે જો રીતસર શરત જ કરવામાં આવે કે આ બધી

આગબોટોમાં મોટા અમલદારોના ૫૦ ટકા તો હિંદી હશે તો જ તમને હિંદી કિનારા પર પ્રવેશ કરવા દેવામાં આવશે તો હિંદીઓને જોઈતી તાલીમ સહેલાઈથી મળી શકે. બાકી હિંદી યુવકના હાડમાં સાહસિક લોહી નથી એમ નહિ. આગબોટ તો શું પણ ઍરોપ્લેન ચલાવવામાં પણ આજે હિંદી યુવકો ગોરાઓને પણ છક કરી નાખે એવી પ્રગતિ કરી શકયા છે.

ઍરોપ્લેન

વાહનના વ્યવહારની સમાલોચના કરતાં પ્રથમ જમીન તથા જળમાર્ગનો જ ઉલ્લેખ કરવામાં આવતો પણ હવે આકાશ–હવા માર્ગની પણ નોંધ લીધા વિના ચાલે તેમ નથી.

આજના જમાનામાં દુનિયાના કોઈ પણ ખૂણામાં શોધ થાય તો તેની જાણ કે તેનો પ્રચાર તરત જ સર્વત્ર થઈ જાય છે. ઍરોપ્લેન અને ઝેપલીનની વાતો મહાયુદ્ધમાં આપણે સાંભળતા તે ઍરોપ્લેન ઊડતાં આજે હિંદમાં ગામડાંના માણસોયે જોવા લાગ્યા છે. કરાંચી, દિલ્લી, કલકત્તા, રંગૂનની ટપાલ ઍરોપ્લેન વાટે પણ જાય છે. બીજી ઍરમેલની સગવડ તાતા ઍન્ડ સન્સ કંપનીએ કરાંચી, મુંબઈ ને મદ્રાસ સુધી કરેલ છે અને સિલોન સરકાર તરફથી સારો જવાબ મળે તો એ ટપાલવ્યવસ્થા ઠેઠ કોલંબો સુધી પહોંચાડવાની યોજના થયેલી છે. ટપાલનું કામ હવે ઍરોપ્લેનથી ઠીક ઠીક થવા લાગ્યું છે.

૧૯૩૪માં હવાઈ રસ્તાઓ ખીલવવા માટે બાણુ લાખ સત્તાવન હજાર રૂપિયા એટલે લગભગ એક કરોડ રૂપિયા હિંદી

સરકારે મંજૂર કર્યાં છે. સાડા સાત લાખ ગામડાંની ગ્રામ-સુધારણા માટે એક કરોડ રૂપિયા સરકારે ચાલુ સાલમાં મંજૂર કર્યા ત્યારે સરકારે ભારે મહેર કરી એમ કેટલાક કહેતા હતા. પણ આવા કરોડ રૂપિયા તો હિંદમાં અનેક સ્થળે વેડફાય છે એ ક્યાં બધા જાણે છે? એરોપ્લેન ચલાવવાનું લાઇસન્સ પહેલાં ૧૫૦૦ રૂ. પડતું તે હવે ૬૦૦૦ રૂ. પડે છે. વિલાયતમાં મેળવેલું લાઇસન્સ હિંદુસ્તાનમાં ચાલતું નથી.

રેડિયો

પણ બ્રિટિશ સરકારના મનોરથ ગ્રામસુધારણા માટે બહુ ભવ્ય છે, હિંદી ગ્રામસુધારણા મંડળ નામની સંસ્થા—કે જેના પ્રમુખ સર ફ્રાન્સિસ યંગહસબંડ છે અને સભ્યો બીજા સરકારી મોટા અમલદારો છે—એ એક નવી યોજના સરકાર સમક્ષ મંજૂરી માટે મોકલી છે કે ૫૦૦ ગામનો એવો જથ્થો પસંદ કરવો કે જ્યાં એક જ ભાષા બોલાતી હોય. દરેક ગામના સાર્વજનિક સ્થળે ચોરા કે મંદિરમાં રેડિયોનું મથક રાખવું. આ રેડિયો પાસે રોજ ગામના લોકો દિવસના યા રાતના અમુક નિર્ણિત વખતે એકત્ર થાય, ત્યારે ખેતી, ઢોરસુધારણા, બાળઉછેર અને દર્દોના ઇલાજ વિષે સફાઈ, સ્વચ્છતા, સહકારી મંડળી, અક્ષરજ્ઞાનની મહત્તા વગેરે વગેરે વિષયો પર પ્રમાણભૂત માણસો પાસે વ્યાખ્યાન કરાવી ગામડાંઓને બહુશ્રુત કરવામાં આવે.

આ રેડિયોની મદદથી ગામડાંમાં સુસંસ્કાર રેડી શકાશે. ખેતીની સુધારણા જોતજોતામાં થઈ શકશે, બળદોની

ઓલાદ સુધરશે, ગામડાંનાં દરદો નાબૂદ થશે — એવી અનેક પ્રકારની ઊંચી નેમો ગ્રામસુધારણા મંડળ રેડિયો વડે એક ધડાકે પાંચસો ગામમાં જૂજ ખર્ચે પાર પાડવાની આશા સેવે છે.

માત્ર દરેક ગામે લાગલાગટ ૭ વરસ સુધી રેડિયો ગોઠવવા માટે રૂ ૧૨૦ના હપતા ભરવાના રહે છે અને પછીના ચાલુ ખર્ચના માત્ર ૬૦ રૂપિયા જ વરસે ભરવાના રહેશે; પણ આ નજીવું ગણાતું ખર્ચ ભૂખે મરતા હિંદી ગામડિયાને કેટલું ભારે પડશે એ ખ્યાલ ગામડાંનું જીવન ન જીવનારાને આવવો મુશ્કેલ છે. ગામડાં રેડિયોના પ્રોગ્રામ સાંભળી ભણે કે સંસ્કાર પામે કે નહિ પણ એટલું નક્કી કે પરદેશી કંપનીઓને પાંચસો રેડિયો યંત્રના ગ્રાહક મળશે. અને કદાચ પ્રજાકીય રાષ્ટ્રીય ચળવળ દબાવી દેવામાં અને બ્રિટિશ સરકાર પ્રત્યે પ્રજાની વફાદારી વધારવામાં આ પ્રયોગ સફળ થઈ શકે ખરો.

પાણીના ધોધ ને વીજળી

રેડિયોનો ઉપયોગ કરવા માટે વિદ્યુતશક્તિની જરૂર હોય છે. વિદ્યુતશાસ્ત્રીઓની ગણતરી મુજબ હિંદુસ્તાનમાં ૨૭૦ લાખ હૉર્સ પાવર જેટલી વીજળી પેદા થઈ શકે એવા ધોધ વિદ્યમાન છે; પણ આવા ધોધમાંથી હાલ તો માત્ર ૮ લાખ જ હૉર્સ પાવર વિદ્યુતશક્તિનો ઉપયોગ હિંદમાં કરી શકાય છે. દુનિયામાં સૌથી ઊંચો ગેરસપ્પાનો ધોધ કહેવાય છે. પણ તેમાંથી વીજળી ઉત્પન્ન કરી આપણે કશા કામમાં લઈ શકયા નથી.

ધારી પાસે નાનકડો ધોધ પડે છે. તે ધોધનો ઉપયોગ જીન ચલાવવામાં કરવામાં આવે છે. ગોકાકના ધોધમાંથી વીજળી ઉત્પન્ન કરીને મોટી ગોકાક કાપડની મિલ ચલાવવામાં આવે છે. જો પાણીનો આવી રીતે ઉપયોગ થઈ શકતો હોય તો કોલસા કે તેલનું સંચા ચલાવવામાં ખર્ચ થાય છે તે બચી જાય.

પણ નદી યા તળાવના કુદરતી કે કૃત્રિમ ધોધમાંથી વીજળી બનાવવાનાં કારખાનાં ઊભાં કરવા જતાં કેટલા હજારો ખેડૂતોની ખાનાખરાબી થાય છે એ તાતા હાઈડ્રોલિક પાવરની સામે મુંબઈ ઇલાકામાં મુલશીપેટાના સત્યાગ્રહની લડત ખેડૂતોને કરવી પડી હતી તે બતાવે છે. કોઈ યોજનામાં આવી વધારાપડતી હાડમારી કોઈને ન થાય તે જોવું જોઈએ.

હિંદુસ્તાનમાં હાઈડ્રોલિક વીજળી લાખો હૉર્સ પાવર જેટલી પેદા થઈ શકે છે. એમાંથી અડધી શક્તિનો પણ ઉપયોગ કરવાથી કદાચ સસ્તો માલ પેદા થઈ શકશે અને પાંચ પચીસ તાતાઓનાં ખિસ્સાં ભરાશે પણ તેમ કરવા જતાં લાખો માણસો બેકાર થઈ જશે અને લાખો ખેડૂતો જમીન વિનાના થઈ જવાથી તેઓ ખેડૂત મટી ઉભડક મજૂર થઈ જશે એ મોટો ડર લાગતો હોવાથી વાહન-વ્યવહારનાં પાશ્ચાત્ય સાધનો સગવડ ભરેલાં હોવા છતાં, તેને છૂટે હાથે દાખલ કરતાં રાષ્ટ્રના શુભેચ્છકોએ વિચાર કરવા જેવો છે.

વેપારરોજગાર

"અંગ્રેજ વેપારીઓના ટોળાએ તાર્તર વિજેતા કરતાં દેશને વધારે લૂંટ્યો છે. તેઓનો વેપાર, વેપાર કરતાં લૂંટને વધારે મળતો આવતો હતો. આમ પરદેશી વેપારીઓના ભયંકર લોભથી આ ગરીબ દેશ વેરણછેરણ થઈ ગયો." —બર્ક

વેપારી માનસ

"વેપાર-પાણી બહુ મંદ છે. લડાઈમાં મેળવેલું ધન પાછું તણાઈ ગયું એટલું જ નહિ પણ એ ધન સાથે મૂળની મૂડી પણ ઢસડાઈ ગઈ છે. શો વેપાર કરવો તે જ સમજાતું નથી. છેલ્લાં પાંચ સાત વરસો થયાં કોઈ માલની ઘરાકી જ નીકળતી નથી. પહેલાં તો દિવાળી પર ઉત્તર હિંદની ઘરાકી નીકળતી. પરદેશી રાયલી કે ગ્રેહામ કંપનીના આડતિયા બજારમાં માલ ખરીદવા નીકળતા, હમણાં તો તેઓયે દેખાતા નથી. ખર્ચા ઘટાડવા માટે મહેતાઓને રજા આપી, દુકાનનાં ભાડાં ઘટાડયાં, તોપણ, સાચે જ માનશો? બે પાસાં સરખાં થતાં નથી. અમારો

પોતાનો રોજનો વ્યવહાર કેમ નભાવી શકીશું તે જ સવાલ થઈ પડયો છે. ત્યાં તમારી મોંઘી ખાદી માટે પૈસા ક્યાંથી કાઢીએ." આવાં વચનો ખાદીફેરી કરવા જતાં વેપારીઓ પાસેથી ઘણી વાર સાંભળવા મળે છે.

આપણા વેપારીઓ લાખોની ઊથલપાથલ કરે છે; પણ દુનિયાના બજારનો અભ્યાસ પ્રમાણમાં ઓછો કરે છે. બાકી સત્ય હકીકત તો એ છે કે, આ વેપારની મંદી દુનિયાભરમાં પથરાયેલી છે.

દુનિયામાં વેપારની મંદી

લડાઈ પહેલાંનાં વરસોમાં દુનિયાનો સરાસરી વાર્ષિક વેપાર જે ૧૧,૦૦૦ કરોડનો ગણાતો હતો તે વધી વધીને ૧૯૨૯માં ૧૯,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચ્યો હતો. પણ પછીનાં પાંચ વરસોમાં વેપારમાં એટલી બધી મંદી આવી ગઈ છે કે, ૧૯૩૩માં દુનિયાનો વેપાર પણ ૪૦ ટકા જેટલો ઘટી ગયો હતો, એ આંકડાશાસ્ત્રીઓએ અભ્યાસ કરીને જાહેર કરેલ છે. અને એની જ આડકતરી અસર હિંદુસ્તાન પર પણ થઈ છે.

આ અસાધારણ મંદીનું મોટામાં મોટું કારણ અમેરિકાને ગણાવવામાં આવે છે. પરસ્પર જો વિશ્વાસ હોય તો જ વેપાર ચાલે છે. પણ મહાયુદ્ધ બાદ મોટા દેશો વચ્ચે અરસપરસ સહાનુભૂતિ અને વિશ્વાસ ઘટયાં છે. લડાઈના વખતમાં થયેલા દેણા પ્રથમ માલના રૂપમાં ભરાતા પણ અમેરિકાએ હવે માલને બદલે નગદ નાણું જ કરજની ભરપાઈ કરવા માટે માગવાનું શરૂ કર્યું છે. મહાયુદ્ધે

બધા દેશોને એક મોટો પાઠ શીખવી દીધો છે કે જીવનની અગત્યની ગણાતી વસ્તુઓ માટે જે દેશ બીજા દેશ પર આધાર રાખશે, તેના લડાઈના પ્રસંગે ભૂકા ઊડી જવાના છે. જેથી બધા દેશોમાં રાષ્ટ્રીયત્વનો અને સ્વદેશીનો પવન એકદમ ફૂંકાવા મંડયો છે. અમેરિકા, કૅનેડા, જપાન જેવા દેશો હવે પોતપોતાની ખપજોગી સર્વ વસ્તુઓ તો બનાવતા થઈ ગયા છે એટલું જ નહિ, પણ બીજા દેશોની બજાર સર કરવામાં ઇંગ્લંડના હરીફ પણ થવા લાગ્યા છે.

અમેરિકાના કમકમાટી ઉપજાવતી કરામતો

અમેરિકા ખંડનો વિસ્તાર મોટો છે, પણ વસ્તી હિંદુસ્તાનના ત્રીજા ભાગના જેટલી પણ નથી. છતાં વીજળી અને વરાળથી ચાલતા રાક્ષસી સંચાઓને જોરે ઢગલાબંધ માલ ખેતી ને કારખાનામાંથી કાઢે છે. માલના ભાવ સારા ઉપજાવવા માટે ખપ કરતાં માલની પેદાશ ન વધી જાય તે માટે લાખો મણ ઘઉં અને હજારો ગાંસડી રૂ અમેરિકામાં બાળવામાં આવે છે; દૂધના ડબાઓ નદીમાં ઢોળવામાં આવે છે; ફળફળાદિ દરિયામાં પધરાવે છે; એવા સત્તાવાર હેવાલો વાંચવામાં આવે છે, અને અમેરિકામાં મુસાફરી કરીને આવનાર ઝેકોસ્લોવેકિયાના ખગોળવેત્તા કેવુરે પણ વર્ધામાં ભાષણ આપતાં કહ્યું હતું:

"કનસાસ પરગણામાં મારી આંખ આગળ લાખો ટન ઘઉંનો નાશ કરવામાં આવ્યો. અને ટેકસાસ પરગણામાં લાખો ટન રૂની ગાંસડી ભસ્મ કરવામાં આવી કે જેથી ઘઉં ને રૂના ભાવ ખખડી ન જાય અને ધનિકો ઓછા ધનિક ન થઈ જાય."

વેપાર વધારવાનાં ફાંફાં

પછાત ગણાતા દેશોનાં, આફ્રિકા, ચીન અને હિંદનાં, બજાર સર કેમ કરી શકાય, કેટકેટલો ભાગ સુધરેલ ગણાતી યુરોપિયન અને અમેરિકન પ્રજાએ કેવી રીતે વહેંચી લેવો એની મસલત કરવા માટે મહાયુદ્ધ પછી ઓછામાં ઓછી ૫૦ આંતરરાષ્ટ્રીય સભાઓ અને આર્થિક ગૂંચવણનો ઉકેલ લાવનારી ૨૮ પરિષદો યુરોપ અમેરિકામાં જુદે જુદે સ્થળે ભરવામાં આવી છે. છેલ્લી બેઠક લંડનમાં ભારે દમદમાથી દુનિયાની બેકારી ઘટાડવા અને અરસપરસ દેશો વચ્ચે વેપારી એખલાસ વધારવા, વડા પ્રધાન મેકડોનાલ્ડના પ્રમુખપણા નીચે ભરવામાં આવી હતી. પણ આવી મોટી ખર્ચાળ પરિષદો બાદ પણ વેપારમાં તેજી આવી શકી નથી, કારણકે દરેક દેશ આંતરરાષ્ટ્રીય ભાવનાની વાતો કરે છે પણ પોતાના દેશને આંચ આવે એવું એકે પગલું ભરવા કોઈ તૈયાર થતું નથી.

લંડનની પડતી

વેપારી અને ઔદ્યોગિક પ્રગતિ બીજા દેશોએ મહાયુદ્ધ બાદ ઝડપબંધ સાધેલી હોવાથી તેની અસર સીધી રીતે ગ્રેટબ્રિટન પર પહોંચેલી છે. અત્યાર સુધી દુનિયાનું વેપારનું મધ્યબિંદુ લંડન ગણાતું હતું. તે લંડનનું સ્થાન હવે ન્યૂયોર્કે ઝૂંટવી લીધેલ છે; ગ્રેટબ્રિટનનો વેપાર ઘટવા મંડ્યો એટલે અત્યાર સુધી પરદેશોની જે મૂડી લંડનમાં રોકાતી તે મૂડી પણ લંડનમાંથી ખેંચાવા લાગી છે. અને અત્યાર સુધી પછાત દેશોની બજાર પર ઇંગ્લંડની જે

સાર્વભૌમ વેપારી સત્તા ચાલતી તેમાં પણ હવે કેનેડા, અમેરિકા, જર્મની, જપાન ભાગ પડાવતાં થઈ ગયાં છે. તેથી ઇંગ્લંડની નિકાસ પણ ઘટવા લાગી છે. આમ એવડો ફટકો ગ્રેટબ્રિટન પર પડવાથી ગ્રેટબ્રિટનમાં જે સોનાનું ચલણ સેંકડો વરસથી ચાલતું તે બંધ કરવું પડ્યું છે અને અત્યાર સુધી ઇંગ્લંડ જે અબાધિત અને અનિયંત્રિત વેપારનાં વાજાં વગાડતું તે જ ઇંગ્લંડમાં વેપાર અને ઉદ્યોગ પર સંરક્ષક જકાત નાખવામાં આવે છે.

ગ્રેટબ્રિટનના કાવાદાવા

પણ ગ્રેટબ્રિટન પોતા પૂરતો ફેરફાર કરીને શાંત થયેલ નથી.

કાઠિયાવાડના નાના દરબારોને ઘેર દીકરા પરણે તો ગામની રૈયતે ફરજિયાત અમુક હાથઘરેણું આપવું જ પડે. દરબારની મા મરે, દરબાર દરબાર ભરે, તો પણ રૈયતે અમુક ભરણું તો ધોરણસર ભરવું જોઈએ. એવી ઉઘાડી રીતે ઇંગ્લંડ પોતાના સંસ્થાન પાસેથી પૈસા પડાવતું નથી પણ સુધારાના જમાનાને છાજે એવી સુધરેલ રીતો ઇંગ્લંડે પોતાની મુશ્કેલીના સમયમાં હિંદ પાસેથી ખંડણી લેવા શોધી કાઢેલ છે. કાવાદાવાથી ઇંગ્લંડની પ્રતિષ્ઠા દુનિયાના બજારમાં ઠીક સચવાય તે માટે ૧૯૩૪ સુધીમાં ૨૦૦ કરોડ રૂપિયાનું સોનું હિંદમાંથી ઢસડી જવામાં આવ્યું છે.

ઇંગ્લંડનો અને પોતાનાં સંસ્થાનોનો વેપાર હિંદમાં બરાબર જળવાઈ રહે તે માટે ઓટાવામાં એક મોટી પરિષદ ગોઠવી કેટલાક કોલકરારો નક્કી કર્યા કે જેથી હિંદનો

કાચો માલ ઇંગ્લંડ અને ઇંગ્લિશ સંસ્થાનોમાં વધારે ને સસ્તા દરે મળી શકે, અને તેમનો તૈયાર કરાયેલો પાકો માલ હિંદમાં કહેવાતા સસ્તા ભાવે ઠાલવી શકાય. ટૂંકમાં બીજા દેશોના માલ પર વધારે જકાત નાંખી, ઇંગ્લંડની હરીફાઈમાં એ માલ ન ટકી શકે એવી પરિસ્થિતિ ઊભી કરવાનો પ્રયત્ન થયેલ છે.

પણ જપાન જેવા મુલકમાંથી ૫૦ ટકા જકાત ભરીને પણ હિંદમાં માલ ખડકાયા કરે છે. અને એ માલ સાથે ઓછી જકાતવાળો ઇંગ્લંડનો માલ ટક્કર ઝીલી શકતો નથી.

હિંદુસ્તાનનો આંતરરાષ્ટ્રીય વેપાર

૧૮૬૪થી ૧૯૨૯ સુધીમાં હિંદની આયાત ૭ ગણી અને નિકાસ ૮ ગણી વધી છે. એટલે ૩,૧૭૦ લાખ રૂ. ની આયાત ૧૮૬૪માં થતી તેને બદલે ૧૯૨૯માં, ૨૫,૧૦૨ લાખ રૂ. જેટલી થાય છે અને ૫,૫૮૬ લાખ રૂ. ની કિંમતનો માલ નિકાસ થતો તેને બદલે હવે ૩૫,૩૫૧ લાખ રૂપિયાનો માલ પરદેશ ચડે છે.

દેશ સ્વાશ્રયી થવાને બદલે એટલો વધારે પરાવલંબી બન્યો છે.

મંદીનાં વરસોમાં હિંદનો વેપાર કેટલો ઘટયો છે તે નીચેના આયાત નિકાસના આંકડા જોવાથી સમજાઈ શકાશે.

વરસ	આયાત	નિકાસ	કેટલી વધારે નિકાસ
	કરોડ રૂ.	કરોડ રૂ.	કરોડ રૂ.
૧૯૩૨–૩૩	૧૩૩	૧૩૬	૩
૧૯૨૯–૩૦	૨૪૧	૩૧૮	૭૭

માણસ દીઠ હિંદુસ્તાનનો પરદેશ સાથેનો વેપાર ૧૮ રૂપિયા જેટલો આવે છે.

જ્યારે કૅનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સનો માણસ દીઠ પરદેશ સાથેનો વેપાર અનુક્રમે ૧૦૫ અને ૨૭૬ રૂ. આવે છે.

ત્રીસ વરસ પહેલાં હિંદુસ્તાનનો પરદેશ સાથેનો વેપાર કૅનેડા કરતાં બમણો અને જપાન કરતાં ત્રણ ગણો હતો.

બ્રિટનની બેદરકારી

આજે જપાન, કૅનેડાએ હિંદને વેપારમાં મહાત કરેલ છે. તેનાં કારણો સ્પષ્ટ છે. બીજા પ્રગતિમાન દેશો ઉદ્યોગધંધા વિકસાવવા, વાહનનાં સાધનો સુધારવા, પોતાના માલની ખપત સારી થાય તે માટે બજાર મેળવવા, હુન્નરઉદ્યોગ માટે જોઈતી મૂડી મેળવી આપવા, માલની સાચવણ સારી રહી શકે તે માટે ગોદામો બાંધવા વગેરે કામો માટે તનતોડ મહેનત કરે છે, ત્યારે આપણો દેશ ગુલામ હોવાથી હિંદુસ્તાનનું ઔદ્યોગિક ભાવી ઉજ્જવલ કરવા જતાં પરદેશીઓના પેટ પર પાટુ પડતી હોવાથી પરદેશી સરકાર સીધી રીતે કશી મદદ નથી કરતી.

સર જોશિયા સ્ટૅમ્પ નામના પ્રખ્યાત અર્થશાસ્ત્રીએ ૧૯૭૦ પછીના હિંદના પરદેશી વેપાર સંબંધે બોલતાં સાચું જ જણાવ્યું છે કે:

"સામાન્ય રીતે હિંદુસ્તાન વિષે અંગ્રેજ જ્યારે વિચાર કરે છે ત્યારે પહેલો ને છેલ્લો વિચાર તેમને એટલો જ આવે છે કે હિંદુસ્તાનમાં કારખાનાં કેટલાં વધતાં જાય છે, અને જપાનીઝ માલની હરીફાઈ કેટલી વધતી જાય

છે, તેથી હિંદ સાથેના બ્રિટનના વેપારને કેટલો ધક્કો પહોંચશે, હિંદુસ્તાનમાં રોકેલી મૂડી કેટલી સહીસલામત છે? હિંદુસ્તાનમાં રૂપિયાનો ભાવ કેવો છે? હિંદુસ્તાનમાં આ સાલ દુકાળ પડશે કે કેમ?"

જ્યાં આવા વિચાર સામાન્ય અંગ્રેજ કરતા હોય ત્યાં પાર્લમેંટ હિંદનું દળદર ફિટાડવાની યોજના ઘડશે એમ માનવું એ નરી બાલીશતા છે.

હાલ હિંદુસ્તાનમાંથી કઈ કઈ ચીજ વિશેષે કરીને પરદેશ ચડે છે અને કઈ કઈ ચીજો આપણે વધારે પ્રમાણમાં આયાત કરીએ છીએ તેના ચોક્કસ આંકડા તપાસીએ અને પછી પગભર થવા માટે આપણે કઈ દિશામાં ખાસ વધારે પ્રયત્ન કરવો જોઈએ તેનો વિચાર કરીશું.

આયાત નિકાસના આંકડા

૧૯૩૨–૩૩માં જે ૧૩૨ કરોડ રૂપિયાની નિકાસ હિંદમાંથી થઈ હતી તેમાંથી નીચેની વસ્તુઓ આપણું ખાસ ધ્યાન ખેંચે છે.

શણ અને કોથળા તથા બીજો શણનો તૈયાર માલ.	૩૧ કરોડ રૂપિયા
રૂ અને કાપડ	૨૪ ,,
અનાજ[૧]	૧૬ ,,

૧. દર મિનિટે નીચે પ્રમાણે અનાજની નિકાસ હિંદુસ્તાનમાંથી થાય છે.

૧૧૮ મણ ચોખા
૬૫ ,, ઘઉં
૫૫ ,, મસૂરની દાળ

ચા	૧૭ કરોડ રૂપિયા
તેલી બિયાં[૨]	૧૧ ,,

આ પાંચ વસ્તુની નિકાસમાં જ કુલ નિકાસની લગભગ પોણા ભાગની કિંમત હિંદને ઊપજે છે, અને બાકીનો જે પા ભાગ રહે છે તેમાં ચામડાં, હાડકાં, લાખ, ખોળ, રબર, તેજાનો, સાગનું લાકડું વગેરે વસ્તુઓની ગણતરી કરી શકાય.

છેલ્લાં ત્રણ વરસમાં જ પ્રથમ સરાસરી ૩૧૩ કરોડ રૂપિયાનો માલ નિકાસ થતો હતો તે ઘટીને આજે માત્ર ૧૩૨ કરોડ રૂપિયાની કિંમતનો જ માલ પરદેશ ચડે છે.

---

૫૦ મણ તુવેર
૫૫ મણ મગફળી

— સ્ટેટિસ્ટિકલ ઍબસ્ટ્રૅક્ટસ

ત્યારે હિંદુસ્તાનમાં ઠેરઠેર ભૂખમરો વર્તે છે, એ નવા જમાનાની અજાયબી છે ને!

૨. "હિંદુસ્તાનમાંથી નિકાસ થતાં ૨૬½ કરોડ રૂપિયાનાં તેલીબિયાંમાંથી ૧૪ કરોડનાં (ખાસ કરીને મગફળી) મદ્રાસમાંથી જાય છે. એનો જ્યારે વિચાર કરું છું ત્યારે રસાયનશાસ્ત્રી તરીકે મને ઘણું દુઃખ થાય છે. આ બિયાંનો ⅔ ભાગનો ખોળ બને છે, અને તેથી ઢોરના ખોરાક માટે અને ખાતર માટે દેશને કેટલું નુકસાન ખમવું પડે છે તેની ગણતરી થઈ શકતી નથી. વળી મગફળીમાંથી જે તેલ કઢાય છે તેને હાઈડ્રોજન વાળું કરીને હોલૅંડ અને બેલ્જિયમ વેજીટેબલ ઘી તરીકે મોકલે છે. તેની વધારે કિંમત આપી આપણે લઈએ છીએ."

(મંદી શરૂ થયા પહેલાંના ઉપરના આંકડા છે.)

— પી. સી. રૉય

બીજા દેશોમાં આયાત કરતાં નિકાસ વધારે હોય તો વધારાની નિકાસના બદલામાં દેશમાં સોનું આવે. એટલે અંશે દેશ સમૃદ્ધ બને છે. પણ હિંદુસ્તાનમાં તો દર વરસે આયાત કરતાં નિકાસ વધારે હોવા છતાં દેશમાં સોનું આવતું નથી. કારણકે જે નિકાસ વધારે થાય છે તેમાંથી લગભગ ૨૦ થી ૩૦ કરોડ રૂપિયા તો સરકારી નોકરોના પેન્શનના, પરદેશી કંપનીઓના વહાણના નૂરના, વીમાના પ્રિમિયમના, પરદેશ ભણતા હિંદી વિદ્યાર્થીઓના ખર્ચના, તથા પરદેશમાંથી હિંદના કહેવાતા ઔદ્યોગિક વિકાસ કે અભ્યુદય માટે લીધેલ લોન માટે વ્યાજના ચૂકવવામાં જાય છે.

પરદેશથી કોઈ અસાધારણ સંજોગોમાં હિંદમાં સોનું આવે એવી હિંદમાં વ્યાપારી સ્થિતિ કોઈ વરસે ઉપસ્થિત થાય છે. તો હિંદી પ્રધાન હૂંડિયામણ વટાવની એવી યુક્તિપ્રયુક્તિ રચે છે કે યેન કેન પ્રકારેણ સોનું હિંદમાં આવવાને બદલે વિલાયતમાં જ હિંદને નામે હિંદી પ્રધાનની કચેરીમાં જમે થઈ જાય.

પરદેશથી સોનું આવવાનું તો એક બાજુ રહ્યું પણ હિંદમાંથી ૧૯૩૨-૩૩માં ૭,૦૬૬ લાખ રૂપિયાનું સોનું એક વરસમાં જ ઘસડાઈ ગયું.

આયાતની વસ્તુઓનું સિંહાવલોકન કરીએ તે પહેલાં નિકાસના વેપારમાં હિંદને શાં હાન લાભ છે તે જોઈએ.

અનાજની નિકાસ

આપણે આગલા પ્રકરણમાં જોઈ ગયા છીએ કે હિંદમાં પોતાના ખપ જેટલુંયે ખાવા પૂરતું અનાજ પાકતું

નથી. છતાં ખેડૂતોને ભૂખમરો સહન કરીને, પેટે પાટા બાંધીને મહામહેનતે જે અનાજ, મહેસૂલ ભરવા, વેચવાની ફરજ પડે છે તે કરોડો રૂપિયાના અનાજની નિકાસ થાય છે તે એક જ ધડાકે રોકવાની જરૂર છે. પણ કહેવત છે કે માણસ વાર્યો ન કરે તે હાર્યો કરે. અનાજમાં મુખ્યત્વે કરીને ૯૩ ટકા ચોખા અને ઘઉં જ પરદેશ ચડતા હતા પણ હવે જપાન અને અમેરિકામાં અનુક્રમે ચોખા અને ઘઉંનું વાવેતર વધવાથી હિંદી ઘઉં ને ચોખાની માગ પરદેશમાં ઘટવા લાગી છે. અને જે માગ થોડીઘણી રહી છે તેના ભાવ હવે પૂરતા આવતા નથી.

મહાયુદ્ધ પહેલાં જે દશબાર લાખ ટન ઘઉં પરદેશ ચડતા તે ૧૯૩૨–૩૩માં ઘટીને માત્ર બે હજાર ટન હવે પરદેશ જાય છે.

જે જપાનમાં દાયકા પહેલાં એટલે ૧૯૨૪–૨૫માં ૪૧૮ લાખની કિંમતના હિંદી ચોખા જતા તે ઘટીને મંદી પહેલાંના કાળમાં ૧૯૨૮–૨૯માં માત્ર ૧૦ લાખ રૂપિયાના ચડ્યા હતા.

કાપડનું બજાર તો જપાને સર કર્યું જ છે એ પહેલાં વર્ણવેલ છે એટલે એ વિષે વધુ પિષ્ટપેષણ કરવાની જરૂર નથી.

શણ અને ચાનાં કારખાનાં ને ચાનાં ખેતરોની કમાણી અંગ્રેજ લોકોની જ સ્વાંગ હોવાથી તેની કમાણીમાં હિંદીને ભઠિયારા ને ભીતરિયાની મજૂરી સિવાયની બીજી ફૂટી બદામ મળતી નથી.

ટૂંકમાં નિકાસના વેપારમાં હિંદ કશી કમાણી કરતું જ નથી.

પરદેશ માલ નિકાસ કરવાથી હિંદને કેવું ગંભીર નુકસાન થઈ રહ્યું છે તે ૧૯૩૫ના ઑગસ્ટ માસમાં મહારાષ્ટ્ર વેપારી મંડળના ઉપપ્રમુખે વાર્ષિક સભા વખતે તેમના ભાષણમાં ઠીક સમજાવેલ હોવાથી તેનો ઉતારો નીચે કરેલ છે:

"હિંદુસ્તાનનો પરદેશ સાથે છેલ્લા ૬૫ વરસમાં સાત આઠ ગણો વેપાર વધ્યો છે તે પરથી હિંદની આબાદી પણ સાત આઠ ગણી વધી છે એમ સાબિત કરવા કેટલાક અંગ્રેજો પ્રયત્ન કરે છે પણ એ નર્યો વિતંડાવાદ છે.

દર સાલ ૫૦ કરોડનું રૂ, ૨૬ કરોડનાં તેલીબિયાં, ૩૦ કરોડનું શણ, ૮ કરોડનાં ચામડાં અને આંતરડાં, ૪ કરોડનું ઊન, ૨ કરોડનું કાચું ઊન જે પરદેશ ઢસડાઈ જાય છે તેની સાથે હિંદુસ્તાનના ધંધારોજગાર પણ તણાઈ જાય છે. અને એ જ કાચા માલમાંથી તૈયાર થતો પાકો માલ હિંદને માથે મારવામાં આવે છે. સાચે જ હિંદની ગુલામી, અને ગરીબાઈ વધારવામાં આ પરદેશ સાથેનો વેપાર કારણભૂત બન્યો છે."

આયાત

મહારાણી વિકટોરિયાનો ઢંઢેરો હિંદમાં પિટાયો તે પહેલાં હિંદમાં ઉદ્યોગધંધા ધીકતા ચાલતા હતા. એના અનેક પુરાવાઓ મોજૂદ છે અને તેનું વર્ણન પણ ઘણા અર્થશાસ્ત્રીઓ અને ઈતિહાસકારોએ કરેલ છે. તેમાંથી વાનગી દાખલ અત્રે એક બે દાખલા ટાંકું છું.

'જો હિંદુસ્તાન સ્વતંત્ર થયું તો તે દેશનાં બધાં બજાર આપણે માટે બંધ થશે. હિંદુસ્તાન પાસે કાચો માલ એટલો બધો છે, તેમજ તેની પાસે પ્રાચીન કાળથી વંશપરંપરા ઊતરી આવેલા એટલા બધા કુશળ કારીગરો છે કે રાજ્ય તરફથી થોડુંક રક્ષણ મળતાં જ તે એક મોટો ઉદ્યોગ-પ્રધાન દેશ થઈ જશે. અને પોતાની સસ્તી મજૂરી અને કાચા માલને બળે આપણને આખા એશિયાનાં બજારોમાંથી હાંકી કાઢશે.' — ડબલ્યુ રોજવીક

'ખનીજ પદાર્થની પેદાશમાં, જંગલ કામના ઉદ્યોગમાં, પશુધનની ખિલવણીમાં, ચામડાના હુન્નરમાં, રંગરોગાનની બનાવટમાં, તેલ, અર્ક અને અત્તરની ઉત્પત્તિમાં, દવા-દારૂનાં સાધનોમાં યુરોપીય અમલ અહીં પ્રવેશ્યો તે પહેલાં દુનિયામાં હિંદુસ્તાન બધા દેશો કરતાં મોખરે હતું.' —પ્રો. શાહ

હિંદુસ્તાનમાંથી પરદેશ સુતરાઉ કાપડ ને ખાંડ ચડતી એટલું જ નહિ, પણ ૧૮૬૦ સુધી દક્ષિણભારતમાંથી લોઢું* પણ ચડતું હતું.

---

* "હિંદુસ્તાનનો લોખંડનો ઉદ્યોગ સ્થાનિક જરૂરિયાતો પૂરી પાડતો એટલું જ નહિ પરંતુ અહીંથી તૈયાર માલ પરદેશ પણ ચડતો. જે માલ તૈયાર થતો હતો તેની જાત પણ જગપ્રસિદ્ધ હતી. દિલ્હી પાસેનો પ્રખ્યાત લોહસ્થંભ જે ૧૫૦૦ વર્ષ પહેલાંનો છે તે પણ તે વખતે આ દેશમાં ટીપેલું લોઢું તૈયાર કરવામાં આવતું તે બતાવી આપે છે, અને તેનો ખ્યાલ આણવા પ્રયત્ન કરનાર દરેક જણ તેનાથી આશ્ચર્યચકિત થઈ જાય છે."

—જસ્ટિસ રાનાડે

૮

પણ આજે એ જાહોજલાલીની હકીકતોનું વર્ણન કરવાને બદલે સૂકા આંકડા શું કહે છે તે જ સમજવા પ્રયત્ન કરીએ.

૧૮૧૪ થી ૧૯૧૪ સુધી એટલે સો વરસમાં સુતરાઉ કાપડ સામાન્ય રીતે દર સાલ સરાસરી ૯૦ લાખ રૂપિયાનું પરદેશ ચડતું હતું.

ત્યારે એ સૈકામાં જ અર્ધો લાખથી વધતાં વધતાં સુતરાઉ કાપડની હિંદમાં આયાત ૬૬.૩૦ લાખ રૂપિયાની થઈ ગઈ હતી.

ખાંડ ઈ. સ. ૧૮૬૦ સુધી ૧૦૩ લાખની હિંદમાંથી ચડતી હતી તે ૧૯૧૪માં પરદેશ ચડવાને બદલે હિંદમાં ૧૫ કરોડ ૭૮ લાખ રૂ.ની આવી હતી.

સ્વદેશીની અસર

મહાયુદ્ધ પછી દરેક દેશ સ્વાશ્રય અને સ્વાવલંબનના પાઠ શીખવા લાગ્યો છે. તે મુજબ હિંદમાં પણ સ્વદેશાભિમાનની લાગણી જાગી છે. અને તેને લીધે ડગુમગુ ચાલતાં નાનાં મોટાં કારખાનાંઓ અને ગૃહઉદ્યોગો ઊભા થવા લાગ્યા છે.

જે વીસ વરસ પહેલાં દીવાસળી, ખાંડ, ઘાસલેટ, કાપડ, સાબુ, વગેરે જીવનની જરૂરિયાતો માટે પરદેશીની દયા પર નભવું પડતું તેમાં હવે કંઈક ફેરફાર પડવા લાગ્યો છે. આજે કોઈ રાષ્ટ્રીય ભાવનાવાળાના ઘરમાં જશો તો તેના ઘરમાં હવે ઘડિયાળ, ચશ્મા, જેવી જ પરદેશી વસ્તુઓ જોવામાં આવશે પણ આવા રાષ્ટ્રીય વિચારવાળા,

સ્વરાજની ચળવળનાં મોટાં મોજાં હિંદમાંથી પસાર થઈ ગયાં છતાં, ઘણી અલ્પ સંખ્યામાં છે એમ કહેવું જોઈએ. પણ જે અલ્પ જાગૃતિ દેશમાં આવી છે તેનું પરિણામ આયાત વેપારના આંકડા જોવાથી સહેજે સમજાઈ જશે :

૧૯૩૨–૩૩ના વરસમાં

સુતરાઉ કાપડ	૩૪	કરોડ રૂપિયા
સંચા	૧૧	,,
તેલ	૮	,,
ધાતુ ખનીજ પદાર્થો	૧૦	,,
મોટરકાર	૪	કરોડ રૂપિયાની હિંદમાં

આયાત થઈ હતી. કુલ આયાત માત્ર ૧૩૩ કરોડ રૂપિયાની થઈ હતી.

પરદેશી કાપડનો બહિષ્કાર

કાપડની આયાતમાં ૫૪ ટકા જેટલો ઘટાડો થઈ શક્યો એનો મોટો જશ ખાદીપ્રવૃત્તિને ઘટે છે. ખાદી અને ચરખાની ઘોષણા ગાંધીજીએ અને મહાસભાએ હિંદભરમાં કરેલ હોવાથી બધા લોકો ખાદી પહેરતા કે રેંટિયો કાંતતા થયા નથી, પણ એટલું તો નિર્વિવાદ છે કે પરદેશી કાપડ પર સૂગ તો ખાદીવાદને લીધે દેશમાં પ્રસરી ગઈ છે. ૧૯૧૩–૧૪માં હિંદમાં માણસ દીઠ કાપડની ખપત સરાસરી ૧૩ ચોરસવાર આવતી હતી તે ઘટીને ૧૯૩૧–૩૨માં માત્ર ૧૦ જ વાર થઈ હતી. આમાં રાજકીય ચળવળનો હાથ તો હતો જ, પણ તેની સાથે એ પણ કબૂલ કરવું જોઈએ કે હિંદમાં માણસની કમાણી દહાડે દહાડે એટલી બધી ટૂંકી

થતી જાય છે કે માણસ ધારે તોયે કાપડ જેવી આવશ્યક વસ્તુ ખરીદી શકતો ન હોવાથી હિંદુસ્તાનના લાખો માણસો લંગોટી પહેરીને જિંદગી ગુજારે છે; મહારાષ્ટ્રનાં ગામડાંમાં મુસાફરી કરતાં મેં મોટી મોટી ઉંમરના માણસોને — બ્રાહ્મણ તેમજ અબ્રાહ્મણને — જાહેર રસ્તા પર લંગોટી પહેરીને ફરતાં ઠેરઠેર જોયા છે. આપણા પંચમહાલમાં ભીલની પણ એ હાલત છે. રાનીપરજ વિભાગની સ્થિતિ પણ એવી જ છે. પણ જે રાનીપરજ ભીલ કે મહારાષ્ટ્રના ઘાટી ગરીબાઈને કારણે કે પરાપૂર્વથી ચાલતી આવેલ પ્રથાને કારણે પૂરતાં કપડાં પહેરતા નથી એ ભાવ જ્યારે હિંદમાં સ્વદેશીના જુસ્સાને કારણે સાર્વત્રિક પ્રગટશે ત્યારે હિંદના મોઢા પર નૂર ચમકશે. પરદેશી કાપડ શરીરને અડાડી અપવિત્ર નહિ થઈએ, એ ભાવના દૃઢ થશે ત્યારે એની અસર દેશના બધા ઉદ્યોગો ઉપર થશે. એક કાટખૂણો ખરો થાય તો ચોરસના ચારે ખૂણા સાચા થવાના જ છે. એમ જો એક મોટી વસ્તુમાં આપણે અણીશુદ્ધ રહી શકીશું તો બીજા ધંધાઓ પોતાની મેળે હિંદમાં ખીલ્યા વિના રહેવાના નથી.

સરકારની ફરજ

બાકી મોટરના અને સંચાકામ જેવા ધંધા ખીલવવા માટે તો રાજ તરફથી આયાત થતા માલ પર રક્ષક જકાત નંખાવી જોઈએ, અને રેલવેનાં જે નૂર આજે દેશી માલને બદલે પરદેશી માલને વધારે ઉત્તેજન મળે એવી રીતે ઠેરવવામાં આવ્યાં છે એમાં ફેરફાર થવો જોઈએ. ટૂંકમાં

સરકાર તરફથી જેમ દીવાસળી ને ખાંડનાં કારખાનાંને હમણાં ઉત્તેજન મળ્યું છે એવું ઉત્તેજન બીજા હુન્નર-ઉદ્યોગોને મળે તો જ એ ધંધાઓ પગભર થઈ શકે તેમ છે. જ્યાં સુધી સરકાર પરદેશી છે ત્યાં સુધી સરકાર સામું જોઈને હાથ જોડીને બેસી ન રહેતાં આપણે દરેક શું કરી શકીએ તેમ છીએ તેનો વિચાર કરી એક કદમ આગે કૂચ કરવી જોઈએ.

પ્રજા, સરકારના સહકારથી યા અર્ધ સહકારથી બીજું શું શું કરી શકે તે આપણે જરાક જોઈ જઈએ.

વેપારી કે દલાલ

હિંદુસ્તાનમાં કોઈ કહે કે હું વેપારી છું તો સામાન્ય રીતે એમ કહી શકાય કે તે વેપારી નથી પણ પરદેશીઓને ખટાવી દેનાર વચ્ચેનો દલાલ છે. આજે ઘણી વસ્તુઓની પ્રજાને જાણ નથી હોતી તેના અજ્ઞાનનો લાભ લઈ વચલા દલાલ કહેવાના વેપારીઓ આમવર્ગ પાસેથી વેપારને નામે બેહદ કિંમત પડાવી લે છે.

જપાનીઝ ઘડિયાળના ૨ રૂપિયા કિંમત હોય તો તેના પાંચ રૂપિયા લેતાં કે જપાની ફોનોગ્રાફના ૭ રૂ. ના ૨૫ રૂપિયા લેતાં આપણા વેપારી અચકાતા નથી.

આવા વેપારથી આપણા હિંદી વેપારીઓની શાખ હિંદમાં પણ ઘટી જાય છે.

રાષ્ટ્રના વેપારી આડતિયા

આવું મોટા પાયા પર ન થાય તે માટે હિંદુસ્તાનના ટ્રેડ કમિશનરોને દુનિયાના મોટા મોટા દેશોમાં મોકલવા

જોઈએ અને ત્યાં બનતો માલ અને તેના ભાવતાલથી વારંવાર, હિંદીઓને પરિચિત રાખવા માટે સત્તાવાર હેવાલો પ્રસિદ્ધ થવા જોઈએ.

આવા ટ્રેડ કમિશનરો દ્વારા કેનેડાએ દુનિયાના મુખ્ય મુખ્ય વેપારનાં ૩૪ મથકોમાં પોતાનાં થાણાં નાખેલ છે. ત્યારે હિંદવતી આવી વેપારઉદ્યોગની માહિતી પૂરી પાડનાર માત્ર ત્રણ જ વેપારી કમિશનરો લંડન, હેમબર્ગ ને મિલાનમાં રહે છે. જપાન, અમેરિકા, કૅનેડા, ચીન, આફ્રિકા, ઑસ્ટ્રેલિયા વગેરે દેશોમાં હિંદવતી એક એક ટ્રેડ કમિશનર કામ કરતો હોય તો હિંદને ઘણો લાભ થવાનો સંભવ છે.

હિંદુસ્તાનમાં વેપારી મંડળો (ચેમ્બર્સ ઑફ કૉમર્સ) મોટા મોટા શહેરોમાં સ્થાપવામાં આવેલ છે. પણ આ વેપારી મંડળો રૂનું વાવેતર અને રૂની જાત અણીશુદ્ધ ચોખ્ખી રાખવા જેટલી કાળજી રાખે છે તેટલી કાળજી શણ અને તેલીબિયાંની બાબતમાં રાખતાં નથી. અને તેમાંયે ખાસ કરીને હિંદુસ્તાનમાંથી જે અનાજ પરદેશ ચડે છે, તે અનાજની જાત એક પ્રકારની એક સરખી જાળવવાની ચીવટ રાખતાં નથી. આથી આપણું અનાજ બીજા દેશોના અનાજના ભાવ સાથે ટક્કર ઝીલી શકતું નથી.

કણિયાઓની હાનિકારક પ્રવૃત્તિ

હમણાં જ સ્વામી આનંદાનંદે પૂરતી તપાસ કર્યા બાદ જાહેર કરેલ છે કે મુંબઈની દાણાબજારમાં કયા અનાજમાં

કયા પ્રકારની કાંકરી ભેળવી શકાય તે જાણવાનું મોટું શાસ્ત્ર તૈયાર થયેલ છે અને જુવાર, બાજરો, ઘઉં, ચોખામાં ભેળવવાની કાંકરીઓનાં વેગનનાં વેગન દાણાબજારમાં ઠલવાય છે અને આ કાંકરીઓ ભેળવવાનું કામ રીતસર મુંબઈના દાણા બંદરમાં મોટા મોટા ગોદામમાં થાય છે. જ્યાં અનાજમાં કાંકરી ભેળવતાં આપણા કણિયા અચકાતા નથી ત્યાં સારાનરસા અનાજનાં મિશ્રણ કરી વધારે ભાવ મેળવવા માટે અનેક કાળાંધોળાં કરતા હોય એમાં શી નવાઈ?

આ વસ્તુ આપણી હિંદી તરીકેની પ્રતિષ્ઠાને મહાન હાનિકર છે. તે પ્રથા બંધ કરવા માટે સરકાર તથા પ્રજાએ મળી તનતોડ મહેનત કરવી જોઈએ.

પ્રદર્શનો

જ્યારે દેશમાં જાગૃતિ આવે છે ત્યારે બધી દિશામાં એક સામટી જાગૃતિ આવે છે એ આપણે ૧૯૩૦ થી ૩૨ સુધીના વરસોમાં અનુભવ્યું છે. સ્વરાજની હિલચાલ સાથે સ્વદેશીની હિલચાલ જોશથી ઊપડી હતી. ઠેરઠેર સ્વદેશી અને ખાદીનાં તથા બીજા હિંદી ઉદ્યોગધંધાને લગતાં પ્રદર્શનો ભરાતાં. પણ એ સ્વરાજની ચળવળ સાથે પ્રદર્શનની પ્રવૃત્તિઓ બંધ થઈ ગઈ છે. પ્રદર્શનો તો જિલ્લાના દરેક મથકમાં અવારનવાર અને ખાસ કરીને તહેવારોના દહાડામાં મેળા વખતે ભરાવવાં જ જોઈએ. પહેલાં મહાસભાની બેઠક વખતે વેપારી અને ઔદ્યોગિક પરિષદો ભરાતી હતી તેવી મોટી પરિષદો વરસમાં એકવાર હિંદમાં ભરાવી જ જોઈએ.

હમણાં જી. આઈ. પી. અને બીજી રેલવે લાઈન પર એક આખી ગાડીમાં સ્વદેશી વસ્તુઓનું ફરતું પ્રદર્શન સ્ટેશને સ્ટેશને ફેરવવાની જે પ્રથા શરૂ કરવામાં આવેલ છે તે પગલું ઘણું જ આવકારપાત્ર છે, ને તેનો પ્રચાર. બધી રેલવે લાઈનો પર થવાની જરૂર છે.

ભણેલાઓ ને વેપારની ખિલવણી

બહુશ્રુત કે પંડિત વેપારધંધમાં ઓછા પડે છે, ભણીને વકીલ, ડૉકટર, ઇજનેર, પ્રોફેસર થવા સૌ મનોરથ સેવે છે. પણ દેશમાંથી જે કરોડો રૂપિયાનું ધન હરાઈ જાય છે તે રોકવાના વિચારમાં કે દેશના હુન્નરઉદ્યોગ ખીલવવામાં ભણેલાનો હિસ્સો પ્રમાણમાં ઘણો જ ઓછો છે અને તેથી વેપારી જગતમાં ભણેલાની કિંમત ઓછી થાય છે. ભણેલા વેપારમાં શું સમજે! એમ સૌ કોઈ કહેવા બેસી જાય છે.

વેપારના ગ્રેજ્યુએટો હવે થવા લાગ્યા છે. પણ આ વેપારના ગ્રેજ્યુએટોને જેવું જોઈએ તેવું દુકાન ચલાવવાનું યા વેપારને સંગઠિત કરવાનું, માલનો ઉઠાવ ઝપાટાબંધ કરવાનું, જાહેર ખબરો આકર્ષક બનાવવાનું વગેરે પૂરતું શીખવવામાં આવતું નથી. ઉપરનું વેપાર માટે જરૂરનું વ્યાવહારિક જ્ઞાન સામાન્ય રીતે દરેક ભણેલા યુવકને મળે એવો પ્રબંધ થવો જોઈએ.

હાલના કૉલેજના અધ્યાપકો, અર્થશાસ્ત્ર, રાજકારણ, નાણાંચલણ, વટાવ, શરાફી વગેરે વિષયોના નિષ્ણાતો હિંદુસ્તાનના જીવંત સળગતા પ્રશ્નોમાં વેપારીઓને સલાહ

સૂચના આપતા નથી તેથી શાસ્ત્ર અને વ્યવહારનો જેવો સુમેળ સધાવો જોઈએ તેવો હિંદમાં સાધી શકાયો નથી.

મુંબઈ ઇલાકામાં આ ખોટ પ્રમાણમાં પુરાવા લાગી છે. પ્રો. હાજી, પ્રો. શાહ, પ્રો. સૂબેદાર, પ્રો. વકીલ જીવંત પ્રશ્નોમાં પ્રજાને દોરવા પ્રયત્ન કરે છે અને તે પ્રમાણમાં મુંબઈ ઇલાકાના વેપારીઓ કે કારખાનદારો બીજા ઇલાકા કરતાં વધારે વ્યવસ્થિત અને વધારે અગમચેતીવાળા છે એમ દરેકને કબૂલ કરવું પડે છે.

ઓટાવાના કરાર

પણ હિંદુસ્તાન ઔદ્યોગિક કે વેપારી ખિલાવટ કરવાના સંકલ્પ કરે, પ્રયત્ન કરે તે પહેલાં ગ્રેટબ્રિટને તો પોતાના હાથમાંથી સરી જતી વેપારી સત્તા જમાવવા અનેક પાસાઓ સામ્રાજ્યને એકતંત્રિત રાખવાના ઓઠા તળે ફેંકવા માંડ્યા છે.

હિંદુસ્તાનનો વેપાર યુરોપના બીજા દેશો કે યુનાઈટેડ સ્ટેટ્સ સાથે વધારે ખેડાતો બંધ થાય અને હિંદુસ્તાનની દૂઝણી ગાયનો વેપારી ઇજારો ગ્રેટબ્રિટનના જ હાથમાં રહે એ માટે ઓટાવામાં કોલકરાર કરવામાં આવ્યા છે.

ઓટાવાના કોલકરારથી હિંદને કેટલું નુકસાન વેઠવું પડે છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે તે માટે, હિંદનો ગ્રેટબ્રિટન અને બીજા દેશો સાથે કેટકેટલા પ્રમાણમાં યા કેટકેટલા રૂપિયાનો વેપાર ખેડાય છે એ જાણવાની જરૂર છે.

૧૯૩૨–૩૩માં ગ્રેટબ્રિટનમાંથી હિંદમાં આયાત, ૪૯ કરોડ રૂપિયાની અને હિંદમાંથી ગ્રેટબ્રિટનમાં નિકાસ ૩૮ કરોડ

રૂપિયાની થઈ હતી. મહાયુદ્ધ પહેલાંના વરસોમાં પરદેશી દરિયાઈ વેપારના ૪૦ ટકા હિંદનો વેપાર એકલા ગ્રેટબ્રિટન સાથે થતો હતો તે ઘટીને હવે ૩૨ ટકા થઈ ગયો છે. તેમજ બ્રિટિશ સામ્રાજ્ય સાથે યુદ્ધ પહેલાં જે ૫૫ ટકા હિંદનો વેપાર ચાલતો હતો તે ઘટીને હવે ૪૫ ટકા થઈ ગયો છે.

બ્રિટનનો પક્ષપાત

આમાં ખૂબી તો એ જાણવાની છે કે, ગ્રેટબ્રિટનને હિંદમાં માલ વેચવાનું ઠીક પરવડે છે તે માટે હિંદનાં બજાર પોતાના હાથ તળે રાખવા ઇચ્છે છે; જ્યારે હિંદનો માલ ઇંગ્લંડને લેવો બહુ પરવડતો નથી તેથી હિંદુસ્તાનમાંથી માલ ખરીદવાને બદલે કૅનેડા, દક્ષિણ આફ્રિકા યા યુનાઈટેડ-સ્ટેટ્સ ઑફ અમેરિકામાંથી ઇંગ્લંડ વધારે પ્રમાણમાં ખરીદે છે.

દાખલા તરીકે ૧૯૩૨માં જ ઇંગ્લંડે

હિંદુસ્તાનમાંથી	૩૨૦ લાખ પાઉન્ડ
કૅનેડામાંથી	૪૩૦ ,, ,,
ઑસ્ટ્રેલિયામાંથી	૪૬૦ ,, ,,
યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાંથી	૮૪૦ ,, ,,

નો માલ ખરીદ્યો હતો એટલે કે ઓછામાં ઓછો માલ હિંદમાંથી ઇંગ્લંડે ખરીદ્યો હતો, અને એ જ વરસમાં વધારેમાં વધારે તૈયાર માલ (૩૬૦ લાખ પાઉન્ડનો) હિંદુસ્તાન પર ઇંગ્લંડે લાદ્યો હતો, અને અમેરિકા, કૅનેડા કે ઑસ્ટ્રેલિયામાં હિંદ કરતાં અડધો માલ પણ ઇંગ્લંડનો ખપ્યો નહોતો.

જપાન, ફ્રાન્સ, જર્મની, બેલ્જિયમ સાથે હિંદનો વેપાર સાનુકૂળ છે, એટલે કે તે દેશો હિંદુસ્તાનમાં પોતાનો માલ જે પ્રમાણમાં ખપાવે છે તે કરતાં વધારે હિંદી માલ તેઓ ઉપાડે છે. એથી એ દેશો સાથે હિંદને વેપાર કરવો વધારે પાલવે તેમ છે. પણ ત્યાં બ્રિટિશ રાજ્યે, પોતાની સાર્વભૌમ સત્તાને જોરે સામ્રાંજ્ય બહારના દેશો સાથે થતા આયાત નિકાસના વેપાર પર સખ્ત રક્ષક જકાત નાંખીને વચમાં પથરો નાખેલ છે.

જપાનનો સામનો

સામ્રાજ્યના માલ પર પક્ષપાતની નીતિ ગ્રહણ કરવામાં આવી. અને તેથી જપાની માલ પર ૭૫ ટકા જકાત પડી. આનો સામનો જપાન બળિયું હોવાથી તરત કરી શક્યું. જપાને હિંદનું રૂ લેવાનું સદંતર બંધ કરવાની ઘોષણા કરી. તેથી, હિંદુસ્તાનના રૂના ભાવ એકદમ ગગડી ગયા, વચલા દલાલો–વેપારીઓ–ગભરાયા, ને હિંદને નામોશી લગાડે એવા કરાર હિંદી સરકારને જપાન સાથે કરવા પડ્યા — કે, જો જપાન હિંદમાંથી ૧૫ લાખ રૂની ગાંસડી ખરીદે તો જપાનનું ૪૦ કરોડ વાર સુતરાઉ કાપડ હિંદમાં, સામ્રાજ્યના માલની માફક, આવી શકે.

હિંદનું રૂ લેંકેશાયર વધારે પ્રમાણમાં ખરીદે તો લેંકેશાયરના અમુક જાતના કાપડની આયાત પર ખાસ જકાતના દર અમુક સમય માટે ઘટાડવામાં આવશે એવા કબાલા હિંદ અને લેંકેશાયર વચ્ચે પણ હમણાં જ કરવામાં આવેલા છે.

કોલકરારના કાળા ડાઘ

લૅંકેશાયર અને જપાન સાથેના બંને કબાલા હિંદને ભારે લાંછન યા કાળા ડાઘ સમાન છે. કારણકે,

૧. હિંદ ધારે તો હિંદમાંથી પોતાનાં ખપપૂરતાં કપડાં મિલ યા રેંટિયા અને હાથસાળ વતી પેદા કરી શકે તેમ છે.

૨. માલ ન ખપવાને કારણે મુંબઈની મિલોને તાળાં વાસવાં પડયાં છે એ સ્થિતિમાં પગભર થતા કાપડના ઉદ્યોગ પર, ઉપરના કબાલાથી સખત ફટકો પડેલો છે.

૩. જો લૅંકેશાયર કે જપાનથી કરોડો વાર કાપડ આવતું બંધ થયું હોત તો હિંદમાં આજે જે કામ વિનાના ચાર કરોડ માણસ બેકાર થઈ પડયા છે તેમને કામ મળત. એ કામ એટલે રોટલો ઉપરના કબાલાએ હિંદ પાસેથી ઝૂંટવી લીધેલ છે.

૪. જો રૂની ઘરાકી પરદેશની બંધ થઈ જાત તો રૂ સસ્તું પડવાથી રૂ ઉત્પન્ન કરનારા ખેડૂતો જ રૂ સંઘરીને પોતે જ કાંતી પીંજી ગામમાં ખાદી વણાવી લેત.

અગર હાલ જે હિંદુસ્તાનમાં ખપજોગું પૂરતું અનાજ ઉગાડવામાં નથી આવતું તે અનાજ, રૂને બદલે ઉગાડવામાં આવત, ને પેટનો ખાડો પુરાત.

પણ આ મહત્ત્વના વિચારો, હિંદને આર્થિક પારતંત્ર્યમાંથી ઊઠવા દેવાનો જે પ્રજાનો નેમ નથી તેને ન જ આવે એ સ્વાભાવિક છે.

બાકી, હિંદનો વેપાર ખરેખર ખીલવવો હોય તો બીજી નાની મોટી વાત છોડી, જેમ બીજા સ્વતંત્ર દેશો કરે છે તેમ, એક જ ધડાકે જે વસ્તુઓ બહારથી મંગાવ્યા

વગર છૂટકો નથી તે સિવાયની બધી વસ્તુઓ હિંદમાંથી જ પેદા કરાવવાનો સંકલ્પ સેવીને યોજના ઘડી કાઢવી જોઈએ. પરદેશી માલ સ્વદેશી માલની હરોળમાં ન ઊભી શકે તે ખાતર પરદેશી ચીજો પર ભારે જકાત નાંખવી જોઈએ જેથી કાપડનો ઉદ્યોગ તો શું પણ લોઢું અને પોલાદ* જેવા બીજા નાના મોટા ઉદ્યોગ પણ સહેજે પગભર થઈ શકે.

કાઠિયાવાડનો બંદરી વેપાર

બંધનકારી સખત જકાત પરદેશી માલ પર નાખવાની હિમાયત કરતાં કાઠિયાવાડના બંદરોનો ચાલુ ઇતિહાસ નજર આગળ ખડો થઈ જાય છે.

ખાંડના ઉદ્યોગને ટેકો આપવા બ્રિટિશ હિંદમાં ૧૫૦ ટકા જકાત લેવામાં આવે છે. તે જકાતનો લાભ લેવા ચોપડામાં અનેક ગોટાળા થવા લાગ્યા છે એમ સાંભળ્યું છે. આ ગોટાળા અને છળકપટ કરનારાઓ પોતાના નાનકડા સ્વાર્થ સારુ ઘોર કર્મ કરી રહ્યા છે એમ કહેવું જોઈએ.

એકલા ખાંડની ભારે જકાતને કારણે કાઠિયાવાડનાં બંદરમાં આટલી રમતો રમાય છે તો જ્યારે દેશમાં સાર્વત્રિક રક્ષક જકાત નાખવામાં આવે ત્યારે તેનો દુરુપયોગ કાઠિયાવાડનાં કે બીજાં દેશી રાજ્યોના બંદરો કરે તો તેનું પરિણામ દેશી રાજ્ય માટે ભૂડું જ આવે, ને તમામ બંદરોનું તંત્ર બ્રિટિશના હાથમાં વહેલુંમોડું જઈને પડે તો નવાઈ નહિ.

---

* હિંદુસ્તાનમાં હાલ પાંચ લાખ ટન પોલાદ તૈયાર થાય છે. અને દશ લાખ ટન બહારથી મંગાવવું પડે છે. લોઢું બનાવવાની શક્યતા હિંદમાં કેટલી છે તે આપણે આગળ જોઈ ગયા છીએ.

નાણાંપ્રકરણ

"ઉદ્યોગી મિલવાળા શહેરોમાં ધનના ઢગલા ખડકાય, ભીડવાળાં બજારોમાં ખરીદ અને વેચાણ ચાલે તથા સટ્ટા ખેલાય, ડક્કાઓ ઉપર માલ ચડઊતર થાય, લાખો સિપાઈઓ — આપણી શાંતિ અને વ્યવસ્થાના રક્ષકો — રણશિંગડાં વગાડતા ધુમાધુમ કરે; આસ્ફાલ્ટના રસ્તા, ઘમઘમ કરતી મોટરગાડીઓ અને ભુખભુખ કરતી રેલગાડીઓ! પણ આ બધું ૭ લાખ ગામડાંમાં વસતાં આપણાં ૯૦ ટકા ભાઈ-બહેનોને શા ખપનું! એ તો ગરીબાઈથી ઘેરાયેલાં છે, અને તેને પરિણામે નં પજતાં અજ્ઞાન, અશક્તિ તથા રોગથી તેમનાં જીવન ઝેર જેવાં થઈ ગયેલાં છે." —ઘાસવાળા

આપણે હિંદુસ્તાનમાં ખેતી, હુન્નરઉદ્યોગ, વેપાર-ધંધાની ચડતી પડતી કેવી રીતે થઈ રહેલી છે તેનું સિંહાવલોકન આગલા પ્રકરણોમાં કરી ગયા છીએ. પણ હિંદુસ્તાનનો સમગ્ર ખ્યાલ સંપૂર્ણપણે આવી શકે તે માટે હિંદની નાણાંપ્રકરણી સ્થિતિ કેવી છે એટલે કે હિંદુસ્તાન પર કેટલા કરોડનું દેવું છે, તે દેવું ઉત્પાદક છે કે

અનુત્પાદક, હિંદમાં કેટલા કરોડ રૂપિયાની આવક કયાં કયાં ખાતાંઓમાંથી થાય છે, અને કેટલા કરોડ રૂપિયાનું ખર્ચ કયા કયા વિભાગોમાં થાય છે, હિંદુસ્તાનની કુલ દોલત કેટલી અને તેના પર કરનો બોજો કેટલો છે, વગેરે જાણવાની જરૂર રહે છે.

હિંદનું નાણાંપ્રકરણ સમજવા માટે અનેક થોથાં ઉથલાવીએ તો પણ આમવર્ગને તેનું ખરું જ્ઞાન સ્પષ્ટ રીતે થઈ ન શકે એવું નાણાશાસ્ત્ર અંગ્રેજ સરકારે જટિલ કરી મૂક્યું છે. તેથી અહીં બધા સામાન્ય કોટિના અભ્યાસીઓ સમજી શકે એવી મોટી મોટી વાતોનો જ ઉલ્લેખ કરવાનું યોગ્ય ધાર્યું છે.

હિંદી નાણાશાસ્ત્રની ખાસિયતો

હિંદનાં નાણાંપ્રકરણની ગૂંચ સમજવા માટે પ્રથમ આટલું તો સૌ કોઈએ સમજી લેવું ઘટે છે:

૧. હિંદુસ્તાનમાં બ્રિટિશ સામ્રાજ્યની હકૂમત વર્તતી હોવાથી, હિંદુસ્તાનનો સર્વ રાજકારભાર હિંદના હિતની દૃષ્ટિ કરતાં બ્રિટિશ લોકોના હિતની દૃષ્ટિએ ચલાવવામાં આવે છે

૨. જેની પાસે તિજોરીની ચાવી રહેતી હોય તેની સત્તા ઘરમાં વધારે ચાલે છે. હિંદુસ્તાનની તિજોરીની ચાવી હિંદમાં ન રહેતાં લંડનમાં રહે છે. હિંદ વતી નાણાંને લગતી અનેક પ્રકારની ઊથલપાથલો લંડનમાં બેઠાં બેઠાં હિંદી પ્રધાન, હિંદુસ્તાન વતી કરે છે. કરોડો રૂપિયાની મોંઘા વ્યાજની લોન હિંદી પ્રધાન, હિંદી ધારાસભાઓને

પૂછ્યાગાછ્યા વિના, હિંદુસ્તાનના કહેવાતા અભ્યુદય માટે ઊભી કરે છે. રૂપિયા ને પાઉન્ડ વચ્ચેનું પ્રમાણ નક્કી કરવાની સત્તા હિંદી પ્રધાને પોતાના જ હાથમાં રાખેલી હોવાથી, જ્યારે ધારે ત્યારે લાખો રૂપિયા કલમના ગોદાથી જ હિંદ પાસેથી તે કઢાવી શકે છે. માત્ર આપણા પરદેશ સામેના વેપારમાં, અર્થાત્ દેશમાં ઊપજતો કાચો માલ અને બીજી નિકાસ પેદા કરનાર ખેડૂતને સરકારની ચલણ-નીતિથી ૧૮૯૩ થી ૧૯૩૦ સુધીના ૩૭ વર્ષમાં પ્રો. શાહની ગણતરી પ્રમાણે ૧૭૦૦ કરોડ રૂ. જેટલું નુકસાન થયું છે.

૩. ઇંગ્લંડને પોતાનો માલ ખપાવવા માટે બજારની જરૂર પડે છે તેથી, વિલાયતી માલ હિંદુસ્તાનમાં ભારપટ્ટે ઊતરે છતાં સ્વદેશી માલને જ ઉત્તેજન મળવા લાગે એવી સ્થિતિ હિંદમાં ઊભી ન થવા પામે તે માટે, બ્રિટન તનતોડ પ્રયત્ન કરશે જ.

અદૃશ્ય આયાત નિકાસ

૪. હિંદુસ્તાનમાં કેટલીક આયાત નિકાસ જાણી શકાય એવી થાય છે અને કેટલીક આયાત નિકાસ ન જાણી શકાય તેવી પણ થાય છે. પરદેશીઓએ હિંદના ઉદ્યોગધંધા ખીલવવાને બહાને જે મોટી મૂડી હિંદી વેપારીઓની સાથે મળીને કે સ્વતંત્ર રહીને રોકેલ છે તેના ચોક્કસ આંકડા સરકાર રાખતી નથી. તેથી વરસની આખરે હિંદુસ્તાનને માલની લેવડદેવડમાં યા માલની ઉત્પન્નમાં ચોખ્ખો નફો કેટલો થયો તે કળી શકાતું નથી.

હિંદુસ્તાનની ખંડણી

૫. હિંદુસ્તાન બ્રિટિશ સરકારને ખંડણી ભરતું નથી એમ કહેવાય છે. પણ ખંડણીને ટપાવી દે એવી આબાદ રીતે હિંદી સરકારે લશ્કરી અને મુલકી તંત્રની જાળ ગોઠવી છે કે, તેથી દર વરસે કરોડો રૂપિયા તંત્રવ્યવસ્થા યા રક્ષણને નામે અંગ્રેજો ઢસડી જાય છે. હિંદુસ્તાન જેટલું મોટું લશ્કરી ખર્ચ દુનિયામાં કોઈ પણ દેશ કરતો નથી. વડી સરકારની કુલ આવકના ૫૦ ટકા ને કેટલીક વાર તો ૭૫ ટકા સુધી લશ્કરી ખર્ચમાં જાય છે.* બાકીના પૈસા

*દુનિયામાં સૌથી ગરીબમાં ગરીબ દેશ હિંદ છે અને લશ્કરનું વધારેમાં વધારે ખર્ચ આવકના પ્રમાણમાં હિંદમાં જ ખરચાય છે. તેની પ્રો. શાહે નીચે પ્રમાણે ગણતરી કરેલ છે.

લશ્કરી ખર્ચમાં આવકના કેટલા ટકા વપરાય છે.

હિંદ	૬૩.૮	ટકા.	કૅનેડા	૨૪	ટકા.
બ્રિટન	૫૩.૭	,,	ફ્રાન્સ	૨૦	,,
જપાન	૪૯	,,	સ્પેન	૧૭.૬	,,
ઑસ્ટ્રેલિયા	૪૮.૨	,,	ઈટલી	૧૭.૩	,,
અમેરિકા	૩૮.૨	,,			

લશ્કરી ખર્ચનો બોજો અંગ્રેજ સરકારે ધીમે ધીમે કેટલો વધાર્યો છે તે નીચેના આંકડા પરથી સમજાશે.

૧૮૫૭માં	૧૩	કરોડ રૂપિયા	લશ્કરી ખર્ચ	હતું.
૧૯૦૦માં	૨૩	,,	,,	,,
૧૯૨૦માં	૮૭	,,	,,	,,
૧૯૨૯માં	૫૫	,,	,,	,,
૧૯૩૩માં	૫૦	,,	,,	,,

૯

વાઇસરૉય, ગવર્નર, કમિશ્નર, અને સિવિલિયનોના મોટા પગાર અને પેન્શન આપવામાં તણાઈ જતા હોવાથી હિંદુસ્તાનના ઉદ્યોગધંધા વિકસાવવા, હિંદુસ્તાનમાં અક્ષરજ્ઞાનનો પ્રચાર કરવા કે રોગચાળા નાબૂદ કરવા, ટૂંકમાં દેશની આર્થિક તેમજ સાંસ્કૃતિક સ્થિતિ સુધારવા માટે ભારેમાં ભારે કરનો બોજો નાખ્યા બાદ પણ હિંદુસ્તાનની તિજોરીમાં પૈસા નથી એવું કબૂલ કરતાં અંગ્રેજોને આંચકો નથી આવતો. પરિણામે જે દેશની આવક બસો વરસ પહેલાં યુરોપના કોઈ પણ રાજ્ય કરતાં વધારેમાં વધારે હતી, તે દેશમાં આજે ભૂખમરો વર્તી રહેલ છે.

૧૮૩૩માં પાર્લમેંટમાં કહેવામાં આવ્યું હતું, "હિંદુસ્તાન એક એવો દેશ છે કે જેની ચોખ્ખી આવક ફ્રાન્સ સિવાય દુનિયાના કોઈ પણ દેશની આવક કરતાં વધારે છે."

આ લશ્કરી ખર્ચના આંકડામાં લશ્કરી રેલવેનો, સામ્રાજ્યના હિત ખાતર ખેડાયેલ યુદ્ધોના દેવાનાં વ્યાજ ઇત્યાદિ બીજી રકમોનો—લશ્કરને કારણે જ ખરચાયેલ—રકમોનો ઉમેરો કરવામાં આવે તો હિંદુસ્તાનને લશ્કરી ખર્ચ ૫૦ કે ૫૫ કરોડ નહિ પણ ૮૩ કરોડ જેટલું એટલે કુલ ઊપજના ૬૦ ટકા કરતાંયે વધારે, થવા જાય છે.

"હિંદુસ્તાનમાંના લશ્કરનો મોટો ભાગ—અર્ધો તો નક્કી સામ્રાજ્યને માટે છે, ને એની આપણને હિંદુસ્તાનને માટે નહિ પણ બીજે કારણે જરૂર છે એટલે એનું ખર્ચ ઇંગ્લંડે આપવું જોઈએ, નહિ કે હિંદુસ્તાને." —રામસે મેકડોનલ્ડ

આજે ગ્રેટબ્રિટનની આવક હિંદુસ્તાન કરતાં પાંચગણી વધારે છે.

હિંદનું કરજ

હિંદુસ્તાનમાં આવક બીજા દેશોના પ્રમાણમાં વધી શકી નથી. કારણકે હિંદના ઉદ્યોગધંધા અંગ્રેજ રાજની સ્થાપના પછી પડી ભાગ્યા છે. આવક તો એટલી ને એટલી રહી છે ને કરજનો બોજો હિંદ, બ્રિટિશ સામ્રાજ્યનું અંગ હોવાને કારણે, બ્રિટિશ સામ્રાજ્યને બચાવવા માટે જ, બેહદ ભોગવે છે.

૧૯૦૦ની સાલમાં હિંદ પર જે માત્ર ૩૦૭ કરોડ રૂપિયાનું કરજ હતું તે ૧૯૩૪માં (મહાયુદ્ધ, અને બીજી સરહદી લડાઈઓને કારણે) ૧૨૧૦ કરોડ રૂપિયાનું થઈ ગયું છે.

આ કહેવાતું દેવું હિંદ પર ખોટી રીતે લાદવામાં આવ્યું છે. ઓછામાં ઓછા ૭૨૯ કરોડ રૂપિયા તો બ્રિટિશ સરકારે હિંદને પાછા આપવા જ જોઈએ, એ અનેક પુરાવા આપીને, મહાસભા તરફથી નિમાયેલ બહાદુરજી સમિતિએ સાબિત કરી આપેલ છે.

હિંદી સરકારનું જમાખર્ચ

પણ આ સંબંધી ચર્ચામાં ઊતર્યા પહેલાં હિંદુસ્તાનના ચોપડામાં જમાખર્ચ શું થાય છે તેના આંકડા તપાસીએ.

૧૯૧૯ના મોરલીમિન્ટોના સુધારા બાદ, વડી સરકાર, અને પ્રાંતીય સરકારનાં આવકનાં ખાતાંઓ અલગ પાડવામાં આવ્યાં છે.

હાલ હિંદુસ્તાનમાં નીચેની ચાર સત્તા, જુદી જુદી રીતે પ્રજા પાસેથી રાજતંત્ર ચલાવવા, કરવેરા ઉઘરાવે છે.

વડી સરકાર, પ્રાંતીય સરકાર, મ્યુનિસિપાલિટી લોકલડિસ્ટ્રિક્ટ બોર્ડ અને પોર્ટટ્રસ્ટ.

હિંદી બજેટ

૧૯૩૩–૩૪માં વડી સરકારની આવક–જાવકનું સુધારેલ બજેટ નીચે પ્રમાણે મંજૂર કરવામાં આવ્યું હતું:

હિંદી સરકારની આવક

જકાત	૪૬,૮૭	લાખ	રૂા.
આવકવેરો	૧૭,૧૩	,,	,,
અફીણ	૧,૫૯	,,	,,
રેલવે	૦,૦૦	,,	,,
ટંકશાળ નાણાંચલણ	૧,૨૩	,,	,,
બીજી આવક	૫,૫૧	,,	,,
કુલ	૮૦,૮૮	લાખ	રૂા.

હિંદી સરકારનું ખર્ચ

લશ્કરી ખર્ચ	૪૪,૪૨	લાખ	રૂા.
કરજનું વ્યાજ	૯,૬૬	,,	,,
રાજના અમલદારોનું નોકરોનું ખર્ચ	૯,૫૮	,,	,,
સિવિલ વર્ક્સ સુધારાનાં મકાનને લગતાં ખર્ચ	૨,૦૭	,,	,,

બીજાં પ્રત્યક્ષ ખર્ચ	૩,૫૮	,,	,,
પરચૂરણ ખર્ચ	૭,૨૮	,,	,,
કુલ	૭૬,૫૯	લાખ	રૂ.
કરજની ભરપાઈ	૩,૦૦	,,	,,
	૭૯,૫૯	લાખ	રૂ.

એક કરોડ ને ૨૯ લાખ રૂપિયા બચત રહેશે એવું અનુમાન કરવામાં આવ્યું હતું.

હિંદુસ્તાનનું બજેટ ધારણા મુજબ પાર પડશે કે કેમ તેનો આધાર વરસ સારું થશે કે નરસું તે પર રહેતો હોવાથી એક ખજાનચીએ કહ્યું હતું કે હિંદુસ્તાનનું બજેટ સાચે જ વાદળાનો જુગાર – ખેલ – છે.

૧૯૨૧ પછીનાં બાર વરસોમાં બજેટ મુજબ તો ૫૨.૫ કરોડ રૂપિયાની ખોટ આવશે એવો અડસટ્ટો કરવામાં આવ્યો હતો પણ પરિણામે ખોટને બદલે ૧૦ કરોડ રૂપિયા વધારે આવક થઈ હતી.

મહાયુદ્ધ પહેલાં ને યુદ્ધ દરમિયાનનાં વરસોમાં બજેટનાં બે પાસાં ઠીક ઠીક મળતાં હતાં, પણ મહાયુદ્ધ બાદ લાગલાગટ ત્રણ વરસ સુધી હિંદી સરકારને નાણાંભીડ સખત રહી હતી. કારણ કે અફગાન યુદ્ધ અને સરહદ પરના હલ્લાઓનો સામનો કરવો હિંદને ભારે થઈ પડ્યો હતો. આ લડાઈઓમાં હિંદુસ્તાનના ૧૦૦ કરોડ રૂપિયાનું આંધણ થઈ ગયું હતું. એટલા રૂપિયા કર નાખીને તો કોઈ રીતે

પ્રજા પાસેથી કઢાવી શકાય તેમ ન હોવાથી નવી લોન સરકારે ઊભી કરી હતી.

પ્રાંતીય સરકારની મર્યાદાઓ

પ્રાંતીય સરકારની મુખ્ય આવક જમીનમહેસૂલ, દારૂ, તથા ખતદસ્તાવેજના સ્ટાંપમાંથી જ થતી હોવાથી અને આ ત્રણે ચીજો પર બેહદ કર લદાયેલ હોવાથી, વધુ ઉત્પન્ન કોઈ રીતે પ્રાંતની ખિલવણી માટે કરી શકે તેવી સગવડ હિંદી સરકારે ઇલાકાઓ યા પ્રાંતો પાસે રહેવા દીધી નથી. મહેસૂલમાં વધારો કરવામાં આવે તો અધભૂખે મરતા ખેડૂતો વધારે ભૂખભેગા થાય. કોઈ પણ પ્રગતિમાન દેશમાં દારૂની આવક તો સદંતર બંધ થવી જોઈએ. તેને બદલે પ્રાંતીય સરકાર દારૂનું ઉત્પન્ન વધારવા લોકોને દારૂડિયા બનાવવા પ્રયત્ન કરે તો તે રાજ્ય નિંદાપાત્ર જ ગણાય. સરકારી સ્ટાંપનું વેચાણ તો જો પ્રજામાં કજિયા કંકાસ વધે, અને કચેરી ચડવાનો નાદ વધે તો જ વધારી શકાય.

એટલે ટૂંકમાં પ્રાંતિક સરકારની આવકની મર્યાદા બંધાઈ ચૂકી છે. તેથી ઘણાં જરૂરનાં કામો પૈસા વિના ખીલવી શકાતાં નથી.

બંગાળાની સરકાર એટલા જ માટે માગણી કરે છે કે, શણના ઉત્પન્ન, તથા વેપારમાં આડકતરી રીતે હિંદી સરકારને કમાણી થાય છે, તેમાંથી બંગાળાને હિસ્સો મળવો જોઈએ.

પ્રાંતોની ખિલવણી માટે વડી સરકાર પ્રાંતોને કશું આપતી નથી, એટલું જ નહિ પણ, મેસ્ટનની યોજના

પ્રમાણે, ૧૯૨૮ ની સાલ સુધી મોટા પ્રાંતોને ૧૦ કરોડ રૂપિયા વડી સરકારને દર સાલ ભરવા પડતા હતા.

પ્રાંતિય સરકારનાં દેવાં

પ્રાંતીય સરકારોની કુલ આવક ૧૯૩૨-૩૩ માં ૮૪ કરોડ ૬૭ લાખની થઈ હતી.

તેમાંથી ૩૩ કરોડ જમીન મહેસૂલના
૧૪ ,, દારૂ
૧૨ ,, સરકારી ટિકિટના ઉત્પન્ન થયા હતા. આ આવકમાંથી પર કરોડ રૂપિયા તો માત્ર મુલકી વ્યવહાર ચલાવનારા નોકર તથા અમલદાર વર્ગના પગારમાં ઊડી ગયા હતા.

ટૂંકમાં પ્રાંતિક સરકારના આવક ખર્ચના બે ટાંટિયા કદી મળતા ન હોવાથી ૧૯૨૧ બાદ અત્યાર સુધીમાં પ્રાંતીક સરકારોને કુલ ૨૩ કરોડ રૂપિયાની ખાધ લાગી છે. આ ખોટ પૂરી કરવા માટે પ્રાંતિક સરકારોને પણ લોન ઊભી કરવી પડી છે. બીજા શબ્દોમાં કહીએ તો પ્રાંતિક સરકારોને પોતાનું ચાલુ ખરચ નિભાવવા માટે કરજ કરવું પડે છે.

પણ જ્યાં લોકોનો હાથ હમેશાં ભીડમાં રહેતો હોય, ખાવાના પણ સાંસા પડતા હોય ત્યાં વધારે કર નાખવા જાય તો લોકોનો વિરોધ જાગે. એવી ભીતી રહેતી હોવાથી હાલ તો થીંગડાં દઈ દઈને પ્રાંતોનો વહીવટ ચાલે છે.

મ્યુનિસિપાલિટીઓ

હિંદુસ્તાનમાં કુલ ૭૮૧ નાની મોટી મ્યુનિસિપાલિટીઓ છે. મ્યુનિસિપાલિટીઓ મકાન, જમીન, ગાડીઓના કર,

રસ્તાના ટોલ, તથા પોતાની હદમાં પેસતા બહારના માલ પર જકાત નાખી પોતાનો વ્યવહાર ચલાવે છે. હિંદમાં ગામડાં ભાંગી ભાંગીને શહેર બંધાતાં જતાં હોવાથી મ્યુનિસિપાલિટીની આવક ૧૯૧૯–૨૦માં જે ૧૧ાા કરોડ રૂ. હતી તે ૧૯૩૦–૩૧માં વધીને ૩૬ાા કરોડ રૂ. થઈ ગઈ છે.

લોકલબોર્ડો

લોકલ અને જિલ્લાબોર્ડની મોટી કમાણી જમીન મહેસૂલ ઉપર રૂપિયે એક આનો જે લેવામાં આવે છે તેમાંથી થાય છે. આવી આવક ૧૯૩૦–૩૧માં પ્રાંત પંચાયતને ૧૬.૩૭ લાખ રૂપિયા થઈ હતી; આ સોળ કરોડ રૂ. ની પેદાશમાંથી ગામડાંમાં રહેતી લગભગ ૨૪ કરોડ માણસની વસ્તીની પ્રાથમિક કેળવણી, જનસુખાકારી, દવા, રસ્તા સુધરાઈ, વગેરે અગત્યનાં કામો કરવાનાં હોય છે. ટૂંકામાં જીવનની મોટી જરૂરિયાતોને પહોંચી વળવા માટે ગ્રામ, તાલુકા ને પ્રાંત પંચાયતો સ્થાપવામાં આવેલ છે. સ્થાનિક સ્વરાજ પણ લૉર્ડ રિપનના વખતથી હિંદને થોડું-ઘણું મળેલ છે પણ સ્થાનિક સ્વરાજ ભોગવતાં છતાં હિંદનાં ગામડાંમાં પૈસાના અભાવે દવા યા કેળવણીની નજીવી જ વ્યવસ્થા કરી શકાય છે. *

---

* બ્રિટિશ હિંદમાં દવાખાનાની કુલ સંખ્યા ૩૯૭૨ છે, તેમાંથીયે ખાનગી મદદથી ચાલતાં દવાખાનાં ૨૯૨૦ છે.

એટલે કે એક દવાખાનું ૨૭૫ ચોરસ માઈલના વિસ્તારમાં ૬૦ હજાર માણસની વસ્તીમાં કાઢવામાં આવેલ છે.

૧૯૩૫ના ઑગસ્ટ માસમાં રાજકોટથી પાંચ ગાઉ દૂર આવેલ રાવકી ગામમાં ટાઈફોઈડ તાવે કેર વર્તાવેલો, તેની તપાસ કરવા

માણસ દીઠ જ્યાં, કેળવણી, દવા, સફાઈ, જનસુખાકારી, ગામડાંના રસ્તા, બાંધકામ યા સમારકામ માટે, વરસે પૂરા બે રૂપિયા પણ ન ખરચાતા હોય ત્યાં હિંદુસ્તાનમાં બાળમરણનું પ્રમાણ મોટું હોય, આયુષ્ય-મર્યાદા બીજા કોઈ પણ દેશ કરતાં ટૂંકામાં ટૂંકી હોય, તેમાં શી નવાઈ છે ?

જપાન ગ્રામ–સુધારણા પાછળ ૨૨૯ કરોડ રૂપિયા (માણસ દીઠ ૩૬ રૂપિયા) ખરચે છે અને અમેરિકા ૩,૪૬૮ કરોડ રૂ. (જણથીઠ ૧૫૦ રૂપિયા) ખરચે છે

રેલવે કંપનીઓ

પ્રાંતિક સરકાર, મ્યુનિસિપાલિટી કે લોકલબોર્ડની કુલ આવક કરતાં વધારે અને વડી સરકારની આવક જેટલી રકમ એકલી હિંદી રેલવે કંપનીઓમાંથી સરકારને મળે છે.

વડી ધારાસભાની લાચારી

૧૯૨૯–૩૦ માં સરકારી રેલવેના વહીવટમાંથી કુલ ૧૦૩ કરોડ રૂપિયા જ ઊપજ્યા હતા. પણ આ

ગયો હતો. ચારસો માણસની વસ્તીમાં ૫૦ માણસો તાવને લીધે ખાટલે પડ્યા હતા. ઝેરી તાવને લીધે ૨૦ માણસો તો મરણ પામ્યા હતા. પણ રાજકોટથી કોઈ આ ગામડાની ધા સાંભળવા બહાર આવતું નહિ. છેવટે એક વકીલે રાહત આપવા માટે સેવાસંઘના કાર્યકર્તાઓને મદદ કરી ત્યારે દવા પહોંચી શકી.

પણ આવાં કેટલાં ગામડાં ગુજરાત કાઠિયાવાડમાં અને આખા હિંદુસ્તાનમાં, યોગ્ય ઉપચાર વિના રિબાતાં હશે તેની આ ઉપરથી કલ્પના થઈ શકે છે.

આવકનો ઉપયોગ કઈ રીતે કરવો જોઈએ, મોટા હોદ્દા અંગ્રેજોના જ હાથમાં ન રહેતાં હિંદીઓને તેમાં હિસ્સો મળવો જોઈએ અગર રેલવેનો સામાન કરોડો રૂપિયાનો વિલાયતથી ન ખરીદતાં હિંદમાં બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ, અગર ત્રીજા વર્ગના ઉતારુઓને વધુ સગવડ આપવી જોઈએ, વગેરે પ્રશ્નો પર હિંદી વડી ધારાસભાનો કશો કાબૂ રહ્યો નથી. કરોડો રૂપિયાનો વહીવટ સ્વતંત્ર રીતે નિમાયેલ રેલવે બોર્ડ કર્યા કરે છે. તેમાં હિંદીઓનો જરા પણ અવાજ રહેલ નથી.

રેલવેની નાદાર સ્થિતિ

૧૯૨૫ પછી સ્વતંત્ર રેલવે બોર્ડની નિમણૂક કરવામાં આવી છે અને શરત મુજબ દર વરસે ૬ કરોડ રૂપિયા રેલવે બોર્ડ હિંદી સરકારને આપવા બંધાયેલ છે. આ શરત મુજબ ૪૨ કરોડ રૂપિયા રેલવે બોર્ડે આપ્યા પણ ખરા. પણ ૧૯૩૨–૩૩ પછી નક્કી થયેલ કરાર મુજબ ૬ કરોડ રૂપિયા પણ રેલવે બોર્ડ હિંદી તિજોરીમાં, વ્યાપારી મંદીને કારણે અને મોટરની હરીફાઈને લીધે, ભરી શકેલ નથી એટલું જ નહિ, પણ જે અત્યાર સુધી પાંચેક કરોડ રૂપિયાનું રેલવે બોર્ડે ભંડોળ ભેગું કર્યું હતું તે પણ ખલાસ થઈ ગયું છે. અને રોજનો વ્યવહાર ચલાવવા સારુ ટૂંકી મુદતની લોન ઊભી કરવી પડી છે.

૧૯૩૭ થી જે નવા સુધારા શરૂ થયા છે તેમાં રેલવે વહીવટમાં ધારાસભાનો જરા પણ અખત્યાર ન ચાલે એવી પાળ પાણી પહેલાંથી જ હોર સાહેબે બાંધી લીધી છે.

દેશી રાજ્યોના રંગઢંગ

હિંદુસ્તાનમાં ૫૬૩ દેશી રાજ્યો છે. આ રાજ્યોમાં એકધારો વહીવટ ચાલતો નથી, તેમાં મૈસૂર જેવું રાજ્ય કે જ્યાં રેલવે, વીજળી અને લોઢાકામને લીધે ઘણી ખિલાવટ થઈ શકી છે અને રાજ્ય તથા પ્રજા પ્રમાણમાં આર્થિક રીતે વધારે સુખી છે. તેવું રાજ્ય તથા પાંચમા ને સાતમા વર્ગનાં કાઠિયાવાડનાં રાજ્યો પણ આવે છે, કે જેની રૈયતનું સર્વસ્વ ચૂસી લેવામાં આવે છે. આવી સ્થિતિમાં દેશી રાજ્યોની એકઠી ચર્ચા કેમ કરી શકાય ?

૫૬૩ દેશી રાજ્યોમાંથી માત્ર ૩૦ રાજ્યોમાં કહેવાતી પણ ધારાસભાઓ છે અને ૫૬ રાજાઓએ પોતાના ખાનગી ખર્ચની રકમ મુકરર કરેલી હોય છે. બાકીના બીજા રાજાઓ મનસ્વી રીતે તંત્ર ચલાવ્યે જાય છે. *

કરનો અસહ્ય બોજો

૧૯૩૦–૩૧માં બ્રિટિશ હિંદુસ્તાનની કુલ આવક નીચે પ્રમાણે થઈ હતી.

વડી સરકાર	૧૨૪,૬૦	લાખ	રૂ.
પ્રાંતિક સરકારો	૮૩,૦૮	,,	,,
લોકલબોર્ડો	૫૩,૧૭	,,	,,
કુલ	૨૬૦,૮૫	,,	,,

* હોર છાપનું સ્વરાજ હિંદમાં સ્થાપવામાં આવશે, ત્યારે આ દેશી રાજાઓના પ્રતિનિધિઓ હિંદી સરકારના વહીવટમાં માથું મારી શકશે પણ તેમની રૈયતને વાણીસ્વાતંત્ર્ય કે સભાસ્વાતંત્ર્ય આપવા માટે હિંદીઓ કશું નહિ કરી શકે.

બ્રિટિશ હિંદુસ્તાનની વસ્તી ૨૭ કરોડ છે એટલે કે, માણસ દીઠ લગભગ ૧૦ રૂપિયા સરકાર કરના ઉઘરાવે છે.

બ્રિટિશ હિંદમાં માણસની વાર્ષિક આવક, આપણે આગલા પ્રકરણોમાં જોઈ ગયા મુજબ, માંડ ૫૦ રૂપિયા થાય છે. આ પચાસ રૂપિયામાંથી સરકાર પાંચમો ભાગ લઈ જાય છે. જો આટલી જૂજ — પેટપૂરતી પણ ન ગણાય તેવી — આવક બીજા દેશોમાં હોય તો ગરીબ માણસો પર સીધો કર કદી નાખવામાં જ ન આવે. ત્યારે હિંદમાં ગરીબોના કોળિયામાંથી જ ટુકડો પડાવી લેવા માટે મીઠાનો અળખામણો કર નાંખવામાં આવે છે.

પણ જ્યાં આવકના ૫૦ થી ૬૦ ટકા લશ્કરી ખર્ચમાં ઊડી જતા હોય અને જ્યાં ગોરા અમલદારોના પગાર, દુનિયામાં ધનવાનમાં ધનવાન દેશ પણ ન આપી શકે તેવડા મોટા અપાતા હોય ત્યાં સુધી આવી રીતે ગરીબોનું લોહી ચૂસ્યા વિના એકે આરો જ નથી એમ હિંદી પ્રધાન લૉર્ડ સૉલ્સબરીએ દાયકાઓ પહેલાં છચોક જાહેર કરેલ છે.

હિંદનું દેવું

હિંદ પર કુલ ૧૨૧૦ કરોડ રૂ. નું દેવું ૧૯૩૪ ના માર્ચની ૩૧ તારીખે હતું, જેમાંથી ૫૦૦ કરોડ પરદેશીઓનું અને ૭૦૦ કરોડ દેશનું છે. આ ૧૨૧૦ કરોડના દેવામાંથી ૯૭૮ કરોડ રૂપિયા એવા ઉત્પાદક કાર્યમાં રોકાયા છે કે જેનું નિયમસર વ્યાજ મળ્યા કરે છે, અને ૪૦ કરોડ રૂપિયાનું નગદ સોનુંરૂપું તિજોરીમાં સંઘરેલું છે. બાકી માત્ર ૨૦૦ કરોડ રૂ. જ એવા છે કે જે અનુત્પાદક કામમાં

ખરચાયેલા છે. એમ સરકારનો દાવો છે. પણ સરકારનો દાવો તદ્દન ખોટો છે કારણ કે:

રેલવે મૂડીનું જોખમ

૧. સરકારે જે પૈસા રેલવેમાં રોકયા છે તે બધાં નાણાં ઉત્પાદક કાર્યમાં રોકાયાં છે તેમ ન કહી શકાય. છેલ્લાં ત્રણ વરસથી રેલવેમાંથી કશો નફો થતો નથી એટલું જ નહિ, પણ મૂળ મૂડી ચવાવા લાગી છે. તે ઉપરાંત રેલવેના હિસાબ એવી રીતે રખાય છે કે ઘસારાના જે રૂપિયા દર વરસને અંતે માંડી વળાવા જોઇએ તે માંડી વાળવામાં આવતા નથી. એટલે હાલ તો રેલવેમાં નાખેલ મૂડી ઉત્પાદક ન કહી શકાય તે સાવ દીવા જેવું સ્પષ્ટ છે.

૨. ૨૦૦ કરોડ રૂપિયા જે હિંદી સરકારે પ્રાંતોને તથા દેશી રાજ્યોને ધીરેલા છે. તેના વ્યાજનાં નાણાં નિયમિત રીતે મળ્યે જાય છે. પણ એ રકમ જ્યાં સુધી પ્રાંતિક સરકારે કે રાજ્યે કોઈ ઉત્પાદક ધંધામાં રોકી છે એવું સાબિત ન થાય ત્યાં સુધી એ મૂડી તદ્દન સહીસલામત છે એમ ન કહી શકાય.

દેવાળિયા નીતિ

હમણાં હમણાં છેલ્લાં ત્રણેક વરસ થયાં હિંદુસ્તાનનું રાજતંત્ર દેવાળિયાની માફક ચાલે છે, ખર્ચ જેટલા પૈસા આવકમાંથી ન નીકળતા હોવાથી ટૂંકી મુદતની સરકાર લોન કાઢે છે અને એમ પોતાનો વ્યવહાર ચલાવ્યે રાખે છે.

નાણાંશાસ્ત્રના નક્કી થયેલ નિયમો મુજબ તો દેશની ઔદ્યોગિક યા આર્થિક સ્થિતિ સુધારવા, કે કોઈ મોટાં કારખાનાં અથવા સુખાકારીનાં કામો ખોલવા માટે રાજ્ય પ્રજાને નામે લોન ઊભી કરી દેવું કરી શકે. પણ હિંદુસ્તાનમાં તો નોકરશાહીનું તંત્ર ચાલતું હોવાથી, પારકે પૈસે દિવાળી એ ન્યાયે બધું હંકાતું હોવાથી, ઇંગ્લંડમાં બેઠો બેઠો હિંદી પ્રધાન હિંદને વટાવી જ્યારે જરૂર લાગે ત્યારે મનસ્વીપણે ઇંગ્લંડમાં લોન ઊભી કરે છે

લોનનું અંધેર

૧૯૨૧–૨૨માં જ્યારે ૬ ટકાએ સરકારને ૪૯ કરોડ રૂપિયા હિંદમાંથી મળ્યા હતા ત્યારે વિલાયતમાંથી ૭॥ કરોડ રૂપિયાની લોન ઊભી કરવા ૭ ટકા વ્યાજ હિંદી પ્રધાને આપવાની ધૃષ્ટતા કરી હતી. તે જ વરસે દક્ષિણ આફ્રિકા અને ઑસ્ટ્રેલિયાને ૫ ટકાની તેરીખે ઇંગ્લંડમાંથી નાણાં મળ્યાં હતાં. લાખની પાણને હિસાબે આવી રીતે હિંદ પર કેવા નકામા લખલૂટ બોજા ચડયા કરે છે તે આ દાખલાઓ ઉપરથી સમજાય છે.

મહાયુદ્ધ પછી બજેટની કુલ ખોટ આશરે ૧૫૬ કરોડ રૂપિયા આવેલ છે તેની ભરપાઈ કરવા માટે હિંદુસ્તાનને નામે આ વરસમાં લોન ઊભી કરવામાં આવી છે.

જે ૫૦૦ કરોડ રૂપિયાનું પરદેશનું દેવું હિંદ પર છે તેનું વ્યાજ આપવા હિંદે સોનું કે બીજો માલ પરદેશ મોકલવો પડે છે. અને જે ધન પરદેશ ગયું તેનો ઉપયોગ કોઈ પણ રીતે દેશમાં ન જ થઈ શકે; જો એ કરજ

હિંદીઓનું જ હોય તો એ વ્યાજના પૈસા હિંદમાં રહે અને એ નાણાંનો વ્યય એક યા બીજી રીતે હિંદુસ્તાનમાં થઈ શકે.

લોન ઊભી કરવાની કુલ સત્તા હિંદી પ્રધાને લંડનમાં રાખેલ હોવાથી હિંદને એટલું બધું નુકસાન થયેલ છે કે એ સત્તા કોઈ પણ ઉપાયે વડી સરકારના હાથમાં આવે એવો પ્રયત્ન થવો જોઈએ.

લોનની મંજૂરી આપતા પહેલાં પ્રથમથી જ નક્કી થઈ જવું જોઈએ કે આ લોન કોઈ ઉત્પાદક કામ માટે, રેલવે, નહેર, કે ઔદ્યોગિક કારખાના માટે છે, કે કોઈ કેળવણી કે આરોગ્ય જેવાં જનસુખાકારીનાં કામો માટે છે, કે લડાઈ લડવા માટે કે બજેટમાં આવેલી ખોટ પૂરી પાડવા માટે છે. આ ત્રણ વિભાગમાંથી કયા વિભાગમાં લોન ખરચાવાની છે તે પ્રથમથી જ સરકારે ચોખવટ કરી પ્રજાનો વિશ્વાસ મેળવી લેવો જોઈએ.

દેવાની જવાબદારી

હિંદ પર જે ૧,૨૧૦ કરોડનું દેવું દેખાડવામાં આવે છે તે હિંદનું નથી. પણ સામ્રાજ્યના ભલા ખાતર હિંદ પર લાદવામાં આવેલ છે. આનો સચોટ પુરાવો નીચે પ્રમાણે મહાસભાએ નીમેલી બહાદુરજી સમિતિએ આપેલ છે.

હિંદુસ્તાનનું માગણું

વરસ	દાવાની વિગત	કરોડ રૂ.
૧૮૫૭ પહેલાંના	ઈસ્ટ ઇંડિયા કંપનીના હિંદ બહારના વિગ્રહનું ખર્ચ	૩૫

	કંપનીની મૂળ મૂડી પરનું વ્યાજ	૧૫
૧૮૫૭	બળવાનું ખર્ચ	૪૦
	કંપનીનું મૂળ મિલકતનું વ્યાજ ૧૮૫૭ થી ૧૮૭૪ સુધીનું	૧૦
	ઈસ્ટ ઈંડિયા કંપનીની મૂળ મિલકત ચૂકવી તે રકમ	૧૨
૧૮૫૭–૧૯૦૦	હિંદ બહારના યુદ્ધો	૩૭
૧૯૧૪–૧૯૨૦	યુરોપીય વિગ્રહ ભેટ	૧૮૯
	યુરોપીય વિગ્રહ ખર્ચ	૧૭૧
૧૮૫૭–૧૯૩૧	નાના નાના પરચૂરણ ખર્ચો (ઈરાન ચીનના એલચીખાતાં, એડન–દરિયાઈ તારની યોજના)	૨૦
	બર્માં વિગ્રહ ખર્ચ	૮૨
૧૯૧૬–૧૯૨૧	રીવર્સ કાઉન્સિલ બિલની ખોટ,	૩૫
	રેલવેનો કબ્જો લેતી વખતે સરકારે આપેલ ૨૦ ટકા વધારો,	૫૦
	લશ્કરી રેલવેઓનું ખર્ચ	૩૩

કુલ ૭૨૯ કરોડ રૂપિયા

હિંદુસ્તાને બ્રિટનના કહેવાતા દેવા માટે આજ સુધી ૧,૦૫૦ કરોડ રૂપિયા વ્યાજના ચૂકવ્યા છે.

ઉપરના ૭૨૯ કરોડ રૂપિયાનું વ્યાજ બ્રિટન પાસે લેવામાં આવે તો બ્રિટનનું દેવું હવામાં જ ઊડી જાય છે.

(બહાદુરજી સમિતિના અહેવાલમાંથી)

પરદેશી મૂડી

જેમ જાહેર દેવાનું તૂત ઊભું કરવામાં આવ્યું છે તેમ પરદેશની મૂડી હિંદમાં રોકાયેલ છે એ બીજું ગોરાઓનું તૂત છે.

"હિંદુસ્તાનમાં અંગ્રેજોની મૂડી એ વાત જ એક હડહડતું ગપ્પું છે."

—મેજર બસુ

ગોરાઓનું તૂત

હિંદુસ્તાનમાં અબજો રૂપિયા લૂંટી* હિંદને પૈસે મૅન્ચેસ્ટર અને લૅંકેશાયરનાં કારખાનાં ખડકાયાં છે. એ કારખાનાવાળાઓ આજે કહેવા લાગ્યા છે કે, અમારા પૈસા હિંદનો ઔદ્યોગિક વિકાસ કરવા માટે રોકાયેલા છે. તેથી હિંદને સ્વરાજ આપવામાં આવે ત્યારે અમારી નાણાંની સલામતી જળવાય એવાં બંધનો નાખો.

હિંદમાં જે પરદેશી કંપનીઓ થાણાં જમાવીને બેસી ગયેલ છે તેના કેટલા રૂપિયા હિંદમાં રોકાયા છે તેનો ચોક્કસ આંકડો કોઈ કમિટી તરફથી તપાસ કર્યા બાદ પ્રસિદ્ધ થયેલ નથી. પણ હમણાં બ્રિટિશ એસોસિયેટેડ ચેમ્બર ઑફ

---

* સહેલી ગણતરી મુજબ ખુશીથી કહી શકાય કે પ્લાસી અને વૉટરલુની લડાઈ દરમિયાન હિંદમાંથી એક અબજ પાઉન્ડ ઇંગ્લંડ ગયા હશે.

—મેજર વીગેટ

સાચેસાચું કહું તો મૂડી કદી ઇંગ્લંડથી હિંદુસ્તાનમાં લઈ જવામાં આવી નથી. તે તો ત્યાં જ ભેગી કરવામાં આવે છે અને ઇંગ્લંડ મોકલવામાં આવે છે **—કૅપ્ટન ટી. મૅક**

(૧૮૩૨માં આપેલી જુબાનીમાંથી)

કોમર્સે જાહેર કરેલ છે કે બ્રિટિશ લોકના આશરે ૧,૩૦૦ કરોડ રૂપિયા હિંદમાં રોકાયેલ છે.

પણ આ રૂપિયા કયા વરસમાં હિંદમાં લાવવામાં આવ્યા એનો કોઈ હિસાબ આપી શકતું નથી. છેલ્લાં કેટલાંયે વરસો થયાં હિંદુસ્તાનમાંથી આયાત ને બદલે નિકાસ જ વધારે થાય છે. એટલે એ તો નિર્વિવાદ બીના છે કે આ કહેવાતા ૧,૩૦૦ કરોડ રૂપિયા અંગ્રેજો વિલાયતમાંથી લાવ્યા નથી પણ હિંદમાં જ કમાઈને, બહુ ઉદાર અનુમાન કરીએ તો કહી શકાય કે, તેમણે હિંદમાં જ કમાણી કરવા રોકયા હશે.*

---

* ઇંગ્લંડની મૂડી જે રોકાઈ છે તેથી હિંદુસ્તાનનો વેપારઉદ્યોગ કેવો વધ્યો છે તે જોઈએ. મૈસૂરની સોનાની ખાણ, ઝરિયાની કોલસાની ખાણો, બંગાળનાં શણનાં કારખાનાં, કાનપુરનાં ઊનનાં કારખાનાં, બ્રહ્મદેશના ઘાસતેલના કૂવા, પંજાબનાં ઘઉંનાં ખેતરો, આસામના ચાના બગીચા, મદ્રાસ અને બિહારનાં ગળીનાં વાવેતર, એ બધી જગાએ ઇંગ્લંડની મૂડી રોકાઈ છે. એનો અર્થ એટલો જ છે કે હિંદુસ્તાનનાં દૂઝતાં ક્ષેત્રો બધાં ગોરાઓના હાથમાં છે. હિંદી મજૂરોને પેટપૂરતું પણ ખાવાનું ન મળે, તેમના પર ત્રાસ વર્તે, અને તેમની પાસે મજૂરી કરાવી કરાવી તેમને ચૂસી નાખવામાં આવે તથા તેમાંથી તમામ નફો ગોરા વેપારીઓ, વાવેતર કરાવનારાઓ અને કારખાનદારો ઢસડી જાય. આ હિંદુસ્તાનની આબાદી ?

સાચી વાત તો એક ગવર્નર જનરલ કહી ગયેલ છે કે :—

"અંગ્રેજી રાજ્યે હિંદમાંથી ધન ચૂસી ચૂસીને હિન્દીઓનું કોઈ પણ દેશ કે કાળ સાથે ન સરખાવી શકાય એટલું બધું ખેદાન-મેદાન કરી નાખ્યું છે." —સર જોન શોર

આ ૧૦૦ કરોડ પાઉન્ડનું પાંચ ટકા લેખે વ્યાજ ૫ કરોડ પાઉન્ડ, યા ૬૫ કરોડ રૂપિયા દર વરસે હિંદ ગ્રેટબ્રિટનને મોકલે છે.

ગ્રેટબ્રિટનની મેકમિલન કમિટીએ પણ ૧૯૩૦માં જાહેર કર્યું હતું કે, બ્રિટાનિયાને વરસ દહાડે ૨,૩૫૦ લાખ પાઉન્ડની આવક પરદેશમાં રોકાયેલ મૂડી પેટે થાય છે. બ્રિટાનિયાએ કુલ ૪૦૦ કરોડ પાઉન્ડ પરદેશમાં રોકેલા છે. તેમાંથી ૧૦૦ કરોડ પાઉન્ડ હિંદમાં રોકેલા છે. એ ગણતરીએ પણ ૨,૩૫૦ લાખ પાઉન્ડના ચોથા ભાગની ઉત્પન્ન એટલે ૫૮૦ લાખ પાઉન્ડ. ૫ કરોડ પાઉન્ડ એટલે ૬૫ કરોડ રૂપિયા જ થવા જાય છે. એમ બન્ને ગણતરી એકંદરે મળી રહે છે.

બસો કરોડનો ચાંદલો

આ ૬૫ કરોડ રૂપિયા ઉપરાંત લગભગ બીજા ૧૦૦ કરોડનો ચાંદલો હિંદને, પરદેશીઓને નીચેની વિગતે સંતોષવા, કરવો પડે છે:

બ્રિટિશ અને પરદેશી સ્ટીમર કંપનીઓને નૂરના	૩૫ કરોડ રૂ.
પરદેશી બેંકોને વટાવ, હૂંડિયામણ તથા બીજી દલાલીના	૨૧ ,, ,,
શણ, ચા, કોલસા વગેરે ધીકતા ધંધામાં કામ કરતા બ્રિટિશ લોકોના પગાર અને નફાના	૪૦ ,, ,,
ઉપર બતાવેલ ૧૦૦ કરોડ પાઉન્ડના વ્યાજના ૫ ટકા લેખે	૬૫ ,, ,,
કુલ	૧૬૧ કરોડ રૂ.

આ રીતે ૧૬૧ કરોડ રૂપિયા અને તે ઉપરાંત 'હોમ ચાર્જીસ'* ના વરસના ૩૦ થી ૪૦ કરોડ પરદેશ બીજા તણાય છે.

હિંદની આવક જ્યાં દુનિયામાં સુધરેલા દેશોના પ્રમાણમાં ઓછામાં ઓછી છે, જ્યાં હિંદના ખેડૂતો પર કુલ ૯૫૦ કરોડ રૂપિયાનું (ખેડૂત દીઠ ૫૦ રૂપિયા) દેવું, સરકારી આંકડા મુજબ, ત્રણ વરસ પહેલાં અડસટવામાં આવ્યું છે, ત્યાં આવી રીતે હિંદમાંથી કરોડો રૂપિયા ઢસડાતા જાય, ધન, રસકસ હરાતાં જાય, ખેડૂતોની જમાનો હરાજ થઈ ને વાણિયા ને શાહુકારના હાથમાં ચાલી જાય એ કેવી બેહૂદી દશા કહેવાય? ગુલામીમાંથી જ એ જન્મી શકે. એટલે,

---

* એટલે હિંદુસ્તાનની તિજોરીમાંથી પ્રત્યક્ષ યા અપ્રત્યક્ષ રીતે ઇંગ્લંડમાં કહેવાતા હિંદુસ્તાનના ભલા માટે કરવામાં આવતું લખલૂટ ખર્ચ.

આ ખર્ચમાંના ૩૯ ટકા રેલવે ખાતે રેલવે માટે બ્રિટિશ માલની ખરીદી સુધ્ધાં જાય છે. ૨૬ ટકા વિલાયતમાં થતાં લશ્કરી ખર્ચ માટે વપરાય છે. અને ૨૦ ટકા રેલવે અને નહેરો સિવાયના અનુત્પાદક દેવા પેટે ખર્ચાય છે.

હોમ ચાર્જીસ વિષે મોન્ટ ગોમરી માર્ટિને ૧૮૩૯માં લખ્યું છે:

"કંપનીએ સટ્ટા કર્યા હોય તેની ખોટ પૂરવા, દેવું કર્યું હોય તેનું વ્યાજ ભરવા, ઇંગ્લંડમાં રાખવામાં આવતી ઑફિસોના ખર્ચ ચલાવવા, અને આખી જિંદગી હિંદુસ્તાનમાં ગાળી ત્યાંથી ધન એકઠું કરી ઇંગ્લંડમાં જઈ વાપરે તે માટે અંગ્રેજ અમલદારોને પેન્શન આપવામાં જે કરોડો રૂપિયા ઇંગ્લંડ તણાઇ જાય છે તેના બદલામાં હિંદુસ્તાનને કંઈ જ મળતું નથી."

એ દૂર કરવાનો સાચો ઇલાજ સ્વરાજ, સ્વરાજ ને સ્વરાજ છે. પણ અત્યારે સ્વરાજને નામે વધારે કરનાં બોજા લાદી હિંદ પર ગુલામીની જંજીર કાયમ રહે એવું તંત્ર હિંદના માથા પર મારવામાં આવે છે.

સુધારાનો બોજો

નવા બંધારણ પ્રમાણે, સમવાયી વડી સરકારમાં લશ્કર અને કરજ જેવાં અગત્યનાં ખાતાંમાં, એટલે કે ૮૦ ટકા જેટલા ખર્ચની બાબતમાં, હિંદીનો કશો અવાજ જ નથી. અને ઊલટું સિંધ જેવા નવા પ્રાંતો ઊભા કરી મોંઘા સિવિલિયનો માટે થોડી વધારે જગા ઊભી કરી બીજા પાંચ દશ કરોડ રૂપિયાનો બોજો હિંદ ઉપર નાખવામાં આવેલ છે. ત્યાં લશ્કરી ખર્ચ યા મુલકી ખર્ચમાં જે લખલૂટ ખર્ચ થઈ રહ્યું છે તેમાં કાપકૂપ કરવાની વાત તો કયે મોઢે ઉપાડી શકાય! અજ્ઞાન, રોગચાળો ને ભૂખમરામાંથી પ્રજાને બચાવવા વધારે રૂપિયા ખરચ કરવા માટે પણ કયે મોઢે સરકારને કહી શકાય? કારણ કે સરકારે તો પોતાનો ભાગ આગવો રાખી ટુકડો આપણને નાખ્યો છે. તે પૂરો ન થાય તો હજુ વધારે પિસાઓ ને કર ભરો! એટલે, કરમાંથી આ લખલૂટ ખર્ચ જતાં જો જરાતરા વધે તો જ દેશહિતનાં કામો માટે કૈંક મળી શકે એવી સરકારની આજની રાજનીતિ છે.

હૂંડિયામણ

"માત્ર આપણા પરદેશ સાથેના વેપારમાં, અર્થાત્ દેશમાં ઊપજતો કાચો માલ અને બીજો નિકાસી માલ પેદા કરનાર ખેડૂતને સરકારની ચલણ નીતિથી, ૧૮૯૩થી માંડી આજ સુધીના ૩૭ વર્ષમાં રૂ. ૧,૭૦૦ કરોડ જેટલું નુકસાન થયું છે.

—પ્રો. કે. ટી. શાહ

હથિયારબંધીનો કાયદો પસાર કરીને હિંદી પ્રજાનો મોટામાં મોટો અક્ષંતવ્ય ગુનો બ્રિટિશ સરકારે કરેલ છે. કારણ કે એ કાયદો પસાર થવાથી હિંદીઓની સ્વરક્ષણની શક્તિ હણાઈ ગઈ છે. એવો જ બીજો મોટો ગુનો હૂંડિયામણની મનસ્વી નીતિ ગ્રહણ કરીને કરોડો રૂપિયા હિંદની આંખમાં ધૂળ નાખીને ધોળે દહાડે લંડન ઢસડી જઈને કર્યો છે. આ બન્ને ગંભીર તહોમતનામાના જવાબ બ્રિટાનિયા બળિયાના એ ભાગના ન્યાય સિવાય બીજી કોઈ પણ રીતે દઈ શકે તેમ નથી.

હૂંડિયામણનું કાળું પ્રકરણ

હિંદુસ્તાનના અર્થશાસ્ત્રમાં હૂંડિયામણનું પ્રકરણ અંગ્રેજ સરકારને માટે કાળા ડાઘ સમાન છે. હૂંડિયામણ ને

વટાવને અંગે જે નીતિ બ્રિટાનિયાએ સ્વીકારવાનો દોષ કર્યો છે, અગર કહો જે ધોરણે તે ચલાવે છે તે ધોરણ યા નીતિ હિંદી અર્થશાસ્ત્રીઓની યા હિંદી વેપારીઓની ભલામણ મુજબ તો ઘડાયેલ નથી, એટલું જ નહિ, પણ ૧૮૯૩થી જે જે નવી નાણાંપ્રકરણી સ્થિતિ ઊભી થઈ તે તે નાણાને લગતી મુશ્કેલીને પહોંચી વળવા માટે ખુદ સરકારે કમિશનો અને કમિટીઓ નીમ્યાં તે સર્વેની ભલામણોને પણ સરકાર ઘોળીને પી ગયેલ છે. એમની બધી ભલામણો, સૂચનાઓ તથા જુબાનીઓનાં કબાટો ને કબાટો ભરાય એટલાં થોથાં અભરાઈએ ચડાવી મૂકયાં છે અને કેમ જાણે કમિશન અને કમિટીઓ પાછળ લાખો રૂપિયા ખરચવા એ રમત વાત હોય તેમ સરકાર આ બાબતમાં વર્તેલ છે.

સોનાની ટંકશાળ

૧૮૯૩માં ફાઉલર કમિશને સોનાની ટંકશાળ હિંદમાં પહેલી તકે શરૂ કરવાની ભલામણ કરી હતી. આજ ૪૪ વરસ થયાં પણ સોનાની ટંકશાળનું નામ હિંદમાં ક્યાંય સંભળાતું નથી, ઊલટું, વધારાની નિકાસના બદલામાં હિંદમાં, હકની યા ન્યાયની રીતે, જે સોનું પરદેશથી આવવું જોઈએ તેને લંડનમાં જ રાખી મૂકવા માટે અમર્યાદિતપણે હિંદી સરકાર પર હૂંડીઓ વેચવાનું હિંદી પ્રધાને જારી રાખ્યું છે. નોટોના ચલણ માટે અનામત રાખવામાં આવતું સોનુંરૂપું અને રૂપિયાની બચતનાં નાણાં લંડનમાં ન રાખતાં હિંદમાં રાખવા માટે અનેક વાર ભલામણો કમિટીઓ ને કમિશનોએ કરેલી છે. પણ એકવાર હાથમાં આવેલું સોનું કોણ જવા દે? તે બધું વિલાયતમાં રહેલું હિંદનું સોનું

હિંદમાં તો પાછું આવ્યું જ નહિ, પણ ઊલટું હિંદમાંથી છેલ્લા ત્રણ વરસમાં ૨૦૦ કરોડ રૂપિયાનું નગદ સોનું પરદેશ ખેંચાઈ ગયું છે.

રૂપિયાના નવા નીપજતા સિક્કામાંથી દર વર્ષે થતો અઢળક નફો—જેની અનામત થાપણ કરી આગળ જતાં સોનાનું ચલણ વાસ્તવિક રીતે પ્રવર્તાવવાનું વચન અપાયેલું હતું — બ્રિટિશ સરકારની લોન ખરીદવામાં રોકી દેવાયો. આવા કરોડોના રોકાણથી બ્રિટિશ વેપારઉદ્યોગને રાહત મળી. અને આપણા વેપારઉદ્યોગને હાનિ પહોંચી. આમ, હિંદનો સ્વાભાવિક હક જે મૂડી ઉપર હતો તે મૂડી પરદેશમાં રોકાઈ ગઈ.

રૂપિયાના કૃત્રિમ ભાવ

પ્રગતિમાન દેશોમાં હવે ચાંદીને બદલે સોનાનું ચલણ થઈ ગયેલ છે. હિંદુસ્તાનમાં પણ દુનિયાના દેશો સાથે વ્યવહાર રાખવા માટે સોનાનું ચલણ દાખલ કરવાની અત્યંત આવશ્યકતા છે. પણ હિંદમાં સોનાના ચલણને બદલે રૂપિયાનો ભાવ સોના સાથે એકસરખો કાયમનો ટકાવી રાખવા માટે બ્રિટિશ સરકારે અનેક યુક્તિપ્રયુક્તિ કરી છે. પણ તેમાં બ્રિટિશ સરકાર ફાવેલ નથી. મહાયુદ્ધ પહેલાં ૧૬ પેન્સનો રૂપિયો એ ભાવ કાયમનો ઠરાવેલો હતો. પણ લડાઈ દરમિયાન રૂપિયાનો ભાવ ઊંચે ચડતો ગયો, અને છેવટે ૧૫ રૂપિયાના પાઉન્ડને બદલે ૭ રૂપિયાનો પાઉન્ડ થઈ ગયો હતો. લડાઈ દરમિયાન આ હૂંડિયામણના ભાવમાં બેહદ ફેરફાર થઈ જવાથી, ખેડૂતોને અતિશય

નુકસાન થયું હતું. કારણ કે કપાસ, તેલીબિયાં, ઘઉં વગેરે પરદેશ ચડનારી વસ્તુઓના અડધા રૂપિયા પણ ખેડૂતને ઊપજતા નહિ. ૧૫ના સાલના ખેડૂતને ૭ જ રૂપિયા મળતા.

ખેડૂતોની પાયમાલી

લડાઈની અસર જેમ જેમ ઘટતી ગઈ તેમ તેમ હૂંડિયામણના ભાવ પાછા ફર્યા. પણ રૂપિયાનો ભાવ બજારના ભાવ મુજબ નક્કી ન કરતાં વળી સરકારે વચમાં ઘોડો કુદાવ્યો. અને ૧૦ રૂપિયાનો પાઉન્ડ યા ૨ શિલિંગનો રૂપિયો એમ કૃત્રિમ ભાવ નક્કી કર્યો. પણ આ ભાવ ટકાવવામાં, સરકારી આંકડા મુજબ, હિંદી સરકારે બીજા પચાસ કરોડ રૂપિયાનું પાણી કર્યું. પંદર રૂપિયાના ભાવમાં લીધેલું સોનું દસ રૂપિયા લઈને વેડફી માર્યું. છેવટે સરકારે ભૂલ સુધારી. પણ પ્રજાની માગણી જે ૧૫ રૂપિયાનો પાઉન્ડ કરવાની હતી તેને ઠોકરે મારી ૧૮ પેન્સનો રૂપિયો યા આશરે ૧૩ રૂપિયાનો પાઉન્ડ એમ ધોરણ ઠરાવ્યું. આ ભાવને બદલે ૧૬ પેન્સનો ભાવ ઠરાવવા વેપારઉદ્યોગના અગ્રેસરોએ ઝુંબેશ ઉઠાવી હતી. પણ તેનું પરિણામ કશું આવ્યું નથી.

આજે ઇંગ્લંડમાં પણ સોનાનું ચલણ નથી. એ સ્થિતિમાં હિંદી રૂપિયાને લંડનના પાઉન્ડ સાથે ન જોડતાં હિંદમાં પહેલી તકે સોનાનું ચલણ જ દાખલ કરવાની જરૂર છે. જોઈતું સોનું હિંદ માટે મેળવવું મુશ્કેલ નથી. ૧૯૨૭ માં અમેરિકાએ ૯૩૦ લાખ ડૉલરનું સોનું વેચવા કાઢ્યું હતું તે વખતે હિંદુસ્તાનને તે સોનું ખરીદવાની મનાઈ થઈ હતી.

પણ એવા પ્રસંગનો લાભ મળે તો હિંદમાં સોનાનું ચલણ જરૂર દાખલ કરી શકાય. તેમ કરવા માટે હિંદમાંથી ઘસડાઈ જતું સોનું તો અવશ્ય અટકાવવું જોઈએ.

નાણાંચલણનું ભંડોળ

હિંદુસ્તાનમાં જે નોટનું ચલણ ચાલે છે તે નોટના બદલામાં અંગ્રેજ સરકાર પોતાની તિજોરીમાં અમુક સોનુંરૂપું નિયમ મુજબ રાખે છે. લડાઈ દરમિયાન આ સોનું હિંદમાં ન રાખતાં લંડનમાં રાખવામાં આવે છે, એટલું જ નહિ, પણ તેનું રોકાણ જે શૅર તથા સીકયુરિટી ખરીદ કરવામાં આવે છે તે બધાં પણ વિલાયતનાં કારખાનાંનાં ખરીદવામાં આવે છે.

ભંડોળનો દુર્વ્યય

૧૯૩૪ના માર્ચને અંતે હિદુસ્તાનના બજારમાં ૧૭૮ કરોડ રૂપિયાની નોટો ફરતી હતી. આ નોટો પેટે ૧૦૬ કરોડ રૂપિયાની અનામત સરકારની તિજોરીમાં હતી. એટલે નોટની કિંમતના લગભગ ૬૦ ટકા, વિલાયતી શૅરોમાં રોકાયા હતા. પ્રગતિમાન દેશોમાં નોટોના બદલામાં ઓછામાં ઓછા ૪૦ ટકા જેટલી કિંમતનું નગદ સોનું ભંડારમાં રખાવું જ જોઈએ એવો સર્વાનુમતે મંજૂર થયેલ શિરસ્તો પડી ગયેલો છે. પણ તેનો ભંગ હિંદુસ્તાનમાં વારંવાર થાય છે.

હિંદુસ્તાનમાં તો આવા ભંડોળની ખાસ જરૂર રહે છે કારણ કે હિંદમાં નથી રૂપાનું ચલણ કે નથી સોનાનું ચલણ. ઓછી કિંમતનો રૂપિયો ટંકશાળમાંથી કાઢી તેના

૧૬ આના લોકો પાસેથી લેવામાં આવે છે. અને કહેવામાં આવે છે કે આ નફો રૂપિયાનો પાઉન્ડ સાથેનો ભાવ કાયમનો સ્થિર રાખવા માટે જરૂર જણાયે વપરાય છે. કરોડો રૂપિયા આ રીતે રૂપિયાના નફામાંથી ભેગા થયા તે ઊડી ગયા પણ હિંદમાં એ નફાનો ઉપયોગ પ્રથમની ધારણા મુજબ ન સોનાનું ચલણ દાખલ કરવામાં કે ન રૂપિયા અને પાઉન્ડનું પ્રમાણ અખંડિત રાખવામાં કર્યો.

સોનાનો સંગ્રહ

૧૯૩૨માં દુનિયાના બધા દેશમાં મળીને કુલ ૩,૧૦૦ કરોડ રૂપિયાનું સોનું હશે એવો અડસટ્ટો કાઢવામાં આવ્યો હતો. તેમાંથી હિંદુસ્તાનમાં આશરે ૬૯૫ કરોડ રૂપિયાનું સોનું ૧૯૩૧ સુધી તો હતું એવી ગણતરી થઈ હતી. પણ છેલ્લાં વરસોમાં જે સોનું ઢસડાઈ ગયું છે તે ૨૦૦ કરોડની રકમ હવે બાદ કરવી જોઈએ.

હિંદમાં સોનું સંઘરી રાખવાની, દાગીના કરાવીને સાચવી રાખવાની જે પ્રથા છે તેને ઘણીવાર વખોડી કાઢવામાં આવે છે. પણ આ રિવાજ છેક વખોડવા જેવો તો નથી જ એ છેલ્લાં કટોકટીનાં વરસોમાં આપણે નરી આંખે જોયું છે.

અમેરિકા જેવો ધનવાન દેશ કે જેની પાસે લગભગ ૨,૦૦૦ કરોડ રૂ. નું સોનું પડેલ છે. તે પણ બીજા દેશો પાસે પોતાની ઉઘરાણી કરતાં માલ લેવાને બદલે નગદ સોનુંરૂપું જ માગે છે; એટલે, કરજમાં ડૂબેલા દેશો સોનુંરૂપું આપવા અશક્ત હોવાથી દુનિયાના લેવડદેવડના વેપારમાં આજે ભારે

મંદી આવી છે, એકબીજા દેશ વચ્ચેની આંટ ઘટી ગઇ છે ને પાછો પૂર્વવત્ વેપાર ક્યારે ચાલશે તે ભલભલા અર્થશાસ્ત્રીઓ પણ કળી શકતા નથી. એટલે, મોટી મોટી દુનિયાની પરિષદો (લંડન 'વર્લ્ડ' કૉન્ફરન્સ જેવી) આ કોયડો ઉકેલવા ભરાય છે, પણ કશો તોડ નીકળી શકતો નથી. કટોકટીના પ્રસંગ માટે સોનું સંઘરવાની નીતિ ખોટી નથી એમ હવે અનુભવ ઉપરથી કબૂલ કરવું પડે છે.

શરાફી—બેંકો અને વીમા કંપનીઓ

"લોકોને આપણે આગગાડી આપી છે તે તેમનો વધારાનો પાક લઈ જાય છે. પણ એ પાકની કિંમત તેને પહોંચતી કરવા સારુ નાણાવટ પદ્ધતિ આપણે આપી નથી. જગત વધારાનો પાક ઉપાડે છે. સાહુકાર ને વેપારી પૈસા ઉપાડે છે, અને ભૂખમરો લોકોને ઉપાડે છે. —**સર ડેનિયલ હેમિલ્ટન**

"અધિકારીઓ અને બીનઅધિકારીઓએ ભેગા મળીને પંજાબની બેંકો તોડી પાડવાના ચોક્કસ ઇરાદાથી એક કાવતરું રચ્યું છે. આ બેંકોથી, પંજાબને તેમજ બીજા પ્રાંતોને પણ ઘણો ફાયદો થતો હતો. પરંતુ તે લોકોને—અંગ્રેજોને—હિંદીઓની બેંકોને આબાદ થવા દેવી ન હતી. એમને લાગતું હતું કે જો વેળાસર ધ્યાન નહિ આપીએ, અને હિંદી બેંકો આગળ વધતી જશે તો આપણા ધંધામાં એક મોટો હરીફ ઊભો થશે.

હું જાણું પણ છું કે એક યુરોપિયને એક અંગ્રેજ બેંકને લોન માટે અરજી કરી હતી. પણ તેને એમ કહેવામાં આવ્યું કે આ લોનથી કોઈ પણ હિંદીને કે કોઈ પણ હિંદી બેંકને કોઈ રીતે ફાયદો થવાનો નથી, એવી પહેલેથી ખાતરી આપો. જો તેવી

ખાતરી આપવામાં આવશે તો જ તે લોન વિષે આગળ પત્ર-વ્યવહાર કરવામાં આવશે. —લાલા હરકીસનલાલ

(ઇન્ડસ્ટ્રિયલ કમિશન આગળ આપેલ જુબાનીમાંથી.)

જેમ હિંદુસ્તાનમાં અંગ્રેજોએ વહાણવટાના ધંધાને તોડી, કરોડો રૂપિયાનો નફો ઘરભેગો દર વરસે કરવાની રીત શોધી કાઢી છે, તેમ હિંદુસ્તાનના ધીકતા શરાફી ધંધાને તોડી શરાફી નફો પણ કરોડો રૂપિયાનો પરદેશીઓ જ ખાઈ જાય છે.

કચ્છના વાણિયા, ઓખાના ભાટિયા, કાઠિયાવાડના મેમણ, સિંધના ભાઈમલ, શિકારપુરી અને મદ્રાસના ચેટીની હૂંડીઓ દુનિયાનાં મોટાં મોટાં બંદરોમાં, હિંદમાં અંગ્રેજ સરકારની સ્થાપના થવા પૂર્વે શાહજોગી ગણાતી અને તે શિકારવામાં લવલેશ હરકત નહોતી આવતી.

પણ આજે પરદેશ સાથે વેપાર કરોડો રૂપિયાનો ખેડાતો હોવા છતાં હિંદુસ્તાનની એક પણ બેંકની શાખા, દુનિયામાં કોઈ પણ ઠેકાણે જોવામાં આવતી નથી.

સરૈયાની સ્પીસી બેંક

ગુજરાતના સર સરૈયાએ સ્પીસી બેંકની શાખા લંડનમાં ખોલી હતી, અને રૂપિયા ટંકશાળમાં પાડવા માટે હંમેશાં અંગ્રેજ સરકાર વિલાયતમાં જ ચાંદી ખરીદતી હોવાથી, તેને હિંદમાંથી ચાંદી ખરીદવાની ફરજ પાડવા માટે ચાંદી લગભગ એક હાથે કરી હતી અને તેથી લોકો સરૈયાને ચાંદીનો રાજા કહેવા લાગ્યા હતા. તે અંગ્રેજ સરકારથી ને ગોરા વેપારીઓથી સહન ન થયું. ચાંદીની ખરીદી હિંદમાં થાય તો

ગોરા વેપારીઓનો ચાંદી વેચાણનો નફો જાય. સરકારે ચાંદી સરૈયા પાસેથી ન જ લીધી અને સ્પીસી બેંકને દેવાળું કાઢવું પડયું અને સરૈયાએ પોતાની ઇજ્જત જાળવવા ફાંસો ખાધો.

હમણાં જ સેંટ્રલ બેંકની એક શાખા લંડનમાં ખોલવામાં આવી છે. તેને પરદેશી બેંકો કેવી ટકવા દે છે તે જોવાનું છે.

છ પ્રકારની બેંકો

આજે હિંદુસ્તાનમાં અધિકારી સરકારી અને પ્રજાકીય બેંકો તો કુડીબંધ છે. પણ તેમની શાખા વિલાયતમાં ન કરી શકાય એવો સરકારી લગભગ નિયમ જ હતો. હવે દોઢસો વરસની લડત બાદ જે રીઝર્વ બેંક સ્થાપન થયેલ છે તેની શાખા લંડનમાં ખોલાશે અને તેની દ્વારા પરદેશી વેપારની આડતને અંગે કામ થઈ શકશે, એવું જાહેર થયેલ છે. પણ આ રીઝર્વ બેંકની વ્યવસ્થા પર કાબૂ વડીધારા-સભાનો લવલેશ રાખવામાં આવ્યો નથી. પણ આ ચર્ચા હાલ મુલતવી રાખી હિંદમાં કેટલી દેશી અને પરદેશી બેંકો છે, તેમાં કેટલી મૂડી રોકાયેલ છે, વગેરે જોઈએ.

હિંદુસ્તાનમાં છ પ્રકારની બેંકો છે કે જે વાટે નાણાંની નાનીમોટી લેવડદેવડ થાય છે.

ઇમ્પીરિયલ બેંક

૧. ઇમ્પીરિયલ બેંક ઑફ ઇન્ડિયા : ૧૯૩૧ની સાલમાં આ બેંકની ૧૭૨ શાખાઓ હિંદમાં હતી. રીઝર્વ બેંક સ્થાપન થયા પહેલાં સરકારી નાણાંનો વહીવટ મોટે ભાગે આ બેંક મારફત થતો હતો. હિંદી સરકારના ૧૯૦૮

કરોડ રૂપિયા વગર વ્યાજે આ બેંકમાં ૧૯૩૧ની સાલમાં નિયમ મુજબ જમા પડ્યા હતા.

અંગ્રેજ રાજ પર અટલ વિશ્વાસ રાખનારા, અને રખેને પૈસા બીજી બેંકોમાં ડૂબી જશે એ ભીતિ સેવનારા એક પાઈ પણ વ્યાજ ન મળે છતાં ઇમ્પીરિયલ બેંકમાં જ પોતાની મૂડી રોકવાનું પસંદ કરે છે. આવી મૂડી વગર વ્યાજે ઇમ્પીરિયલ બેંક પાસે ૧૯૩૧માં ૬૧.૪૯ કરોડ રૂપિયા પડી હતી.

વગર વ્યાજે રૂપિયા ઇમ્પીરિયલ બેંકને મળતા હોવાથી, શેરહોલ્ડરોને આ બેંક ૧૯૨૧ પછી દર સાલ ૧૨ થી ૧૬ ટકા સુધી 'ડિવિડન્ડ' વ્યાજ ચૂકવી શકેલ છે.

અંગ્રેજ સરકારની આ માનીતી બેંક ગણાતી હોવાથી જે સગવડ અને હકો આ બેંકને મળે તે બીજી બેંકોને ન મળે એ સ્વાભાવિક છે. પણ બીજી બેંકોને ઇમ્પીરિયલ બેંકની સાંથે હરીફાઈમાં ટકવાનું હોવાથી, વ્યવહારમાં ઠીક ઠીક શોસવું પડે છે.

રીઝર્વ બેંકની સ્થાપના થતાં બેંકોમાં જે સાર્વભૌમ સત્તા અત્યાર સુધી ઇમ્પીરિયલ બેંક ભોગવતી હતી તેના પર તરાપ પડી છે. તેમ અત્યાર સુધી પરદેશો સાથે ઇમ્પીરિયલ બેંકને નાણાંનો વ્યવહાર ચલાવવાની બંધી હતી તે બંધી કાઢી નાખવામાં આવી છે. અને આંતરિક વહીવટમાં જે સરકારી ચોકસાઈ અને તપાસ રાખવામાં આવતી હતી તે કાબૂ પણ સરકારે હળવો કરી નાખ્યો છે.

અંગ્રેજ રાજના જેના પર ચારે હાથ હોય એવી પેઢીઓ સાથે હરીફાઈમાં ટકવું આપણા ગરીબ દેશના વેપારીઓને ભારે પડતું હોવાથી આ શરાફીના ધંધામાં પણ પરદેશીઓએ સારી પેઠે ધસારો કર્યો છે.

પરદેશી બેંકો

પરદેશો – ઇંગ્લંડ, જર્મની, જપાન, અમેરિકા, ચીન, આફ્રિકા સાથે વેપાર ખેડતાં જે નાણાં મોકલવાં કે મંગાવવાં પડે તે લગભગ બધો વહીવટ પરદેશી બેંકો મારફત જ હિંદીઓને કરવો પડે છે.

હમણાં સુધી હિંદુસ્તાનની કોઈ બેંકને પરદેશમાં પોતાની શાખા નાખવાની જ છૂટ નહોતી.

૨. પરદેશી એકસચેન્જ બેંકો: કુલ સરાસરી ૧,૮૮૦ લાખ પાઉંડની પોતાની મૂડી અને થાપણથી પોતાનો વહીવટ હિંદમાં ચલાવે છે. આ બેંકોને હવે માત્ર "એકસચેન્જ" બેંકનું નામ સાચી રીતે ન આપી શકાય કારણકે શરૂઆતમાં આ બેંકો પરદેશ સાથે વેપાર ખેડવામાં નાણાંની ધીરધાર કરી ઇતિકર્તવ્યતા માનતી. પણ હવે તો હિંદુસ્તાનના આંતરિક વેપારમાં પણ સારી પેઠે માથું મારે છે. સંકુચિત તથા સ્વાર્થદૃષ્ટિવાળા શેઠિયાઓ પોતાની મૂડી કે થાપણ હિંદી બેંકોમાં ન મૂકતાં આવી પરદેશી બેંકોમાં મૂકે છે.

૧૯૦૦ની સાલમાં પરદેશી એકસચેન્જ બેંકમાં જે ૧૦.૫ કરોડ રૂપિયા હિંદુસ્તાનીઓના રોકાતા ને ૧૯૩૦માં વધીને ૬૮.૧૧ કરોડ રૂ. રોકાવા લાગ્યા હતા. આ

૬૮ કરોડ રૂ. ની હિંદની મૂડીથી જ ઘણોખરો વેપાર પરદેશી બેંકો ખેડી શકે છે. અને લાખની પાણના હિસાબે કરોડો રૂપિયા આ બેંકો દેશમાંથી તાણી જાય છે.

દેશી બેંકો

૩. દેશી બેંકો—પાંચ લાખ અને તેથી વધારેની મૂડી ધરાવનારી બેંકો—પોતાની પાસે ૧૧.૮૪ કરોડ રૂપિયાની કુલ થાપણથી વ્યવહાર ચલાવે છે.

સ્વદેશાભિમાનની વૃત્તિ જેમ દેશમાં વધુ ખીલતી જાય છે તેમ તેમ સ્વદેશી બેંકોને પણ વધારે ઉત્તેજન અને પ્રોત્સાહન મળતું જાય છે.

૧૯૦૦માં જે ૮.૦૭ કરોડ રૂપિયાની થાપણ દેશી બેંકોમાં હતી તે વધીને ૧૯૩૦માં ૬૩.૨૧ કરોડ રૂપિયા જેટલી થઈ ગઈ હતી.

થાપણની વહેંચણી

૧૯૨૯માં ઉપરની ત્રણ પ્રકારની બેંકોમાં કુલ ૨૧૨ કરોડ રૂપિયાની થાપણ રોકાયેલી હતી.

ઇમ્પીરિયલ બેંકમાં ૩૮ ટકા, એક્સચેન્જ બેંકોમાં ૩૧ ટકા અને હિંદી બેંકોમાં ૩૧ ટકા એ ભાગે ઉપરની રકમ બેંકોમાં પડેલી હતી. એટલે કે હિંદુસ્તાનના પૈસા હિંદી બેંકોમાં પરદેશી બેંકોની સરખામણીમાં ઓછા જમા રહે છે.

પશ્ચાત સ્થિતિ

શહેરોમાં આપણે બેંકોનાં મોટાં મોટાં મકાનો, અને સોના ચાંદીની પાટો અને સોના રૂપાના ખણખણાટ જોઈએ

છીએ તેથી હિંદુસ્તાનમાં બેંકો હવે ચારે કોર થઈ ગઈ હશે એવી છાપ સામાન્ય શહેરી પર પડે છે. પણ પાંચ હજારની વસ્તીવાળાં હિંદુસ્તાનમાં આશરે ૨૫૦૦ ગામો છે. તેમાંથી માત્ર ૪૦૦ ગામોમાં બેંકો કે તેની શાખા અસ્તિત્વ ધરાવે છે. બાકીનાં ૨૧૦૦ ગામોમાં ધીરધાર કે લેણદેણનું કામ મોટે ભાગે સ્થાનિક શરાફો, યા નાની મોટી પેઢીઓ મારફતે જ થાય છે.

બીજા દેશોની સરખામણીમાં હિંદુસ્તાન બેંકોના વિકાસમાં કેટલો બધો પચ્છાત છે તે નીચેના આંકડા પરથી સમજાય છે.

યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં	માણસદીઠ	૧૧૨૩ રૂ.
કેનેડામાં	,,	૮૦૪ રૂ.
ગ્રેટબ્રિટનમાં	,,	૬૮૯ રૂ.
જપાનમાં	,,	૨૧૫ રૂ.

બેંકોમાં મૂડી રોકાયેલી હોય છે. ત્યારે હિંદુસ્તાનમાં માણસ દીઠ માત્ર ૬.૪ રૂ. જ બેંકમાં પડેલા હોય છે.

આનું એક કારણ હિંદનું દારિદ્ય તો છે જ. પણ તે ઉપરાંત હિંદી સરકારની નાણાંની નીતિ પણ બેંકના વિકાસ પર આડકતરી રીતે પ્રત્યાઘાતી નીવડેલ છે.

પ્રત્યાઘાતી નીતિ

હિંદી સરકારના પોતાના માલિકીના ૧૯ કરોડ રૂપિયા નિયમ મુજબ વગર વ્યાજે ઇમ્પીરિયલ બેંકમાં પડેલા હોય છે. પણ જ્યારે રૂપિયા અને સોનામહોર વચ્ચેનું પ્રમાણ જાળવી રાખવા માટે કે વેપારમંદીને કારણે કે

આસ્માનીસુલ્તાનીને સબબે હિંદી સરકારને નાણાં બજારમાંથી ઉછીનાં લેવાં પડે છે, ત્યારે ભારે વ્યાજ આપતી લોન હિંદી સરકાર કાઢે છે; તેથી નાણાં રોકનારા બેંકમાં નાણાં મૂકવાને બદલે વધુ વ્યાજ મેળવવા માટે લોન ખરીદવામાં નાણાં રોકવાનું વધારે પસંદ કરે છે.

"હિંદુસ્તાનના લોકો, મોટે ભાગે, તેમના પૈસા ૩½ ટકાને વ્યાજે સરકારની પ્રોમિસરી નોટોમાં રોકે છે. આ પ્રમાણે સરકારનાં કાગળિયાંમાં રોકેલાં, કે સરકારની પોસ્ટલ બેંકો, પ્રેસિડન્સી બેંકો અને દેશનાં મુખ્ય શહેરોમાં આવેલી તેમની શાખાઓમાં મૂકેલાં નાણાંનું શું થાય છે તે જાણવાની તસ્દી કોઈ પણ લેતું નથી. આ બેંકો તે નાણાં યુરોપિયન પેઢીઓને, તેમના ધંધામાંથી બેહદ નફો કરવા ધીરે છે. તેને કારણે પછીથી હિંદુસ્તાનમાં રોકાયેલી 'અંગ્રેજોની મૂડી'ની વાતો ચાલે છે."

મેજર બી. ડી. બસુ

૪. ઉપર વર્ણવેલી ત્રણ પ્રકારની મોટી બેંકો ઉપરાંત સહકારી બેંકો અને તેની શાખાઓ પણ ધીરધાર કરે છે. પણ સહકારી બેંકોનું કુલ ભંડોળ માંડ ૩૫.૯૪ કરોડ રૂપિયા જ છે.

૫. બાકી નાણાંની સગવડ સાટે ખરે ભીડને ટાંકણે, તો, ગામડાના વાણિયા શાહુકાર મારવાડી કે શેઠી કે આમીલ કે મેમણ વેપારી જ વહારે ધાય છે. દેશી પેઢીઓ પોતાનો લાખો રૂપિયાનો વહીવટ એટલી બધી કરકસરથી કરે છે કે ગોરાઓને પહોંચા કરડવા પડે છે. વેપારની આંટ આવા વાણિયાને લીધે કેટલી બધી ટકી રહી છે, તે હિંદી સેન્ટ્રલ

કોટન કમિટી (મધ્યસ્થ રૂ કમિટી) એ છેલ્લા સાતેક વરસ પહેલાં બારીક તપાસ કરી જાહેર કર્યું હતું કે કપાસની ખેડ કરનારાઓમાંના ૬૫ ટકાએ પોતાને જોઈતી મૂડી ગામના શાહુકાર પાસેથી વ્યાજે મેળવી હતી, ૧૩ ટકા ખેડૂતોએ સહકારી મંડળીનું શરણ લીધું હતું. અને ૧૫ ટકા ખેડૂતોએ પોતાને જોઈતા પૈસા પોતાના શેઠ જમીનમાલિકો પાસેથી મેળવ્યા હતા.

ટૂંકમાં હિંદુસ્તાનના મોટામાં મોટા રૂ જેવા વેપારી માલમાં પણ આ કહેવાતી સંગઠિત બેંકોનો બહુ લાભ ખેડૂતોને પ્રત્યક્ષ રીતે મળતો નથી.

પોસ્ટ ઑફિસની મૂડી

૬. હવે મધ્યમ વર્ગના અને તેમાંયે ખાસ કરીને નોકરિયાત વર્ગના માણસો પોતાની નાનીસૂની બચત પોસ્ટ ઑફિસની સેવિંગ બેંકમાં કે કેશ સર્ટિફિકેટ ખરીદવામાં રોકવા લાગ્યા છે.

૧૯૨૮ થી ૩૨ સુધીના વર્ષોમાં સરાસરી કેશ સર્ટિફિકેટના રૂ. ૩.૪૭ કરોડ અને સેવિંગ બેંકમાં ૧.૩૮ કરોડ રૂપિયા પોસ્ટ ઑફિસમાં જમા રહેતા હતા તે આંકડામાં ૧૯૩૩–૩૪માં સારો વધારો દેખાય છે. કેશ સર્ટિફિકેટના ૭.૮૦ કરોડ રૂ. અને સેવિંગ બેંક થાપણ ૯.૧૦ કરોડ રૂ. એમ કુલે ૧૬.૯૦ કરોડ રૂ. પોસ્ટ ઑફિસમાં જમા હતા. આ લગભગ ૧૭ કરોડ રૂપિયાની મૂડીમાંથી સરકાર ધારે તો કેટલા નવા ગ્રામોદ્યોગો પગભર કરી શકે.

અનેક ધંધાઓ મૂડી વિના ભાંગી પડે છે. અનેક બુદ્ધિશાળી અને વ્યવહારકુશળ યુવકો મૂડીના અભાવે, ધંધારોજગારની આવડત હોવા છતાં ભૂખે મરે છે. અને કરોડો રૂપિયાની મૂડી આમ પોસ્ટ ઑફિસમાં રોકી પરદેશીઓને ખટાવવામાં આપણે જ નિમિત્ત થઈએ છીએ.*

શરાફી બૅંકનું પ્રકરણ પૂરું કરતા પહેલાં તરતમાં સ્થપાયેલી રીઝર્વ બૅંક શું છે તેનો ઉપરચોટિયો પણ ખ્યાલ વાચકને આપવાની જરૂર છે.

રીઝર્વ બૅંક

રીઝર્વ બૅંક એ શેરહોલ્ડરોની બૅંક છે. આ બૅંકના શેર બ્રિટિશ હિંદુસ્તાન કે દેશી રાજ્યની કોઈ પણ પ્રજા ખરીદી શકે છે એટલું જ નહિ પણ આ બૅંકના શેરો, કંપનીઓ, સહકારી મંડળીઓ કે બૅંક સુધ્ધાં પણ ખરીદી શકે છે.

બૅંકનો વહીવટ ૧૬ ડિરેક્ટરોના હાથમાં રહે. આ ૧૬ ડિરેક્ટરોમાંથી ૮ ડિરેક્ટરોને શેરહોલ્ડરો પોતે ચૂંટે અને બાકીના ૮ ડિરેક્ટરોને — ગવર્નર અને ડેપ્યુટી ગવર્નર સહિત — સરકાર નીમે એવો નિયમ છે. પણ ડિરેક્ટરોની બેઠકમાં બૅંકના ગવર્નર કે ડેપ્યુટી ગવર્નરને મત આપવાનો અધિકાર ન હોવાથી ચૂંટાયેલા ડિરેક્ટરોની કામકાજમાં

*"જ્યાં લગી આપણો નાણાંનો ભંડાર સરકાર હિંદુસ્તાનની બહાર રાખે છે ત્યાં લગી સેવિંગ્સ બૅંકને પણ હું સહીસલામત સંસ્થા નથી ગણતો. જે રાજ્યપદ્ધતિ લોકહિતને જ ખાતર ને તેની સંમતિથી નથી રચાયેલી તે અણીને વખતે વિશ્વાસપાત્ર ન ગણાય." ગાંધીજી

બહુમતી રહી શકે છે પણ ડિરેક્ટરો હિંદી જ હોવા જોઈએ એવો કોઈ નિયમ રીઝર્વ બેંકના બંધારણમાં ઘડવામાં આવેલ નથી.

નાણાંની નોટો પાડવાની કુલ સત્તા રીઝર્વ બેંકના હાથમાં સોંપાશે. દુનિયામાં હિંદુસ્તાનની નાણાની શાખ–આંટ–સાચવવાનું અને પાઉન્ડ તથા રૂપિયા વચ્ચેનું નક્કી કરેલ પ્રમાણ જાળવી રાખવાનું અને નાણાંની અછતને કારણે કોઈ બેંકો જોખમમાં આવી પડે તો તેને બચાવી લેવાનું કામ રીઝર્વ બેંકનું ગણાય છે.

ટૂંકામાં રીઝર્વ બેંક, સરકારને તેમજ વેપારી બેંકોને નાણાં ધીરનારી પેઢી છે.

હિંદુસ્તાનની બધી બેંકોમાં જે વધારાનું ભંડોળ એકઠું થયું હોય તે એકહાથ કરી, જરૂર પડયે આફતમાંથી બેંકને યા દેશને બચાવી લેવાનું કામ આ રીઝર્વ બેંકનું છે.

આ ઉપરાંત લંડનમાં નક્કી કરેલા દરે રૂપિયાના પાઉન્ડ મળી શકે તે માટે બધી જોગવાઈ રીઝર્વ બેંકે કરવાની છે.

હિંદુસ્તાનની કાયદેસર સ્થાપન થયેલ તમામ બેંકોએ પોતાની તુરતાતુરતની જવાબદારી અદા કરવા માટે જોઈતી મૂડીના ઓછામાં ઓછા ૫ ટકા અને મુદતની જવાબદારી અદા કરવા માટે જોઈતી મૂડીના ઓછામાં ઓછા ૨ ટકા રીઝર્વ બેંકમાં જમા રાખવી જ જોઈએ.

આના બદલામાં રીઝર્વ બેંકે આવી બેંકોની હૂંડી શિકારવા હમેશાં તૈયાર રહેવાનું હોય છે.

રીઝર્વ બેંકના હાથમાં સત્તા અપાર છે. પણ તેના પર હકૂમત પ્રજાની કશી રાખવામાં આવી નથી. ડિરેક્ટરોમાં પણ સરકાર નિયુક્ત સભ્યો આવતા હોવાથી લોકોના મનમાં ખટકો રહ્યા જ કરવાનો.

રીઝર્વ બેંક સ્થાપન કરીને, હિંદુસ્તાનમાં સોનાચલણ દાખલ કરવાની ચળવળ પર હાલ તો ટાઢું પાણી રેડાઈ ગયું છે.

રીઝર્વ બેંકે જરૂર જણાયે બીજી બેંકોને આફતમાંથી બચાવવા બીડું ઝડપેલ છે. પણ કાયદેસર સ્થપાયેલ બેંકો અને રીઝર્વ બેંક વચ્ચેના સંબંધ નિર્ણિત થયા નથી. રીઝર્વ બેંકના શેરો ખરીદી સામાન્ય બેંક પોતાની હકૂમત પોતે ચૂંટેલા ડિરેક્ટર મારફત ભોગવી શકે છે.

વીમો

જેમ બેન્ક, અને વહાણવટા મારફત પરદેશીઓ હિંદુસ્તાનનું ધન ન કળી શકાય તેમ ચૂસી જાય છે તેવી જ રીતે વીમા કંપનીઓ દ્વારા પણ પરદેશીઓ દર વરસે ઓછામાં ઓછા દશ કરોડ રૂપિયા હિંદમાંથી તાણી જાય છે.

હમણાં હમણાંમાં અધભણેલા યુવકોનું વીમા કંપનીઓ પર ધ્યાન ખેંચાયું છે. પણ તેમાંય જે 'પરપોટા' વીમા કંપનીઓ * સ્થપાય છે અને ગરીબ ગામડિયાના પૈસા હરામખોરી કરી શહેરી સુધરેલા ચૂસી જાય છે. તેથી

* પણ હવે ૧૯૩૫ના કાયદા પ્રમાણે વીમા કંપનીઓ પર સખત અંકુશો મૂકવામાં આવ્યા છે.

આ કાયદાની રૂએ નવી વીમા કંપનીએ લાયસન્સ લેવું પડશે. અને લાયસન્સની શરતો કડક રાખવામાં આવી છે. પોલિસી

હિંદીની શાખ ઘટે છે અને તેનો લાભ આડકતરી રીતે પરદેશી કંપનીઓને કાયમનો મળી જાય છે.

૧૯૩૧માં કુલ ૨૮૨ ઇન્સ્યોરન્સ-વીમા કંપનીઓ હિંદમાં કામ કરતી હતી. તેમાંથી માત્ર ૧૩૫ જ હિંદી અને બાકીની ૧૪૭ પરદેશી વીમા કંપનીઓ હતી. આ કંપનીઓ મારફત ૧૬૮ કરોડ રૂ. નો વીમો ઉતરાવ્યો હતો. આ બદલ ૮$\frac{1}{2}$ કરોડ રૂપિયા દર વરસે પ્રિમિયમ કંપનીઓને મળતું. જેમાંથી હિંદી વીમા કંપનીઓને ભાગે તો માત્ર ૪$\frac{1}{2}$ કરોડ રૂપિયા આવતા હતા.

જિંદગીનો વીમો ઉતરાવવા તરફ હવે હિંદીઓ વધારે આકર્ષાવા લાગ્યા છે. અને હિંદી કંપનીઓને જિંદગીના વીમાનું કામ પણ પ્રમાણમાં વધારે મળવા લાગ્યું છે. ૧૯૨૧માં જિંદગીના વીમાનું નવું કામ ૫.૧૭ કરોડનું મળ્યું હતું. એટલે કુલ ૩૧ કરોડ રૂપિયાનું કામ હિંદી કંપનીઓ પાસે હતું. આ કામ ૧૯૩૧માં દશ વરસમાં લગભગ ત્રણ ચારગણું વધ્યું છે. ૧૯૩૧માં નવું કામ ૧૭

હોલ્ડરોને ખાસ હકો દેવામાં આવ્યા છે. ડિરેકટરોનો ચોથો ભાગ પોલિસી હોલ્ડરોને નીમી શકશે.

દરેક વીમા કંપનીએ પોતાનાં નાણાંના ૫૫ ટકા સહકારી જામીનગીરીઓમાં રોકવા જ પડશે.

બાકીની રકમમાંથી પોલિસી હોલ્ડરોને પણ ધીરવામાં આવશે એટલે ડાયરેક્ટરોનો નાણાના માત્ર ૧/૩ ભાગ ઉપર અંકુશ રહેશે.

ડાયરેક્ટરો પોતાના અંગત લાભ ખાતર અથવા પોતે જે કોઈ સંસ્થા સાથે સંબંધ ધરાવતા હશે તે કંપનીઓને વીમાના ફંડોની ધીરધાર કરી શકશે નહિ.

કરોડ રૂપિયાનું મળ્યું એટલે કુલ કામ ૯૪ કરોડ રૂપિયાનું થયું હતું. એમ છતાં બીજા દેશોની સરખામણીમાં જિંદગીનો વીમો હિંદીઓ ઓછો ઉતરાવે છે.

યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં દર ૪ માણસે, ઇંગ્લંડમાં દર ૧૦ માણસે, જપાનમાં દર ૫ માણસે એક જણ જિંદગીનો વીમો ઉતરાવે છે; ત્યારે હિંદુસ્તાનમાં દર ૫૦૦ માણસે એક જણ વીમો ઉતરાવી શકે છે.

જ્યાં સાંજના શું ખાશું એની ચિંતા થયા કરતી હોય, છોકરાંને ફાટેલાં કપડાંમાં થથરતા જોઈ તેને નવાં કપડાં કેમ અને કયારે સીવડાવવાં એ જ મહા વિચાર થઈ પડતો હોય ત્યાં મર્યા પછી બાળકોનો ગુજારો કેમ ચાલશે તેની વાત જ કયાંથી ઊભી થાય? રોજનું ભાણું ન ભરાવાને કારણે પોરસમાં ને પોરસમાં વીમા ઉતરાવનારાને પ્રિમિયમના પૈસા ખોવા પડે છે એ નોકરિયાતોનો સામાન્ય અનુભવ થઈ પડયો છે.

જિંદગીના વીમા મેળવવામાં જે પ્રમાણમાં હિંદી વીમા કંપનીઓ પરદેશી કંપનીઓની હરીફાઈમાં ફતેહમંદ થઈ છે, તે પ્રમાણમાં આગ, દરિયાઈ સફર, કે મોટર વાહન કે ઘરોના વીમામાં હિંદી કંપનીઓ સફળ થઈ નથી. ઉપરના વીમાઓમાં ૩ કરોડ રૂપિયાનું પ્રિમિયમ, કંપનીઓને મળે છે. તેમાંથી હિંદી કંપનીઓને ભાગે તો માંડ અડધો કરોડ રૂ. જ આવે છે.

આજે દરસાલ નાના મોટા પ્રિમિયમની ગણતરી કરતાં દશ કરોડ રૂપિયા પરદેશી વીમા કંપનીઓ ઘસડી જાય

છે તે રોકવા માટે સરકારે અને પ્રજાએ મળી યોજના ઘડી કાઢી તે પ્રમાણે તેનો ફરજિયાત અમલ કરાવવો જોઈએ.

વીમાના હપતા ને ઉદ્યોગ વિકાસ

વીમાના પ્રિમિયમ–હપતા–નાં જે નાણાં કંપની પાસે એકઠાં થાય છે તે નાણાંનો મોટો ભાગ દેશના આવશ્યક ધંધાઉદ્યોગ ખીલવવામાં સહેજે રોકી શકાય. કારણકે આ નાણાં વીસ પચીસ વરસ સુધી, જિંદગીના વીમાનાં હોવાથી, લાંબી મુદત માટે કોઈ પણ મોટા ધંધામાં રોકી શકાય.

યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં વીમાના હપતાના ૫૧ ટકા ખેતીવાડી બેંકમાં કે ઉદ્યોગવિકાસમાં રોકવામાં આવે છે. ત્યારે હિંદુસ્તાનમાં વીમાના પ્રિમિયમના ૭૫ ટકા તો સરકારી લોન ખરીદવામાં રોકાય છે. વીમાની થાપણનો લાભ હિંદી ઉદ્યોગધંધાની સુધારણા માટે જરા પણ મળી શકતો નથી તે સખેદ કબૂલ કરવું જોઈએ.

પરદેશી કંપનીઓ

વીમા કંપનીઓ ઉપરાંત બીજી ૮૯૭ બ્રિટિશ કંપનીઓ ૧૯૩૦–૩૧ માં હિંદમાં કામ કરતી હતી. આ કંપનીઓની કુલ મૂડી ૭૪,૨૦ લાખ પાઉન્ડ ગણાતી હતી. આ કંપનીઓ હિંદમાં પગપેસારો કરી હિંદમાંથી આડકતરી રીતે ધન કેટલું હરી જાય છે તેના સત્તાવાર આંકડા આપણને મળતા નથી. આવા આંકડા પૂરા પાડવા માટે રીતસર સરકારી કાયદો થવાની જરૂર છે.

સરકારની પક્ષનીતિ

"હમણાં સુધી બ્રિટિશ સરકાર હિંદમાં કાયદો અને વ્યવસ્થા જાળવીને જ એટલે કે દેશમાં સિપાહીગીરી કરાવી અને કરો ઉઘરાવીને સંતોષ માની બેસેલ છે. દેશમાં કેળવણીનો વધુ પ્રચાર કરવા માટે કે લોકોની આબાદી વધારવા માટે તેણે કદી ખાસ પ્રયત્ન કરેલ નથી." —વિશ્વેશ્વરૈયા

"જો હિંદી ખેડૂત અઠવાડિયે ૩ જ ફારધિંગની વધારે ખરીદી કરી શકે એટલી શક્તિ તેનામાં આવે તો લૅંકેશાયરની મિલોની એક ત્રાક કે સાળ નવરી ન પડી રહે.

જો (ઇંગ્લંડમાં) લોઢા અને પોલાદના વેપારને પુનરુજ્જીવિત કરવા ખરેખર ઇચ્છતા હોઈએ અને હિંદી સામ્રાજ્યની બજાર આપણા હિતાર્થે ખીલવવા ઇચ્છતા હોઈએ તો ખેડ કરવામાં ઉપયોગી થાય એવાં લોઢાનાં ઓજારો, ઍંજિનો અને પમ્પો હિંદના ગામડે ગામડે ધકેલવા મંડવું જોઈએ. અને ખાતર તથા બીજી જરૂરિયાતની ચીજો, બિયાં વગેરે ખેડૂત ખરીદી શકે તે માટે નગદ નાણાં મોકલવાં જોઈએ." —લૉર્ડ સ્નોડન

"જે યંત્રો મનુષ્યબળથી અથવા બળદથી ચાલે તેવાં હોય છે તેની આયાત પર ૧૫ ટકા કે તેથી વધારે જકાત હોય છે. અને જે

વરાળ, તેલ કે કોલસા કે વીજળીના બળથી ચાલે તેવાં હોય છે તેની ૫ ટકાથી વધારે નથી હોતી. આ નીતિમાં પ્રજાને બેવડો માર છે. વરાળ વગેરેથી ચાલતાં યંત્રો પર જકાતનો બોજો હળવો કરવાથી પરદેશી કારખાનાંવાળાઓને ખટાવવાનું થઈ શકે છે અને મનુષ્ય તથા બળદથી ચાલે તેવા યંત્રો પરનો બોજો ભારે કરી લોકોના હાથમાં તે ઓછાં જાય અને તેઓ સ્વાશ્રયી થતા અટકી મોટા યંત્રવાળાનાં વૈતરાં કરનારા બને એવું થઈ શકે છે."

—મગનલાલ ગાંધી

ખાંડનાં કારખાનાં

સ્વ. મગનલાલ ગાંધીના શબ્દોમાં બતાવેલી સરકારની પક્ષનીતિથી, શેરડીના ચિચોડા જેવાં નાનાં યંત્રોને ધક્કો લાગ્યો છે. અને મોટી મોટી ખાંડની મિલો શરૂ થઈ છે.

છેલ્લાં દશ વર્ષમાં ખાંડનાં કારખાનાંઓ હિંદમાં ચારે કોર સ્થપાયાં છે. પણ તેથી શેરડીનું વાવેતર કરનારાઓને કે ખાંડના કારખાનાના મજૂરોની સ્થિતિ લવલેશ સુધરી નથી.

બિહારના ધરતીકંપ બાદ, જ્યાં માત્ર શેરડીનું વાવેતર થાય છે એવાં ગામડાંઓની બારીક તપાસ મહાસભાવાદીઓએ કરી હતી. ત્યારે આવા ગામડાંઓમાં ગોળનો ટુકડો પણ ભાગ્યે જ નજરે ચડ્યો હતો.

પાંચ આને બંગાળી મણ શેરડીનો ભાવ સરકારે ઠરાવી આપ્યો છે. પણ આટલોયે ભાવ શેરડીનો ઉપજાવવા માટે ખેડૂતની આંખે પાણી આવે છે.

શેરડીના ગાડાનું તોલ કરાવવા માટે ખેડૂતોને દિવસોના દિવસ ખાંડના કારખાના પાસે કકડતી ઠંડીમાં અને માથું ફાડી નાખે તેવી ગરમીમાં રાહ જોવી પડે છે.

પાંચસો પાંચસો અને વખતે વખતે હજાર હજાર ગાડાંની કતાર મિલ આગળ જામે છે. અને ચોવીસ ચોવીસ કલાક ભૂખે અને તરસે પેટે ગાડામાં જોડાઈને ઊભા રહેતાં બળદોની આંખો બહાર નીકળી આવે છે. અને કોઈ કોઈ મરી પણ જાય છે એવી હકીકતો લેબર કમિશન પાસે રજૂ થઈ છે.

ખાંડનાં કારખાનાંવાળાઓ ખેડૂતોને ક્રૂર રીતે ચૂસે છે એની ખાતરી જવાહરલાલજીનાં નીચેનાં વાક્યો પરથી આપણને થાય છે.

"છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન અનાજના અને બીજી વસ્તુઓના ભાવોમાં આવેલી મંદીને પરિણામે લાખો ખેડૂતોને ખાસ કરીને સંયુક્તપ્રાંત અને બિહારમાં શેરડીના વાવેતર પર જવું પડ્યું. ખાંડ પર નાખેલી જકાતને લીધે ચોમાસાની કાગડાની ટોપીની પેઠે અનેક કારખાનાં પેદા થયાં, અને શેરડીની માંગ વધી ગઈ. પણ થોડા જ વખતમાં માંગ કરતાં માલ વધી ગયો. અને કારખાના-વાળાઓએ ખેડૂતોને ક્રૂર રીતે ચૂસ્યા, અને ભાવો ઘટી ગયા."

ચોંકાવનારી હકીકતો

ખાંડનાં કારખાનાંઓને લીધે ખેડૂતો કેવા પાયમાલ થઈ જાય છે તે વિષે બાબુ રાજેન્દ્રપ્રસાદે ૧૯૩૭ના સપ્ટેમ્બર માસના મૉડર્ન રિવ્યુમાં લેખ લખ્યો હતો. તે લેખમાંની કેટલીક હકીકતો ભારે ચોંકાવનારી છે. "૧૯૩૫-૩૬માં જેટલી ખાંડ ખપી શકે તે કરતાં વધારે ખાંડ મિલોમાં તૈયાર થવાથી ખાંડની કોથળીઓના ખડકલા વેચાયા વિના

મિલોમાં પડ્યા રહ્યા તેથી ૧૯૩૬-૩૭માં મિલોએ ચાર પાંચ અઠવાડિયા શેરડી ન ખરીદવાનો ઠરાવ કર્યો. શેરડી ઉગાડનારા ખેડૂતો ભારે ગભરાટમાં પડ્યા. સીઝનના જે દિવસો બાકી રહ્યા તે દિવસોમાં રાતપાલી મિલ ચલાવે તો પણ જેટલી શેરડી ઊગી હતી તે બધી પિલાઈ શકે તેમ નહોતું. બળદથી ચલાવી શકાય તેવા ચિચોડા ૧૯૩૪ની માફક વખતસર મળી શકે તેમ નહોતા. અધૂરામાં પૂરું મિલમાં તૈયાર થતી ખાંડ પર મણ દીઠ સરકારે આઠ આના જકાત નાખી હતી. ખાંડની મિલવાળા મક્કમ રહ્યા અને એ વરસના પરસેવાની મહામહેનતે ઉગાડેલા શેરડીના પાકનું શું થશે તેની ભારે ચિંતા ખેડૂતો અને લોકસેવકોને થવા લાગી.

છેવટે સરકાર, ખાંડના કારખાનદારો અને સમાજ-સેવકો, દેશનેતાઓ વચ્ચે સમાધાન થયું. એટલે મિલમાલિકોએ મિલમાં ચિચોડા ચલાવવાનું વધુ દહાડા જારી રાખ્યું. સરકારે શેરડીના ઓછામાં ઓછા ઠરાવી આપેલા ભાવમાં ફરી પાકો ઘટાડો કર્યો અને રેલ્વે સત્તાવાળાઓએ શેરડી માટેના વેગનના દરમાં ઘટાડો કર્યો ત્યારે પાણીના મૂલે ચાર આને બંગાળી મણ શેરડી ખેડૂતો વેચી શક્યા. સરકારે જે ઓછામાં ઓછો ૪ આને બંગાળી મણનો ભાવ ઠરાવેલ છે તે ભાગ્યે જ ખેડૂતને મળે છે. તેને માટે આ ૪ આના વધારેમાં વધારે ભાવ છે.

પણ ખેડૂત શેરડી વેચે નહિ તો જાય ક્યાં! શેરડીનો પાક બાળી નાખવા માટે અને બીજા પાક માટે જમીન ખેડવાલાયક તૈયાર કરવા માટે જે પૈસા જોઈએ એટલી મૂડી અમેરિકન ખેડૂતની માફક હિંદના કંગાલ ખેડૂત પાસે છે ક્યાં ?

જાવાની ખાંડ, મણના ૯ થી ૧૦ રૂપિયે વેચાય છે. ત્યારે હિંદી સ્વદેશી ખાંડ ૬ થી ૬ાા રૂપિયે મણના ભાવે વેચાય છે. જાવા કરતાં હિંદુસ્તાનમાં દર એકરે ખાંડનો પાક પ્રમાણમાં ઘણો ઓછો ઊતરે છે. છતાં ખાંડ હિંદુસ્તાનમાં સસ્તી વેચાય છે કારણ કે શેરડીનું વાવેતર કરનારા ખેડૂતને તેની મહેનતમજૂરી જેટલા પૈસા આપવામાં આવતા નથી અને હિંદી ખાંડની મિલો વચ્ચે અરસપરસ હરીફાઈ ચાલે છે.

પરદેશી ખાંડ પર રક્ષક અટકાયત જકાત નખાયેલી છે. તેનો સાચો લાભ લાખો ખેડૂતોને મળતો નથી પણ મિલમાલિકો જ આ લાભ ઉઠાવી જાય છે. શેરડીના વાવેતર કરનારા ખેડૂતની કેડ ભાંગી ન નાખવી હોય, તેની પાસે બે ટંક ખાવાનું રહે એમ કરવું હોય તો શેરડીના બંગાળી મણે ૪ આના નહિ પણ ઓછામાં ઓછા ૬ાા આના મળવા જોઈએ. અને સ્વદેશી ધર્મ જાણનારા અને સ્વદેશી વ્રતપાલનના આગ્રહ રાખનારાએ મણ ખાંડના ૮ રૂપિયા ખુશીથી આપવા જોઈએ.

પણ સરકાર શેરડીના ભાવ વધારી આપે, મિલમાલિકો માંહોમાંહેની હરીફાઈ કાઢી નાખે, હિંદીઓ ખાંડના વધારે ભાવ આપે ત્યારે બધું થાય. પણ પારકી આશ સદા નિરાશ, એ કહેવત પ્રમાણે લોકો જો બીજા પર આધાર ન રાખતાં ખાંડને બદલે ગોળ ખાતા થાય, અને ગામમાં જ શેરડીના ચિચોડા ચાલતા થાય તો આખી પરિસ્થિતિ સહેજે બદલાઈ જાય.

શણ અને રૂની ખેતી

જેવા શેરડીના વાવેતર કરનારા ખેડૂતોના હાલ સંયુક્ત પ્રાંત અને બિહારમાં થાય છે તેવા જ હાલ બંગાળમાં શણ વાવનારા ખેડૂતોના થઈ પડયા છે. બંગાળની શણ-મિલોમાં તૈયાર થતી ગૂણીઓની બજાર પરદેશમાં ઘટવા લાગી છે. શણમિલોનો માલ ખપતો નથી. શણની કોથળીને બદલે જાડા કાગળોની કોથળી પરદેશમાં વપરાવા લાગી છે.

ગુજરાત કાઠિયાવાડમાં રૂ ઉગાડનારાના હાલ વળી કયાં સારા છે! કાપડની મિલો ભલે ધીકતી રીતે ચાલતી હોય પણ આજે ૧૯૩૭–૩૮ માં નવસારી સુરતી રૂ ૧૦ રૂપિયે મણ અને મહિયું ૬ રૂપિયે વેચાય છે. છતાં રૂ ખરીદનારા જ કોઈ નથી. અને કાઠિયાવાડ કે ગુજરાતનાં જીન પ્રેસોમાં લાખો ગાંસડી વેચાયા વિનાની સડે છે.* ખાવા માટે અનાજ ન ઉગાડતાં જેઓ વેચવા માટે શણ, રૂ, શેરડી કે તેલીબિયાં ઉગાડવા લાગ્યા છે તે બધાના હાલ જોઈ દયા ઊપજે છે.

મહાસભા મહાસમિતિએ નીમેલી રૂ સમિતિએ હમણાં જ ભલામણ કરી છે.

૧. કપાસનું વાવેતર ઘટાડો.

---

* "જગતમાં રૂના ભાવ નીચા ગયા છે તેથી આખા હિંદુસ્તાનના રૂ ઉગાડનારાઓ પાયમાલ થઈ જાય એવી ચિંતા જન્મી છે. ખેડૂતો પર જે આપત્તિ તોળાઈ રહી છે તેમાંથી તેમને ઉગારી લેવા માટે ચાંપતા ઉપાયો તાબડતોબ લેવાની જરૂર છે." (મહાસભા કારોબારી સમિતિ ૨–૧–૩૮)

૨. રૂની ગાંસડીઓ પર ઇમ્પીરિયલ અને રીઝર્વ બૅન્ક જેવી બૅન્કોએ સસ્તા વ્યાજે ધીરાણ કરવું જોઈએ.

૩. નિકાસ થતા રૂ પર સરકારે અમુક બાઉન્ટી — બક્ષિસ — આપવી જોઈએ.

૪. રૂના તેજીમંદીના ધંધા પર ખાસ નિયમન મુકાવું જોઈએ.

પશ્ચિમના અર્થશાસ્ત્રને રવાડે ચાલવાની નીતિ સ્વીકારનારને આવા આવા અનેક પ્રાણાયામ કરવા પડે છે.

ઔદ્યોગિક વિકાસ

છેલ્લાં દશ વર્ષોમાં હિંદુસ્તાનમાં ધીમે ધીમે કારખાનાંઓ વધતાં ગયાં છે. અને જે ચીજો બનાવવા માટે સરકાર તરફથી જકાતી રક્ષણ મળેલ છે તે ચીજોનું ઉત્પન્ન વધવા લાગ્યું છે. તે શ્રી. ખેતાને વેપારી મંડળની બેઠકમાં નીચેના આંકડા આપી બતાવી આપ્યું હતું:

છેલ્લાં દસ વર્ષમાં થયેલ ઔદ્યોગિક વિકાસ

વસ્તુનું નામ	વર્ષ ૧૯૨૬-૨૭ ઉત્પન્ન	૧૯૩૫-૩૬ ઉત્પન્ન
દીવાસળી	૧ કરોડ ૫ લાખ ગ્રોસ પેટી	૨,૪૨ લાખ ગ્રોસ પેટી
કાગળ	૨૮ હજાર ટન	૪૮ હજાર ટન
મિલ કાપડ	૧,૯૫,૪૦ લાખ વાર	૩,૫૭,૧૦ લાખ વાર
હાથવણાટ કાપડ	૧૧૬ કરોડ વાર	૧૬૬ કરોડ વાર
ખાંડ	૩૨૧ હજાર ટન	૧,૧૬૬ હજાર ટન
ગોળ	૩૫ લાખ ટન	૬૭ લાખ ટન
શેરડીનું વાવેતર	૩૦ લાખ એકર	૪૦લાખ એકર

પોલાદ	૩૨૦ હજાર ટન	બમણા કરતાં વધુ પેદાશ થઈ હોવી જોઈએ. (ચોક્કસ આંકડા નથી મળ્યા)

ખાદી–ક્રાંતિ હિંદમાં શરૂ થઈ તે પહેલાં લેંકેશાયરથી ૩૦૦ કરોડ ચોરસવાર કાપડ હિંદમાં આવતું. હવે એ આયાત ઘટીને માત્ર ૩૦ કરોડ વારની જ રહી છે.*

પણ વડી સરકારના હાલના નાણાં પ્રધાન મિ. ગ્રીગ દેશમાં ઉદ્યોગો વધવાથી બેકારી ટળશે એમ માનતા જ નથી.×

---

* "હવે લેંકેશાયર મેંચેસ્ટર કાપડની માગ હિંદમાંથી લગભગ નાબૂદ થવા આવી છે. લેંકેશાયરના મિલના વેપારી હિંદના વેપારી પ્રતિનિધિ મંડળને પગે લાગી વરસે ૧૭ કરોડ રૂ.નું કાપડ પણ ખરીદવા વીનવે છે. હિંદી વેપારી મંડળે ૩૧ કરોડ રૂપિયાથી એક પાઈનું પણ વધારે કાપડ હિંદ લેંકેશાયરનું નહિ લે એવું રોકડું પરખાવી દીધું છે."
— પટ્ટાભીસીતારામૈયા

× જો રાજ્યનો ટેકો હોય તો કેટલી બેકારી ઘટે છે એ શ્રી. એમ. પી. ગાંધીએ સચોટ રીતે બતાવ્યું છે.

"સરકારે રક્ષક જકાત પરદેશી ખાંડ પર નાખી અને પાંચ વરસમાં હિંદુસ્તાન ખાંડની બાબતમાં સ્વાશ્રયી બની ગયું. અને પરદેશી ખાંડના પરદેશ તણાઈ જતા ૧૫ કરોડ રૂ. બચી ગયા. હિંદીઓ પોતાની મૂડી કારખાનામાં રોકતાં ખચકાય છે, એવો આરોપ કેટલાકો કરે છે. તે હિંદીઓએ છેલ્લા દાયકામાં જ ૩૦ કરોડ રૂપિયા ખાંડની મિલોમાં રોક્યા છે. અને એ એક ધંધો પણ ધીકતો ચાલ્યો એટલે કેટલા બેકારને કામ મળ્યું! ૨,૫૦૦ ડીગ્રીધારી વૈજ્ઞાનિકો, ૧૦,૦૦૦ ભણેલાઓ અને ૨ લાખ મજૂરોને આ ખાંડના કારખાનામાંથી રોટી મળતી થઈ છે."

અને સ્વદેશી ઉદ્યોગધંધાને ટેકો આપવા માટે રક્ષણ જકાત નાખવી એ પ્રજાને પીડા કરવા સમાન છે એમ માને છે. તેથી જે, ખાંડ કે પોલાદ જેવા ધંધાના ઉત્તેજનાર્થે રક્ષણ જકાત નાંખવામાં આવી છે તેના પર કેમ જાણે પાણી ફેરવતા ન હોય ને એવી રીતે ખાંડ અને પોલાદ પર મોટી આંતર જકાત એકસાઈઝ ડ્યૂટી નાખેલ છે. અને હિંદની ખાંડ પરદેશ નિકાસ ન થાય એવા ફતવાઓ કાઢે છે. આવી એકપક્ષી નીતિથી ઉદ્યોગો શી રીતે ખીલે?

જ્યાં કંઈક સંરક્ષણ મળે ત્યાં પણ, ખેડૂતોને શી રીતે લાભ થશે, મજૂરોના જીવન ઉપર શી અસર થશે, લાભ કોણ ખાટી જશે વગેરે બાબતોનો ખ્યાલ રાખવામાં ન આવે તો પણ શો લાભ? ખાંડની મિલો થઈ પણ લાભ કોને મળ્યો? શેરડીની ખેતી કરનાર ખેડૂતોની સ્થિતિ કેટલી સુધરી? આ બધી બાબતોનો વિચાર કરીને ઉદ્યોગોને ઉત્તેજન આપવામાં આવે તો જ ઉદ્યોગો ખીલે અને તે સાચી રીતે ખીલે. સંરક્ષણ વિના કાંઈ ન થાય એ ખરું પરંતુ ગમે તેવું સંરક્ષણ પણ કામનું નહિ.

દીનહીન સ્થિતિ

"ગરીબાઈ કોગળિયા કરતાં પણ બૂરી છે. રોગચાળા કરતાંયે એ વધુ માણસોનો ભોગ લે છે. અને આ ભોગ તે સારામાં સારા સુકાળમાં પણ લે છે! આપણાં શહેરોમાં મરણપ્રમાણના આંકડાઓ જુઓ. જુઓ, ક્યાં આગળ મોતનો પંજો સરસર ફરે 'છે, જુઓ, ક્યાં આગળ બાળકો માખીઓની જેમ ટપોટપ પટકાઈ જાય છે! તમને માલૂમ પડી આવશે કે એ બધું ગરીબોનાં ઝૂંપડામાં જ બને છે. આ કંગાળિયતના રોગચાળાના કેરને જે માણસ કશીયે ફિકર વિના જોયા કરે છે, જે એને રોકવાને કે ટાળવાને પાંપણ સરખી પણ હલાવતો નથી, તે હું કહું છું કે એ ગુનાનો જવાબદાર છે."

—હેન્રી જ્યોર્જ

"ખેતીના અને ઉદ્યોગના ઉત્પન્નના દલાલોએ પોતાના ભારે નફાઓ જો બીજા દેશોની જેમ બીજા ઉદ્યોગોમાં રોકયા હોત તો હિંદમાં આટલી બધી ગરીબી ન હોત.

પરંતુ આ લોકોએ તો જમીનો લીધી કે સોનું લીધું. અથવા તો ભારે દરે ધીરધાર કરવા માંડી. છેલ્લાં ૪૦ વર્ષમાં ૧૩૦૦ કરોડ રૂપિયા એટલે કે હિંદના પરદેશી વેપારની એકંદર કમાણીના પર આવન ટકા જેટલી રકમ તો માત્ર સંઘરવા માટેના સોનાની પાછળ જ ખરચાઈ છે."

—પ્રો. જે. એચ. થોડ્ઝ

આપણા આર્થિક પ્રશ્નોની જે સમાલોચના અત્યાર સુધીમાં કરવામાં આવી છે તે પરથી વાચકને હિંદની દીનહીન સ્થિતિનો સામાન્ય ખ્યાલ તો આવી ગયો હશે, અને અંતે પરિશિષ્ટ તરીકે આંકડાઓના કોઠા આપવામાં આવ્યા છે તે જોવાથી દુનિયાના બીજા પ્રગતિમાન રાજ્યોમાં હિંદનું કેટલું ઊતરતું સ્થાન છે તે સમજાશે.

"હિંદુસ્તાનની ૮૯ ટકા વસ્તી તો ગામડાંઓમાં રહે છે. અને આ વસ્તીના ૬૦ ટકા માટીનાં ખોલકાં—ઝૂંપડાંમાં—વસે છે. હુન્નર ઉદ્યોગની વિવિધતાને અભાવે, હિંદીઓને મુખ્યત્વે ખેતી પર નિભાવ કરવો પડે છે. ખેડૂતમાત્ર કરજના બોજા તળે ચગદાઈ મૂઓ છે. પરદેશોનું કરજ વર્ષપ્રતિવર્ષ વધતું જાય છે. અને ચાલુ વર્ષોમાં તો જિંદગીની જરૂરિયાતો મેળવવા માટે હિંદી પાસે રોકડ નાણુંયે રહ્યું નથી. બધા ધંધા લગભગ ભાંગી ગયા છે. ૧૯૩૨—૩૩માં વેપારની ભારે મંદીને કારણે, અને નિકાસ થતા માલના ભાવ ગગડી જવાના કારણે, આયાત નિકાસનાં બે પાસાં સરખાં કરવા માટે ૪૦ કરોડ રૂપિયાનું નગદ સોનું પરદેશ ચડાવવું પડ્યું હતું.

હિંદુસ્તાનમાં બેકારના આંકડા રાખવામાં આવતા નથી; પણ બેકારી યા અધબેકારી આખાયે હિંદુસ્તાનમાં કેર વર્તાવી રહેલ છે. લાખો હિંદીઓને અધભૂખમરો સહેવો પડે છે."

— વિશ્વેશ્વરૈયા

હિંદુસ્તાનના ગામડાંઓની ખાસ આર્થિક તપાસ હમણાં જ ઇન્ડિયન મેડિકલ સરવીસના ડિરેક્ટર જનરલ ડૉ. મેગોએ કરી છે. તેમણે પોતાના નિવેદનમાં જણાવ્યું છે.

ખાવાના સાંસા

"ડૉકટરો એવા અભિપ્રાય પર આવ્યા છે કે સમગ્ર હિંદુસ્તાનમાં વસ્તીના ૩૯ ટકા જ લોકોને ઠીક ઠીક ખાવાનું-ભરણપોષણ મળે છે, ૪૧ ટકાને જેવુંતેવું અધકચરું પોષણ મળે છે અને ૨૧ ટકા લોકોને તો નજીવું જ પોષણ મળે છે; એમ કબૂલ કર્યા વિના ચાલે તેમ નથી." બારીક તપાસને અંતે ડૉ. મૅગોએ નીચે પ્રમાણે નિચોડ કાઢેલ છે.

૧. હિંદુસ્તાનને ભરણપોષણ પૂરતું મળતું નથી.

૨. હિંદીની આયુષ્ય મર્યાદા જેટલી હોવી જોઈએ તે કરતાં અડધી છે.

૩. વરસાદની અસાધારણ તંગી ન હોય તો પણ, દશ વર્ષમાં દર પાંચ ગામડે એક ગામડામાં દુકાળ કે ખોરાકીની બૂમ અવારનવાર પડે જ છે.

૪. મરણપ્રમાણનો દર અતિશય વધારે હોવા છતાં ખોરાક કે જીવનની બીજી જરૂરિયાતો જે ગતિથી પેદા થાય છે તે કરતાં માણસની વસ્તી વધારે વેગથી વધે છે.

વસ્તી વધવાને લીધે અને આજીવિકાનાં સાધનો એ પ્રમાણમાં ન વધવાને કારણે આજે જે અધૂરું ભરણપોષણ મળે છે કે અધભૂખમરો હિંદીઓને સહેવો પડે છે તે કરતાં પણ વધારે બૂરી હાલત — જો કાંઈ ખાસ ફેરફાર તરતમાં ન કરવામાં આવે તો — હિંદીઓની થવાની છે."

ઉદ્યોગધંધા ભાંગતાં

આવી દયામણી હાલત હિંદની થઈ પડી છે તેનું મોટામાં મોટું કારણ એ છે કે હિંદુસ્તાનના ઉદ્યોગહુન્નર

દિનપ્રતિદિન ભાંગતા જાય છે અને તેથી ઉદ્યોગધંધામાંથી ગ્રેટબ્રિટનમાં જેટલું માણસ કમાઈ શકે છે તેનો ૪૦ મો ભાગ, અને યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાનો ૬૦ મો ભાગ પણ હિંદી કમાઈ શકતો નથી.

દુનિયાના બીજા દેશો વર્ષપ્રતિવર્ષ ઉદ્યોગધંધા અને હુન્નરકળામાં પ્રગતિ કરે છે. ત્યારે આપણી સરકાર હિંદના હુન્નરધંધા પર ધ્યાન જેવું જોઈએ તેવું ન આપતી હોવાથી ખેતી પર વધુ ને વધુ મારો હિંદીઓનો પડે છે. અને તેને પરિણામે ૧૮૮૧ માં વસ્તીના ૬૧ ટકા જ હિંદીઓ ખેતી પર ગુજારો કરતા તે ૧૯૩૧ માં વધીને ૭૩ ટકા ખેતી પર જીવવા લાગ્યા છે.

બ્રિટિશ રાજના આગમન પહેલાં દરેક મોટા ગામમાં કે ગામડાંઓની વચ્ચેના મધ્યસ્થ ગામડામાં ઓછામાં ઓછી એક લુહાર અને એક સુથારની કોડ તો હોય જ. યુરોપ જપાનથી આવતા સસ્તા માલની સાથે દેશી કારીગર ટકી ન શકવાને લીધે આ ધંધાઓ મૃતપ્રાય થયા છે.

હિંદીની આવક

હિંદને ખેતી પર જ મુખ્યત્વે નભવાનું હોવાથી અને હિંદની ખેતીનો મોટો આધાર અચોક્કસ વરસાદ પર હોવાથી અને ઉનાળાના ચાર મહિના લગભગ ઘણાખરા ખેડૂતોને પરાણે બેકાર રહેવું પડતું હોવાથી હિંદીની આવક બીજા દેશોના પ્રમાણમાં નજીવી હોય એમાં શી નવાઈ?

સાઈમન કમિશનના રિપોર્ટ પ્રમાણે હિંદીની વાર્ષિક આવક ૧૧૦ રૂ. ગણાય. પણ આ ગણતરી હિંદી અર્થ-શાસ્ત્રીઓના મત પ્રમાણે વધારે પડતી છે. છેલ્લી ગણતરી

પ્રમાણે હિંદીની સરાસરી વાર્ષિક આવક ૭૫) પોણોસો રૂપિયા જ લેખાઈ છે.

હિંદુસ્તાનની કુલ પેદાશ સામાન્ય રીતે વરસની ૨૫૦૦ કરોડ રૂ. ગણાય છે. પણ માલના ભાવ હાલમાં ગગડી ગયા છે. તે ગણતરીએ તો હિંદીની હાલના વરસોમાં કુલ પેદાશ ૧૭૫૦ કરોડ રૂ. જ થાય. એટલે સરાસરી હિંદીની વાર્ષિક આવક ૫૦ રૂપિયા એટલે માસિક લગભગ ચાર રૂપિયા જ ગણાય.

લખેસરીની સંખ્યા

હિંદુસ્તાનની આમ જનતા તો અધભૂખ્યે પેટે સૂવે છે. હવે હિંદમાં અમીર ઉમરાવો—મૂડીવાળા કેટલા છે તે જોઈએ.

૧૯૩૨–૩૩ ના આવક વેરાના અહેવાલ પ્રમાણે બ્રિટિશ હિંદની ૨૭ કરોડની વસ્તીમાં, ૨૯૩ હજાર જ માણસો વરસે બે હજાર રૂ. કે તે ઉપરાંત કમાતા હતા.

અને લાખ રૂપિયા અને તે ઉપરાંત કમાનાર ૨૭ કરોડમાંથી માત્ર ૩૫૫ માણસો જ હતા.

દેશી રાજ્યોની પ્રજાની કે રાજાની આમાં ગણતરી નથી એ તો વાચક સમજી લેશે

બેહાલ દશા

જ્યાં દેશમાં ખાવાના જ સાંસા હોય ત્યાં મરણપ્રમાણ વધારે હોય, આયુષ્યમર્યાદા ઓછી હોય અને સુખસગવડ નજીવાં જ હોય એ સહેજે કલ્પી શકાય તેમ છે.

કેનેડામાં હજારે ૧૦ માણસો મરે છે ત્યારે હિંદમાં દર હજારે ૨૪ માણસો મરે છે.

(મુંબઈના મિલના લત્તામાં દરહજારે બાળમરણનું પ્રમાણ લગભગ ૭૫૦ આવે છે.)

રીકેટથી	૩ લાખ	અંધાપો	૨૦ લાખ
રક્તપિત્ત ને કોઢથી	૭½ ,,	ગાંડપણ	૩૧ ,,
ફેફસાંના ક્ષયથી	૧૫ ,,	ચામડીના અને બીજા	
બીજા ,,	૭ ,,	ચેપી રોગોથી	૧૩૦ ,,

હિંદુસ્તાનમાં મરે છે:

આ ઉપરાંત ઘણા દરદીઓ મરવાને વાંકે જીવે છે.

"હિંદ આજે મૃત્યુમુખે કેવો જોશભેર ધસી રહ્યો છે તેની કંઈ કલ્પના છે?

આપણે ત્યાં વરસે કેટલાં બાળકો જન્મે? ૯૦ લાખ; મરે કેટલાં? ૬૦ લાખ; હિંદમાં મિનિટે જન્મે કેટલાં? ૧૯.૫; મરે કેટલાં? ૧૮.૯; બચે કેટલાં? ૦.૬. દુનિયાના દેશો કરતાં પાંચગણું બાળમરણ શાથી?

તાવ જેવા વાર્યા વારી શકાય એવા રોગથી હારીને વર્ષે કેટલાનો ખુરદો થવા દઈએ છીએ? અધકરોડનો; દુનિયાના છેલ્લા મહાયુદ્ધમાં કેટલા મૂઆ? ૧૫૫ લાખ; હિંદમાં ૧૯૧૮ ના ઇન્ફ્લ્યુએન્ઝા જેવા મામૂલી રોગથી કેટલા મૂઆ? સવા કરોડ; યુદ્ધમાં હજારે કેટલું મરણપ્રમાણ? પંદરનું; હિંદમાં હજાર સુવાવડે કેટલાં મરે? સાડત્રીસ; ઓગણીસમી સદીમાં દુનિયાભરના યુદ્ધમાં કેટલા મૂઆ? બહુ તો બે કરોડ; હિંદમાં ઓગણીસમી સદીના છેલ્લા દાયકામાં ભૂખ દુઃખને નિવારી શકાય તેવા રોગથી? અઢી કરોડ."

— ડાહ્યાભાઈ જાની

હિંદીની આયુષ્યમર્યાદા ૨૬ વરસની ગણાય છે. ત્યારે ઇંગ્લંડમાં ૫૭ વરસની ગણાય છે.

હિંદુસ્તાનમાં ૮ ટકા માણસોને લખતાં વાંચતાં આવડે છે ત્યારે કોઈ પણ સુધરેલ દેશ એવો નથી કે જ્યાં ૮૦ ટકા માણસો ભણેલા નહિ હોય.

સારાં વરસોમાં ખેતીમાંથી માણસ દીઠ હિંદમાં ૫૯ રૂ. કમાણી થાય છે ત્યારે કૅનેડામાં ૨૧૩ રૂ. ખેતીમાંથી માણસ દીઠ કમાણી થાય છે.

હુન્નરઉદ્યોગમાંથી હિંદી સરાસરી ૧૨ રૂ. કમાય છે ત્યારે અમેરિકન ૭૨૧ રૂ. કમાય છે.

હિંદુસ્તાનમાં માણસ દીઠ પૂરા ૮ રૂ.નોય આંતરરાષ્ટ્રીય વેપાર થતો નથી. ત્યારે ગ્રેટબ્રિટનમાં માણસ દીઠ ૩૨૪ રૂ.નો વેપાર થાય છે.

હિંદુસ્તાનમાં માણસ દીઠ બૅંકમાં થાપણ સરાસરી ૬ રૂ.ની રહે છે ત્યારે અમેરિકામાં ૧૧૨૩ રૂ. માણસ દીઠ બૅંકમાં થાપણ રોકાય છે.

હિંદુસ્તાન પર ૧૨૧૨ કરોડ રૂ.નું કુલ દેવું છે. અને દરવરસે પરદેશીઓ જ ૨૦૦ કરોડ રૂપિયા હિંદમાંથી તાણી જાય છે.

ખેડૂતોના હાલ

હિંદુસ્તાન એટલે મુખ્યત્વે ખેતીપ્રધાન દેશ. હિંદુસ્તાનમાં ૮૯ ટકા ખેતી પર નભે છે. તે ખેડૂતોની આજે શી સ્થિતિ છે?

"આજે ઘણા ઓછાને ખબર હશે કે હિંદુસ્તાનનાં નાનાં ને વાંકાચૂંકાં ખેતરો ને ક્યારડામાં ખેતી કરવામાં ખેડૂતને નફો થવાને બદલે ચોખ્ખી ખોટ જાય છે.

ગામડાંના લોકો મરવાને વાંકે જીવે છે, એમના જીવનમાંથી આશા, ઉત્સાહ, સ્ફૂર્તિ, ઉમંગ ઊડી ગયાં છે. તેઓ ભૂખમરાથી ધીમે મોતે મરી રહ્યા છે." —ગાંધીજી

"ખેડૂત માટે તો એમ કહી શકાય કે પોતે જે મજૂરી કરે છે તે બદલ તેને કાંઈ મળતું નથી એટલું જ નહિ પણ સામું આપવું પડે છે. મજૂરી કરવાના હકની જાણે તેને કિંમત આપવી પડતી હોય એવી તેની દશા છે. કારણ આખું વરસ ખેતરમાં તનતોડ મહેનત કર્યા પછી તે હિસાબ કાઢે છે તો વરસ આખરે તેના દેવાની રકમમાં કાંઈક વધારો જ થયેલો હોય છે. . . .

"ખેડૂત ફરજિયાત બેકારી, ગરીબાઈ, તથા દેવાદારીના વમળમાં સપડાયો છે અને તેમાં વધુ ને વધુ ડૂબતો જાય છે. આ ઉપરાંત સાંસારિક રૂઢિઓનાં બંધનો તથા ધર્મને નામે ઘર કરી બેઠેલા વહેમો તથા ભગત, ભૂવા, જોગી, જતી એ બધાં જળોની માફક ખેડૂતોને વળગ્યાં છે."

—નરહરિ પરીખ

લગભગ બે વરસ પહેલાં "હિંદુસ્તાનના વેપારનું સિંહાવલોકન" એ નામનું ચોપાનિયું સરકાર તરફથી પ્રસિદ્ધ થયું છે. તેમાં હિંદુસ્તાનના દરેક પ્રાંતોની ખેતીમાંથી કુલ કેટલું ઉત્પન્ન થયું હતું તેના ૧૯૨૯ અને ૧૯૩૨ના માર્ચ ૩૧ સુધીમાં પૂરાં થતાં વર્ષોના વિગતવાર આંકડા આપેલા છે.

૧૯૩૨ માં અનાજના ભાવ ગગડી જવાને કારણે ખેતીની કુલ પેદાશ હિંદમાં માત્ર ૫૩૬ કરોડ રૂપિયાની જ થઈ હતી. એટલે કે હિંદીઓને ૧૯૨૯ કરતાં ૧૯૩૨માં ૪૮૨ કરોડ રૂપિયા ઓછા ઊપજ્યા. છતાં પણ સરકારે તો ૧૯૨૯ જેટલું જ મહેસૂલ ઉઘરાવ્યું. એટલું જ નહિ પણ કેટલાક આડકતરા નવા કરો પણ ખેડૂત પર લાદ્યા. સ્વાભાવિક રીતે ખેડૂતો શાહુકારના વધારે દેવાદાર બન્યા અને તેથી ખેડૂતો, દેશી કે પરદેશી તૈયાર માલ ખરીદી ન શકયા, એટલે કારખાનદારોને પણ સહન કરવું પડયું પણ ખેડૂતોની સ્થિતિ તો લગભગ દેવાળિયા જેવી બની ગઈ હતી.”

—મિસીસ સીડની વેબ

આ મંદીના બોજામાંથી હિંદ હજી બહાર આવ્યું નથી.

“એવી ગણતરી કરવામાં આવી છે કે પંજાબમાં ૧૯૨૮–૧૯૨૯ માં સાધારણ ખેડૂતની દરરોજની સરેરાશ આવક માથાદીઠ નવ આના હતી. તે ૧૯૩૦–૩૧માં નવ પાઈ થઈ ગઈ. છતાં પંજાબના ખેડૂતની દશા સંયુક્ત પ્રાંત, બિહાર કે બંગાળના–ખેડૂત કરતાં સારી છે.”—જવાહરલાલજી

મંદીનાં વરસો પહેલાં ખેતીની કુલ પેદાશ જે ૧૦૦૦ કરોડ રૂપિયા અંકાતી હતી. તે હવે ઘટીને ૫૫૦ કરોડ રૂ. જેટલી થઈ ગઈ છે.

૨૫ કરોડ કરતાંયે વધારે માણસો હિંદમાં ખેતી પર જ નભે છે. એટલે કે મંદીનાં વરસો પહેલાં વરસે માણસ દીઠ ચાલીસ રૂપિયા આવક થતી, તે ઘટીને આજે બાવીસ રૂપિયા થઈ ગઈ. આ વાર્ષિક ૨૨ રૂપિયાની આવકમાંથી ચોથો ભાગ તો રાજ, જમીનદાર કે શાહુકાર

લઈ જાય છે. અને લગભગ ચોથો ભાગ ખેતીના ખર્ચમાં જાય છે; વરસે જે ૧૧ રૂપિયા કે સારા વરસના ભાવ ગણીએ તો ૨૦ રૂપિયા બચે તેમાં ખેડૂત ખાતો શું હશે અને પહેરતો શું હશે ?

એકલા સંયુક્ત પ્રાંતમાં જ, ખેડૂતો જમીનદારોને ભૂખમરાને કારણે ગણોત ન ભરી શક્યા. તે માટે ૨૧૮ હજાર ખેડૂતો પર ૧૯૩૫ સાલમાં જમીન ખાલી કરાવવા માટે કેસ ચાલ્યા હતા.

૧૯૨૯માં ખેડૂતોનું દેવું ૯૦૦ કરોડ રૂ. ગણાતું હતું ને વધીને આજે ૧૬૦૦ કરોડ રૂપિયા થઈ ગયું છે.

કંગાળ ગામડાં

હિંદુસ્તાનના ખેડૂતો ભાંગ્યા અને તેની સાથોસાથ હિંદુસ્તાનનાં ગામડાંઓ પણ વર્ષપ્રતિવર્ષ કંગાળ બનતાં જાય છે અને ગામડાં કેમ જાણે "ઉકરડા પણ બંધાયાં ન હોય ને" એવાં જણાય છે.

"પણ જે ગામ પહેલાં બહારથી કશું જ ખરીદતું નહિ તે ગામને મહેસૂલ, વ્યાજ, ગણોત, વગેરેનાં નાણાં આપવા ઉપરાંત મિલનું કાપડ, ઘાસતેલ, તાંબા પિત્તળ, તથા એલ્યુમિનિયમનાં વાસણો, પતરાં, લોખંડી સામાન, ખાંડ, ચા, દીવાસળી, બંગડી, દવાઓ, વગેરે માટે હવે બહાર પૈસા મોકલવા પડે છે. ગામડાંમાંથી ધન બહાર જતું રહે અને ઉત્પન્ન ઘટતું જાય પછી ગામડાં કંગાલ થાય તેમાં શી નવાઈ ?" —નરહરિ પરીખ

મોટાં કારખાનાં થવાથી ગામડાંના કારીગરો ઉપર શી અસર થાય છે તે હવે જુઓ. એક મોટા કારખાનાથી કે

પરદેશી માલ દાખલ થવાથી કેટલા ધંધા ભાંગી પડે છે, અને લોકો બેકાર થઈ જાય છે તે નીચેના કોઠા પરથી સમજાય છે.

આવ્યું એક	અને ગયાં અનેક કોને કોને નુકસાન પહોંચે છે
૧. કપાસ લોઢવાના જિનથી	૧. લોઢનાર, ૨. સુથાર, ૩. લુહાર
૨. સૂતર તથા કાપડની મિલથી	૧. પીંજારા, ૨. કાંતનાર, ૩. વણકર, ૪. સુથાર, ૫. લુહાર.
૩. લોઢાનાં પતરાંથી	૧. કુંભાર, ૨. સુથાર ૩. લુહાર
૪. મોટર ખટારાથી	૧. ગાડીવાળા, ૨. સુથાર ૩. લુહાર
૫. ત્રાંબા, પિત્તળ, તથા એલ્યુમિનિયમનાં વાસણોથી	૧. કંસારા, ૨. કુંભાર, ૩. સુથાર, ૪. લુહાર.
૬. ઑઈલ મિલથી	૧. ઘાંચી, ૨. સુથાર.
૭. આટાની મિલથી	૧. દળનારી ૨. સલાટ ૩. સુથાર, ૪. લુહાર

એવી ગણતરી કરવામાં આવે છે. કે એક નવી કાપડની મિલ શરૂ થઈ એટલે સમજવું કે ૧૦૦૦ વણકરોનો રોટલો તૂટ્યો.

અને એક ચોખાની મિલ ચાલતી થઈ એટલે જાણવું કે ૧૫૦૦ કુટુંબની રોજી તૂટી. અને ૬૦૦૦ માણસોનો ભૂખમરો શરૂ થયો.

એક કપાસ લોઢવાના જિનને લીધે રોજ ૯૬ માણસ બેકાર પડે છે.

આવાં કારખાનાં જેમ જેમ વધુને વધુ ઊભાં થાય તેમ તેમ કારીગરો ભૂખ ભેગા થાય અને પરિણામે ગામડાં ભાંગે એમાં નવાઈ નથી.

હવે ગામડાંમાં પરદેશી વસ્તુઓનું આક્રમણ કેટલું થયું છે તે જુઓ.

પરદેશી વસ્તુનો ધસારો

ગામડાંઓમાં પરદેશી વસ્તુઓ પૂરપાટ ઘૂસવા માંડી છે. હિંદમાં દર સાલ લગભગ ૨૫૦ થી ૩૦૦ કરોડ રૂપિયાની પરદેશી વસ્તુઓ આવે છે. તેમાંયે સેંકડો ચીજો તો એવી છે કે જેના વિના હિંદુસ્તાન ધારે તો સહેજે ચલાવી શકે. અગર ધારે તો ઘર બેઠે જ બનાવી લઈ શકે.

કેવી કેવી વસ્તુઓ કેટકેટલા રૂપિયાની આપણા દેશમાં આવે છે તે જાણીએ છીએ ત્યારે, આપણી મૂર્ખતા અને જડતા માટે આશ્ચર્ય ઊપજે છે.

શૃંગારસાહિત્ય

મોઢાની શોભાવનારી ચીજો

ક્રીમ, પૉમેડ, વેસેલીન, સ્નો, પાઉડર વગેરે	૯૬ લાખ રૂ.
વાળ વધારનારાં તેલ	૧૬ ,, ,,
બંગડી	૪૦ ,, ,,
અંબોડા વાળવાના આંકડા સોયા વગેરે	૫ ,, ,,
કાંસકી દાંતિયા	૨૬ ,, ,,

હાડકાનાં બટન	૨૧ લાખ રૂ.
પતરાનાં બટન	૭ાા ,, ,,

આ પરદેશી ચીજોથી મોઢાનો શણગાર કદાચ થતો હશે. પણ દેશ સમસ્તમાં તો પરિણામે કુરૂપતા જ આવે છે.

રમકડાં

બાળકોનાં રમકડાં અને નાની ગાડીઓ	૪૮ લાખ રૂ.
બીજો રમતનો સામાન	૨૧ ,, ,,

આ બાળકોના ખેલનો સામાન છે કે હિંદના દુર્દૈવના ખેલનો સામાન છે!

ખાદ્ય પદાર્થો

વિલાયતી દૂધ	૬૮ લાખ રૂ.
વિલાયતી માખણ	૨૮ ,, ,,
બાળકોને ખાવાની ચીજો	૨૬ ,, ,,
મેવા મીઠાઈ	૧૫ ,, ,,
ચાકલેટ	૩ ,, ,,
મુરબ્બો	૬ાા ,, ,,
બિસ્કિટ	૨૮ ,, ,,

પરદેશી ખાવાની ચીજો ખરીદી આજે પોતાનાં બાળકોને લાડ લડાવનારા આવતી કાલે પોતાનાં બચ્ચાંઓને જ ધંધા વગર રડાવનારા નથી થતા?

ધર્મક્રિયા માટે સામાન

સિંદૂર	૨૧ લાખ રૂ.
કપૂર	૧૭ ,, ,,
કેસર	૧૦ ,, ,,

નારિયેળ	૯ લાખ રૂ.
ખજૂર	૫૦॥ ,, ,,

આવો પરદેશી સામાન વાપરીને ધર્મક્રિયા કરી ગણાય કે?

બ્રશ

સાદાં બ્રશ	૩॥ લાખ રૂ.
વાળ ઓળવાનાં બ્રશ	૭ ,, ,,
દાંત ઘસવાનાં બ્રશ	૩॥ ,, ,,
વાળવાનાં બ્રશ	૪ ,, ,,
મોટાં ઝાડૂ જેવાં બ્રશ	૨૯ ,, ,,

આ બ્રશો હિંદુસ્તાનની સારી સંપત્તિ સાફ કરવામાં મદદ કરે છે.

ફેશનની વસ્તુઓ

વાળ ઓળવામાં વપરાતી પટ્ટીઓ	૮ લાખ રૂ.
જોડામાં નાખવાની પટ્ટી દોરીઓ	૧૬॥ ,, ,,
સેફ્ટી પિન	૩॥ ,, ,,
દંતમંજન	૧૨ ,, ,,
અત્તર	૧૫ ,, ,,

આ બધા મોજશોખ આપણને પાલવે એવા નથી.

બૂટ જોડા

કેનવાસનાં બૂટ	૩૦ લાખ રૂ.
ચામડાનાં બૂટ	૨૨ ,, ,,
સ્લીપર વગેરે જોડા	૭૯ ,, ,,

કાચાં ચામડાં	૧૪ લાખ રૂ.
કમાવેલાં ચામડાં	૪૮ ,, ,,

શું જોડા પણ પરદેશી જ જોઈએ!

વાસણો

એલ્યુમિનિયમનાં વાસણો	૧૦૦ ,, ,,
ચીનાઈમાટીનાં વાસણ	૫૪ ,, ,,
એનેમલનાં વાસણ	૨૪ ,, ,,
ચાનાં વાસણ	૧૫ ,, ,,

કહો હવે કંસારા અને કુંભાર ભૂખ ભેગા થાય એમાં શી નવાઈ?

સાબુ

નાહવાના સાબુ	૩૧ લાખ રૂ.
સાબુ	૪૯ ,, ,,
બીજા સાબુ	૨ ,, ,,

આ લાખો રૂપિયાનો પરદેશી સાબુ વાપરતા છતાં આપણે કાળા ગણાતા હિંદી તો કાળા જ રહ્યા છીએ.

બીડી સિગારેટ

તમાકુ	૬૭ લાખ રૂપિયા
સિગારેટ	૩૦ ,, ,,
સિગારેટ બનાવવાનો સામાન	૨૯ ,, ,,

સિગારેટને સ્વદેશી માનીને કેટલાક ઉત્તેજન આપે છે. પણ એ સ્વદેશી સિગારેટનો મસાલો કયાંથી આવે છે?

દીવા-ચૂલા

ફાનસ	૫૨ લાખ રૂપિયા
સ્ટવ પ્રાઈમસ	૬ ,, ,,

ટોર્ચ લાઈટ	૮ લાખ રૂપિયા
બીજા દીવા	૨૬ ,, ,,
વીજળીના પંખા	૫૦ ,, ,,
વીજળીના દીવા	૨૫૦ ,, ,,
ફાનસના કાચ	૧૪ ,, ,,

પરદેશી દીવા પાછળ આટલું ખર્ચ કરવા છતાં હિંદમાં તો અંધારું — અંધેર જ રહ્યું છે.

હીરા મોતી

હીરા	૮૮ લાખ રૂપિયા
મોતી	૨૮ ,, ,,
ખોટાં મોતી	૩૦ ,, ,,
દાગીના	૧૬ ,, ,,

ગુલામ હિંદનાં આ બધાં ભૂષણો છે કે દૂષણો?

લવિંગ સોપારી

સોપારી	૧૧૯ લાખ રૂપિયા
લવિંગ	૩૫ ,, ,,
સૂંઠ	૬ ,, ,,
ફળફળાદિ	૧૨૪ ,, ,,
મરી મરચું	૧૧ ,, ,,
ગોળ	૪૩ ,, ,,
રવો, લોટ	૨૬ ,, ,,
ખાંડ	૧૧.૮૭ ,, ,,

સોપારીના વ્યસનમાં જ ૧ કરોડ રૂ. પરદેશ જાય છે. એ કોઈ સાચું માને પણ ખરું !

લોઢાનાં યંત્રો, પતરાં

ટીન	૩૫૦	લાખ	રૂપિયા
ટ્રંક બનાવવાનાં પતરાં	૧૦૦	,,	,,
સ્ક્રૂ, બોલ્ટ	૧૫૦	,,	,,
ઘરનો સામાન	૧૧૦	,,	,,
લોખંડ, લાકડું	૩૬૦	,,	,,
સંચા	૧૪૩૫	,,	,,
સોયા	૬૦	,,	,,

આટઆટલા સંચા દેશમાં આયાત થાય છે પણ ધંધા કેટલા નીકળે છે?

સ્ટેશનરી

કાગળ	૨૬૦	લાખ	રૂપિયા
ટીપ કાગળ	૩॥	,,	,,
નોટપેપર	૩૬	,,	,,
લખવાની ટાંકો	૨૦	,,	,,
પેન્સિલ	૧૧	,,	,,
પાટી	૩૬॥	,,	,,
સૂડી	૩૪	,,	,,
કાતર	૧૦	,,	,,
છત્રી	૨॥	,,	,,
છત્રીનો સામાન	૨૯	,,	,,
ધાતુના અને ચામડાના સામાન પર લગાડવાનાં રોગાન–પૉલિશ	૨૧	,,	,,

આવી આવી અનેક નિરુપયોગી પરદેશી વસ્તુઓ પર બધાને આધાર રાખવો પડે છે તે દેશને માટે કેવું ગણાય?

ધન પરદેશ તણાઈ જાય છે. છતાં પણ પરદેશી તાળાં અને પરદેશી તિજોરીની ખરીદી તો ચાલુ જ છે.

તાળાં	૧૧ા લાખ રૂપિયા
તિજોરી–લોખંડીપેટી	૧ ,, ,,

બાટલી શંખ

બાટલી	૪૯ લાખ રૂપિયા
બીજો કાચ સામાન	૨૨ ,, ,,
શંખ	૯૦ ,, ,,
કોડી	૩૦ હજાર ,,

હિંદમાતાની ત્રણે બાજુ સાગર ઘૂઘવતા હોવા છતાં, પરદેશી કોડીઓ ખરીદવાનું હિંદુસ્તાનમાં ચાલે છે એ નોંધવા જેવું છે.

દવા દારૂ

પદદેશી દવા	૨૦૧ લાખ રૂપિયા
ક્વિનાઈન	૨૩ ,, ,,
દવાની સાકર	૧ ,, ,,
ફટાકિયાનો દારૂ	૮ ,, ,,
પીવાનો દારૂ	૨૨૫ ,, ,,

પરદેશી દવાઓ અને ક્વિનાઈન પી પીને આપણા લોકો નબળા બાંધાના જ રહ્યા કરે છે.

(ઉપરના આંકડાઓ ૧૯૩૨–૩૩ની સાલના છે.)

કાપડના પરાવલંબનના આંકડા તો હવે દરેક હિંદી સામાન્ય રીતે જાણતો થઈ ગયો છે.

આંતરરાષ્ટ્રીય વેપાર

એકંદરે પરદેશો સાથેનો વેપાર જોતાં હિંદુસ્તાનમાં છેલ્લાં વરસોમાં આંતરરાષ્ટ્રીય વેપાર વધ્યો છે. ૧૮૬૪ થી ૧૯૨૯ સુધીમાં હિંદની આયાત ૭ ગણી અને નિકાશ ૮ ગણી વધી છે. એટલે રૂ. ૩,૧૭૦ લાખની આયાત ૧૮૬૪માં થતી તેને બદલે ૧૯૨૯માં રૂ. ૨,૫૧,૦૨ લાખ જેટલી થાય છે અને ૫,૫૮૬ લાખની કિંમતનો માલ નિકાસ થતો તેને બદલે હવે ૩,૫૩,૫૧ લાખ રૂપિયાનો માલ પરદેશ ચડે છે.

પણ પ્રો. થોમ્સ કહે છે તેમ "હિંદના પરદેશી વેપાર અને ઔદ્યોગિક પેદાશમાં છેલ્લા ૭૦ વરસ દરમિયાન ઘણો વધારો થવા છતાં આમવર્ગના જીવનનું ધોરણ ઊંચે નથી ચડ્યું."

સોનેરી ઉપાય

આ આર્થિક ગુલામીમાંથી નીકળવાનો એક સોનેરી ઉપાય સ્વદેશી વ્રતનું પાલન અને બીજું નાખરીદની ચળવળ છે. ગરીબાઈ ટાળવા માટે બનતાં સુધી કોઈ પણ પરદેશી ચીજ આપણે ખરીદવાના નથી એવી મડાગાંઠ મન સાથે બાંધી લેવી જોઈએ.

ઔદ્યોગિક અવનતિ અને તેના ઇલાજ

"હિંદુસ્તાનમાં મોટાં મોટાં કારખાનાં, જંગી મૂડી, સેંકડો માઈલની ખેતી અને વધતો પરદેશી વેપાર, એ બધું વાતાવરણ ચાલવા દેવું કે નહિ એ આપણે એક વખત કાયમનું નક્કી કરવું પડવાનું છે.

હિંદુસ્તાન સંસ્કારી, સુધરેલું અને સંગઠિત રાષ્ટ્ર છે. તે ઇંગ્લંડ, અમેરિકા, જર્મની, કે જપાનનું અનુકરણ કરવાનું નક્કી કરે તો જોઈતા વખતમાં તે સહેજે પાર પાડી શકે તેમ છે.

રશિયા જો દશ વર્ષમાં અસાધારણ પરિવર્તન કરી શક્યું, અને તે જો આટલામાં જ ઉપર ગણાવેલા પીઢ અને સમર્થ રાષ્ટ્રોને ભયંકર પ્રતિસ્પર્ધી જણાવા લાગ્યું છે, તો હિંદુસ્તાનમાં એવી જ પ્રગતિ એનાથી પણ થોડા વર્ષોમાં કરી બતાવવી અશક્ય નથી.

પરંતુ હિંદુસ્તાનને માટે એ માર્ગ સ્વીકારવા જેવો નથી કારણ કે લાખો રૂપિયાની કિંમતનાં યંત્રો લાવીને મોટાં મોટાં કારખાનાં કાઢવામાં વ્યક્તિનો સ્વાર્થ સધાતો હશે. પરંતુ હિંદુસ્તાનની ગરીબ પ્રજાનું તેમાં જરા પણ કલ્યાણ નથી. અને

લાખો રૂપિયાની મૂડી એકઠી કરવાની શક્તિ પણ થોડા જ લોકોમાં હોઈ શકે.

પરંતુ લાખો સમજદાર દેશસેવકોએ ગામડાંમાં જઈ રહીને ત્યાં કરોડો લોકોને નાના નાના ધંધા ઉદ્યોગ શીખવવા અને ભૂખે મરતાંઓને એવી રીતે કાયમ અન્નનો ભેટો કરાવવો સહેજે શક્ય છે."
— કાલેલકર

"યંત્રો તેની મર્યાદામાં તેને સ્થાને રહે તો હિતકારી છે, પણ આપણી આખી જ ઉત્પાદન વ્યવસ્થા ઉપર અને આપણા તમામ વ્યવહાર ઉપર યંત્રો આક્રમણ કરે તો વિનાશકારી છે. જે યંત્રો માણસ તથા તેણે કામ માટે પાળેલાં પશુઓને કામ વિનાનાં અને પરિણામે ગુજરાનનાં સાધન વિનાનાં બનાવી મૂકે તેવાં હોય તે અનિષ્ટ છે. પરંતુ જે યંત્રો માણસનો કે તેણે પાળેલાં પશુઓનો ગજા ઉપરવટનો શ્રમ ઓછો કરવાની દૃષ્ટિએ અથવા તેમનો સમય બચાવવાની દૃષ્ટિએ યોજાયેલાં હોય તે ઇષ્ટ છે.

આપણા દેશનો વિચાર કરીએ તો, જ્યાં સુધી અપાર માનવ શક્તિ અને પશુ શક્તિ આપણા દેશમાં કામ વિનાની પડી છે ત્યાં સુધી, જેમાં તેનો ઉપયોગ થઈ શકે એમ છે એવા કામમાં ભૌતિક શક્તિ દાખલ કરી તે દ્વારા યંત્રો ચલાવી ઉત્પાદન કરવાનો વિચાર આપણે માટે હિતાવહ નથી જ."
— નરહરિ પરિખ

અવનતિનાં કારણો

અગાઉ જણાવ્યા પ્રમાણે હિંદમાતાની દશા ચીંથરેહાલ જેવી થઈ ગઈ છે તેનાં અનેક કારણો છે. પણ સૌથી મોટામાં મોટું કારણ હિંદ પરાધીન દેશ છે તે છે. હિંદને સ્વાવલંબી સ્વતંત્ર કરવા માટે સરકાર માબાપે આજ સુધી કશું ઉત્તેજન આપ્યું નથી એટલું જ નહિ પણ બ્રિટિશ સરકારે તો હિંદને ભોગે ગ્રેટબ્રિટનનો વેપાર કેમ ધીકતો

થાય, અંગ્રેજોનો પગપેસારો હિંદમાં કેમ વધુને વધુ થવા પામે તેવા જ પ્રપંચો ઘડયા છે. હિંદની ગુલામી ઉપરાંત, હિંદની ઔદ્યોગિક અવનતિનાં બીજાં પણ કારણો ગણાવી શકાય.

૧. વરાળ અને વીજળીની મદદથી ચાલતા સંચામાં તૈયાર થતા પરદેશી માલ સાથે હિંદી હાથ કારીગરીનો માલ, બજારમાં ન ટકી શકવાને લીધે કારીગરોના ધંધા તૂટી પડયા.

દેશની કારીગરીને ટકાવી રાખવા માટે પરદેશી સત્તાને, પરદેશી માલ પર અટકાયત જકાત નાખવાનું તો કયાંથી જ સૂઝે !

૨. હિંદુસ્તાનમાં નાતજાતના ઊંચનીચના ભેદ, ગામડાંઓમાં પ્રમાણમાં વધારે જોવામાં આવે છે. બહેનો પ્રત્યે સમાનભાવ જળવાતો નથી. આખા રાષ્ટ્રની ઉન્નતિના પ્રશ્નમાં આખા ગામે જેટલો રસ લેવો જોઈએ તેટલો રસ એક થઈ ને દરેક વ્યક્તિ લેતી નથી. दीर्घं पश्य मा हृस्वं। એ મંત્રનો મહિમા હજુ ગામડાંને સમજાયો નથી.

૩. લશ્કરી તાલીમથી લગભગ તમામ હિંદીઓને વંચિત રાખેલા હોવાથી હિંદના રક્ષણને બહાને લખલૂટ ખર્ચ કરવામાં આવે છે. અને તેથી આર્થિક કહેતાં ઔદ્યોગિક વેપારને લગતી ઉન્નતિ સાધવા માટે જે નાણાં જોઈએ તે પ્રજાને અણીને ટાંકણે મળી શકતાં નથી.

ગ્રેટબ્રિટન તો પોતાનું કાપડ, લોઢું, પોલાદ, સંચા, અને બીજો તૈયાર માલ ભરતખંડમાં કેમ ઘુસાડી શકાય તે જ મુખ્યત્વે વિચારતું હોવાથી. ગ્રેટબ્રિટનના હાથમાં સપડાયેલ

હિંદુસ્તાનના લોકો, કામધંધા પડી ભાંગતાં, પરાણે બેકાર થઈ ગયા છે. અને રોજ અધભૂખ્યા રહીને નિષ્પ્રાણ તેજહીન બનતા ગયા છે.

બેકારીના ઇલાજ

આ દુઃખદ સ્થિતિમાંથી ઊગરવાનો ઉપાય શો? ૧૯૨૬ થી વડી સરકારની ધારાસભામાં બેકારીના ઇલાજ શોધી કાઢવા માટે ઠરાવ થયેલ છે. વડી સરકારે આ કામ મુખ્યત્વે પ્રાંતિક સરકારનું છે એમ માની આખું દફતર પ્રાંતિક સરકારને સુપ્રત કર્યું છે. મુંબઈ, મદ્રાસ અને બંગાળની સરકારે. બેકારી દેશમાં કેવી પ્રવર્તે છે, કયા કયા હુન્નર ઉદ્યોગને ખાસ ઉત્તેજન આપવાની જરૂર છે, તે તપાસવા માટે કમિટીઓ અને કમિશનો નીમ્યાં. કમિટી અને કમિશનોએ દળદાર અહેવાલો સંપૂર્ણ વિગતો સાથે રજૂ કર્યા તે અહેવાલોનો સારાંશ આ છે.

ચાવીરૂપ ઉદ્યોગો સ્થાપવામાં, કેળવણીમાં ઉદ્યોગ તથા વેપારી તત્ત્વો દાખલ કરવામાં, અને દેશમાં તૈયાર થતા માલને ઉત્તેજન મળે એવી રીતે જકાત નીતિ નક્કી કરવામાં અને રેલવેના દરો તથા આગબોટોનાં નૂરો નક્કી કરવામાં, પરદેશી કંપનીઓ જે હિંદમાં ધામા નાખી બેઠી છે, તે કંપનીઓને ધીમે ધીમે એટલે જરૂર જણાય તો અમુક વર્ષો લગી બદલાની રકમો આપીનેય ઉઠાડી, ત્યાં દેશી કંપનીઓ સ્થાપવામાં અને આ બધું મોટું તંત્ર સહી-સલામત રીતે અને સંતોષકારક રીતે ચાલી શકે તે માટે દશ વાર્ષિક યોજના પ્રમાણે અર્થરચના ઘડવામાં દેશનો ઉદ્ધાર સમાયેલો છે.

દેશોન્નતિની ચાવીઓ કુશળ અર્થશાસ્ત્રીઓ, ઉદ્યોગપતિઓ, વેપારીઓ મોટા અમલદારો વરસો થયાં બતાવી રહેલ છે. પણ આ બધા અહેવાલના થોકડા ને થોકડા કંઈ પણ સંગીન અમલ થયા સિવાય સરકારી ઑફિસોની અભરાઈઓ પર ચડી જાય છે. કમિટી અને કમિશનો પાછળ લાખો રૂપિયાનાં ખર્ચો થાય છે, પણ તેનું કાંઈ પરિણામ આવ્યું નથી.*

ઉપાયો

જે સુધારા અને ઉપાયો આ બેકારી નિવારણ કમિટી અને કમિશનોએ સૂચવેલ છે તે જ્યાં સુધી હિંદુસ્તાન આઝાદ ન બને ત્યાં સુધી અમલમાં મૂકી શકાય તેમ પણ નથી.

યંત્રમય કરવાની યોજના

દુનિયામાં હિંદી માથું ઊંચું રાખીને ફરી શકે, હિંદુસ્તાન સ્વાવલંબી અને ખાધેપીધે સુખી થઈ શકે તે માટે એક માત્ર ઇલાજ—કેટલાક અર્થશાસ્ત્રીઓ અને ખાસ કરીને સર વિશ્વેશ્વરૈયા તો પશ્ચિમનું અનુકરણ સૂચવે છે. તેઓ હિંદને ઝડપભેર યંત્રમય અને કારખાનામય બનાવી દેવાના

* "હુન્નરઉદ્યોગ મોટા પાયા પર ખીલવવાની જે શક્યતા હિંદમાં અપાર પડી છે, તે પ્રશ્ન જ બ્રિટને હાથમાં ન ધરી હિંદુસ્તાનને પારાવારનું નુકસાન પહોંચાડયું છે: સાચે જ. હિંદુસ્તાનના ઔદ્યોગિક વિકાસ માટે તક જ આપવામાં આવી નથી. આનો બધો દોષ બ્રિટનને શિરે રહે છે."

—સર આલ્ફ્રેડ વૉટસન

વિચાર સેવે છે. એ પક્ષ પણ ઘણો મજબૂત છે અને જુદા જુદા સમર્થ લેખકોએ તેનું સમર્થન કરેલું છે. આપણે તેમની મહત્ત્વની દલીલો જોઈએ અને પછી તેની યોગ્યાયોગ્યતાનો વિચાર કરીએ.

"જ્યાં જ્યાં સંચાએ, વિદ્યુત યા વરાળશક્તિએ પ્રવેશ કર્યો છે ત્યાં ત્યાં ગુલામ જેવું નામ નિશાન રહ્યું નથી. પણ જ્યાં નવશક્તિનો સંચાર થયો નથી ત્યાં જ પુરુષો અને સ્ત્રીઓને હાથે લાકડાં અને પથરા કાપવા પડે છે. અને પાણી માથે ભરવાં પડે છે. સવારથી સાંજ સુધી કોદાળી સૂંડલો અને માથે પાણી પાવડો લઈને પરસેવો ઊતરે તેવું કામ કર્યાં કરે તોપણ કારીગરને માંડ પેટપૂરતું ખાવાનું મળે છે. જ્યાં માણસો વૈજ્ઞાનિક શક્તિનો ઉપયોગ લીધા વિના કામ કરે છે ત્યાં ત્યાં ટૂંકા વિચાર, જીવનના ક્ષુદ્ર આદર્શ અને સદાય આફત ઘેરી વળે એવી ગરીબાઈનું સામ્રાજ્ય જામે છે"

— હેન્રી ફોર્ડ

"દુનિયાના પછાત ગણાતા મૂલકોમાં પણ કારખાના યુગ, અસાધારણ ઝડપથી ન જ આણી શકાય એવું કાંઈ નથી. પ્રગતિમાન ગણાતા દેશોમાં ઉત્પત્તિનાં જે નૂતન સાધન સાહિત્યો વપરાય છે તેવાં જ ઓજારો વાપરી આ પછાત ગણાતા દેશો થોડા જ વરસોમાં સ્વાવલંબી અને સ્વતંત્ર બની શકે છે."

— જી. ડી. એચ. કોલ

"અમેરિકામાં યંત્રની મદદથી ૧૦૦ જ માણસ ૧૦,૦૦૦ માણસના વાર્ષિક ખોરાક માટે ઘઉં થોડા જ મહિનામાં પકવે છે. આ ઉત્પન્નને બેવડું ત્રેવડું કરવું હોય

તો તે પણ અમુક રીતોએ બની શકે છે. ઋતુના ફેરફાર પણ બહુ અડચણ કરતા નથી. તાપ જોઈએ તેટલો ન પડે તો કૃત્રિમ રીતે તાપ મેળવી શકાય, તેજ જોઈએ તેટલું ન હોય તો તે પણ કૃત્રિમ રીતે મેળવી શકાય, એવો સમય પણ આવી લાગ્યો છે. કાચના અને ગરમ પાણીના નળોથી થોડો પાક થાય તેવી જમીનમાં ૧૦ ગણો કે ૫૦ ગણો પાક થઈ શકે છે.

હુન્નરોમાં તો કહેવું જ શું? સુધરેલાં યંત્રોથી ૧૦૦ માણસ, ૧૦,૦૦૦ માણસને બે વરસ પહેરવા જેટલાં વસ્ત્રો ઉત્પન્ન કરી શકે છે. કોલસાની ખાણોમાં કામ કરનાર ૧૦૦ જ મજૂર ૧૦,૦૦૦ કુટુંબો માટે જોઈતું બળતણ મેળવી શકે છે."

—સાબરમતી

"એક વખત એવો હતો કે જ્યારે મજૂરી બચાવનારા સંચા બનાવવાનું કામ અમેરિકાનું જ આવડું ગણાતું, અને રાસાયણિક વિદ્યાનો ઇજારો કેમ જાણે જર્મનોનો જ હોય એમ મનાતું. પણ હવે ગ્રેટબ્રિટન અને અમેરિકા જર્મનીની સાથે રસાયણવિદ્યામાં હરીફાઈ કરવા લાગ્યાં છે. અને જપાન તો છેલ્લા બાર વરસમાં જ રાસાયણિક પદાર્થો બનાવવા લાગ્યું છે એટલું જ નહિ પણ જપાનીઝ રાસાયણિક ચીજો પરદેશમાં વેચાવા પણ લાગી છે.

અમેરિકન ઓજારો અને સંચાકામની મદદથી જે મોટર કંપનીઓ શાવરમાં ચાલે છે તેણે તો પુરવાર કરી આપ્યું છે કે અમુક જ પ્રજા દુનિયામાં કારખાનાંઓ ચલાવવા માટે સરજાયેલ છે એ નર્યો ભ્રમ છે."

— સેમ્યુઅલ ક્રોથર

લેનિને રશિયાને ઉદ્દેશી, જે ઔદ્યોગિક ક્રાંતિનો સંદેશો આપ્યો છે તે આજે હિંદુસ્તાન માટે પણ એટલો જ જરૂરનો અને સાચો છે એમ કહીને કેટલાક લેનિનનું નીચેનું કથન ટાંકે છે:

"ખેડૂતો ખેતીમાંથી સારો પાક મેળવતા થાય કે નાના નાના ગૃહ અને ગ્રામોદ્યોગોથી રોજની વપરાશની ચીજો સારી રીતે પેદા કરતા થાય એટલાથી રશિયાનો કદી ઉદ્ધાર થવાનો નથી. રશિયાની ખરી આબાદી તો જ્યારે અનેક ઉદ્યોગોની ચાવીરૂપ ગણાતા લોઢા, પોલાદ, વીજળીનાં જંગી કારખાનાં ઠેર ઠેર ધમધોકાર ચાલતાં થશે ત્યારે જ. થવાની છે. આવાં કારખાનાં જ્યાં સુધી આપણે ઊભાં નહિ કરી શકીએ ત્યાં સુધી રાષ્ટ્રોપયોગી જરૂરી ઉદ્યોગ હુન્નરો આપણે ખોલી શકવાના નથી. અને તેના વિના સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે કદી આપણે માથુ ઊંચું કરી શકવાના નથી. ચાવીરૂપ થતાં જંગી કારખાનાંઓને ટકાવવા રાજ્યે બહોળે હાથે મદદ કરવી જોઈએ. અને જો આપણે એવી મદદ કરવા નાણાં એકઠાં ન કરી શકીએ તો આપણે સંસ્કારી કે સુધરેલ દેશ તરીકે ગણાતા મટી જવું પડશે."

આ વિચારોથી દોરાઈ હિંદને યંત્રમય અને કારખાનામય બનાવવાની યોજનાઓ ઘડાય છે. ખેતી અને ઉદ્યોગોમાં વરાળ, વીજળી અને યંત્રનો છૂટથી મોટા પાયા પર ઉપયોગ કરવાની મજબૂત હિમાયત કરી જનતાને અવળે રસ્તે દોરવાનો પ્રયત્ન થાય છે. પરિણામે હિંદને જપાન અને જર્મનીને રસ્તે જવું પડશે

કે રશિયાને રસ્તે જવું પડશે એની તેમને ચિંતા નથી. હાલ તો એકદમ ગમે તેમ કરી માલની પેદાશ વધારી દેવી અને રાષ્ટ્રીય આવક બેવડી ત્રણગણી કરી દેવાનું સ્વપ્ન તેઓ સેવે છે. આ દૃષ્ટિથી સર વિશ્વેશ્વરૈયાએ હિંદને માટે દશ વર્ષની એક યોજના ઘડી છે. તે યોજનાની વિગતોમાં અહીં ઊતરવાની જરૂર નથી. ટૂંકામાં રાક્ષસી યંત્રો અને વિરાટ કારખાનાં દાખલ કરવાની એ યોજના છે. આવી કોઈ પણ યોજનાને અંગે મહત્ત્વની બાબત વિચારવાની એ હોય છે કે એનો અમલ શી રીતે કરવો?

યોજના ગમે તેટલી સારી હોય પણ સત્તા અને અધિકાર ક્યાં છે? આપણે પ્રાંતિક પ્રધાન મંડળો રચ્યાં તેથી પણ એ સત્તા મળી નથી. એવાં કામ તો પૂરેપૂરી સ્વાધીનતા પ્રાપ્ત થયા પછી જ થઈ શકે. તે પહેલાં કરેલી તે બધી યોજનાઓ હવાઈ જેવી જ રહે, ભવિષ્યમાં કોઈ દિવસ કદાચ તેની વ્યાવહારિકતા અથવા તેની સંગીનતા ઉપર વિચાર કરવાનો રહે. બાકી આજે તે વ્યવહારુ નથી. આજની આપણી પરાધીન સ્થિતિમાં તેનો અમલ થઈ શકે તેમ નથી.

સર વિશ્વેશ્વરૈયા એમ માને છે કે આજે પણ તેની શરૂઆત કરી શકાય. એ તેમનો આજના તંત્રમાં વધુ પડતો વિશ્વાસ બતાવે છે. એમની યોજના પ્રમાણે હિંદમાં ઔદ્યોગિક વિકાસ કરવાની સગવડ મળે એ તો સ્વરાજ્ય મળ્યા બરાબર છે. એવી સત્તા આજે આપણી પાસે છે ક્યાં? વળી ગાંધીજીની વિચારસરણી પ્રમાણે એવી યોજનાઓ બીજી રીતે પણ કસી જોવી ઘટે છે. એને પરિણામે ભવિષ્યની આપણી સમાજરચના કેવી થશે? ઇંગ્લંડના જેવી, ઇટાલી કે

જપાન જેવી કે રશિયા જેવી? કેટલાક આજે રશિયાના પ્રયોગ પાછળ મુગ્ધ બનેલા છે અને મોસ્કો તરફ મીટ માંડીને બેઠા છે. એ એક જુદી જ જાતનો પ્રયોગ છે. એને વિષે ઉલટાસૂલટી અહેવાલો આવે છે અને એ પ્રયોગ ઉપર ભિન્ન ભિન્ન દૃષ્ટિથી પુસ્તકો લખાયાં છે.* ટ્રોટ્સ્કી જેવા પ્રખર સામ્યવાદીને પણ આજે રશિયામાં સ્થાન નથી

---

* રશિયાના પ્રયોગ વિષે દુનિયાના જુદા જુદા વાદોના પ્રખર અભ્યાસી મિસિસ સીડની વેબે ૧૯૩૩માં દુનિયાને પોતાનો સંદેશો આપતાં શું કહ્યું હતું તે જુઓ:

"દુનિયાની સામસામે છેડે આવેલાં, દશ દશ કરોડની વસ્તીવાળાં, લગભગ અમર્યાદિત સાધનસામગ્રીવાળાં, પરદેશી સત્તા સામું ન જોઈ શકે એટલા વિશાળ વિસ્તારવાળાં બે મહાન રાષ્ટ્રો—અમેરિકા અને રશિયા, એક બાજુ અબાધિત મૂડીવાદ અને બીજી બાજુ લગભગ સંપૂર્ણ સામ્યવાદનો અમલ મોટા પાયા પર કરી રહેલ છે. અમેરિકાના મૂડીવાદ અને રશિયાના સામ્યવાદની સાપેક્ષ સફળતામાંથી આખી દુનિયાને સંજીવનના નવા આદર્શો મળ્યા છે.

સંજીવનનો મુખ્ય આધાર બાહ્ય સમૃદ્ધિ પર કે માનવ વ્યક્તિત્વના વિકાસ પર અવલંબે છે. તેનો જે પ્રમાણે નિર્ણય થશે તે મુજબ ગ્રેટબ્રિટનની બલ્કે આખી સુધરેલ દુનિયાની સામાજિક અને ઔદ્યોગિક રચના ઘડાશે. દુનિયાના સરમુખત્યાર ઘડીભર પોતે છે એવો સ્વપ્નવિહાર કરતાં મહાન વિચારક ડીન ઈન્જે અમેરિકાની જીવનપદ્ધતિની, અમેરિકાના સામાજિક બંધારણની આશાઓથી ભરપૂર એવી અદ્ભુત સિદ્ધિ તરીકે મુક્તકંઠે પ્રશંસા કરી છે. અને રશિયાના સામ્યવાદની સામાજિક સંસ્થાઓની અપાર વગોવણી કરીને, જડમૂળથી ધૂતકારી કાઢી છે. ત્યારે હું પોતે તો બધું હાલ નીરખવામાં અને રાહ જોવામાં સંતોષ માનું છું."

અને અવારનવાર કત્લે-આમના ખબર તો આવે જ છે. એ રસ્તે આપણે જવું કે આપણી સંસ્કૃતિ, સમાજરચના, અને પરિસ્થિતિ લક્ષમાં લઈ આપણો રસ્તો નક્કી કરી લેવો એ એક મહત્ત્વનો પ્રશ્ન છે. ગાંધીજી આપણી ભવિષ્યની સમાજરચના કેવી હોવી જોઈએ એ લક્ષમાં રાખીને અને આજની સ્થિતિમાં શું શક્ય છે એનો ખ્યાલ કરીને આપણને દોરી રહ્યા છે. આ બાબતમાં એ ધ્યાનમાં રાખવું જોઈએ કે સમાજશાસ્ત્રના કોઈ પણ સિદ્ધાંતો આખી દુનિયામાં સરખી રીતે લાગુ પાડી શકાતા નથી. જેમ કોઈ દવા બધા દરદીને સરખી રીતે લાગુ પડતી નથી તેમ માનવી પ્રવૃત્તિને લગતી કોઈ પણ કલ્પના બધે લાગુ પાડી શકાતી નથી. પહેલાંના કેટલાક અર્થશાસ્ત્રીઓ સંપૂર્ણ હરીફાઈ અને ખુલ્લા વેપારના તત્ત્વને આખી દુનિયાને લાગુ પાડવા માગતા હતા. પણ તે ખ્યાલ ખોટો હતો એમ ઇતિહાસે બતાવી આપ્યું છે; તેવું જ સમાજવાદ કે સામ્યવાદ વિષે સમજવું જોઈએ. ઇંગ્લંડમાં કે રશિયામાં ગમે તે થયું હોય તે બધું હિંદને માટે લાભકારક થશે એવું માનવું એ ભારે ભૂલ છે. હિંદે પોતાની સ્થિતિનો, ગામડાંનો, આળસનો અને કરોડો બેકારોનો અને અધભૂખ્યાંનો વિચાર કરી પોતાનો માર્ગ નક્કી કરવો જોઈએ. આ રીતે હિંદ પોતાને સ્વરાજ્ય મળ્યા પછી કંઈ જુદો રસ્તો બતાવી શકશે તો દુનિયા ઉપર ભારે આશીર્વાદ રૂપ થશે. આજે મૂડીવાદમાં પણ શાન્તિ નથી.*

* " ખેડૂત ખેડ કરે છે, ખાણિયો ખાણ ખોદે છે, વણકર કાપડ વણે છે, કડિયા પથ્થર ઘડે છે, વિદ્વાન શોધખોળ કરે છે, કુશળ માણસ સંગઠન કરી દોરે છે, પ્રજ્ઞ અભ્યાસ કરે છે, ગવૈયા

રશિયાનો સામ્યવાદ તો લોહીથી ખરડાયેલો છે. ત્યાં હીટલર કે મુસોલિનીની જગ્યાએ સ્ટેલીન રાજ્ય કરે છે અને તે જેમ બોલાવે તેમ બોલવું, અને ચલાવે તેમ ચાલવું પડે છે. ત્યાં પ્રજાતંત્ર જેવું આજે કંઈ નથી. વિરુદ્ધ વિચારના માણસોને માટે ફાંસીનો માંચડો તૈયાર જ હોય

ગાય છે પણ આ બધાનું પરિણામ શું આવે છે? શારીરિક અને માનસિક મજૂરીનું સર્વ ફળ એક મોટા ઝરામાં તણાય છે અને એ બધો એ ઝરો અંતે મૂડીવાળાઓના આંગણામાં જઈ ઠલવાય છે."

— વિશ્વેશ્વરૈયા

"મોસ્કો ડાયાલોગ્સ"—મોસ્કોના સંવાદો નામના ૧૯૩૩માં પ્રસિદ્ધ થયેલ પુસ્તકમાં લેખક જણાવે છે.

"મૂડીદાર દેશોની અડધી દોલત તો પ્રજાના-વસ્તીના ૨ ટકા માણસોએ કબજે કરી લીધી છે મધ્યમ વર્ગે—જે વસ્તીના ૮ ટકા જેટલો છે — દોલતનો ઓછામાં ઓછો ત્રીજો હિસ્સો કબજે કરી લીધો છે એટલે કે વસ્તીના ૧૦ ટકા પાસે દેશની દોલતના ૮૦ ટકા કરતાં વધારે ધન ખડકાયું છે. ત્યારે બાકીની ૯૦ ટકા પ્રજા પાસે દોલતનો ૨૦ મો ભાગ પણ રહ્યો નથી." આવી અસમાન દોલતની વહેંચણીને લીધે પ્રજામાં અસંતોષ દિનપ્રતિદિન વધતો જાય છે.

મોલોટોવ નામના રશિયન લેખકે ૧૯૩૧માં લખ્યું હતું કે "અમેરિકામાં છેલ્લાં કેટલાંક વરસ થયાં એક લાખ માણસ ધનમાં આળોટયા કરે અને દશ કરોડ માણસ ભૂખું કાઢે એવાં સમાજનાં ચક્રો ચાલવા લાગ્યાં છે. ટૂંકમાં આમજનતાની ગરીબાઈ, દુઃખ અને દારિદ્રય વધતાં જાય અને ભદ્રલોકની સત્તા, દોલત, સુખચેન વધતાં જાય એવી રીતે જ અમેરિકામાં સમાજનું મુખ્ય વહેણ વહેવા લાગ્યું છે."

છે. આ સ્થિતિમાં આજની દુનિયામાં આપણે માટે કયો રસ્તો કલ્યાણકારી છે એનો આપણે સ્વતંત્ર રીતે વિચાર કરી લેવો જોઈએ અને હાલ શકય હોય તે પ્રમાણે યોજના કરી કામ આદરવું જોઈએ.

સફળતાનો આધાર

કોઈ પણ યોજનાની સફળતાનો સર્વ આધાર યોજનાનો આત્મા કોણ બને છે તે પર અવલંબે છે. સરકારી મોડલફાર્મ નિષ્ફળ નીવડયાં છે. સરકારી અમલદારો — બ્રેન જેવા કમિશ્નરોના કાર્યોનાં બીજ પ્રજામાં ઊંડા ઊતર્યાં નથી.

અનુભવ પરથી તો એમ રાષ્ટ્રસેવકોને લાગે છે કે યોજના ગમે તેવી હોય પણ એ યોજનાના અમલ કરનારા પ્રાણવાન ચારિત્રશીલ ખડતલ સાચા પ્રજાસેવકો હોય તો જ વિદ્વાનોની ઘડેલી યોજના કંઈક અંશે પણ બર આવી શકે છે.

જે લાખો રૂપિયા ખર્ચ્યા બાદ ઇજનેરખાતું—પ્રગતિખાતું —યોજનાઓ કરી નકશા ચીતરી ન કરી શકયું તે બિહારના ગામડિયા—એક પ્રાણવાન દેશદાઝથી સળગતા નવજુવાન તેવારી નામના ભાઈ કરાવી શકયા છે. ભાઈ તેવારીના કામની નોંધ લેતાં બાબુ રાજેન્દ્રપ્રસાદે જે લેખ લખ્યો હતો તેનો સાર નીચે મુજબ છે.

સરાન જિલ્લો

બિહારના સરાન જિલ્લામાં વારંવાર નદીઓમાં મોટાં પૂરો આવ્યાં કરે છે. અને તેમાંયે ૧૯૩૪ના ધરતીકંપ બાદ આ પૂરો ત્રણ ત્રણ માસ સુધી ચાલે છે અને આજુ-બાજુના પ્રદેશને ખેદાનમેદાન કરી મૂકે છે.

આ આફતમાંથી બચવા લોકોએ જિલ્લા બોર્ડને તથા બિહાર મધ્યસ્થ રિલિફ કમિટીને ૧૯૩૫માં અરજીઓ કરી હતી. ૨૫,૦૦૦ રૂ. મંજૂર થયા હતા પણ સરકારની કામ શરૂ કરવા મંજૂરી ન મળી શકી. અને ૧૯૩૫માં બંધો, નાળાં બાંધવાનું કામ હાથમાં લઈ શકાયું નહોતું.

૧૯૩૬માં મોટાં ઘોડાપૂરો આવ્યાં. ત્રણ માસ કરતાં પણ વધુ સમય આ પૂરો ચાલ્યાં. તે દરમિયાન લગભગ આખા જિલ્લાનો કચ્ચરઘાણ વળી ગયો.

પ્રાણવાન તેવારી

છેવટે આર. એસ. તેવારી નામના નવજુવાનમાં રામ વસ્યા. તેમણે સરાન જિલ્લાનાં નાળાં, પુલો સમારવા અને જરૂર લાગે ત્યાં નવા પુલો, નાળાં અને પાણી બંધ કરી ને છોડી શકાય એવા દરવાજા બનાવવાનું લોકોની મદદથી કામ ઉપાડયું. ૧,૧૩,૮૦૦ ભાઈબહેનો આ ભગીરથ કાર્યો કરવા માટે ભાઈ તેવારી સાથે સેવાભાવે જોડાયા. બિહાર મધ્યસ્થ રિલિફ કમિટી તરફથી આ રેલસંકટ નિવારણના કામ માટે માત્ર ૧૨૦૦ રૂપિયા આપવામાં આવ્યા હતા અને જિલ્લાના દાતાઓએ ૮૦૦ રૂ. ની મદદ કરી હતી. એટલે ૨ હજાર રૂ. ની મામુલી મદદ મળવા છતાં ૪૫૬૧/૨ માઇલના લાંબા બંડ, પુલ ને નાળાં સમરાવી શકાયાં. અને ૩૦ હજાર રૂપિયા ખર્ચતા છતાં જે કામ ન થાત તે લોકોની મદદથી, સરકારી ઇજનેરો પણ નહોતા કરી શકયા એવું, મજબૂત કામ કરી શકયા. લોકો જાગ્યા અને કુદરતના પ્રકોપમાંથી જિલ્લાને બચાવી લીધો. લાખો રૂપિયાનો જે પાક પૂરો આવવાથી

બરબાદ થતો હતો તેમાંથી આ નવા પુલો અને નાળાંથી સરાન જિલ્લો હવે તદ્દન બચી ગયો છે.

આ પ્રમાણે દરેક જિલ્લામાં તેવારી જેવા કાર્યકુશળ સેવાભાવી કાર્યકર્તા નીકળે અને સરાન જિલ્લાના વતનીઓની માફક સામાજિક કાર્યમાં સહાય કરનારા માણસો નીકળે તો ઓછા ખર્ચે મોટાં બાંધકામ અને ઇજનેરીના કામો સરળતાથી પાર પડી શકે.

ગ્રામસેવકે શું કરવું ?

"આવા સેવકોએ ગામડાંમાં જઈ પ્રથમ સેવાકાર્યમાં લોકશિક્ષણ, શ્રાવણવર્ગો, ગામની સફાઈ, પેશાબ અને જાજરૂની વ્યવસ્થા, આરોગ્ય સંરક્ષણ અને સંવર્ધન, અખાડા, ધાર્મિક અને રાષ્ટ્રીય ઉત્સવો, બાંધકામ, રસ્તાઓ વગેરે જાહેર સગવડો, પુસ્તકાલય, વાચનાલય, વસ્ત્રસ્વાવલંબન તથા ગામડાંના નાના નાના ઉદ્યોગોનો પુનરુદ્ધાર, ખેડૂતના ચોપડા રખાવવાનું કામ, અસ્પૃશ્યતાનિવારણ, વહેમખંડના, સમાજસુધારણા ઇત્યાદિ લોકકેળવણીની પ્રવૃત્તિઓ કરવાનું રહેશે."

— કાલેલકર

અનેકવિધ તાપોથી પીડાતા ગામડાની સેવા કેવી રીતે કરવી તે વિષે ગાંધીજી લખે છે :

"શિક્ષિત વર્ગે સેવાભાવે નમ્રપણે ગામડાંઓમાં પ્રવેશ કરી લોકોની સ્થિતિ ઓળખવી. તેમ કરતાં ઘણાઓ માંદા પડશે, ઘણાઓ મરશે. તે બધું સહન કરતાં શીખીશું ત્યારે તેનો ઉપાય મળશે. ત્યારે જ લોકો મળેલા ઉપાયને ઓળખશે અને વધાવશે.

"લોકોની બુદ્ધિને સમજાવવાનું કાર્ય અસંભવિત નહિ તો મુશ્કેલ તો માનું છું જ. લોકો પોતાના હૃદય દ્વારા સમજશે. હૃદય દ્વારા તો એ જ બોલી શકશે કે જેણે સેવાથી, પ્રેમથી, ત્યાગથી લોકોનાં મન હરણ કર્યાં હશે.

જગતના અને મુખ્યત્વે કરીને હિંદુસ્તાનના ઇતિહાસને પાને પાને સામાન્ય રીતે લખેલું છે કે, લોકો લાગણીને વશ વર્તે છે; તેની આગળ બુદ્ધિ કામ નથી કરતી."

સાચો સમાજવાદ

હિંદમાં શું કરવું જોઈએ તે વિષે લખતાં ગાંધીજી કહે છે:

"પ્રગતિમાન પશ્ચિમમાં જેમ પાણી, હવા, તેલ અને વીજળીનો પૂરેપૂરો ઉપયોગ થાય છે તેમ આપણે પણ કરવો જોઈએ. ટીકાકારો કહે છે કે આ ગૂઢ કુદરતી શક્તિઓ પર કાબૂ મેળવવાથી દરેક અમેરિકન ૩૩ ગુલામો રાખી શકે છે એટલે ૩૩ ગુલામ પાસેથી મળે એટલું કામ આ શક્તિઓ પાસેથી લઈ શકે છે.

એ રસ્તે હિંદુસ્તાનમાં ચાલીએ તો હું બેધડકપણે કહું છું કે, દરેક માણસને ૩૩ ગુલામ મળવાને બદલે આ દેશના એકેએક માણસની ગુલામી ૩૩ ગણી વધશે." . . .

"આ દેશમાં જો આપણે લોહીની નદીઓ ન વહેવડાવવી હોય, લોકોને આજે છે તેથીયે વધારે પશુ ન બનાવી દેવા હોય, તો ખાદીનો વ્યાપક સંદેશો ઝિલાવો જોઈએ.

સામ્યવાદને નામે પ્રવર્તે છે તે સામ્યવાદ નથી. હિંદુસ્તાનને પચી શકે તે સામ્યવાદ રેંટિયામાં ગુંજે છે."

આ બધું જાણીને જ સરદાર વલ્લભભાઈ કહે છે "સાચો સમાજવાદ ગ્રામોદ્યોગની ખિલવણીમાં છે. પાશ્ચાત્ય દેશોમાં ઢગલાબંધ ઉત્પાદનને પરિણામે જે અનવસ્થા નિર્માણ થઈ છે તેની આપણે આપણા દેશમાં પુનરાવૃત્તિ કરવા ઇચ્છતા નથી."

"મિલો તો મોટી રાક્ષસ છે. સો માણસનું કામ એક માણસ મારફતે કરી દે છે. હવે જો આપણે ૨૦ કરોડ માણસને મિલોમાં રોકી દઈએ તો તેઓ જે કાપડ ઉત્પન્ન કરે તે વાપરવાને માટે આપણે મંગળ અને બૃહસ્પતિ ઉપર બજાર શોધવાં પડશે. આ બ્રિટિશ સામ્રાજ્ય કરતાં ૨૦ ગણું મોટું સામ્રાજ્ય પણ એટલો માલ ન ખપાવી શકે. જો આપણે ઇંગ્લંડ અથવા જપાન જેવડી નાનકડી પ્રજા હોત તો કદાચ બેકારીનો સવાલ આપણે સહેલાઈથી યંત્રો દ્વારા પતાવી શકત પણ આપણી માતાને તો ઈશ્વરે એટલાં બધાં સંતાન આપેલાં છે કે આપણે આપણો બીજો જ રસ્તો શોધવો રહ્યો." — રાજગોપાલાચારી

માણસોને યંત્રો બનતાં બચાવવા માટે ગાંધીજી પોકારી પોકારીને કહે છે કે,

"આ યંત્રયુગની બધી શોભાઓ મટી જવાની છે. જેની પાછળ સેવાની અને શ્રમની ભાવના રહી છે તે જ આખરે ઊભું રહેશે. બીજાનું ભક્ષણ કરવાની ભાવના જેની પાછળ છે તે પડી ભાંગશે. મારી તો ખાતરી છે કે હિંસા ઉપર રચાયેલી આખી ઇમારત કાચી છે. અને એના એક દિવસ ભૂકા થનાર છે. હિંદુસ્તાનને યંત્રવશ કરીને આપણે શું કરશું?

બીજા દેશોમાં બજાર શોધવાની અને એ બજાર કાયમ રાખવા માટે નાદીરશાહી ચલાવવાની જપાન, ઇંગ્લંડ, અમેરિકા, રશિયા, ઇટલીની જલસેના અને સ્થલસેનાને આંટે એવડી એવડી સેના આપણે ઊભી કરવી રહી. અને તેને બળે બધું કારભારું ટકાવી રાખવું રહ્યું! નહિ. આપણને એ ન પોસાય. હું તો એટલું સમજું છું કે આ યુગ માણસોને યંત્ર બનાવવા બેઠો છે. હું યંત્રો બની ગયેલાઓને માણસ બનાવવા માગું છું." . . .

શ્રમ કે ફુરસદ

હિંદમાં કારખાનાયુગ આણીને હિંદનું ઝડપી ઉદ્યોગીકરણ કરીને પશ્ચિમને પાઠે ભણનારા અર્થશાસ્ત્રીઓ સાધવા શું ઇચ્છે છે?

આજે જે ખેતીમાં હિંદીને સવારથી સાંજ સુધી ગધ્ધાવૈતરું કરવું પડે છે, તે ગધ્ધાવૈતરામાંથી, કાળી મજૂરીમાંથી બચાવી લેવાના મનોરથો આ વૈજ્ઞાનિકો અને ભૌતિક શાસ્ત્રીઓ સેવે છે.

જેમ યંત્રોની શોધો વધતી જશે તેમ તેમ શ્રમ પ્રજાને કરવો નહિ પડે. અને થોડો શ્રમ કરી રોટી મેળવી, બાકીનો વખત એશઆરામમાં કે બૌદ્ધિક વિકાસ સાધવામાં ગાળી શકાશે.

પણ "શ્રમ શાપ નથી. પણ શ્રમ માણસને અસુર બનતાં રોકે છે. અને દૈવી સંપત્તિ મેળવવામાં મદદગાર થાય છે."

"શ્રમ એ શાપ છે અને મજૂરી મંદભાગ્ય છે એવું તમને સદા શીખવવામાં આવે છે. પણ હું કહું છું કે

જ્યારે તમે શ્રમ કરો છો ત્યારે તમે પૃથ્વી માતાની ઊંડી ઊંડી આશાને સફળ કરો છો, જે આશા એણે તમારી પાસેથી આદિથી જ રાખેલી હતી. અને મજૂરીને વળગી રહેવું એટલે જીવનને સાચેસાચ ચાહવું. અને મજૂરી દ્વારા જીવનને ચાહવું એટલે જીવનના ગૂઢતમ રહસ્યની ગાઢ ઓળખાણ પામવી." (ખલિલ ગિબ્રાન)

જ્યાં વધુ ફુરસદ ત્યાં સેતાનનું વધારે સામ્રાજ્ય જામે છે.

"માણસના ફુરસદના વખતમાં જ કળિને પગપેસારો કરવાની સારામાં સારી તક મળે છે. રોજના કામના કલાક ઘટીને ચાર થાય તો કળિને કેટલો આનંદ થાય એની કલ્પના આપણને આવી શકશે.

"ફુરસદ એ માણસજીવનનો એવો ભાગ છે જેમાં તેના આત્મા પર કાબૂ મેળવવાને માટે દૈવી અને આસુરી સંપત વચ્ચે ઘોરમાં ઘોર સંગ્રામ ચાલે છે."

—એલ. પી. જેક્સ

અમેરિકામાં ફુરસદ યંત્રોની મદદથી માણસને ઘણી મળે છે પણ તેથી જ્ઞાનની વૃદ્ધિ કરવામાં ફુરસદનો વખત વપરાવાને બદલે ખાણાપીણામાં નાટકચેટક જોવામાં, દારૂમાં ચકચૂર રહેવામાં જ જાય છે.

હિંદુસ્તાનમાં તો ફુરસદનો બેકારીનો અભાવ નથી. હિંદના રોગનું નિદાન તો આળસ છે અને તેને જડમૂળથી કાઢવી એ આપણો મુખ્ય પ્રશ્ન છે. વખત કેમ બચાવવો તે આપણો પ્રશ્ન નથી. એટલે આળસને કાઢવા આપણે કટીબદ્ધ થવું જોઈએ.

ગાંધીજીનો માર્ગ

આપણું આળસ કેમ કાઢવું, લોહી રેડ્યા વગર લોકોને ખાતાપીતા કેમ કરવા તેનો રસ્તો ગાંધીજી આપણને બતાવી રહ્યા છે. હિંદને પોતાની ઉન્નતિ ખરેખર સાધવી હોય તો, ગાંધીજીએ જે રસ્તો બતાવ્યો છે તે રસ્તે જ ચાલ્યા વિના આપણો આરો નથી.

ગાંધીજીની પ્રેરણાથી અખિલ ભારત ચરખાસંઘ, અખિલ ભારત ગોસેવાસંઘ, અને અખિલ ભારત ગ્રામોદ્યોગ સંઘ સ્થપાયા છે. આ સંઘો મારફત રાષ્ટ્રોન્નતિનાં અનેક કાર્યો છેલ્લા દાયકામાં થયેલ છે. જેટલે અંશે આ સંઘો પ્રાણવાન રાષ્ટ્રવ્યાપી બનશે તેટલે અંશે રાષ્ટ્રોન્નતિ જલદી સધાશે.

ગ્રામપુનર્ઘટનાનો સાચો માર્ગ

"આપણા જીવનકલહના નીચ સ્વાર્થોનો પાર નથી. અમેરિકામાં કરોડપતિઓ પડયા છે જેને પોતાના પૈસાનો કેવી રીતે ઉપયોગ કરવો એની ખબર નથી. અને તેમની આંખ આગળ ભૂખે મરતા લાખો બેકારો પણ પડયા છે. એક ૧૩૦૦ ફૂટ ઊંચી ઇમારતમાં પોણોસો લિફ્ટ ચાલે છે, અને લોકોને ૧૧૫ મે માળે પહોંચાડે છે ત્યારે કેટલાકને રહેવાને ઝૂંપડી નથી.

કનસારા પરગણામાં મારી આંખ આગળ લાખો ટન ઘઉંનો નાશ કરવામાં આવ્યો. અને ટેકસાસ પરગણામાં લાખો ટન રૂની ગાંસડી ભસ્મ કરવામાં આવી કે જેથી ઘઉં ને રૂના ભાવ ખખડી ન જાય. અને ધનિકો ઓછા ધનિક ન થઈ જાય. જ્યારે એ જ સમયે અનેક ચીંથરેહાલ ફરતા હતા. જ્યારે અમેરિકામાં જ નહિ પણ હિંદુસ્તાન અને ચીનમાં અનેક નાગાંભૂખ્યાં રઝળતાં હતાં. આ તે સભ્યતા કે જંગલીપણું ?

હજુ આપણે ચેતીએ તો સમજીએ અને વિધિનિયંતાના નિયમથી નભતા નભોમંડળનાં દર્શન કરીને હૃદયની શુદ્ધિ કરીએ. અને મનુષ્ય મનુષ્ય અને પ્રજા પ્રજા વચ્ચેના કલહો દૂર કરી પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતારીએ."

—કાલેર હુયેર

ખેતીનું મહત્ત્વ

હિંદમાં ઔદ્યોગિક વિકાસ થયો છે છતાં હિંદનું દળદળ ફીટયું નથી. હિંદુસ્તાન ગામડાંમાં વસે છે. હિંદુસ્તાનનો ઘણો મોટો ભાગ કૃષિ પર નભે છે તેથી ખેતીમાંથી વધારે આવક કેમ થાય અને ખેતીના કામમાંથી નવરાશના સમયમાં ખેડૂતોનો સમય ગૃહઉદ્યોગ કરવામાં કેમ વિતાડી શકાય તે માટે જ મુખ્યત્વે સેવકોએ ગામડાંને વાળવાની જરૂર છે.

મદ્રાસ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના પ્રૉ. થૉમ્સ પણ કબૂલ કરે છે કે "હિંદમાં ઔદ્યોગિક પ્રગતિ સીધી રીતે ખેતીની પ્રગતિ સાથે સંકળાયેલી છે, કેમકે વસ્તીનો મોટો ભાગ હજુ સુધી ખેતી ઉપર નભે છે અને ગમે તેટલું ઝડપી ઉદ્યોગીકરણ થાય તોયે હજુ વરસો સુધી ખેતીમાંથી જ મોટા ભાગનું પોષણ મેળવવું રહેશે.

એટલે જ્યાં સુધી ખેડૂતોની ખરીદશક્તિ નહિ વધે ત્યાં સુધી ઔદ્યોગિક વિકાસ શક્ય નહિ બને."

"પ્રજાનું સુખ એક ઝાડ રૂપે છે, ખેતી એ ઝાડનું મૂળ છે. અને વેપાર ઉદ્યોગ તેની ડાળીઓ છે એ મૂળને નુકસાન થાય તો ડાળીઓ તૂટી પડે છે, અને ઝાડ નાશ પામે છે." એટલા માટે દેશનું ભલું ઇચ્છનાર સર્વ કોઈની પહેલી ફરજ એ છે કે ખેતીના સુધારા માટે પોતાનાથી બનતો પ્રયત્ન કરવો.

ગ્રામપુનર્ઘટનાનું સ્વરૂપ

ગ્રામપુનર્ઘટના અગર ગ્રામોન્નતિ એટલે શું? ગામડાંને પગભર કરવાં, તેઓ જે ગરીબીમાં સબડે છે તેમાંથી

બચાવવા પ્રયત્ન કરવો તે. ગામડાંની આજની સ્થિતિ બરાબર જાણીએ એટલે તેના ઇલાજ આપણા હાથમાં સહેજે આવશે.

૧. ગામડાંનો પ્રાણરૂપ ધંધો ખેતી — તેની ઊપજ આજે મૂડી ને માવજતને અભાવે નજીવી થઈ ગઈ છે. કારણ કે

(ક) ખરાબ ઓજારો

(ખ) ઢોરઢાંખરની દુર્બળતા

(ગ) ઓછું ખાતર

(ઘ) ઉત્તમ બીની પસંદગીનો અભાવ

(ઙ) વરસોવરસ તે ને તે જ પાક કરવા પડે છે

(ચ) પૈસાને અભાવે ખેતીના મહત્ત્વના વખત સચવાતા નથી.

૨. વિભક્ત કુટુંબ પદ્ધતિને કારણે જમીનના પડી ગયેલા નાના નાના ટુકડા.

૩. ખેતીની જમીનની માલિકી મોટે ભાગે ઉજળિયાત કોમ — જાતે મજૂરી ન કરનાર કોમ — ની થઈ ગઈ છે.

૪. આકરું જમીનમહેસૂલ, ભારે ગણોતના દર તથા વાણિયાના ભારે વ્યાજના દર.

ખેતીના કામમાં ખેડૂત ઉપરની અગવડો નીકળી જાય તો ખેતીની આવક કાંઈ લાંબીચોડી યોજના કર્યા વિનાયે વધી જાય.

આ ઉપરાંત ગામડાંમાં ચાલતા ઉદ્યોગધંધા તૂટી ગયા છે. ચા, પાન, સોપારી, તમાકુ, તાડી, દારૂનાં

વ્યસનો વધી પડ્યાં છે. કચેરીએ ચડવાનો નાદ વધ્યો છે. લગ્નમરણનાં ગજા ઉપરાંતનાં ખર્ચો વધી ગયાં છે.

ખોટા વહેમો અને બીક વધી પડવાને કારણે માનતા માનવામાં, સાધુ, બાવા, જતિ, ભૂવાને રીઝવવામાં, અને અમલદારોને લાંચરુશવત આપવામાં પૈસા તણાઈ જાય છે.

જો ગામડાંઓમાં પાછા રેંટિયા ચાલતા થાય, દળવા ખાંડવા ભરડવાનું કામ બહેનોને મળતું થાય, મોટર ખટારાએ જે ગાડાંવાળાઓને ભૂખ ભેગા કરી નાખ્યા છે તે ગાડાંઓ ચાલતાં થાય, એન્જિન પંપને બદલે કોશ ચાલતા થાય, લોકો વ્યસનમુક્ત બને, કોર્ટબાજીનો છંદ છોડે, સામાજિક કુરિવાજોના બંધનમાંથી મુક્ત થાય તો પાછાં ગામમાં રિદ્ધિસિદ્ધિનાં દર્શન થવા માંડે.

આરોગ્ય

મૅલેરિયા–ટાઢિયા તાવથી ગામડાં ભારે પીડાય છે. આ તાવથી જેટલાં મરે છે તેથી દશગણાં માણસો ભીંસનું કામ કરવા માટે સાવ નિરુપયોગી બની જાય છે. તેથી ગામડાં આજે ઉકરડા જેવાં થઈ પડ્યાં છે. ગામમાં રસ્તાનું કોઈ ઠેકાણું હોતું નથી. મહોલ્લાઓમાં અને આંગણાંમાં લોકો ગંદકી કરતા હોય છે. જે તળાવમાં લોકો નહાય છે, ધુએ છે, ઢોર સાફ થાય છે, તે જ તળાવનું પાણી પિવાય છે. ગામમાં કૂવા પર કાદવના કચકાણ જામ્યા હોય છે, તે બધા રોગ ઉત્પન્ન કરવામાં મદદગાર થાય છે.

શૌચનું ખાતર કરીને, કોહવાઈ જતા ભાગો પર ધૂળ નાખી, એક જ ઠેકાણે ખાડામાં સડતા પાણી પર ઘાસલેટ છાંટી મૅલેરિયાના મચ્છરોને દૂર કરવા જોઈએ.

ગામડાંમાં દવાખાનાં ખોલવાની જરૂર છે તેના કરતાં રોગ કેમ ન થાય—રોગમાંથી કેમ બચી શકાય—તેની ચાવી ગામડાંના લોકોને સુઝાડવાની જરૂર છે. અને તેમ છતાં રોગના ઝપાટામાં આવી જાય તો ગરીબ ગામડિયાઓને દવા ઉપરાંત નવું જોર આવે તેવો ખોરાક આપવાની સગવડ થાય એ જરૂરનું છે.

સ્વાવલંબન અને સહકાર

પણ આ બધા માટે પૈસા જોઈએ તે ક્યાંથી કાઢવા! મોટા પાયા પર હિંદુસ્તાનમાંથી બેકારી કાઢવા માટે ૨૦ કરોડ રૂપિયાની લોન ઊભી કરવાનું સર વિશ્વેશ્વરૈયાએ સૂચવેલ છે. ગાંધીજીની ગ્રામપુનર્ઘટનાની સાત યોજનામાં કરોડો શું લાખો રૂપિયાની પણ જરૂર નથી. "આપ સમાન બળ નહિ અને મેઘ સમાન જળ નહિ", 'જ્યાં સંપ ત્યાં જંપ', એ કહેવતો પ્રમાણે દરેક ગામડાને પોતાની ગ્રામપંચાયત સોંપવામાં આવે, તો લોકો જ પોતાના ગામના ઉત્કર્ષ માટે સર્વ કામો, કાં તો હાથોહાથ હળીમળીને કરી નાખશે. અને જરૂર પડયે જોઈતા પૈસા પણ ગામમાંથી ઉઘરાવી શકશે. પણ આજે તો ગામડામાંથી મહેસૂલ જકાતના પૈસા ઉઘરાવાય છે, પણ તેનું વળતર પાંચ ટકા પણ ગામડાંને મળતું નથી. દશ હજારની જમીન મહેસૂલ ભરતા ગામમાં નિશાળ પણ હોતી નથી. સરકારી લાઇસન્સ ભરીને અફીણની દુકાન, કે દારૂ તાડીનું પીઠું, લોકોને ચૂસવા માટે અને નિષ્પ્રાણ બનાવવા માટે ચાલતાં હોય છે. જો ગ્રામ-પંચાયતને ગ્રામસ્વરાજ અર્પવામાં આવે, અને ૨૫ ટકા

પ્રાંતિક સરકારના ખર્ચ માટે માગી, ૭૫ ટકા ગ્રામ-પંચાયતને ગ્રામસુધારણાના અને ગામમાં વ્યવસ્થા, કાયદો અને શાંતિ જાળવવાના ખર્ચ માટે વાપરવાની છૂટ આપવામાં આવે તો એ ગામડાંને જીવતાં કરી મૂકવાની ત્રેવડ ને આવડત આજની અભણ ગણાતી પણ સંસ્કારી ગ્રામજનતામાં છે.

હવે ગ્રામપુનર્ઘટનાના ઉદ્યોગો જરા બારીકાઈથી વિગતમાં ઊતરી તપાસી જોઈએ.

ગ્રામોદ્યોગનું મહત્ત્વ

"આપણા ગ્રામઉદ્યોગો અને ગૃહઉદ્યોગો આપણે સજીવન કરીએ તો જ ખેડૂત ટકે; તેની પાસે કાંઈક સાધન થાય તો જ તે પોતાની ખેતી સુધારી શકે. આ કરવા માટે આપણે આપણાં જીવન પલટવાં જોઈશે, આપણા સામાજિક આદર્શો નવેસરથી વિચારવા જોઈશે. અને આપણું આર્થિક તંત્ર પણ બદલવું જોઈશે."

— નરહરિ પરીખ

"જગતમાં જે ભયાનક બેકારી વધતી જાય છે તેની સામે લડવામાં હાથઉદ્યોગોનું મહત્ત્વ વધારે ને વધારે પ્રમાણમાં સ્વીકારાતું જાય છે. જે માણસ ભૂખે મરે છે. તેની પાસેથી કંઈક પણ કામ લઈને તેને રોટલો આપવો, એથી એનું પેટ ભરાય છે, તેમ સ્વમાન પણ સચવાય છે. સતત બેકારીથી જે નિર્બળતા, નિસ્તેજતા, ને નિઃસત્ત્વપણું આવે છે તે આથી અટકે છે. માણસ કંઈ નહિ તો પેટ ભરીને ખાવાનું ને શરીર ઢંકાય એટલાં કપડાં તો મેળવી

શકે છે. અને આમાં નથી કોઈનું શોષણ કે નથી કોઈના પર આક્રમણ. જ્યાં નિરાશાનો અંધકાર છે ત્યાં આશાનું કિરણ પ્રગટે છે."

— ચંદ્રશંકર શુક્લ

રેંટિયો

'સૂતરને તાંતણે સ્વરાજ'નો મહિમા હવે સૌ કોઈ જાણે છે. ખાદી, રેંટિયો, એક માત્ર સાર્વત્રિક ઉપધંધો હિંદમાં થઈ શકે છે. રેંટિયાનો સંદેશો આખું હિંદુસ્તાન ઝીલી લે તોયે હિંદુસ્તાનનાં હાડપીંજર ઢંકાય તેમ છે. આ બધું ખાદી નિબંધ અને ખાદીના વ્યાપક અર્થશાસ્ત્રમાં સમજાવેલ હોવાથી તેની પુનરુક્તિ અત્રે કરવી વ્યાજબી લાગતી નથી પણ એક ઉતારો ટાંક્યા વિના રહેવાતું નથી.

વસ્ત્રસ્વાવલંબન

"વસ્ત્રસ્વાવલંબન માટે એવી ગણતરી કરવામાં આવે છે કે અઠવાડિયામાં માત્ર ૦ાા કલાક લોઢવાથી, અને અઠવાડિયામાં એક કલાક પીંજવાથી અને રોજ કલાક કાંતવાથી હરકોઈ સ્ત્રીપુરુષ, બાળક કે બાળા, પોતાના આખા વર્ષનું ખપજોગ ૫૦ ઇંચ પનાનું ૨૦ આંકના સૂતરનું ૨૨ વાર કાપડ તૈયાર કરી શકે. અને કપાસ તથા વણાટની કિંમત જ તેને પાંચ છ રૂપિયા આપવાની રહે છે.

કેટલી સરસ, સરળ, સંગીન અને નિરપરાધી સાત્ત્વિક યોજના છે? પણ અફસોસની વાત છે કે આપણી નજરમાં રશિયાની પંચ વર્ષ યોજના, અમેરિકાની નીરાની યોજના વગેરે પરદેશી યોજનાની મહત્તા, સંગીનતા અને દૂરંદેશીની કાર્યસાધકતા પૂરેપૂરી દેખાય છે. અને તેનાં વખાણ ભારો-

ભાર આપણા મોઢેથી તેમજ લેખોથી અને ભાષણોથી આપણે અને આપણો શિષ્ટ વર્ગ કરી રહ્યા છીએ..."

— રામજી હંસરાજ

ગ્રામોદ્યોગનો સંદેશો પ્રજાએ જેટલી હોંશથી અને વેગથી ઝીલવો જોઈએ તેટલા ઉત્સાહથી ગ્રામવૃત્તિ પ્રજાએ કેળવી નથી.

આટા ને ડાંગરની મિલો

"થોડાં જ વરસ પહેલાં આપણે હાથે ડાંગર ખાંડી લેતાં ને લોટ દળી લેતા. જરા વાર આરોગ્યનો પ્રશ્ન બાજુએ રાખો તોયે એ વાત તો નિર્વિવાદ છે કે લોટ ને ચોખાની મિલોએ લાખો સ્ત્રીઓનું કામ છીનવી લીધું છે ને તેમને રોજી વિનાની કરી મૂકી છે. ગોળનું સ્થાન ખાંડ લેતી જાય છે અને બિસ્કિટ અને મીઠાઈ જેવી તૈયાર ચીજો આપણાં ગામડાંમાં છૂટથી પેસતી જાય છે. આનો અર્થ એ છે કે ગામડાંના બધા જ ઉદ્યોગો ધીમે ધીમે ગ્રામવાસીના હાથમાંથી સરી પડતા જાય છે અને ગ્રામવાસીઓ લૂંટનારાઓને માટે કાચો માલ પેદા કરવા સિવાય બીજું કશું કરવા અસમર્થ બની ગયા છે."

— ગાંધીજી

ગ્રામોદ્યોગની સફળતા થતાં દેશની આબાદી, કેટલી વધી શકે તેમ છે તે સમજવા બંગાળનું જ દૃષ્ટાંત પૂરતું છે.

બંગાળમાં ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ

ભારતવર્ષનાં ગામડાંની નવરચના, અને નવવિધાન કરવા અને તેને અંગે ગામડાંના ઉદ્યોગોને સજીવન કરવા તેને ઉત્તેજન આપવું તેમાં સુધારા કરવા અને ગામડાંની

નૈતિક, શારીરિક તથા આર્થિક ઉન્નતિ કરવી એ અખિલ ભારત ગ્રામઉદ્યોગ સંઘના ઉદ્દેશને લક્ષમાં રાખી એક પ્રાંતમાં, દાખલા તરીકે, બંગાળમાં શું થઈ રહ્યું છે, તે આપણે ડૉ. પ્રફુલ્લચંદ્ર ઘોષના જ નીચેના શબ્દો પરથી સમજી શકીશું.

"પહેલાં ખોરાકનો જ પ્રશ્ન લઈએ. અમે ખોરાકની બાબતમાં ત્રણ કારણે માર ખાઈએ છીએ. એક તો જમીનના કસ દહાડે દહાડે ઘટતા જતા હોવાથી અનાજ જોઈએ તેટલા પ્રમાણમાં પાકતું નથી. બીજું ઉત્પન્ન થતા અનાજનો અનઆવડતને લીધે અયોગ્ય ઉપયોગ કરીએ છીએ. અને ત્રીજું ઘરમાં રોજના ઉપયોગમાં આવે એવી જરૂરી ચીજો પેદા કરી લેવાને બદલે પરદેશમાંથી ખરીદી શકાય તે માટે દેશમાં બનતું અનાજ પરદેશ ચડાવીએ છીએ.

"બંગાળમાં પેટપૂરતું ખાવા માટે ૨૮ કરોડ મણ ચોખાની જરૂર છે ત્યારે બંગાળમાં ૨૩ કરોડ મણ ચોખા ઉત્પન્ન થાય છે. ખૂટતા ૧૬ ટકા માટે બંગાળમાં જ બીજા પાકના વાવેતરના ભોગે પણ વધુ ચોખા વવરાવવા જોઈએ.

"જમીનનો કસ વધારીને અનાજ વધારે ઉગાડવાનો પ્રશ્ન બહુ મોટો છે. અને તે પ્રશ્ન હાથ ધરતાં બીજી ઘણી નાની મોટી બાબતો ઉપસ્થિત થતી હોવાથી હમણાં તાત્કાળિક એ પ્રશ્ન હાથ પર લઈ શકયા નથી.

"પણ ખોરાકમાં યુક્તાહાર માટે કઈ કઈ વસ્તુ ખાસ કેવી રીતે વાપરવી જોઈએ, તે આમજનતાને સમજાવવું પ્રમાણમાં સરળ હોવાથી અમે હાથે છડેલા કરડ ચોખા,

ગોળ અને ઘાણીનું જ તેલ વાપરવાનો આગ્રહ રખાવીએ છીએ.

તાડ, ખજૂરીનો ગોળ

"બંગાળમાં બરદ્વાન, બાંકુરા, વીરભૂમ, મુર્શિદાબાદ અને માલ્ડા જિલ્લામાં લાખો તાડનાં ઝાડો પડયાં છે. પણ તેમાંથી હાવરા ફરીદપુર કે મિદનાપુર જિલ્લાની માફક, ગોળ કાઢવામાં આવતો નથી. આ જિલ્લાઓના લોકોને સમજાવવામાં આવે તો જ્યાં આજે પાઈનો પણ ગોળ થતો નથી ત્યાં સહેજે ૩,૦૦,૦૦,૦૦૦ રૂપિયાનો ગોળ ઉત્પન્ન થઈ શકે તેમ છે.

"આજે ખજૂરીના ઝાડમાંથી જે ગોળ તૈયાર થાય છે તેના ઉત્પન્નમાં નજીવો સુધારો કરીને ૫ લાખ રૂપિયાનો વધારો કરી શકાય તેમ છે. દિવસના ભાગમાં જે વાસણમાં ખજૂરીનો રસ ભેગો કરવામાં આવે છે તે ગરમીને લીધે ખાટો થઈ જાય છે. જો એ રસ ભેગો કરવા માટે વપરાતાં વાસણના કાંઠા પર જરા ચૂનો ચોપડી દેવામાં આવે તો એ રસ રાતના રસ જેવો જ શુદ્ધ રહી શકે. અને રસમાં આથો નહિ આવે તેથી દિવસે પણ ભેગા થતા ખજૂરીના રસનો ગોળ થઈ શકે છે.

"વીરભૂમ થાણામાં અમે ટસર રેશમ બનાવી તેને માટે બજાર શોધીએ છીએ.

"હાથે કાંતી અને હાથે વણીને શણમાંથી ગુણીઓ બનાવવાના પણ પ્રયોગો અમે આદર્યા છે.

"અમે બધા પ્રશ્નો એકી સાથે છેડી શકશું એવી આશા પણ સેવતા નથી. પણ શરૂઆતમાં તો અમે એવી જ બાબતો હાથ પર લઈએ છીએ કે જેને લીધે સહેલાઈથી બંગાળીઓની આવકમાં થોડો પણ વધારો થઈ શકે. અને તેમનો ખોરાક યુક્તાહાર બની શકે."

દશ હજાર રૂ. કેમ બચે ?

જો પાંચસો માણસની વસ્તીવાળું નાનકડું ગામડું પણ ગ્રામવૃત્તિ કેળવે તો નીચેની ગણતરીએ સહેજે ૧૦,૦૦૦ રૂપિયા કમાઈ શકે.

	ગામમાં રહે
૧. ગામમાં કપાસ મણ ૨૫૦૦ પાકે તેને ગામમાં જ માત્ર લોઢવામાં આવે તો મજૂરી	રૂ. ૨૨૫
૨. ગામમાં તલ મણ ૫૦૦ પાકે તેનું તેલ ગામમાં પિલાવી લેવામાં આવે તો તેની મજૂરીના	રૂ. ૩૭૫
૩. એરંડી મણ ૫૦નું એરંડિયું ગામમાં વાપરવા જોઈએ તે ગામમાં પિલાય તો મજૂરીના	રૂ. ૩૫
૪. માંડવી (સીંગદાણા) મણ ૨૫૦ પાકે તે ગામમાં પિલાય તો તેની મજૂરીના	રૂ. ૧૬૫
૫. ગામમાં ખેતી અને દૂધાળાં ઢોર આશરે ૧૦૫ હોય તેની કડબની નીરણ સંચે કાપી ખવરાવવામાં આવે તો નીરણ ઓછી ખપે. તેની ગામમાં બચત	રૂ. ૧,૫૫૦
૬. ગામની ૨૫ ભેંસ અને ૧૫ ગાય મળી ૪૦ દૂઝણાં ઢોરને કપાસિયા ખાંડીને ખાણ આપે તો દૂધ સવાયું થાય. તેના વધારાના	રૂ. ૧,૩૫૦

		ગામમાં રહે
૭.	ઘાસલેટને બદલે એરંડિયું કે તલનું તેલ વાપરવામાં આવે તો તેની બચત	રૂ. ૬૦૦
૮.	ગામમાં જોઈતું કાપડ ગામના લોકો પોતાના કપાસમાંથી ગામમાં જ કરાવી લે તો તેની બચત	રૂ. ૨,૫૦૦
૯.	ગામના માણસો પોતાના જોડા ગામના જ ચમાર કે મોચી પાસે શીવડાવે તો તેની મજૂરીના	રૂ. ૨૫૦
૧૦.	ચા, ખાંડનો વેપાર બંધ કરી ખાંડને બદલે ગોળ જ ગામ વાપરે તો તેની બચતના	રૂ. ૭૫૦
૧૧.	બીડી, તમાકુનાં વ્યસન છોડી દે તો તેની બચતના	રૂ. ૧,૫૦૦
૧૨.	નકામી ફેન્સી ચીજો જેવી કે જપાનીઝ રમકડાં પીપરમીટ, રબ્બર કેનવાસના જોડા, વગેરે બંધ કરે તો તેની બચત	રૂ. ૨૫૦
	આ રીતે ગામ લોકો ગ્રામવૃત્તિ કેળવે તો	
	સહેજે વાર્ષિક કુલ	રૂ. ૯,૮૫૦

બચાવી શકે.

અને આ પ્રમાણે સાડા સાત લાખ ગામડાં આચરવા મંડે તો !

ગોપાલન

ગ્રામોદ્યોગ સંઘ કરતાં પણ અખિલ ભારત ગોસેવા સંઘ પ્રત્યે પ્રજાનું લક્ષ ઓછું ખેંચાયું છે.

હિંદુસ્તાનમાં ગોમાતાની પૂજા થાય છે પણ હિંદુસ્તાનમાં જેટલી ગાયની અવદશા છે તેટલી બીજા દેશોમાં ભાગ્યે જ હશે. યોગ્ય સાંઢના અભાવે, ખસી કરવાના વહેમને કારણે, ગાયને ભોગે ભેંસ પર વધારે લક્ષ આપવાને કારણે ગાય અને બળદની સંખ્યા ઘટતી જાય છે અને ઓલાદ પણ ઊતરતી જાય છે.

જરા આંકડા પર નજર નાખીએ.

હિંદુસ્તાનમાં ઢોરની સંખ્યા ૨૦ કરોડ જેટલી છે. દર વરસે ઢોરની કુલ પેદાશમાંથી લગભગ ૧,૯૦૦ કરોડ રૂપિયા નીચે પ્રમાણે ઊપજે છે.

દૂધ અને દૂધમાંથી બનતા પદાર્થોમાંથી	૮૧૦ કરોડ રૂ.
ખેતીકામમાં ઢોરની મજૂરીના	૬૧૨ ,, ,,
ખાતરની કિંમત	૨૭૦ ,, ,,
ખેતીકામ સિવાય બીજી મજૂરીના	૧૬૧ ,, ,,
પરચૂરણ પેદાશ (ચરબી, હાડકાં, આંતરડાં વગેરેના)	૪૭ ,, ,,
	૧,૯૦૦ કરોડ રૂ.

૨૦ કરોડ ઢોરમાંથી ૨૫૦ લાખ તો એવાં ઘરડાં અને રોગી ઢોર છે કે જે મરવાને વાંકે જીવતાં હોય છે. આ અઢી કરોડ ઢોરને પોષવામાં દર સાલ ૧૭૫ કરોડ રૂપિયા ખરચાય છે.

હિંદુસ્તાનની ગાયનું એક વેતરમાં સરાસરી દૂધ ૬૦૦ રતલ થાય છે.

"પશ્ચિમમાં પણ પાંચ દાયકા પહેલાં આપણા જેવી જ ગાયની દશા હતી. અમેરિકાનો ગોપાલનનો ઇતિહાસ સાખ

પૂરે છે કે દરદાયકે પાંચસો રતલ દૂધ વેતરે વેતરે વધારીને આજે ત્યાંની ગાય સરાસરી સાડાચાર હજાર રતલ દૂધથીયે વધારે દૂધ એક વેતરે આપી શકે છે. ત્યાંની ગાયોના ત્રણ વર્ગ પાડીએ તો હલકા વર્ગની ૪ થી ૮ હજાર રતલ, મધ્યમ વર્ગની ૮ થી ૨૦, અને ઉત્તમ વર્ગની ૨૦ થી ૩૫ હજાર રતલ કે તેથીયે વધારે દૂધ આપી શકે છે."

બે અબજનો વધારો

હિંદમાં અરધી સદી પહેલાં ૨૭ કરોડ ગાયની ઓલાદ હતી. તેમાંથી આજે ૯ કરોડ થઈ ગઈ છે.

આમાંથી માત્ર ૩ કરોડ જ દૂઝણી ગાયની સંખ્યા લઈએ અને ગાય દીઠ એક વેતરમાં ૫૦૦ રતલનો વધારો કરી શકીએ તો હિંદના રાષ્ટ્રધનમાં ૧૮૫ કરોડ રૂ.નો વધારો સહેજે થાય.

ટૂંકમાં ખેતી અને ગ્રામોદ્યોગ દ્વારા દેશની સંપત્તિ જેટલી વધારી શકાય તેટલી વધારવા માટે ગ્રામસેવકોએ કટીબદ્ધ થવું જોઈએ.

પણ જેમ દેશની આર્થિક ઉન્નતિ સાધવા માટે મથવાની જરૂર છે તેટલી જ દેશની માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે પણ મથવાની જરૂર છે

દેશનું ઉત્પન્ન વધે, માણસ દીઠ આવક વધે, અને વધારે એશઆરામમાં અને વ્યસનોમાં જનતા ડૂબી જાય તો દળી દળીને ઢાંકણીમાં ઉધરાવ્યા સમાન થઈ પડે.

દારૂની બદી

હિંદુસ્તાનમાં જે થોડાં વ્યસનો ઘૂસી ગયાં છે તે કાઢીને કરોડો રૂપિયા પણ બચાવવાનો આપણો ધર્મ છે. દારૂની

બદીમાં સપડાઈ આજે જે માણસ હેવાન બની જાય છે તેને પણ બચાવવાની અત્યંત આવશ્યકતા છે

"કેટલાક રાજપુરુષો, દેશની આબાદીની વાત કરીએ તેમાં દારૂનિષેધને શું લેવાદેવા એમ માની, તે વિષે ચૂપ રહે છે. . . . મને સમજાતું નથી કે એ બેનો ભેદ શી રીતે પાડી શકાય? કશી પણ આબાદી દારૂનિષેધ થયા વિના અશકય છે." —હેન્રી ફોર્ડ

"દારૂ કાઢયા સિવાય દેશમાંથી દારિદ્ર કાઢવાનું કદી શકય થનાર નથી. દેશના ગરીબ પછાત લોકોની દશા સુધારવા કેળવણી તથા સમાજસુધારા દ્વારા જે પ્રયત્નો થાય છે તે મોટે ભાગે દારૂની બદીથી ધોવાઈ જાય છે."

—સર જ્યૉર્જ પૈશ

જેમ દારૂ જેવા ભયંકર વ્યસનમાંથી જનતાને છોડાવવાની જરૂર છે તેટલી જ જરૂર અજ્ઞાન અને વહેમને કારણે જે ગ્રામજનતા આજે ભૂવા, જતિ, સાધુ, બાવાના કે નાતપટેલિયાના ભોગ બની રહેલ છે તેને સાચી કેળવણી આપીને છોડાવવાની જરૂર છે.

ઔદ્યોગિક કેળવણી

સાચી કેળવણી—સા વિદ્યા યા વિમુક્તયે—લેનાર કોઈ પણ ગુલામીની બેડીમાં નહિ સપડાય. એટલે રાષ્ટ્રીય કેળવણીનો ઉપાસક ઔદ્યોગિક કેળવણી લઈ, અને તે ઔદ્યોગિક કેળવણીનો પ્રચાર કરી પ્રજામાંથી જડતા અને આળસ કાઢવા ઝઝૂમ્યા વિના નહિ જ રહે.

સૌ કોઈ કબૂલ કરે છે કે હિંદુસ્તાનનો ખરો પ્રશ્ન આર્થિક વહેંચણીનો નથી, પણ ઉત્પત્તિનો છે.*

પણ યોગ્ય પ્રયાસ કર્યા છતાં સમાજના નીચલા થરને પેટપૂરતું અનાજ ન જ મળતું હોય તો સમાજના નીચલા થર પર કોઈ પણ જાતના સીધા કે આડકતરા કર ન નખાય, અને ધનવાનો પર જ બધા કરનો બોજો નખાય એવી રીતે રાજ્યે પોતાની નીતિ ઘડવી જોઈએ.

ધનવાન પર કર નાખો

"ધનિકોના ધનના ઉપર હજી પૂરતા કર નથી નખાયા. દુનિયાના બીજા દેશો કરતાં આપણા દેશની સ્થિતિ નોખી છે. અને આ દેશમાં તો અમુક વ્યક્તિઓ અઢળક ધનની માલિક બની બેસે એ આપણા સમાજ પ્રત્યે એક ગુનો જ ગણાય. એટલે અમુક હદ ઉપરાંતની દોલત ઉપર ગમે તેટલા કર નાખો તોયે કરની સીમા આવી ગઈ ન ગણાય. મેં સાંભળ્યું છે કે ઇંગ્લંડમાં અમુક હદથી વધારાની આવક પર આવકના ૭૦ ટકા જેટલો કર નાખવા સુધી પહોંચ્યા છે. હિન્દુસ્તાન એથી મોટા આંકડા લગી શા સારુ ન પહોંચે? આપણે ત્યાં વારસાવેરા શા માટે ન હોય."

— ગાંધીજી

---

* "આજનો આપણો રાષ્ટ્રપ્રશ્ન દ્રવ્યની વહેંચણીના કરતાં પણ વધુ તો દ્રવ્યની વૃદ્ધિનો છે. એ વૃદ્ધિ કર્યા વગર વહેંચણી કરવા બેસી જવું એ આગ સાથે રમવા બરાબર છે."

— (સી. વી. રામન)

યોજનાઓનું હાર્દ

દેશોદ્ધારની આર્થિક યોજનાઓ ઘણીયે ઘડી શકાય અને આવી યોજનાઓ સંગીન વ્યવહારુ પણ દેખાડી શકાય. પણ એ યોજનાનો અમલ કરનારમાં જીવ ન હોય તો ગમે તેવી આકર્ષક લાગતી યોજના પણ સૂઈ જવાની છે.

દેશની આગ જેમાં વ્યાપી છે એવા ચારિત્રશીલ ખડતલ યુવકો દેશ સેવાનો અંચલો ઓઢી બહાર નીકળી પડશે તો ચિરાગ સે ચિરાગ જલતી હૈ. એક સાચા દીવામાંથી લાખો દીવા પ્રગટાવી શકાય છે તેમ સાચી સેવા દ્વારા દેશનું સાચું પુનરુત્થાન ઝપાટાબંધ થવાનું છે.

હિંદનું ભાવી

"હિંદુસ્તાનનું ભાવી પશ્ચિમના રક્તમલિન પંથે નથી. (પશ્ચિમ જ એથી કંટાળ્યું છે) પણ ... ... શાંતિવાળા રક્તરહિત પંથે છે. હિંદુસ્તાન આજે પોતાનો આત્મા ખોવાના જોખમમાં છે. એ આત્મા ખોઈને એ જીવી ન શકે. એટલે 'પશ્ચિમ હુમલાની સામે અમારાથી ન ટકી શકાય' એમ પ્રમાદથી અને લાચારીથી કહેવાને બદલે, આપણે પોતાની અને જગતની ખાતર તેની સામે અટકાવ કરવાને કમર કસવી જોઈએ."

જે હૃદયવેદનાથી અંતરના ઉદ્‌ગાર, આજના યુવકો પ્રતિ ગાંધીજીએ ઉપર મુજબ કાઢ્યા છે તે ઉદ્‌ગાર ઝીલી લેવાનું ઈશ્વર વાચકને પણ બળ આપે એ જ પ્રાર્થના છે.

આપણો આર્થિક પ્રશ્ન

પરિશિષ્ટો

૧

વસ્તી અને વિસ્તાર

દેશનું નામ	વરસ	ક્ષેત્રફળ ચોરસ માઈલમાં હજાર	કુલ હજાર	વસ્તી શહેરમાં રહેતી વસ્તી (કુલ વસ્તીના ટકા) હજાર	ગામડાંમાં રહેતી (કુલ વસ્તીના ટકા) હજાર	ચોરસ માઇલે વસ્તીનું પ્રમાણ	કુલ વસ્તીનું હજારે જન્મ મરણનું પ્રમાણ: જન્મ	મરણ	સરાસરી આયુષ્ય
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
હિન્દુસ્તાન	૧૯૩૧	૧,૮૦૮	૩૫,૨૮,૩૭	૩૮,૯૭૯ (૧૧ %)	૩૧૩,૮૫૮ (૮૯ %)	૧૯૫	૩૩	૨૪	૨૬
ગ્રેટ બ્રિટન	૧૯૩૧	૯૪	૪૬,૧૭૮	૩૧,૯૪૮ (૮૦ %)	૭,૯૯૯ (૧૦ %)	૪૯૦	૧૬	૧૨	૫૭
યુનાઇટેડ સ્ટેટ્સ (અમેરિકા)	૧૯૩૦	૩,૬૮૫	૧૨૨,૭૭૫	૬૮,૯૫૪ (૫૬ %)	૫૩,૮૨૦ (૪૪ %)	૩૩	૧૯	૧૧	૫૬
કેનેડા	૧૯૩૧	૩,૫૧૦	૧૦,૩૭૪	૫,૫૭૨ (૫૪ %)	૪,૮૦૨ (૪૬ %)	૩	૨૪	૧૦	...
જર્મની	૧૯૩૦	૧૮૦	૬૪,૭૭૬	૪૦,૧૯૧ (૬૨ %)	૨૪,૫૮૪ (૩૮ %)	૩૫૮	૧૭	૧૧	૪૯
ફ્રાંસ	૧૯૩૧	૨૧૨	૪૧,૮૬૦	૧૯,૯૮૪ (૪૯ %)	૨૦,૭૫૯ (૫૧ %)	૧૯૭	૧૭	૧૬	૫૦
જપાન	૧૯૩૧	૧૪૭	૬૫,૩૬૬	૩૩,૩૨૪ (૫૬ %)	૨૬,૪૧૩ (૪૪ %)	૪૪૩	૩૨	૧૮	૪૪

૨

ધંધાવાર વસ્તી—૧

દેશનું નામ	વરસ	કુલ વસ્તી	ધંધો કરતી વસ્તી કુલ	ધંધો કરતી વસ્તી ત્રીજા ખાનાના ટકા	ખેતી, માછી વગેરેમાં કામ કરનાર કુલ	ખેતી, માછી વગેરેમાં કામ કરનાર ત્રીજા ખાનાના ટકા	ખેતી, માછી વગેરેમાં કામ કરનાર ચોથા ખાનાના ટકા
૧	૨	૩	૪	૫	૬	૭	૮
		હજાર	હજાર*		હજાર		
હિન્દુસ્તાન	૧૯૩૧	૩૫૨,૮૩૮	૧૫૪,૩૯૦	૪૩.૮	૧૦૩,૭૬૨	૨૯.૪	૬૭.૨
ગ્રેટ બ્રિટન	૧૯૨૧	૪૩,૧૭૬	૧૯,૩૫૭	૪૪.૮	૧,૩૮૦	૩.૨	૭.૧
યુનાઈટેડ સ્ટેટ્સ (અમેરિકા)	૧૯૩૦	૧૨૨,૭૭૬	૪૮,૮૩૨	૩૯.૮	૧૦,૭૫૨	૮.૮	૨૨.૦
કેનેડા	૧૯૩૧	૧૦,૩૭૭	૩,૯૨૪	૩૭.૮	૧,૨૨૫	૧૧.૮	૩૧.૨
જર્મની	૧૯૨૫	૬૩,૧૮૧	૩૨,૦૦૯	૫૦.૭	૯,૭૬૨	૧૫.૪	૩૦.૫
ફ્રાંસ	૧૯૨૬	૪૦,૭૪૪	૨૧,૩૯૪	૫૨.૫	૮,૧૯૯	૨૦.૧	૩૮.૩
જપાન	૧૯૩૦	૬૪,૪૫૦	૨૯,૨૨૦	૪૫.૩	૧૪,૬૮૯	૨૨.૮	૫૦.૩

* કામ કરનારાઓનો ૨/૩ ભાગ તો ખેતી પર નભતો હોવાથી તેમને તો વરસમાં લગભગ ૬ જ માસ કામ મળે છે.

ધંધાવાર વસ્તી—૨

દેશનું નામ	ઉદ્યોગો તથા ખાણોમાં કામ કરતા			વેપાર અને વાહન વ્યવહારમાં રોકાતા		
	કુલ	ત્રીજા ખાનાના ટકા	ચોથા ખાનાના ટકા	કુલ	ત્રીજા ખાનાના ટકા	ચોથા ખાનાના ટકા
	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
	હજાર+			હજાર		
હિન્દુસ્તાન	૧૫,૭૦૭	૪.૪	૧૦.૨	૧૦,૨૫૪	૨.૯	૬.૬
ગ્રેટ બ્રિટન	૯,૧૪૧	૨૧.૨	૪૭.૨	૪,૦૦૮	૯.૩	૨૦.૭
અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો	૧૫,૪૭૫	૧૨.૬	૩૧.૭	૧૧,૯૭૫	૯.૭	૨૪.૫
કૅનેડા	૯૭૮	૯.૫	૨૪.૯	૬૯૩	૬.૭	૧૭.૭
જર્મની	૧૩,૨૩૯	૨૦.૯	૪૧.૩	૫,૨૭૩	૮.૩	૧૬ ૪
ફ્રાંસ	૭,૧૧૪	૧૭.૫	૩૩.૩	૩,૬૪૦	૮.૯	૧૭.૦
જપાન	૫,૭૨૭	૮.૯	૧૯.૫	૫,૮૯૧	૯.૧	૧૦.૨

+૧૦ કામદારને રોકે એવાં કારખાનાંઓ, ખાણ, અને બાગાયતવાળાં ખેતરોમાં કામ કરનારાની સંખ્યા ૨,૫૦ લાખ માણસની થવા જાય છે.

ધંધાવાર વસ્તી—૩

દેશનું નામ	રાજ્ય વ્યવસ્થામાં રોકાયેલા			વકીલ, ડૉક્ટર, માસ્તર વગેરે			બીજા પરચૂરણ		
	કુલ	ત્રીજા ખાનાના ટકા	ચોથા ખાનાના ટકા	કુલ	ત્રીજા ખાનાના ટકા	ચોથા ખાનાના ટકા	કુલ	ત્રીજા ખાનાના ટકા	ચોથા ખાનાના ટકા
	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩
	હજાર			હજાર			હજાર		
હિન્દુસ્તાન	૧૮,૩૫	૦.૩	૧.૨	૨૩,૧૦	૦.૭	૧.૫	૨,૦૫,૧૭	૬.૧	૧૩.૩
ગ્રેટ બ્રિટન	૧૧,૪૧	૨.૬	૫.૯	૮,૪૫	૨.૦	૪.૪	૨૮,૩૯	૬.૫	૧૪.૭
અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો	૧૦,૫૭	૦.૯	૨.૨	૩૪,૨૫	૨.૮	૭.૦	૬૧,૪૫	૫.૦	૧૨.૬
કૅનેડા	૧.૧૬	૧.૧	૨.૯	૨,૪૩	૨.૩	૬.૨	૬.૬૮	૬.૪	૧૭.૨
જર્મની	૬,૪૮	૧.૦	૨.૦	૧૩,૦૧	૨૫	૪.૧	૧૭,૮૪	૨.૮	૫.૭
ફ્રાંસ	૪,૭૬	૧.૨	૨.૨	૭,૬૪	૧.૯	૩.૬	૧૧,૯૭	૨.૯	૫.૬
જપાન	૨૦,૫૧	૩.૨	૭.૦	...	...	...	૮,૭૧	૧.૩	૩.૦

૩

ઉત્પન્ન, સરકારી દેવું, આવક અને દોલત—૧

દેશનું નામ	ઉત્પન્ન (મધ્યસ્થ, પ્રાંતિક તથા સ્થાનિક)			સરકારી દેવું		
	વરસ	કુલ	માણસ દીઠ	વરસ	કુલ	માણસ દીઠ
૧	૨	૩	૪	૫	૬	૭
		કરોડ રૂપિયા	રૂપિયા		કરોડ રૂપિયા	રૂપિયા
હિંદુસ્તાન (બ્રિટિશ)	૧૯૩૨–૩૩	૨૯૮	૧૦	૧૯૩૨	૧૨૧૨	૪૫
ગ્રેટ બ્રિટન	૧૯૩૩	૧૩૩૪	૨૯૦	૧૯૩૨	૧૦,૧૯૭	૨૨૧૭
અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો	૧૯૩૦	૨૭૩૨	૨૨૨	૧૯૩૨	૫,૪૧૩	૪૪૦
કૅનેડા	૧૯૩૧	૨૦૫	૧૯૭	૧૯૩૧	૫૫૫	૫૩૩
ફ્રાંસ	૧૯૩૩	૪૬૦	૧૧૫	૧૯૩૧	૫,૧૬૬	૧૨૩૦
જપાન	૧૯૩૨–૩૩	૪૫૯	૭૬	૧૯૩૨	૯૪૦	૧૪૫

ઉત્પન્ન, સરકારી દેવું, આવક અને દોલત—૨

દેશનું નામ		રાષ્ટ્રીય આવક			રાષ્ટ્રીય દોલત	
	વરસ	કુલ	માણસ દીઠ	વરસ	કુલ	માણસ દીઠ
	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
		કરોડ રૂપિયા	રૂપિયા		કરોડ રૂપિયા	રૂપિયા
હિંદુસ્તાન (બ્રિટિશ)	૧૯૨૨-૨૩	૨૨૨૩	૮૨	૧૯૩૦	૧૨,૦૦૦	૪૪૧
ગ્રેટ બ્રિટન	૧૯૩૧	૪૯૯૫	૧૦૯૨	૧૯૨૫	૨૯,૪૩૨	૬૩૭૧
અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો	૧૯૨૮	૨૪૫૩૩	૨૦૫૩	૧૯૨૮	૧૧૨,૩૧૫	૯૩૬૫
કૅનેડા	૧૯૩૦	૧૩૧૯	૧૨૬૮	૧૯૨૯	૮૩,૪૪	૮૦૨૩
ફ્રાંસ	૧૯૨૮	૨૬૧૮	૬૩૬	૧૯૨૮	૧૮,૮૫૭	૪૫૮૧
જપાન	૧૯૨૮	૧૪૭૧	૨૭૧	૧૯૨૪	૧૩,૬૪૫	૨૩૦૮

૪

ઉત્પન્ન*

દેશનું નામ	પેદાશ કુલ કરોડ રૂ.	પેદાશ માણસ દીઠ રૂપિયા	મુખ્ય ઉત્પત્તિ ખેતીવાડી કરોડ રૂ.	મુખ્ય ઉત્પત્તિ જંગલ કરોડ રૂ.	મુખ્ય ઉત્પત્તિ દરિયાઈ પેદાશ કરોડ રૂ.	મુખ્ય ઉત્પત્તિ કુલ કરોડ રૂ.	મુખ્ય ઉત્પત્તિ માણસ દીઠ રૂપિયા	ગૌણ ઉત્પત્તિ ઉદ્યોગો કરોડ રૂ.	ગૌણ ઉત્પત્તિ ખાણો કરોડ રૂ.	ગૌણ ઉત્પત્તિ કુલ કરોડ રૂ.	ગૌણ ઉત્પત્તિ માણસ દીઠ રૂ.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
હિન્દુસ્તાન	૨૫૦૦	૭૧	૨૦૩૨	૨૮	૩	૨૦૬૩	૫૯	૪૦૮×	૨૯	૪૩૭	૧૨
ગ્રેટ બ્રિટન	૨૪૫૨	૫૩૧	૨૮૬	૨.૭	૨૪	૩૧૨	૬૮	૧૮૯૦	૨૫૦	૨૧૪૦	૪૬૩
અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો	૧૨૩૧૭	૧૦૦૩	૨૧૦૫	૫૬૫.૬	૨૨	૨૬૯૩	૨૧૯	૮૮૫૭	૧૩૩૩	૧૦૧૯૦	૮૩૦
કૅનેડા	૮૮૫	૮૫૧	૨૨૨	૮૪	૧૩	૩૧૯	૩૦૭	૪૮૯	૭૭	૫૬૬	૫૪૪
જપાન	૧૪૦૮	૨૩૪	૩૪૦	૨૯	૩૪	૪૦૪	૬૭	૯૫૫	૪૯	૧૦૦૪	૧૬૭
જર્મની	...	...	૬૬૬	...	...	...	૧૧૧	૧૭૩૩	...	...	૨૮૯

* આ કોઠામાં આપેલા આંકડા કોઈ એક જ વર્ષના નથી. પણ ૧૯૨૪ થી ૧૯૩૧ સુધીમાં કોઈ એક વર્ષના છે એમ સમજવું.

× મોટા પાયા પર ચાલતાં કારખાનાંઓમાંથી તો માત્ર ૧૪૬ કરોડ રૂપિયાનું ઉત્પન્ન થાય છે.

૫

ખેતી—૧×

દેશનું નામ	કુલ	ક્ષેત્રફળ (લાખ એકર) ખેડ થતી જમીન	નહેર, કૂવા તળાવ માંથી પાણીની મદદથી ખેડાયેલી જમીન	અનાજ ઉગાડાય છે એવી જમીન	વસ્તી વેપારીમાલ-રૂ, મગફળી, તેલીબીયાં ઉગાડાય છે એવી જમીન	જંગલનો ભાગ	ખેતરમાં કામ કરનારની સંખ્યા
૧	૨	૩	૪	૫	૬	૭	૮
	લાખ	લાખ	લાખ	લાખ	લાખ	લાખ	લાખ
બ્રિટિશ હિંદુસ્તાન	૬૬૯૩	૨૬૧૯+	૪૯૭	૨૦૯૬	૪૮૦	૮૭૯	૭૮૦
ગ્રેટ બ્રિટન	૬૦૩	૩૩૬	...	૫૫	૫	૧૧૯	૧૩
અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો	૨૩૫૮૬	૯૫૫૬	૧૯૬	૨૪૩૮	૫૪૩	૫૨૮૮	૧૦૫
કૅનેડા	૨૨૪૬૪	૧૪૦૯	૧૩	૪૬૭	૭	૭૩૬૦	૧૧
જર્મની	૧૧૫૮	૧૦૩૭	...	૨૯૫	૧૪	૩૨૧	૯૮
ફ્રાન્સ	૧૩૬૧	૧૦૮૭	...	૨૭૨	૧૦	૨૭૨	૮૧
જપાન	૯૪૫	૨૩	૭૪	૧૨૪	૫	૪૯૭	૧૪૦

× આ કોઠામાં અપાયેલા આંકડા બધા દેશો માટે એક જ વરસના નથી પણ ૧૯૨૫ થી ૧૯૩૧ સુધીના કોઈ એક વરસના સમજવા.

+ આ જમીનમાંથી ૩,૨૮ લાખ એકરમાં એક કરતાં વધુ વાવેતર થયું હતું.

દેશનું નામ	વસ્તી ખેતી પર નભતી જનસંખ્યા	કુલ વસ્તી-ના ખેતીમાં કામ કર-નારના ટકા	કામ કરી શકે એવી વસ્તીના ખેતીમાં કામ કરનારના ટકા	ખેડૂત દીઠ ખેડવા માટે મળતી જમીન	ખેડ થતાં કુલ ખેતરો કુલ સંખ્યા	ખેતી માટે મળતા સરાસરી એકર	રોકાયેલી મૂડી કુલ
	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫
	લાખ				લાખ		કરોડ રૂપિયા
બ્રિટિશ હિન્દુસ્તાન	૧૯૨૦	૨૮.૮	૬૬.૪	૩.૩	૫૫૦	૫	...
ગ્રેટ બ્રિટન	...	૩.૦૬	૬.૭	૨૬	૬	૫૫	...
અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો	૩૦૪	૮.૫	૨૧.૫	૮૭	૬૩	૧૫૭	૧૫૯૦૧
કૅનેડા	...	૧૦.૪	૨૭.૫૫	૧૪૦	૭	૧૯૮	૨૦૪૮
જર્મની	૧૪૪	૧૫.૪	૩૦.૩	૧૨	૫૧	૨૧	...
ફ્રાન્સ	...	૧૯.૯	૩૭.૮૫	૧૩	...	...	...
જપાન	...	૨૧.૪	૪૮.૩	૪.૨	૫૬	૪.૨	...

× આ કોઠામાં અપાયેલા આંકડા, બધા દેશો માટે એક જ વરસના નથી પણ ૧૯૨૫ થી ૧૯૩૧ સુધીના કોઈ એક વરસના સમજવા.

દેશનું નામ	રોકાયેલી મૂડી: કુલ વસ્તીના માણસ દીઠ	રોકાયેલી મૂડી: ખેતીમાં રોકાયેલ માણસદીઠ	કુલ કિંમત	પેદાશ: કુલ વસ્તીના માણસ દીઠ	પેદાશ: ખેતીમાં રોકાયેલ માણસ દીઠ	ઢોર સંખ્યા
	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧
	રૂપિયા	રૂપિયા	કરોડ રૂપિયા	રૂપિયા	રૂપિયા	લાખ
બ્રિટિશ હિન્દુસ્તાન	...	...	૧૫૬૮	૫૯	૧૯૬	૨૩૧૯
ગ્રેટ બ્રિટન	...	...	૨૮૬	૬૨	૨૨૦૧	૫૧૪
અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો	૧૨૯૦	૧૪૫૪૪	૨૧૦૫	૧૭૫	૧૯૩૧	૧૮૧૦
કેનેડા	૧૯૬૯	૧૮૬૨૦	૨૨૨	૨૧૩	૨૦૫૫	૧૭૪
જર્મની	...	...	૬૬૬	૧૧૧	૬૮૦	૫૨૩
ફ્રાન્સ	...	...	...	...	...	૩૭૪
જપાન	...	...	૩૪૦	૫૭	૩૫૨	૩૯

× આ કોઠામાં અપાયેલા આંકડા બધા દેશો માટે એક જ વરસના નથી પણ ૧૯૨૫ થી ૧૯૩૧ સુધીના કોઈ એક વરસના સમજવા.

૬

ઉદ્યોગો +

દેશનું નામ	નાના મોટા કારખાનાંઓની સંખ્યા	કામ કરનારાઓની સંખ્યા	ઉત્પન્નની નફા સહિત કિંમત	ઉત્પન્નની નફા વિનાની ચોખ્ખી કિંમત	કામ કરનાર દીઠ ઉત્પન્નની ચોખ્ખી કિંમત	કુલ વસ્તીના માણસદીઠ ઉત્પન્નની ચોખ્ખી કિંમત	રોકાયલી મૂડી	તૈયાર થયેલા માલની નિકાસની કિંમત	કુલ ઉત્પન્નના ૯મા ખાનાના ટકા
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
			કરોડ રૂ.	કરોડ રૂ.	રૂ.	રૂ.	કરોડ રૂ.	કરોડ રૂ.	
હિન્દુસ્તાન	૯,૪૨૨	૧૫,૩૬૧,૯૩૩	૮૦૦	૪૦૮	૨૬૫	૧૨	૭૦૦*	૪૩	૧૦.૫
ગ્રેટ બ્રિટન	૧૦૭,૫૦૦×	૭,૭૦૦,૫૦૦	૪,૨૬૯	૧,૯૨૫	૨,૫૦૦	૪૧૨	૭,૦૬૭	૫૮૭	૩૦.૬
અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો	૧૭૪,૧૩૬	૧૪,૧૧૦,૬૫૨	૧૯,૪૪૪	૮,૮૫૭	૬,૩૨૭	૭૨૧	૨૩,૦૦૦	૮૯૫	૧૦.૧
કૅનેડા	૨૪,૦૨૦	૬૪૪,૪૩૯	૯૫૨	૪૮૯	૭,૬૪૭	૪૭૦	૧,૪૪૫	૮૧	૧૬.૬
જપાન	૫૯,૮૮૭	૫,૪૫૯,૦૩૧	૧,૯૦૫	૯૩૩	૧,૭૬૧	૧૮૫	૧,૦૦૯	૨૪૧	૨૫.૮

+ આ કોઠામાં આપેલા આંકડા કોઈ મુકરર કરેલા એક વરસના નથી, પણ ૧૯૨૬ થી ૧૯૩૧ સુધીમાંથી કોઈ એક વરસના સમજવા.

* નાના ગૃહ અને ગ્રામ-ઉદ્યોગોમાં આશરે ૩૦૦ કરોડ રૂ.ની મૂડી રોકાઈ હશે એવી સામાન્ય રીતે ગણતરી કરવામાં આવે છે.

× વેપારી પેઢીઓની ગણતરીનો પણ આ આંકડામાં સમાવેશ થાય છે.

૭

પરદેશો સાથેનો વેપાર—૧

દેશનું નામ	વરસ	આયાત નિકાસ સાથે કુલ વેપાર	માણસ દીઠ કુલ વેપાર
૧	૨	૩	૪
		કરોડ રૂ.	કરોડ રૂ.
હિંદુસ્તાન	૧૯૨૯	૫૮૪	૧૭
	૧૯૩૨–૩૩	૨૬૫	૭.૬
ગ્રેટ બ્રિટન	૧૯૨૯	૨,૭૪૭	૫૯૭
	૧૯૩૨	૧,૪૯૫	૩૨૪
અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો	૧૯૨૯	૨,૬૫૩	૨૧૪
	૧૯૩૧–૩૨	૧,૦૧૧	૮૪
કૅનેડા	૧૯૨૯	૯૫૭	૯૨૦
	૧૯૩૨	૩૧૬	૩૦૪
જર્મની	૧૯૨૯	૧,૮૬૬	૨૯૬
	૧૯૩૨	૬૮૦	૧૦૫
ફ્રાન્સ	૧૯૨૯	૧,૧૬૫	૨૮૪
	૧૯૩૨	૫૩૧	૧૨૭
જપાન	૧૯૨૯	૫૯૫	૯૦
	૧૯૩૧	૩૧૮	૪૭

પરદેશો સાથેનો વેપાર—૨

આયાત

દેશનું નામ	વરસ	કુલ	ખોરાકીની ચીજો	કાચો માલ	તૈયાર બનેલો માલ	પરચૂરણ માલ	૮મા ખાનાના ૫મા ખાનાના ટકા
		૫	૬	૭	૮	૯	૧૦
		કરોડ રૂ.	કરોડ રૂ.	કરોડ રૂ	કરોડ રૂ.	કરોડ રૂ.	
હિંદુસ્તાન	૧૯૨૯	૨૫૩	૪૦	૨૩	૧૭	૧૭	૬૮
	૧૯૩૨–૩૩	૧૩૩	૧૫	૨૦	૯૫	૩	૭૧
ગ્રેટ બ્રિટન	૧૯૨૯	૧,૬૨૮	૭૧૪	૪૫૩	૪૪૬	૧૬	૨૭
	૧૯૩૨	૯૩૭	૫૦૦	૨૧૯	૨૧૦	૮	૨૨
અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો	૧૯૨૯	૧,૨૦૪	૨૬૬	૬૪૬	૨૬૪	૨૮	૨૨
	૧૯૩૧–૩૨	૪૮૦	૧૨૮	૨૨૨	૧૩૦	—	૨૭
કૅનેડા	૧૯૨૯	૪૬૧	૪૮	૮૯	૨૯૮	૨૫	૬૪.૭
	૧૯૩૨	૧૬૧	૨૧	૩૨	૯૫	૧૨	૫૯
જર્મની	૧૯૨૯	૯૧૫	૨૫૦	૪૭૧	૧૪૮	૪૬	૧૬
	૧૯૩૨	૩૦૫	૯૮	૧૫૮	૪૭	૨	૧૬
ફ્રાન્સ	૧૯૨૯	૬૨૬	૧૪૨	૩૭૮	૧૦૭	...	૧૭
	૧૯૩૨	૩૨૦	૧૧૮	૧૪૨	૬૦	...	૧૯
જપાન	૧૯૨૯	૨૯૫	૩૬	૨૧૧	૪૬	૨.૩	૧૬
	૧૯૩૧	૧૬૫	૧૨	૫૪	૨૪	૭૫	૧૪

પરદેશો સાથેનો વેપાર—૩

નિકાસ

દેશનું નામ	વરસ	કુલ	ખોરાકીની ચીજો	કાચો માલ	તૈયાર બનેલો માલ	પરચૂરણ માલ	૧૪મા ખાનાના ૧૧મા ખાનાના ટકા
		૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
		કરોડ રૂ.	કરોડ રૂ.	કરોડ રૂ.	કરોડ રૂ.	કરોડ રૂ.	
હિન્દુસ્તાન	૧૯૨૯	૩૩૧	૬૮	૧૫૬	૮૪	૨૨	૨૬
	૧૯૩૨–૩૩	૧૩૨	૩૭	૫૫	૩૮	૨	૨૯
ગ્રેટ બ્રિટન	૧૯૨૯	૧,૧૧૯	૭૪	૧૦૫	૭૬૫	૧૭૫	૬૮
	૧૯૩૨	૫૫૫	૬૩	૯૦	૩૮૩	૧૯	૬૯
અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો	૧૯૨૯	૧,૪૪૯	૨૨૧	૫૪૦	૬૮૮	...	૪૭
	૧૯૩૧–૩૨	૫૩૧	૮૮	૨૧૮	૨૨૫	...	૪૨
કેનેડા	૧૯૨૯	૪૯૬	૨૦૫	૧૩૭	૧૪૭	૬	૨૯
	૧૯૩૨	૧૫૫	૪૮	૩૯	૬૩	૪	૪૧
જર્મની	૧૯૨૯	૯૫૧	૪૬	૧૯૧	૬૪૩	૭૧	૬૭
	૧૯૩૨	૩૭૫	૧૩	૬૭	૨૯૩	૨	૭૮
ફ્રાન્સ	૧૯૨૯	૫૩૯	૬૫	૧૩૪	૩૩૮	૧૧	૬૩
	૧૯૩૨	૨૧૧	૩૧	૪૯	૧૩૧	...	૬૨
જપાન	૧૯૨૯	૩૦૦	૨૧	૧૨૯	૧૨૫	૨૫	૪૫
	૧૯૩૧	૧૫૩	૧૨	૬૭	૬૧	૧૩	૪૦

૮

વાહનવ્યવહાર—૧

વપરાતા મોટર વાહનો

દેશનું નામ	વેપારી વહાણો અને આગબોટો કુલ ટનવાળાં	મોટર ગાડીઓ	મોટર સાઈકલો	રેલવેના માઈલો	પાકા રસ્તા માઈલો	ટપાલ ઑફિસની સંખ્યા
૧	૨	૩	૪	૫	૬	૭
હિન્દુસ્તાન	૨૭૧,૮૨૭	૧૭૪,૪૫૦	૧૫,૭૨૯	૪૨,૭૫૩	૨૫૩,૧૨૫(૧)	૨૩,૯૮૩
ગ્રેટ બ્રિટન	૧૯,૬૭૨,૦૦૦	૧,૫૫૮,૦૭૫	૭૩૪,૧૨૩	૨૧,૧૬૨	૧૯૦,૨૫૨	૨૨,૯૧૯
અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો	૧૩,૪૪૨,૦૦૦	૨૬,૬૯૫,૩૯૮	૧૧૦,૭૫૭	૨૬૧,૮૧૬	૩,૦૦૯,૦૬૬	૪૮,૧૫૯
કૅનેડા	૧,૪૬,૩૦૦૦	૧,૨૨૨,૭૩૧	૯,૪૨૭	૪૩,૧૭૩	૪૨૨,૯૪૨	૧૨,૪૨૭
જર્મની	૪,૧૬૪,૦૦૦	૭૧૫,૦૪૪	૭૯૨,૦૭૫	૩૬,૨૫૭	...	૬૦,૯૫૦
ફ્રાન્સ	૩,૫૫૬,૦૦૦	૧,૫૪૪,૦૫૭	૪૪૧,૫૦૩	૨૫,૯૬૪	૩૯૩,૮૪૫	...
જપાન	૪,૨૫૫,૦૦૦	૯૫,૭૧૯	૨૪,૩૩૨	૧૩,૩૬૩	૫૯૧,૪૮૪	૧૧,૨૯૬

૧. બ્રિટિશ હિન્દુસ્તાનના જ રસ્તાની આમાં ગણતરી છે.

દેશનું નામ	તાર ઑફિસની સંખ્યા	કુલ ટેલિફોન મથકોની સંખ્યા	જલ માર્ગો. કુલ માઈલની લંબાઈ	રેડિયોના મથકો દર હજાર માણસે બ્રોડકાસ્ટિંગનાં	એરોપ્લેનઃ કેટલા માઈલ મુસાફરો ઊડયા	વીજળીનો જથ્થો (K. W. H.) દશલાખ
	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
હિન્દુસ્તાન	૪,૬૭૫	૫૬,૮૯૪	૪,૦૦૮	.૦૩(૨)	૧૪૪,૦૯૫	૧,૮૫૩
ગ્રેટ બ્રિટન	૧૨,૫૪૨	૨,૦૫૪,૨૪૯	૪,૮૫૩	૯૪	૧,૬૦૪,૦૦૦	૧૬,૬૦૦
અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો	૨૩,૪૯૦	૨૦,૦૯૮,૦૫૯	૨૬,૪૧૦	૯૮	૫૦,૦૦૦,૦૦૦	૧૧૫,૦૦૦
કૅનેડા	૪,૬૬૧	૧,૪૦૨,૮૬૧	૨,૭૦૦	૫૦	૪,૦૭૩,૫૫૨	૧૬,૪૦૦
જર્મની	૬૦,૯૫૦	૩,૨૪૭,૦૧૨	૭,૬૮૯	૬૧	૬,૭૫૦,૬૫૩	૨૫,૫૦૦
ફ્રાન્સ	...	૧,૧૧૩,૦૦૦	૬,૨૦૪	૩૬.૬	૫,૮૪૯,૦૦૦	૧૪,૪૦૦
જપાન	૧૧,૨૯૬	૭૧૫,૦૨૦	...	૧૪.૭	૧,૦૬૩,૬૨૬	૧૪,૧૦૦

૨. મથકોની સંખ્યા ૯,૨૭૪ છે.

૯

બેંક વહીવટ—૧

દેશનું નામ	વરસ	બેંકની શાખાઓ		બેંકોની મૂડી અને થાપણ	બેંકોની થાપણો	
		કુલ સંખ્યા	દશ લાખ માણસ દીઠ		કુલ	વસ્તીના માણસ દીઠ
૧	૨	૩	૪	૫	૬	૭
				કરોડ રૂપિયા	કરોડ રૂપિયા	રૂપિયા
હિન્દુસ્તાન	૧૯૩૦	૮૮૨	૨.૫	૨૫॥	૨૨૮(૧)	૬
ગ્રેટ બ્રિટન	૧૯૩૨	૧૨,૫૫૭	૨૭૩	૩૧૬	૩,૨૨૬	૬૯૮
અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો	૧૯૩૧	૨૨,૦૭૧	૧૭૯	૩,૫૪૦	૧૩,૭૮૭	૧,૧૨૩
કૅનેડા	૧૯૩૧	૪,૧૭૬	૪૧૭	૧૧૨	૮૩૬	૮૦૪
ફ્રાન્સ(૨)	૧૯૨૯	૨,૦૬૧	૪૯	૪૮	૫૧૦	૧૨૨
જર્મની	૧૯૨૮	૨,૧૬૬	૩૩	૨૧૨	૧,૦૮૪	૧૬૭
જપાન (૩)	૧૯૨૯	૬,૬૭૦	૧૦૩	૩૫૭	૧,૪૦૭	૨૧૫

૧. હિન્દુસ્તાનની પરદેશી બેંકોની ૬૮ કરોડ રૂ. ની થાપણનો આમાં સમાવેશ થાય છે.

બૅંક વહીવટ—૨

સેવિંગ્સ બૅંકોની થાપણો

દેશનું નામ	વરસ	પોસ્ટ ઑફિસની	ટપાલ ઑફિસના હિસાબો	બીજા બધા પ્રકારના સેવિંગ્ઝ સાથે કુલ	વસ્તીના માણસ દીઠ	વિનિમયનો દર
		૮	૯	૧૦	૧૧	૧૨
		કરોડ રૂપિયા		કરોડ રૂપિયા	રૂપિયા	
હિન્દુસ્તાન	૧૯૩૦	૩૭	૨,૪૭૭,૬૧૩	૭૫	૨	...
ગ્રેટ બ્રિટન	૧૯૩૨	૩૮૫	૯,૮૫૫,૮૧૭	૧,૨૩૨	૨૬૬	પાઉન્ડ = ૧૩.૩ રૂ.
અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો	૧૯૩૧	૯૫	૭૭૦,૮૫૯	૬,૬૭૭	૫૪૩	ડોલર = ૨ ૭૪ રૂ.
કૅનેડા	૧૯૩૧	૭	૮૦,૦૯૮	૩૪	૩૨	ડોલર = ૨.૭૪ રૂ.
ફ્રાન્સ(૨)	૧૯૨૯	૩૪૮	૯,૨૨૯,૦૨૨	૫૨૩	૧૨૫	ફ્રાંક = ૦.૧૦૭ રૂ.
	૧૯૩૧					,, = ૦.૧૧૫ રૂ.
જર્મની	૧૯૨૮	...	...	૧,૦૯૧	૧૬૮	માર્ક્સ = ૦.૬૮૪
જપાન(૩)	૧૯૨૯	૩૪૬	૩૮,૩૩૨,૭૭૩	૫૮૧	૮૯	યેન = ૧.૩૭ રૂ.

૨. ૮થી ૧૧ ખાનામાં જે ફ્રાન્સની હકીકત છે તે ૧૯૩૧ સાલની સમજવી.

૩. ૮ અને ૯ ખાનામાં જે જપાનની હકીકત છે તે પણ ૧૯૩૧ સાલની સમજવી.

૧૦

કેળવણી—૧

દેશનું નામ	સાક્ષરતા વસ્તી: વરસ	કુલ લાખ	લખતાં વાંચતાં જાણનારા (લાખ)	કુલ વસ્તીમાં ભણેલા માણસોના ટકા	ભણતા વિદ્યાર્થીઓ: વરસ	કુલ સંખ્યા	કુલ વસ્તીના ટકા
૧	૨	૩	૪	૫	૬	૭	૮
સમસ્ત હિંદ	૧૯૩૧	૩,૫૩૦	૨૮૦	૮	...	...	...
બ્રિટીશ હિંદ	૧૯૩૧	૨,૭૨૦	૨૨૭	૮.૫	૧૯૩૦-૩૧	૧૨,૬૮૯,૦૮૬	૪.૬
ગ્રેટ બ્રિટન	૧૯૨૧	૪૨૭	૩૨૫	૭૬	૧૯૩૦-૩૧	૮,૭૧૯,૧૩૪	૧૮.૮
અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો	૧૯૨૦	૧૦૫૭	૭૯૦	૭૪	૧૯૩૦-૩૧	૨૯,૧૫૬,૨૮૬	૨૩.૭
કૅનેડા	૧૯૨૧	૮૮	૬૩	૭૧	૧૯૩૧	૨,૫૪૨,૭૪૭	૨૪ ૪
જર્મની	૧૯૨૫	૬૨૪	૫૦૨	૮૦	૧૯૩૧	૧૦,૪૩૦,૭૭૪	૧૬
ફ્રાન્સ	૧૯૨૬	૪૦૨	૩૨૨	૮૦	૧૯૩૦	૬,૩૭૧,૪૩૯	૧૫
જપાન	૧૯૨૫	૫૯૭	૪૨૮	૭૧	૧૯૩૦-૩૧	૧૨,૪૨૮,૫૧૯	૧૯

કેળવણી—૨

દેશનું નામ	ખર્ચ: કુલ	ખર્ચ: કુલ વસ્તીનાં માણસ દીઠ	પ્રાથમિક શિક્ષણ: વિદ્યાર્થીઓની કુલ સંખ્યા	પ્રાથમિક શિક્ષણ: ખર્ચ	વિદ્યાપીઠ અને મહાવિદ્યાલયોનું શિક્ષણ: વિદ્યાર્થીઓની કુલ સંખ્યા	વિદ્યાપીઠ અને મહાવિદ્યાલયોનું શિક્ષણ: ખર્ચ
	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
	કરોડ રૂ.	રૂ.		કરોડ રૂ.		કરોડ રૂ.
સમસ્ત હિંદ	...	...	...	...	...	...
બ્રિટીશ હિંદ	૨૮	૧	૯,૩૬૨,૭૪૮	૮	૯૨,૦૨૮	૪
ગ્રેટ બ્રિટન	૧૫૦	૩૨	૬,૧૮૬,૯૭૩	૮૬	૬૧,૭૧૨	૫૬
અમેરિકાનાં સંયુક્ત સંસ્થાનો	૮૦૧	૬૫	૨૩,૫૩૪,૦૦૦	૩૪૭	૯૭૧,૦૦૦	૩૭૪
કૅનેડા	૫૦	૪૮	૨,૦૦૫,૬૫૨	૪૨(૧)	૪૧,૧૬૮	૬॥
જર્મની	...	...	૬,૭૭૧,૪૦૧	...	૧૩૧,૦૮૧	...
ફ્રાન્સ	...	...	૫,૫૭૬,૩૧૨	...	૯૧,૯૧૦	...
જપાન	૭૧	૧૧	૯,૯૨૩,૮૭૭	...	૧૪૩,૫૦૩	...

(૧) ધંધાદારી તથા બીજી શિક્ષણ સંસ્થાના ખર્ચનો સમાવેશ આમાં થઈ જાય છે.

૧૧

૧૯૩૭-૩૮ નું મધ્યસ્થ સરકારનું બજેટ

આવકનાં મુખ્ય સાધનો	હજાર રૂપિયા
૧. જકાત	૪૨,૬૦,૫૦
૨. મધ્યસ્થ એકસાઇઝ જકાત	૭,૧૬,૦૦
૩. કોરપોરેશન–કંપનીઓ–પરના કરો	૧,૪૪,૯૪
૪. કંપનીઓની કર આવક સિવાયના બીજી આવક પરના કરો	૧૨,૮૫,૦૬
૫. મીઠાવેરો	૮,૨૫,૦૦
૬. અફીણ	૪૯,૫૨
૭. જમીન મહેસૂલ	૧૮,૫૩
૮. પ્રાંતિક આબકારી	૨૧,૧૨
૯. ટિકિટ–ખતપત્રો પરની	૩૬,૦૫
૧૦ જંગલ ખાતું	૧૪,૬૨
૧૧. રજિસ્ટરી ફી	૯૧
૧૨. મોટર વાહન પરના કરો	૨,૮૧
કુલ	૭૩,૭૫,૦૬
૧૩. નહેર વગરે ચોખ્ખી આવક	૯૬
૧૪. જેનાં ખાસ જુદાં ખાતાં ન રખાતાં હોય એવાં કામોની આવક	૫
કુલ	૧૦૧
૧૫. ટપાલ અને તાર ખાતાં કુલ આવક	૧૧,૧૫,૯૩
બાદ ચાલુ ખર્ચ	૧૦,૩૮,૯૫
ચોખ્ખી આવક	૭૬,૯૮

૧૧.	રજિસ્ટરી નોંધણી	૯
૧૨.	મોટર વાહન–કર ઉઘરાવવાનું ખર્ચ	૨,૦૫
	કુલ રૂ.	૩,૮૩,૮૯
૧૩.	મીઠાના અગરોનું મૂળ ખર્ચ	૩૬
૧૪.	નહેર ખાતાનું મુલકી ખર્ચ	૧૧,૩૫
૧૪.	તારટપાલ ખાતાનું મુલકી ખર્ચ	૭૨,૭૫
૧૫.	તારટપાલ ખાતાનું સામાન્ય આવકમાંથી થતું મૂળ ખર્ચ	૭,૦૫

કરજ ખાતું	હજાર રૂપિયા
રેલવે, નહેર, તારટપાલ, ઉત્પાદક અને અનુત્પાદક કરજોનું વ્યાજ વગેરે ખર્ચ	૧૧,૧૨,૨૨
કરજ ઘટાડવા અને કરજ ન કરવા માટે આવક ખાતામાંથી લેવાની રકમ	૩,૦૦,૦૦
કુલ રૂ.	૧૪,૧૨,૨૨

રાજ્યવ્યવસ્થા ખર્ચ	હજાર રૂપિયા
સર્વસામાન્ય રાજ્યવ્યવસ્થા	૧,૭૨,૭૩
ઑડિટ – હિસાબ તપાસ	૧,૦૧,૩૫
ન્યાય ખાતું	૭,૩૦
જેલ – પાકાચોરની વસાહતો	૨૩,૧૦
પોલીસ	૩૦,૭
બંદર ગોદી	૨૮,૭૦
દીવાદાંડી જાલીબોટ	૮,૫૫
પાદરી ધર્મપ્રચાર	૨૭,૮૨
સમ્રાટના પ્રતિનિધિ–વાઇસરોય–નું ખર્ચ	૧,૦૪,૮૮
ટ્રાઈબલ-વિભાગ (સરહદના મુલકોનું ખર્ચ)	૧,૯૨.૦૫
બાહ્ય બાબતો	૫૨,૨૪
વૈજ્ઞાનિક ખાતાં	૭૨,૦૧

કેળવણી	૨૪,૧૧
વૈદકીય	૨૨,૧૦
જનસુખકારી	૨૨,૦૦
ખેતીવાડી	૫૮,૨૮
ઢોર વિભાગ	૧૦,૬૧
સરકારી મંડળી	૫૩
હુન્નરઉદ્યોગ	૯,૧૪
હવાઈ જહાજો	૨૫,૦૪
બ્રોડ કાસ્ટિંગ રેડિયો	૧૫,૩૫
હિંદી સ્ટોર ખાતું	૨૩,૫૧
પરચૂરણ ખાતું	૧૬,૫૨
કુલ રૂ.	૧૦,૪૨,૭૯

નાણાંચલણ અને ટંકશાળ

નાણાંચલણ	૧૪,૭૭
ટંકશાળ	૧૯,૨૩
કુલ રૂ.	૩૪,૩૭

મુલકી-સિવિલ કામો	૨,૮૭,૨૩

પરચૂરણ

દુકાળનિવારણ	૪૬
પેન્શન તથા ખાસ વધારા	૨,૭૯,૭૭
સ્ટેશનરી અને છાપકામ	૪૧,૯૮
પરચૂરણ	૫૪,૫૫
કુલ રૂ.	૩,૭૬,૭૬

સામાન્ય આવકખાતામાંથી, પરચૂરણ મૂળ ખર્ચ માટે લેવાતી રકમ	૬,૩૮

૧૬.	કરજનું વ્યાજ	૭૧,૩૫

રાજ્યવ્યવસ્થાનું આવક ખાતું

૧૭.	ન્યાય ખાતું–ટિકિટ આવક	૧,૩૯
૧૮.	જેલ અને બારવટિયાની વસાહતોની કમાણી	૨,૧૦
૧૯.	પોલીસ	૨૫
૨૦.	બંદર ફી, અને આગબોટને ગોદીમાં લાવતાં થતી આવક	૨૧,૨૭
૨૧.	દીવાદાંડી. તથા જાલી બોટોની આવક	૮,૫૫
૨૨.	કેળવણી ફી	૧,૫૦
૨૩.	વૈદકીય	૧,૮૫
૨૪.	જનસુખાકારી (પબ્લિક હેલ્થ)	૨,૯૬
૨૫	ખેતીવાડી	૨.૪૭
૨૬.	ઢોરઢાંખર દવા ખાતું	૫,૯૮
૨૭.	ઉદ્યોગ	૧૯
૨૮.	હવા વિમાન	૧,૨૪
૨૯.	બ્રોડ કાસ્ટિંગ	૫,૫૦
૩૦.	હીંદી સ્ટોર વિભાગ	૧૭,૭૫
૩૧.	પરચૂરણ ખાતાંઓ	૧૬,૭૩
	કુલ	૯૧,૭૩

નાણાંચલણ અને ટંકશાળ

નાણાંચલણ	૬૮,૮૦
ટંકશાળ	૩૯,૬૯
કુલ રૂ.	૧,૦૬,૪૯

મુલકી ખાતાંઓ વગેરે

મુલકી કામો	૩૪,૭૧

પરચૂરણ	
દેશી રાજ્યોની ખંડણી	૬૯,૭૭
પેન્શન મદદ માટેની રકમો	૭,૪૯
સ્ટેશનરી અને છાપકામ	૨૫,૩૪
પરચૂરણ	૩૮,૯૧
કુલ રૂ.	૧,૪૧,૫૧
રક્ષણ–સેવા	
લશ્કરી અને સામાન્ય	૫,૨૨,૧૦
અસાધારણ બાબતો	
અસાધારણ આવક	૩,૨૩,૧૧
રેવન્યુ રિઝર્વ ફંડમાંથી લીધેલ રકમ	૧,૮૪,૦૯
	૫,૦૭,૨૦
રેલવે બજેટ પ્રમાણે રેલવેની આવક	૩૦,૧૩,૭૪
કુલ આવક રૂ.	૧,૧૯,૪૧,૮૮

૧૯૩૭–૩૮નું મધ્યસ્થ સરકારના ખર્ચનું અંદાજપત્રક

આવક ખાતાનાં ખર્ચો	હજાર રૂપિયા
૧. જકાત	૧,૧૯,૧૨
૨. મધ્યસ્થ આબકારી કર	૮,૫૫
૩. કૉરપોરેશન–મંડળીના કર	૫,૮૦
૪. કૉરપોરેશન–મંડળીના કર સિવાયની આવક	૬૯,૪૦
૫. મીઠું	૧,૦૬,૭૨
૬. અફીણ	૨૫,૩૭
૭. પ્રાંતીય–આબકારી	૪,૩૩
૮. જમીનમહેસૂલ	૬,૦૦
૯. ટિકિટ–ખતપત્રની	૧૬,૧૩
૧૦. જંગલ	૨૦,૩૩

લશ્કરી ખર્ચ

મધ્યસ્થ અને પ્રાંતીય સરકાર વચ્ચેના હવાલાઓ અને પ્રાંતીય સરકારોને મદદ	૪૯,૮૩,૯૨
પ્રાંતીય સરકારોને મદદ	૩,૧૪,૨૭
મધ્યસ્થ અને પ્રાંતીય સરકાર વચ્ચે પરચૂરણ લેવડદેવડનો આંકડો	૧,૬૩
કુલ	૩,૧૫,૯૦
અસાધારણ ખર્ચ	૧,૧૯
રેલવેના અંદાજપત્ર પ્રમાણે રેલવેનું ખર્ચ	૨૯,૯૯,૯૨
કુલ ખર્ચ	૧,૧૯,૩૪,૭૧

આ બજેટમાં ૧૫ લાખ રૂપિયાનો વધારો બતાવવામાં આવ્યો છે પણ ૧૯૩૦ થી ૧૯૩૭ સુધીમાં રેલવેના વહીવટમાં હિંદી સરકારને ૬૨ કરોડ રૂપિયા ખોટ આવી હતી તે માંડી વાળવામાં આવી છે. અને એટલે દરજ્જે હિંદ પરનો કાયમનો બોજો વધ્યો છે.

વાઇસરૉયના વાર્ષિક ખર્ચની વિગત

પગાર	૨,૫૦,૮૦૦
ગાર્ડનપાર્ટી તથા મહેમાનખર્ચના	૪૦,૦૦૦
કન્ટ્રાકટ ઘરવખરી	૧,૪૪,૩૦૦
મોટરકાર, સલૂન વગેરે	૪૩,૦૦૦
ખાનગી મંત્રી ને તેનું ખાતું	૨,૬૩,૮૦૦
લશ્કરી મંત્રીને તેનું ખાતું	૩,૨૨,૪૦૦
પ્રવાસખર્ચ–સ્પેશિયલ ટ્રેન	૪,૭૦,૦૦૦
	૧૫,૫૪,૦૦૦

આ ખર્ચમાં હજુ વાઇસરૉયના અંગરક્ષક અને બેન્ડવાળાનું ખર્ચ જે રૂ. ૧,૮૪,૬૦૦ નું થાય છે, તેની તેમજ વાઇસરૉય સાહેબના બંગલા અને મહેલનું ખર્ચ કે પાંચ વર્ષમાં ઇગ્લંડ જાય તે સમયનું રજા અને મુસાફરી ભાડાનું ખર્ચ કે વાઇસરૉયની નિમણુક થાય ત્યારે સમ્રાટના પ્રતિનિધિને શોભે તેવા દમામમાં આવી શકે તે માટે ૫૦૦૦ પાઉન્ડની બક્ષિસ આપવામાં આવે છે તેનો સમાવેશ થતો નથી. આ બધી ગણતરી કરતાં વાઇસરૉયનું ખર્ચ રૂ. ૧૭,૬૨,૦૦૦ થઈ જાય છે.

સમવાય તંત્ર

નવા સમવાય તંત્રથી હિંદને લાભ તો કશા થવાના નથી. પણ એ તંત્ર ચલાવતાં દર વરસે ૧૨ કરોડ રૂ. નો નવો ચાંલ્લો હિંદુસ્તાનને થશે.

૧. રેલવે વહીવટમાંથી રાતી પાઈ મળવા સંભવ નથી.

૨. જકાતની આવકમાં દેશી રાજ્યોની સાથેની નવી નીતિથી ઘટાડો થશે.

૩. ઓરિસા, સિંધ જેવા નવા પ્રાંતોને મધ્યસ્થ સરકારે રાજતંત્ર ચલાવવા ૪ા કરોડ રૂ. ની મદદ આપવાની રહેશે.

૪. બર્માને જુદું પાડવાથી હિંદી સરકારની ૨,૩૮ કરોડની આવક ઘટશે.

૫. નવા સમવાય બંધારણને ચલાવવા માટે જ વર્ષે ૧ કરોડ રૂ. વધારે ખર્ચવા પડશે.

૬. વરાડ જેવા પ્રાંતોનો વહીવટ ચલાવવા માટે દેશી રાજ્યોને ०ાા કરોડ રૂ. આપવાના રહેશે.

૭. હિંદ પર ચડેલા કરજનો બોજો હળવો કરવા માટે કંઈ સગવડ થશે નહિ.

સૂચિ